# સ્વાધ્યાય



ધર્મ (?)—મહિસા (દશમા શતકનું બીજું ચરણ)—જુઓ આ અંકમાં 'મહિસાનો નન્દી'નો લેખ


અક્ષયતૃતીયા પુસ્તક ૬

વિ. સં. ૨૦૨૫ અંક ૩


સ્વાધ્યાય અને સંશોધનનું
ત્રૈમાસિક


સંપાદક

ભોગીલાલ જ. સાંડેસરા

નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા



પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય
વડોદરા

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉકસ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉકસ નં. ૭૫,
**વડોદરા.**

**સંપાદક**

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, જુન ૧૯૬૯.

સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૨૫ પુસ્તક ૬

એપ્રિલ, ૧૯૬૯ અંક ૩

# ભારતીય સંસ્કૃતિ અને મયૂર

જયન્ત ઠાકર

ઉદ્દેશ :

ઈ. સ. ૧૯૬૦માં જાપાનના પાટનગર ટોકિયોમાં મળેલી આન્તરરાષ્ટ્રીય પક્ષિસંરક્ષણ સમિતિ[અં. ઇન્ટરનેશનલ્ કાઉન્સિલ્ ફૉર્ પ્રિઝર્વેશન્ ઑફ્ બર્ડ્ઝ્]એ એક ઠરાવ પસાર કરી વન્યપ્રાણિસંરક્ષણ યોજના [અં. પ્રીઝર્વ્ વાઇલ્ડ્ લાઇફ્ સ્કીમ્]ના એક અંગરૂપે જગતના દરેક રાષ્ટ્રને પોતપોતાની સંસ્કૃતિને અનુરૂપ રીતે કોઈ પણ એક પક્ષીને પોતાના વિશિષ્ટ પક્ષી તરીકે—'રાષ્ટ્રીય પક્ષી' તરીકે—જાહેર કરવાની ભલામણ કરી. તદનુસાર ભારત સરકારે ઈ. સ. ૧૯૬૩ના જાન્યુઆરી માસના અન્તિમ સપ્તાહમાં પોતાની લલિતતા, સુંદરતા, મત્તતા, સ્નિગ્ધતા તથા નિર્દોષતા જેવા અનેક ગુણોની સંપત્તિને કારણે સમસ્ત પક્ષિજગત્માં આગવું જ સ્થાન ધરાવનાર મોરને ભારતના 'રાષ્ટ્રીય પક્ષી' તરીકે ઘોષિત કર્યો.

અન્ય દેશોએ પણ આ જ રીતે પોતાના રાષ્ટ્રીય પક્ષી તરીકેનું ગૌરવપૂર્ણ પદ પોતાને ત્યાંના કોઈને કોઈ વિશિષ્ટ પક્ષીને આપ્યું છે. તે મુજબ ગ્રેટબ્રિટનનું રાષ્ટ્રીય પક્ષી કાળી દેવી, કોલંબિયાનું વિશાળ ગીધ, બેલ્જિયમનું લારજી નામનું શકરાની જાતનું પક્ષી, અમેરિકાનું ટાલિયો ગરુડ, દક્ષિણ આફ્રિકાનું કુંજના કુળનો એક પ્રકારનો બગલો, સિલોનનું જંગલી મરઘો, ઑસ્ટ્રિયાનું અબાબીલ, નાતાલનું શાહમૃગ, કૅનેડાનું રાજહંસ, ડેન્માર્કનું ચંડૂલપક્ષી, જર્મનીનું બગલાની જાતનું ઊજળી, બ્રહ્મદેશનું બર્મી મોર અને જાપાનનું લીલો વનમોર છે.* આ રીતે એશિયામાંના આપણા બે પડોશી દેશો બ્રહ્મદેશ અને જાપાને પણ મોરને જ પોતાના રાષ્ટ્રીય પક્ષી તરીકે સ્વીકાર્યો છે તે હકીકત આપણા રાષ્ટ્રીય પક્ષીને અન્યત્ર પણ પૂરતું મહત્ત્વ મળેલું છે તેવું પ્રતિપાદિત કરી આપણા મનમાં એ વિષે એક પ્રકારનું કુતૂહલ ઉત્પન્ન કરે એ સ્વાભાવિક છે. પરિણામે ભારત સરકારની આ ઘોષણા બાદ મોર વિષે વર્તમાનપત્રો તથા અન્ય સામયિકોમાં ઘણાં લખાણો પ્રકટ થયાં છે.

---

* જુઓ '**કુમાર**'નો એપ્રિલ ૧૯૬૩નો અંક, પૃ. ૧૬૬ ન.

એ બધાં લખાણોથી નિરાળી જ રીતે આ વિષયમાં સંશોધન-સ્વાધ્યાય કરવાની આ લેખકને પણ ઈ. સ. ૧૯૬૩માં તક મળી, જે માટે તે વડોદરાના મ. સ. વિશ્વવિદ્યાલયના પ્રાણિશાસ્ત્રવિભાગના અધ્યક્ષશ્રી તથા પ્રાચ્યવિદ્યામન્દિરના નિયામકશ્રીનો ઋણી છે. પ્રાણિશાસ્ત્રવિભાગ તરફથી ત્યારે ‘ પાવો ’ [Pavo] નામનું એક અંગ્રેજી ત્રૈમાસિક શરૂ કરવામાં આવ્યું, જે માટે મોર—જેનું લૅટિન નામ ‘પાવો’ છે—વિષેનો સંશોધનાત્મક લેખ લખવાનું આમન્ત્રણ મળ્યું, જેના ફલસ્વરૂપે ‘ મોર: ભારતનું રાષ્ટ્રીય પક્ષી ’ [‘ Peacock: The National Bird of In ia ’] એ શીર્ષકવાળો ૧૮ પૃષ્ઠનો લેખ માર્ચ ૧૯૬૩માં પ્રકટ થયેલ ‘પાવો ’ના પ્રથમ ગ્રંથના પ્રથમ અંકમાં પ્રથમ લેખ તરીકે પૃષ્ઠ ૧ થી ૧૮ પર મુદ્રિત થયો. ત્યાર પછી પ્રાચ્યવિદ્યામન્દિરના આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા અંગ્રેજી ત્રૈમાસિક ‘ જર્નલ્ ઑફ્ ધી ઓરિયેન્ટલ્ ઇન્સ્ટિટ્યુટ્ ’ના જૂન ૧૯૬૩માં પ્રકટ થયેલ ૧૨મા ગ્રન્થના ચોથા અંકનાં પૃ. ૪૨૫ થી ૪૪૬ ઉપર તે લેખની ૨૨ પૃષ્ઠની શોધિત-વિવર્ધિત આવૃત્તિ પ્રસિદ્ધ થઈ. આ બેઉ લેખોનો પ્રોત્સાહક પ્રતિધ્વનિ દેશ-વિદેશમાં પડતાં ગુજરાતી વાચકો તેથી વંચિત ન રહે તે ઉદ્દેશથી ‘ સ્વાધ્યાય ’નાં આ પૃષ્ઠો પર હવે આ ભાગ્યશાળી પક્ષી વિષેના સ્વાધ્યાયને કંઈક સંવર્ધિત સ્વરૂપમાં રજૂ કરવાનું ઉચિત લાગ્યું છે. તેમાં તેનાં વિવિધ નામોનો ભારતીય સંસ્કૃતિ સાથેનો સુમેળ, તે પક્ષીની જાતો, તેની મહત્તા ઉપયોગિતા, તેની લોકપ્રિયતા, છેક જગતના પ્રાચીનતમ ઉપલબ્ધ લિપિબદ્ધ ગ્રન્થ ઋગ્વેદથી માંડીને ધર્મશાસ્ત્ર, આયુર્વેદ, જ્યોતિષ, શિલ્પ વગેરે શાસ્ત્રોના ગ્રન્થોમાંના ઉલ્લેખો, સંસ્કૃત–પ્રાકૃતાદિ ભાષા–સાહિત્યમાંના ઉલ્લેખો, પ્રાચીન સાહિત્યમાંની તેની કથાઓ, મૃગપક્ષિશાસ્ત્ર નામક હસ્તલિખિત પ્રાચીન ગ્રન્થમાં નિરૂપાયેલી તેની વિવિધ જાતિઓની ખાસિયતો, ભારતીય પક્ષી તરીકેની તેની મહત્તા ઇત્યાદિ વિષયોના અભ્યાસની રૂપરેખા આલેખવામાં આવી છે. ખરી રીતે તો જો આવી સર્વ વિગતો પર વિમર્શ કરવામાં આવે તો તો એક ખાસ્સું મોટું પુસ્તક જ લખાઈ જાય ! તેથી અહીં તો માત્ર એક આદર્શરૂપ, નમૂના તરીકેનો, સ્વાધ્યાય જ રજૂ કરવાનો ઉદ્દેશ છે.

**પ્રકારો :**

મયૂર પક્ષીની જાતિને લૅટિનમાં ‘ પાવો ’ [ Pavo ] કહે છે. આપણે ત્યાં તે मयूरप्रजाति કહેવાય છે, જે ‘ ગૅલિની ઑર્ડર ’ [ Gallinae order ] અર્થાત્ विष्किरगणના ‘ ફૅઝિયેનિડી ફૅમિલી ’ [ Phasianidae family ] અર્થાત્ विष्किरवंश સાથે સંબદ્ધ છે.[1] એમ માનવામાં આવે છે કે આ પક્ષી લાક્ષણિક દષ્ટિએ તો ભારતીય જ છે અને મહાન્ સિકંદર ભારતથી ગ્રીસ તરફ પાછો ફર્યો ત્યારે અહીંથી આ જાતિનાં ૨૦૦ પક્ષીઓ લઈ ગયેલો. એ રીતે ભારતમાંથી સર્વપ્રથમ ગ્રીસમાં આ પક્ષી પહોંચ્યું અને ત્યારબાદ યુરોપના અન્ય ભાગોમાં પણ ધીમે ધીમે પ્રસર્યું. જો કે એરિસ્ટોફેન્સ અને યુરોપના અન્ય પ્રાચીન લેખકોએ તેનો ઉલ્લેખ કર્યો છે, પરન્તુ સિકંદરની વિજયકૂચ પૂર્વે સંભવતઃ તેઓ મોર વિષે બહુ જ ઓછું જાણતા હતા.[2]

---

૧ જુઓ ડૉ. રઘુવીર તથા શ્રી કે. એન્. દવેનું પુસ્તક ‘ઇંડિયન સાયન્ટિફિક નોમેન્ક્લૅચર ઑફ્ બર્ડ્ઝ ઑફ્ ઇંડિયા, બર્મા ઍન્ડ સિલોન ’, પૃ. ૩૪૬.

૨ આલ્ફ્રેડ ન્યૂટન, ‘ એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા ’ પુસ્તક ૨૧, પૃ. ૨૨૭.

આધુનિક પક્ષિશાસ્ત્રની દૃષ્ટિએ મયૂરની મુખ્યત્વે ત્રણ જાત ગણાય છે: ભારતીય મયૂરને 'પાવો ક્રિસ્ટૅટસ' [Pavo cristatus] કહે છે. તેને મસ્તક પર ૨૪ પીંછાં હોય છે અને પૂંછડીનાં પીંછાં બધાં સરખાં હોતાં નથી. નીચેનાં વધારે મોટાં હોય છે જ્યારે ઉપરનાં નાનાં હોય છે. જાપાનનો મોર 'પાવો નાઈગ્રીપેનિસ' [Pavo nigripannis] આ ભારતીય મયૂરથી જુદો પડે છે; કેમકે તેની કલગી ભારતીય મોર કરતાં લાંબી હોય છે, જ્યારે તેની જેમ તેને ગાલ ઉપર, આંખ પર કે કાન પર બિલકુલ પીંછાં હોતાં નથી. વળી ગળા ઉપરનાં તથા છાતી પરનાં તેનાં પીંછાં નાનાં તેમ જ ગોળાકાર હોય છે. તેની પૂંછડી પરનાં પીંછાં સામાન્ય રીતે ભૂરાં હોય છે, પરંતુ સૂર્યના પ્રકાશનો સ્પર્શ થતાં તે લીલાં બની જાય છે. તેની ચકચકિત સફેદ ચાંચ પણ ભારતીય મયૂર કરતાં લાંબી તથા પાતળી હોય છે. મયૂરની ત્રીજી જાત છે 'પાવો મ્યૂટિકસ' [Pavo muticus] જેનાં ગ્રીવા તેમ જ વક્ષ:સ્થલ સોનેરી લીલા રંગનાં હોય છે. આ પ્રકારના મોર વિશેષતઃ બ્રહ્મદેશ, જાવા, મલાયા તથા આસામમાં જોવા મળે છે. વડોદરાના કમાટીબાગમાંના પ્રાણિવિભાગમાં જે તદ્દન સફેદ મોર દૃષ્ટિગોચર થાય છે તે દુર્લભ છે. તે આસામનાં જંગલોમાં મળી આવે છે.

આ સર્વમાં ભારતીય મયૂરની ભવ્યતા સવિશેષ ધ્યાન ખેંચે એવી છે. હૃષ્ટપુષ્ટ મોર લગભગ એક મીટર જેટલી લાંબી કાયાનો હોય છે, અને તેની પૂંછડી વળી તેથી થોડા સેંટિમીટર વધારે લાંબી હોય છે. આવો તંદુરસ્ત મોર પુચ્છ પરનાં પ્રલંબ પિચ્છને ઊંચાં લઈ વર્તુલાકારે વિસ્તારીને નૃત્ય કરતો જ્યારે સોળે કળાએ ખીલે છે ત્યારે તે અતિમોહક પંખાનો ઘેરાવો ઠીક અઢીસો સેં. મી. જેટલો થવા જાય છે; તે આમ કળા કરતો હોય ત્યારે તેની ભૂરી કલગી તેની શોભામાં ઔર વધારો કરે છે અને તેના નૃત્યની તાલબદ્ધતા પણ ધ્યાન ખેંચ્યા વિના રહેતી નથી.

ઢેલ મોર જેવાં પીંછાંના અભાવે બિલકુલ આકર્ષક લાગતી નથી, છતાં મોરને સ્વાભાવિકતયા ઢેલોની સમીપ કળા કરી નૃત્ય કરવાનો ભારે શોખ હોય છે. ગ્રીષ્મનો ઉકળાટ જતાં અષાઢના મેઘના દર્શને તથા મેઘગર્જના સુણતાં મોર ગૅલમાં આવી જાય છે તેથી તેનું નૃત્ય વર્ષાની આગાહીરૂપ લેખાય છે. આછા બદામી રંગની કાયાવાળી ઢેલની ટૂંકી પૂંછડી કંઈક ઘેરી બદામી હોય છે. તે વિશેષતઃ જૂન–જુલાઈ–ઑગસ્ટમાં સામાન્ય ઝાડીમાં કે છાપરા ઉપર પાંચથી આઠ પીળાશ પડતા રંગનાં ઈંડાં મૂકે છે. બે વર્ષની ઉંમરે મોરને પીંછાં ફૂટતાં તે ઢેલથી જુદો તરી આવે છે. આ પક્ષીનું આયુષ્ય સામાન્યતઃ ૨૨ થી ૩૫ વર્ષનું મનાય છે.

**'मृगपक्षिशास्त्र'માં**

વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં **'मृगपक्षिशास्त्रम्'** એ નામનો એક હસ્તલિખિત ગ્રન્થ છે (અંક ૧૩૫૧૬), જેમાં પશુઓ તથા પક્ષીઓ વિષે ઘણી માહિતી ભરેલી છે. સંસ્કૃત ભાષામાં અનુષ્ટુપ્ છંદમાં રચાયેલ આ ગ્રન્થના કર્તાનું નામ છે **હંસદેવ**. આ **હંસદેવ** ઈ. સ.ના ૧૩મા શતકમાં થઈ ગયા મનાય છે. આ ગ્રન્થના પત્ર ૧૩૭ થી ૧૪૧ ઉપર मयूरगुणादिवर्णनम् આપેલું છે. તેમાં ગુણધર્મો અનુસાર મોરના છ પ્રકાર આપવામાં આવ્યા છે. આ ગ્રન્થમાંની વિગતોનું સંક્ષિપ્ત અવલોકન કરી લેવું તે અહીં સમુચિત છે, ઉપયોગી છે અને રસપ્રદ પણ થશે:

"આ જગત્માં હૃદ્ય દેહવાળા તથા નીલા, લાલ વગેરે રંગોથી મઢેલા છ પ્રકારના મયૂરો

થાય છે. જ્યારે આનન્દમાં આવી જાય છે ત્યારે તેઓ પોતાનાં અનેકરંગી પીંછાંને ફેલાવીને વિવિધ પ્રકારનાં નૃત્યો કરવા લાગી જાય છે. ખાસ કરીને વર્ષા ઋતુમાં જ્યારે વાદળાં આકાશમાં ચઢી આવે છે ત્યારે હૃષ્ટ અને પુષ્ટ થઈ તેઓ મનોહર સ્વર વિસ્તારે છે. શાન્ત ચિત્તવાળાં આ પક્ષીઓ સામાન્ય રીતે નિકુંજોમાં તથા વૃક્ષશાખાઓ ઉપર રહેનારાં હોવા છતાં મનુષ્યો જ્યાં વસતા હોય તેવા પ્રદેશોમાં રહેવાનું પસંદ કરે છે. પોપટની માફક આ પક્ષીઓ પણ માન્યચરિતવાળાં અને ઘરની શોભારૂપ છે. ફળો, કીટકો તથા દૂધ, અન્ન વગેરે તેઓનો ખોરાક છે. મનોજ્ઞ આકૃતિવાળાં, સૂક્ષ્મ બુદ્ધિથી શોભતાં અને સદા સાન્ત્વયુક્ત સ્વરવાળાં તેઓ મનુષ્યને વશ થવાની અર્થાત્ પાલતૂ બનવાની લાલસાવાળાં હોય છે. ઠંડી, વાયુ, તડકો વગેરેથી ડરીને તેઓ છાયામાં રહેવાનું વધારે પસંદ કરે છે. કોપ, મોહ આદિ દુર્ગુણોવિહોણાં તે સર્વ પક્ષીઓના હિતમાં રત રહે છે. વર્ષા ઋતુમાં તેમ જ ગ્રીષ્મમાં તેમની કામવાસના અધિક ઉત્કટ થાય છે. સામાન્ય રીતે આ પક્ષીઓને દોઢ વર્ષની ઉંમરે યૌવન સાંપડતું હોઈ તેઓ ત્યારે મયૂરીઓનો સંગ કરે છે.[3] આ જાતિ અણ્ડજ અર્થાત્ ઈંડાંમાંથી ઉત્પન્ન થનારી છે અને પોતાનાં ઈંડાંને ઢેલમાતા કાળજીથી રક્ષે છે, ઉછેરે છે. આચારાનુસાર પુષ્ટિ પામતાં, નયનોને આનન્દ અર્પનાર મોરજાતિનાં પક્ષીઓની છ જાતો છે: **मयूर**, **बर्हिन्**, **नीलकण्ठ**, **भुजङ्गभुक्**, **शिखावल** અને **केकिन्**.

[૧] **मयूर**: 'મયૂરો' નીલવર્ણના, કંઈક ઉત્તુંગ શરીરવાળા, દીર્ઘ કણ્ઠ તથા પગવાળા, મોટાં બર્હોથી વિભૂષિત થઈને અનેક રીતે કૂદતા સતત કેંકેં કર્યા કરે છે. ઘણુંખરું સાયંકાળે તેઓને વિવિધ પ્રકારનું નટન કરવાની વૃત્તિ સવિશેષ થાય છે. સ્વલ્પ આહાર લેનારા હોવા છતાં તેઓ કામપૂર્ણ હોય છે; ખરેખર શાન્ત સ્વભાવના હોવાથી તેઓ કોપહીન, મૃદુ સ્પર્શવાળા અને અત્યન્ત ભીરુ હોય છે. પર્જન્યના નાદથી તુષ્ટિ પામતા અને કંઈક સ્થૂળ શરીરવાળા આ મયૂરો તાપમાં નિદ્રાળુ બને છે અને સાન્ત્વયુક્ત વાણીવાળા હોય છે.

[૨] **बर्हिन्**: ઠીક ઠીક તુંગ કાયાવાળા, વિવિધ વર્ણનાં બિન્દુઓથી સભર, તેજ તેમ જ સત્ત્વથી શોભતા તથા પુષ્કળ વિશાળ બર્હોવાળા હોવા છતાં હમેશાં ઝડપી ચાલવાળા મોર 'બર્હિન્' તરીકે ઓળખાય છે. તેઓ સતત આહારશીલ હોઈ કંઈક ક્રોધી હોય છે; યૌવનકાળે હૃદ્ય (= મનોહર) અને લાસ્ય (= સ્નેહાળ) બનતા તેઓ વિશેષતઃ બન્ને સંધ્યાએ ઢેલનો સંયોગ સાધે છે. ક્ષુદ્ર ચંચુપુટવાળા, ઘણા લાંબા પગવાળા અને વિશાળ પાંખોવાળા આ પ્રકારના મોર ઘણુંખરું છાયાવાસ વધારે પસંદ કરે છે અને સાયંકાલે તેમનું કુતૂહલ ખૂબ વધી જાય છે. મેઘાડમ્બરથી તુષ્ટિ મેળવનારા અને શીતળ સ્થળમાં વસનારા બર્હીઓ સાન્ત્વયુક્ત વાણી વદનારા હોઈ સદા મનુષ્યોને વશ વર્તે છે અને તેથી તેમને પકડવા તથા કેળવવા એ અઘરું નથી. આથી તેઓ પોતાના માલિકના ક્ષેમમાં વધારો કરનારા ગણાય છે.[4]

---

3 **सार्धैकवर्षास्ते** प्रायो यौवनेन विभूषिताः ।
मयूरि[री]भिः सङ्गभाजस्तासामण्डप्रदाश्च ते ॥
—**मृगपक्षिशास्त्रम्**—પ્રાચ્યવિદ્યામન્દિરની હસ્તપ્રત, પત્ર ૧૩૭, પંક્તિ ૧૯-૨૦.

૪ सान्त्ववाक्यपरा नित्यं मनुष्यवशवर्तिनः ॥
सुखशिक्षाः सुलभ्याश्च नाथक्षेमविवर्धकाः ।
—પત્ર ૧૩૮, પંક્તિ ૨૦-૨૧.

[ ૩ ] **नीलकण्ठ :** ‘નીલકણ્ઠો ’નું ગળું જ નહીં પણ બીજાં અવયવો પણ નીલાં હોય છે. આ પ્રકારના મોર સદા કૂદતા ફરતા હોઈ તેમનાં શરીર તેમ જ પગ સહેજ ટૂંકાં હોય છે. બાળકોની જેમ, વિશેષતઃ યુવતીઓ વડે, લાડ લડાવવા યોગ્ય હોય છે. ગાનપ્રિય નીલકણ્ઠો મેઘકાલમાં નાના પ્રકારના નટનમાં—નૃત્યમાં—પ્રવૃત્ત બની જાય છે. અત્યન્ત કામુક હોઈ તેઓ હમેશાં ઢેલની સોબતમાં રહેનારા હોય છે. રાત્રે બહુ ઓછી ઊંઘ લેતા તેમનામાં ક્રોધ, મોહ આદિનો અભાવ હોય છે. તેઓ ખાસ કરીને નિષ્કુટ અર્થાત્ ક્રીડાવનો, ઉદ્યાનો તથા વીથીઓમાં વિહરનારા હોય છે. કંઈક વિશાળ નેત્રોવાળા અને મનોહર કલગીવાળા આ જાતના મોર તાજા અનાજના દાણાના લોલુપ હોય છે. હૃદ્ય વાણીવાળા નીલકણ્ઠો સામાન્ય રીતે કામિનીઓના કામની વૃદ્ધિ કરનારા હોઈ ભૂખ લાગતાં ગુસ્સે થાય છે. વિવિધ રંગોના ચન્દ્રકોથી ઝળકી ઊઠતા નીલકણ્ઠો એક પ્રકારની મનોજ્ઞ ગંધવાળા તથા જળક્રીડાવિહાર કરનારા હોય છે.[૫]

[ ૪ ] **भुजङ्गभुक् :** હ્રસ્વ શરીરથી શોભતા ‘ભુજંગભુક્’ મોરને વનવાસ અધિક પ્રિય છે. સર્પોને પકડવામાં તે સદા તત્પર રહે છે. ખાસ કરીને પ્રાતઃકાળમાં તે નિનાદ કરતા હોય છે. તેમનાં નયનો ક્રોધથી લાલ રહે છે. તે વનવૃક્ષોમાં વિચરે છે. સર્વ પક્ષીઓના હિતકર હોઈ મોટે ભાગે તે પદ્મવાળાં સરોવરોને કાંઠે વિહરતા હોય છે. સાયંકાલની વાયુલહરીઓથી હર્ષિત બનતા આ પ્રકારના મોર માંસભક્ષણશીલ, કર્કશ રુવાંટીવાળા, ક્રુદ્ધ બને ત્યારે ગમે તેવાં ક્રૂર કર્મો કરતાં પણ નહીં ખચકાનારા અને માણસની ગંધ નહીં સહનારા હોય છે;[૬] તથાપિ તેમનો આહાર ઓછો છે અને કામવાસના પણ અલ્પ હોય છે. પ્રચણ્ડ વેગ, ગતિ તેમ જ ક્રિયાવાળા તથા કૃશ અંગ અને પગવાળા તે ક્ષુદ્ર પક્ષીઓ માટે ભયરૂપ છે. શૃંગારચેષ્ટારહિત અને સ્વલ્પ દુર્ગન્ધ ફેલાવનાર ભુજંગભુક્ પ્રકારના મોરની વાણી બિલકુલ સાન્ત્વયુક્ત નથી હોતી અને તેથી પોતાનું શુભ ઇચ્છનારાએ આવા મોરથી સદા દૂર રહેવું જોઈએ.[૭]

---

૫ क्षुत्काले कोपसंयुक्ताः नानावर्णाङ्कभासुराः ॥
मनोज्ञगन्धसंयुक्ताः जलकेलीविहारिणः ।

—પત્ર ૧૩૯, પંક્તિ ૧૧-૧૨.

૬ क्रूरकार्याः कोपकाले नरगन्धासहिष्णवः ।

—પત્ર ૧૩૯, પંક્તિ ૨૧.

૭ सान्त्ववाग्विमुखाश्चैव ते वर्ज्याः शुभकाङ्क्षिभिः ।

—પત્ર ૧૪૦, પંક્તિ ૧.

મહર્ષિ **પાણિનિ**એ ઉલ્લેખેલ ‘मयूरव्यंसक’ શબ્દ સંભવતઃ આ પ્રકારના મયૂરોને અનુલક્ષે છે. સરખાવો :

**मयूरव्यंसकादयश्च ॥ मयूरव्यंसक** छात्रव्यंसक कम्बोजमुण्ड यवनमुण्ड ।......आकृति-गणोऽयम् ॥......इति मयूरव्यंसकादयः ॥

**—પાણિનીય અષ્ટાધ્યાયી, ૨. ૧. ૭૨.**

[૫] **शिखावल :** 'શિખાવલ' મયૂરો વિશેષતઃ લાલ અને નીલા રંગથી સુશોભિત, સહેજ હ્રસ્વ શરીરવાળા, વિવિધ વર્ણોના અંકનવાળા, કોમળ રુવાંટીવાળા અને બહુ લાંબી ડોકવાળા હોય છે. આ જાતના કેટલાક મયૂરો લાંબી ચાંચવાળા તથા સતત ભ્રમણશીલ હોય છે. પોતાના માલિક તરફ વાત્સલ્યભાવ રાખનારા શિખાવલોને મનુષ્યોનું રહેઠાણ હોય તેવા સ્થળમાં રહેવાનું વધારે ગમે છે.[૮] કામિની ઢેલોને નૃત્ય કરતી જોઈ તે પણ નાચવા લાગી જાય છે. મનોજ્ઞ પાંખોવાળા આ મયૂરો બાળકોની જેમ લાલન કરવા લાયક હોઈ કોઈ તેમને પાળે તે તેમને ગમે છે, પરંતુ સાયંકાલે સર્વ બંધનો છેદી સ્વૈરવિહાર કરનારા મનાય છે.[૯] માંસ, અન્ન અને ફળો તેમનો ખોરાક હોઈ આ પ્રકારના મોર સૂક્ષ્મ મેધાવાળા, સુસાધ્ય, સરળતાથી શિક્ષણ આપી શકાય તેવા અને આંખોને ગમે તેવા હોય છે.

[૬] **केकिन् :** 'કેકી'ઓ કેકારવ કર્યા કરતા હોય છે.[૧૦] મનુષ્યોથી નહીં ડરનારા આ પ્રકારના મોર વીથીઓમાં છૂટથી સંચરે છે અને ભિન્નભિન્ન ગૃહો પર વસે છે. અતિતુંગ નહીં એવા તે વિવિધરંગી બિન્દુઓના પ્રાચુર્યવાળા હોઈ અત્યન્ત કોમળ સ્પર્શ ધરાવે છે. બે બે ઘડીને આંતરે તે પોતાના નૃત્ય આદિનું પ્રદર્શન કરે છે.[૧૧] દીર્ઘિકાઓ, સરોવરો અને વાપીઓને કાંઠે તથા કુંજોની છાયામાં વસનારા આ કેકીઓ ગ્રીષ્મના તડકાથી અત્યન્ત સંતપ્ત થઈ જાય છે, તેથી તેમનો સ્વર પણ રૂંધાઈ જાય છે અને કામિની ઢેલના સંગની લોલુપતા તેમનામાં જાગે છે. કુંકુમ (=કેસર) જેવાં નેત્રોવાળા આ પ્રકારના મયૂરોના પગ પણ લાલ હોય છે. તે નિન્દ્ય કાર્યોથી દૂર રહેનારા હોઈ મનોજ્ઞ ગુણોથી મણ્ડિત હોય છે. આ રીતે કેકીઓને અનેક પ્રકારના હૃદ્ય ગુણોવાળા ગણવામાં આવ્યા છે.

**मयूरी :** મયૂરીઓ અર્થાત્ ઢેલો પણ ઉપર પ્રમાણેના ગુણધર્મોવાળી હોય છે, માત્ર તફાવત એટલો જ કે તેમને મસ્તક પર કલગી હોતી નથી અને તેઓ સતત પોતાની ડોક

---

૮ **नाथवात्सल्यवन्तश्च नरावासादिलोलुपा : ।**

—પત્ર ૧૪૦, પંક્તિ ૭.

૯ **पञ्जरान्तरवासोत्काः सायं बन्धच्छिदो मताः ॥**

—પત્ર ૧૪૦, પંક્તિ ૧૦.

૧૦ **બૌધાયન શ્રૌતસૂત્ર** મોરના વાચાળ સ્વભાવનો નિર્દેશ નીચેના પ્રસિદ્ધ વચનમાં કરે છે :

**शुके मे हरिमा मयूरे मे जल्प्या वृषे मे जरा चाषे मे पापवादोऽप्सु मे श्रमो ब्रह्मोज्झे मे किल्बिषमपेहि......२.** ५. २२.

આ નિર્દેશ વિશેષતઃ કેકી પ્રકારના મયૂરો માટે ગણાય.

૧૧ **घटिकाद्वयकालेन ते नृत्तादिप्रदर्शकाः ।**

—પત્ર ૧૪૦, પંક્તિ ૧૮.

૧ ઘટિકા અર્થાત્ ઘડી = ૨૪ મિનિટ.

હલાવ્યા કરે છે.[૧૨] તેમની મનોહર પાંખો ઉપરાન્ત તેમની ગતિની મનોજ્ઞતા પણ તેમની શોભા વધારે છે. મેઘધનુષ્યના રંગવૈવિધ્યથી યુક્ત, કંઈક ટૂંકા દેહવાળી ઢેલો અત્યન્ત શાન્ત અને સંતોષી સ્વભાવની હોય છે.

આ મયૂરપ્રજાતિ પ્રાયઃ વન્ય પક્ષી મનાય છે. આ પક્ષીઓનું યૌવન પાંચ વર્ષ સુધીનું ગણાય છે. તે અવધિ વીતતાં તેમનું શરીર વાર્ધક્યથી પીડાવા લાગે છે અને તેમના આયુષ્યની નિશ્ચિત પરમ અવધિ ૭ વર્ષની છે. જાતિ, ક્રિયા આદિના ભેદો અનુસાર મયૂર પક્ષીઓ 'રાજસ'[૧૩] પક્ષીઓમાં ઉત્તમ ગણાયા છે."[૧૪]

આ રીતે **હંસદેવ**રચિત '**મૃગપક્ષિશાસ્ત્ર**' મયૂરનો સામાન્ય પરિચય આપી તેની ૭ જાતો દર્શાવી તે દરેકની વિશિષ્ટતાઓનું નિરૂપણ કરે છે. વસ્તુતઃ આ ૭ યે પ્રકારોનાં નામ આ પક્ષીના જીવનની વિશિષ્ટતા, આકર્ષકતા તથા મહત્તાનાં ૭ પાસાંનો જ નિર્દેશ કરે છે, જે વિષે આપણે તેનાં નામોની ચર્ચા કરતાં આગળ ઉપર જોઈશું. છતાં એક જ પ્રજાતિનાં પ્રાણીઓની અનેક જાતિઓ વિશિષ્ટતાનુસાર જોવા મળે છે, એ પ્રમાણે શબ્દકોષોમાં મળતાં અથવા અન્યત્ર નિયોજાયેલાં મોરનાં વિવિધ નામોને કેવળ એક જ પદાર્થના વાચક પર્યાયો ન ગણતાં તે જાતિના ભિન્ન ભિન્ન પ્રકારોના નિર્દેશક જ લેખવાં જોઈએ.

આ નિરૂપણમાં એવું સ્પષ્ટ કથન છે કે દોઢ વર્ષની વયે મોર યૌવન પ્રાપ્ત કરે છે, જે પાંચમા વર્ષ સુધી ટકે છે અને તે પછી વાર્ધક્ય આવે છે. વળી અહીં ૭ વર્ષ એ તો તેના જીવનનો ચરમકાળ ગણ્યો છે! સામાન્ય રીતે મોરનું આયુષ્ય આટલું બધું ટૂંકું જોવામાં આવતું નથી. ૨૨ થી ૩૫ વર્ષની તેની વયમર્યાદા મનાય છે. પરંતુ હસ્તપ્રતના શબ્દો સ્પષ્ટ છે અને અર્થમાં કોઈ પ્રકારની ગૂંચ નથી. તે માટે જુઓ પાદટીપ ૧૪માં આપેલું તેનું ઉદ્ધરણ.

ટૂંકામાં આ આખું આલેખન વિમર્શ માગી લે છે, જેમાં સ્થળસંકોચને કારણે આપણે અહીં ઊતરી શકીએ તેમ નથી. તેરમા શતકમાં થઈ ગયેલ **હંસદેવ**ના આ '**મૃગપક્ષિશાસ્ત્ર**'-માંના આ મનોજ્ઞ પક્ષીના પ્રકારો, તેની વિશિષ્ટતાઓ વગેરેના નિરૂપણનો, આજે વિવિધ પ્રદેશોમાં

---

૧૨ **मस्तके गुच्छहीनाः शश्वत्कन्धरचालनाः ।**

—પત્ર ૧૪૧, પંક્તિ ૩.

૧૩ 'રાજસ' શબ્દનો અર્થ ખ્યાલમાં રાખવા જેવો છે. પ્રકૃતિને 'ત્રિગુણાત્મિકા' કહી છે. આ ત્રણ ગુણ છે સત્ત્વ, રજસ્ અને તમસ્. પ્રકૃતિના આ પ્રાથમિક ગુણોમાંનો મધ્યમ છે રજસ્-ગુણ, રજોગુણ, જે પ્રાણીમાત્રમાં સંચલન તથા ઉત્સાહ-શક્તિ–નો પ્રેરક છે, ઉત્પાદક છે. ભારત જેવા રાષ્ટ્રનું રાષ્ટ્રીય પક્ષી મોર '**રાજસોત્તમ**' હોય તે આ રીતે **સવિશેષ** સૂચક ગણાય.

૧૪ अतः परं ते जरया पीडिताश्च निश्चिताः ॥
**पञ्चवर्षावधिवयस्तेषां यौवनमीरितम् ।**
**षड् वर्षाणि मयूराणां परमायुर्विनिश्चितम् ॥**
**जातिक्रियादिभेदेन ते मतो[ ता ] राजसोत्तमाः ।**

—પત્ર ૧૪૧, પંક્તિ ૮-૧૧.

દૃષ્ટિગોચર થતા મયૂરોની ખાસિયતો વગેરેની સાથે તુલના કરીને, ઊંડો અભ્યાસ કરવા જેવો છે. ખાસ કરીને પક્ષિવિદ્યા[Ornithology]માં રસ ધરાવનાર અભ્યાસકને આવો અભ્યાસ અત્યન્ત ઉપયોગી તેમ જ રસપ્રદ નીવડશે તેમાં શંકાને સ્થાન હોઈ શકે નહિ.

**નામો :** હવે આપણે આપણા અધ્યયનમાં આગળ વધીએ તે પહેલાં મોરનાં વિવિધ નામોની સાર્થકતાને તપાસી લઈએ. મોરનાં કુલ વીસ નામ સંસ્કૃત સાહિત્યમાં મળે છે: કલાપી, કેકી, ચન્દ્રકી, ચિત્રપિચ્છક, ચિત્રમેખલ, ધ્વજી, નીલકણ્ઠ, પ્રચલાકી, બર્હિણ, બર્હી, ભુજંગભુક્, ભુજંગભોગી; મયૂર, મેઘનાદાનુલાસક, મેઘનાદાનુલાસી, મેઘાનન્દી, શિખણ્ડી, શિખાવલ, શિખી અને સિતાપાંગ.

**કલાપી :** મોરનું આ અતિપ્રસિદ્ધ મધુર નામ તેની પૂંછડી પીંછાંની બનેલી છે તથા તે સઘળાં પીંછાં વ્યવસ્થિત અને કલાત્મક રીતે ગોળાકારમાં પ્રસરી રહીને એક અત્યન્ત મનોહર કલાપ બનાવી દે છે તે હકીકતનો નિર્દેશ કરે છે. આ કલાપનો ઘેરાવો, ઉપર નોંધ્યું છે તેમ, કોઈ તંદુરસ્ત મયૂર 'કળાયેલ' બની નૃત્ય કરતો હોય ત્યારે, લગભગ ૨૫૦ સેં. મી. જેટલો થવા જાય છે. મયૂરનું આ નામ આપણી રાષ્ટ્રીયતામાં જે વિવિધ અંગોનો સુન્દર સમન્વય થયો છે તેનું અર્થાત્ વૈવિધ્યમાં રહેલ ઐક્યનું દ્યોતક લેખી શકાય. અંગ્રેજ કવિ **કીટ્સ**ની સાથે અનેક રીતે જેની તુલના કરી શકાય તે આપણા પ્રણયકવિ **સુરસિંહજી ગોહિલે સૌરાષ્ટ્ર**ના ગામે ગામના પાદરને શોભાવતા કળાયેલ મોરલાના આ મધુર નામને પોતાના તખલ્લુસ તરીકે સ્વીકાર્યું હતું, અને તેમનો કાવ્યસંગ્રહ પણ '**કલાપીનો કેકારવ**'એ નામે જ પ્રસિદ્ધ થયેલો.

**કેકી :** મોરના મધુર ટહુકારને 'કેકા' કહેવામાં આવે છે, તેથી 'કેકી'એ નામ તેના સ્વરની વિશિષ્ટતા દર્શાવનાર ગણાય. મોરની આ કેકા સંગીતના સાત મૂળભૂત સ્વરો—સ્વર-સપ્તક—માંના સર્વપ્રથમ સ્વર '**ષડ્જ**'માં લહેરાય છે.[૧૫] વિદ્યાદેવી **સરસ્વતી**નાં ચિત્રોમાં સામાન્ય રીતે તેમના સાન્નિધ્યમાં મોરને પણ સ્થાન મળે છે, કેમકે તે તેમની વીણાના પ્રથમ તારને વ્યવસ્થિત કરવામાં તેમને મદદરૂપ બને છે. જ્યારે **શારદાદેવી** પોતાની વીણા વગાડવા લાગે છે ત્યારે '**ષડ્જ**'ના ઉચ્ચ સ્વરમાં કેકારવ કરતો મોર કળા કરીને—પોતાનાં પીંછાંના કલાપને ગોળાકારે વિસ્તારીને—તેમની સમીપ નૃત્ય કરવા લાગી જાય છે. તે તેમના વાહન તરીકે પણ આલેખાયેલો છે, પરંતુ **સરસ્વતી**ના વાહન તરીકેનું તેનું નિરૂપણ વિશેષતઃ જૈન કર્તાઓની

---

૧૫. સરખાવો: **षड्जं** वदति **मयूरो**—**નારદીય-શિક્ષા, ૧.** ૫. ૩ તથા **અથર્વવેદીય-માણ્ડૂકીશિક્ષા, ૧.** ૯:

तारं तु विद्यात्सवनं तृतीयं शिखण्डिनां तच्च सदा प्रयोज्यम् ।
**मयूर**हंसादिमृदुस्वराणां तुल्येन नादेन शिरःस्थितेन ॥ ४.६;

**मयूर**चातकच्छागक्रौञ्चकोकिलदर्दुराः ।
गजश्च सप्त **षड्जादीन्** क्रमादुच्चारयन्त्यमी ॥

—**શાર્ઙ્ગદેવનો સંગીતરત્નાકર, ૧.** ૪૬કઙ—૪૭અબ;

**षड्जं** वदे**न्मयूरश्च**—**ભુવનદેવની અપરાજિતપૃચ્છા, ૨૩૮.** ૪અ.

કૃતિઓમાં જ જોવા મળે છે.[૧૬] આ રીતે આ નામને ભારતીય રાષ્ટ્રની લલિતકળાઓની કદર કરવાની ઉચ્ચ સમજ, તેમને પ્રોત્સાહન આપવાની ઉદાત્ત વૃત્તિ તથા નાદબ્રહ્મમાં સંલીન થઈને

---

૧૬ (૧) શ્રી **હરિદાસ ભટ્ટાચાર્ય** પોતાના **'સરસ્વતી, ધ ગૉડેસ ઑફ લર્નિંગ'** એ શીર્ષકવાળા એક સુન્દર લેખ **(કે. બી. પાઠક કોમેમોરેશન વૉલ્યૂમ,** ૧૯૩૪, પૃષ્ઠ ૩૨–૫૨ )માં નોંધે છે કે "સમ્પ્રદાય તથા સ્થાન અનુસાર હંસ, પદ્મ, ઘેટો ( કે ઘેટી કે બકરો ), **મોર** અને સિંહ એ બધાંએ વાહન તરીકેની સેવા આપી છે" (પૃ. ૫૦).

(૨) શ્રીમતી **એલિસ ગેટી** પોતાના **'ગૉડ્ઝ ઑફ નોર્ધર્ન બુદ્ધીઝમ'** નામક પુસ્તકમાં **સરસ્વતીને મયૂર**વાહિની તરીકે આલેખે છે.

(૩) **૧૬**મી સદીના એક જૈન કર્તા **નેમિદત્ત** પોતાના **'આરાધનાકથાકોશ'**ના ૬૮મા શ્લોકમાં **ભારતી**ને 'શ્રીમચ્ચારુ**મયૂર**વાહનપરા' કહે છે. ( ડૉ. **પી. કે. ગોડે**ના **જર્નલ ઑફ ધ ઇંડિયન સોસાયટી ઑફ ઓરિયેન્ટલ આર્ટ**-ના **૧૯૪૧**માં પ્રકટ થયેલા નવમા ગ્રન્થના પૃ. ૧૩૩-૧૪૦ પર છપાયેલા લેખ **'હંસવાહના ઍન્ડ મયૂરવાહના સરસ્વતી'**માં આ ઉદ્ધરણ આપેલું છે. )

(૪) શ્રીરંગમમાંથી પ્રકાશિત થયેલ **'ભક્તકુસુમાઞ્જલિ'**માંનાં શ્રી **બી. સી. ભટ્ટાચાર્ય**નાં કેટલાંક વિધાનો પણ આ અંગે નોંધવા લાયક છે: "દિગમ્બર ગ્રન્થો **સરસ્વતીને મયૂર**નું વાહન આપતા જણાય છે ( પૃ. ૨૩ )...શ્વેતામ્બર **પ્રજ્ઞપ્તિ મોર** પર બેઠેલી હોય છે ( પૃ. ૨૩ )...**શામ્ભવનાથ**ની યક્ષિણીએ **પ્રજ્ઞપ્તિ**ના પતિ **ત્રિમુખ** યક્ષ પાસેથી વાહન **મોર** સ્વીકાર્યો છે. પદ્મયુક્ત **મયૂરનું** પ્રતીક **વિદ્યાદેવી**નું લક્ષણ હોવું જોઈએ ( પૃ. ૧૬૭ )...દિગમ્બર ગ્રન્થ **પુરુષદત્તા**ને **મયૂર**વાહના તરીકે નિરૂપે છે ( પૃ. ૧૭૦ )."

(૫) પોતાના હિન્દી ગ્રન્થ **'પ્રાચીન ભારત'**ના બીજા ભાગ (૧૯૪૧)ના પૃષ્ઠ ૯૯ પર શ્રી **એસ્. સી. સીલ** નોંધે છે કે **"કનિંગહામ** એમ માને છે કે ગંગા નદીમાંના મગરો, જમુનામાંના કાચબાઓ તથા **સરસ્વતીના તટ પરના મયૂરો** પોતાના પ્રાચુર્યને કારણે **ગંગા, જમુના** અને **સરસ્વતી**નાં અનુક્રમે મગર, કાચબો તથા મોરનાં વાહનો માટે જવાબદાર છે".

(૬) **શોભન** (દશમું શતક)ની **સ્તુતિચતુર્વિંશતિકા ( શ્રી એચ્. આર્. કાપડિયા** વડે સમ્પાદિત, ૧૯૨૬ )ના પૃ. ૧૮૪ પર **પ્રજ્ઞપ્તિ**ના રંગીન ચિત્રની નીચે **પાદલિપ્તસૂરિની નિર્વાણકલિકા**માંથી નિમ્નલિખિત ઉદ્ધરણ આપવામાં આવ્યું છે :

"**प्रज्ञप्ति** श्वेतवर्णां, **मयूरवाहनां** चतुर्भुजाम्, वरदशक्तियुक्तदक्षिणकरां, मातुलिङ्गशक्तियुक्तवामहस्तां चेति।"

અને આ પછીના પૃષ્ઠ ૧૮૫ પર તે દેવીની સ્તુતિ આપેલી છે, જેનો પ્રારમ્ભ 'केकिस्था' શબ્દથી થાય છે.—જુઓ **પી. કે. ગોડે**નો ઉપરિનિર્દિષ્ટ લેખ.

પરમ આનન્દની અનુભૂતિ અર્થેની પિપાસાના પ્રતીક તરીકે પણ લેખી શકાય.[૧૭] ઉપર ઉતારેલા **હંસદેવ**ના નિરૂપણમાં 'કેકી'ને મયૂરના છઠ્ઠા પ્રકાર તરીકે વર્ણવેલો છે.

**ચન્દ્રકી :** 'ચન્દ્રક' એટલે મોરનાં પીંછાંમાંનાં ચકચકિત વિવિધરંગી ગોળ ચકામાં. આથી 'ચન્દ્રકી' નામ તેનાં પીંછાંની આકર્ષકતાના મૂળ કારણ આ ચન્દ્રકોનું મહત્ત્વ ગાય છે, જે ચન્દ્રકોને સતત જાગરુકતાનાં દ્યોતક લેખી શકાય. આપણા મહાન્ રાષ્ટ્રને પણ સતત જાગરુક તથા સાવધાન રહેવાની આવશ્યકતા છે એવું સૂચન આપણા આ રાષ્ટ્રીય પક્ષીના આ નામ પરથી મળી રહે છે.

**ચિત્રપિચ્છક :** 'ચિત્ર' એટલે રંગબેરંગી, વિવિધરંગી. 'ચિત્રપિચ્છક' એ નામ તેનાં પિચ્છોમાં—પીંછાંમાં—અનેક રંગોનો સુભગ સંગમ થયો હોવાથી મોરને મળ્યું છે, અને આ વૈચિત્ર્યનો જ આ પક્ષીને સૌથી સુન્દર બનાવવામાં મુખ્ય ફાળો છે.[૧૮] જ્યાં જુદી જુદી ૧૪ ભાષાઓ બોલાય છે એટલું જ નહીં, પરંતુ આબોહવા તથા રીતરિવાજોમાં પણ જ્યાં વિભિન્નતા અસ્તિત્વ ધરાવે છે, તેવા ભારતના વિવિધ પ્રદેશોના પ્રજાજનોની અનેકરંગતાનો અને છતાં તેમાં રહેલ એકરાગતાનો નિર્દેશ મોરની આ ચિત્રપિચ્છકતા કરે છે એમ જરૂર કહી શકાય.

**ચિત્રમેખલ :** આ નામ મયૂરના મેખલાપ્રદેશ અર્થાત્ કટિપ્રદેશ પરના રંગવૈવિધ્ય તરફ આપણું ધ્યાન દોરે છે, કેમકે સ્વાભાવિક રીતે જ આ પક્ષીની સુન્દરતા તથા આકર્ષકતામાં તેનો ફાળો પણ સવિશેષ હોય છે.

**ધ્વજી :** મોરનું 'ધ્વજી' એ નામ પણ એટલું જ સૂચક છે. 'ધ્વજ' શબ્દનો એક અર્થ છે 'નિશાન'. તેથી 'ધ્વજી' શબ્દ આ મનોહર પક્ષીને એક ઉત્તમ કે અજોડ પ્રતીક તરીકે ઓળખાવે છે, અને એ રીતે આપણા રાષ્ટ્રની ઉદાત્ત ભાવનાઓના પ્રતીક તરીકેની તેની યોગ્યતાને પ્રતિપાદિત કરે છે. 'ધ્વજ'નો બીજો અર્થ છે 'અભિમાન, મદ'. કળા કરીને નૃત્યમાં મશગૂલ બનતો મોર પૂરો મદમસ્ત બની જાય છે. **વિલિયમ બ્લેક** કહે છે તેમ, "The pride of the peacock is the glory of God",[૧૯] અર્થાત્ મયૂરની મત્તતા એટલે ઈશ્વરની ભવ્યતા! તેની આ મત્તતા પણ આપણી રાષ્ટ્રીય અસ્મિતા, સ્વમાનશીલતા, ગૌરવયુક્તતાને નિર્દેશે છે.

---

૧૭ સરખાવો **યાજ્ઞવલ્કયસ્મૃતિ**, ૩. ૧૧૫ :

वीणावादनतत्त्वज्ञः श्रुतिजातिविशारदः ।
तालज्ञश्चाऽप्रयासेन मोक्षमार्गं नियच्छति ॥

૧૮ આ સન્દર્ભમાં **સુભાષિતરત્નભાણ્ડાગાર**ની ઈ. સ. ૧૯૫૨ની આવૃત્તિના પૃષ્ઠ ૨૨૬ પરનો નીચેનો ૧૭૨મો શ્લોક જુઓ :

अस्मान् विचित्रवपुषस्तव पृष्ठलग्नान् कस्माद् विमुञ्चति भवान् यदि वा विमुञ्च ।
रे नीलकण्ठ ! गुरुहानिरियं तवैव मौलौ पुनः क्षितिभृतो भवति स्थितिर्नः ॥

૧૯ **ધ ટાઈમ્સ ઑફ ઇંડિયા**, તા. ૧૦-૨-૧૯૬૩નો અંક, પૃષ્ઠ ૮, સ્તમ્ભ ૨.

**નીલકણ્ઠ :** 'નીલકણ્ઠ' એટલે નીલા કણ્ઠવાળો. મોરની નીલી લાંબી ડોક તેની મોહકતાનું એક અંગ છે. વળી આ અતિપ્રસિદ્ધ નામ દ્વારા એક બીજું પણ સૂચન મળે છે. સર્પોનું ભક્ષણ કરવાના મોરના ભારે શોખને પરિણામે તે આશીવિષોના ભયંકર વિષના પ્રભાવથી તેનો કણ્ઠ પણ નીલા રંગનો થઈ ગયો છે—જેમ સમુદ્રમંથન સમયે પ્રાપ્ત થયેલ અતિભીષણ કાલકૂટ વિષની ભયંકર અસરથી જગતને બચાવવા માટે પોતે જ તે પી જઈ મહાદેવ **શંકર** 'નીલકણ્ઠ' બન્યા તેમ જ તો ! આ રીતે આ નામને મોરની પરોપકારવૃત્તિનું સૂચક લેખી શકાય, અને **હંસદેવ**ના નિરૂપણમાં પણ તેના આ ગુણનો ઉલ્લેખ થયો છે જ. તે દ્વારા ભારતના રાષ્ટ્રીય ચારિત્ર્યની ઉપકારશીલતા તથા અન્યના અપકારોના પ્રકટીકરણ પરનો સંયમ નિર્દિષ્ટ થતો ગણી શકાય.[20] '**मृगपक्षिशास्त्र**'માં આલેખાયેલ છ પ્રકારમાંનો ત્રીજો 'નીલકણ્ઠ' છે, જેના ગુણ આપણે ઉપર જોઈ ગયા.

**પ્રચલાકી :** 'પચલાક'નો અર્થ છે મોરની પૂંછડી, પરંતુ વિશેષતઃ આ શબ્દ તે પૂંછડીની ચંચળતા સૂચવે છે. આથી 'પ્રચલાકી' એ નામ મોરની પૂંછડીની પ્રવૃત્તિશીલતા જ તેની આકર્ષકતા માટે સૌથી વધારે જવાબદાર છે એવી તેની મહત્તા ગાય છે. રાષ્ટ્રની પ્રવૃત્તિશીલતાનો નિર્દેશ પણ આ દ્વારા થતો લેખી શકાય.

**બર્હિણ, બર્હી :** આ બન્ને નામો મોરનાં 'બર્હ' અર્થાત્ પીંછાંના મહત્ત્વને નિર્દેશે છે, કેમકે આ પક્ષીના સમસ્ત દેહમાં તેનાં 'બર્હો' સર્વાધિક મહત્ત્વ ધરાવે છે, તે જ તેના સૌન્દર્યનું પ્રધાન સાધન છે, અને એ રીતે આપણા રાષ્ટ્રીય પક્ષીનાં આ બર્હોને સુજલા, સુફલા અને સસ્યશ્યામલા આ પુનિતભૂમિના સૌન્દર્ય તેમ જ આકર્ષકતાનાં પ્રતીક ગણી શકાય. **હંસદેવે** બીજા પ્રકારના મોરને **बर्हिन्** નામ આપેલું છે, જેની ખાસિયતો વિષે આપણે ઉપર જોઈ ગયા.

**ભુજંગભુક્, ભુજંગભોગી :** 'ભુજંગ' એટલે સર્પ. તેને ખાઈ જનાર તે 'ભુજંગભુક્'. ભુજંગભોગી'નો પણ એ જ અર્થ થાય છે. √भुज् ને घञ् પ્રત્યય લાગતાં ભાવવાચક નામ **भोग** બને છે અને તેને इनि પ્રત્યય લાગતાં સ્વામિત્વવાચક વિશેષણ **भोगिन्** થાય છે. સર્પયોનિ સાથેની આ પક્ષીની નિત્યશત્રુતા તથા સર્પોને ખાઈ જવાની તેની ટેવ આ નામો દ્વારા વ્યક્ત થાય છે.[21] નીચે 'मयूर' નામની ચર્ચામાં આપણે જોઈશું તેમ, મોરનું આ એક અતિમહત્ત્વનું પાસું છે જે આતતાયીઓ સામે શાન્તિપ્રિય પ્રજાને સંરક્ષણનો કૉલ આપે છે. **હંસદેવે** નિરૂપેલ મોરની છ જાતિઓમાં ચોથા પ્રકારને भुजङ्गभुक् નામ આપવામાં આવ્યું છે, જેને તેમણે વન્ય, ક્રૂર, ભયંકર, દુર્ગંધવાળો અને અશુભ ગણેલો છે.

---

૨૦ ઉ. ત. સરખાવો **કુવલયાનન્દ** (૬)માં ઉદ્ધૃત થયેલ આ શ્લોક, જે આપણા રાષ્ટ્રીય ચારિત્ર્યને પ્રકટ કરે છે :

गुणदोषौ बुधो गृह्णन्निन्दुक्ष्वेडाविवेश्वरः ।
शिरसा श्लाघते पूर्वं परं कण्ठे नियच्छति ॥

૨૧ સરખાવો **કૌટિલ્યનું અર્થશાસ્ત્ર**, ૧. ૨૦. ૬ :

**मयूर**नकुलपृषतोत्सर्गः सर्पान् भक्षयति ।

**મયૂર :** આ નામ સૌથી વધારે પ્રચલિત છે, અને 'મોર' શબ્દ પણ આ 'મયૂર'-માંથી જ ઊતરી આવ્યો છે [ मयूर > मऊर > मोर ]. 'મયૂર' શબ્દ √મી 'મારવું'ને ऊरन् પ્રત્યય [ **ઉણાદિ ૧. ૬૭** ] લાગી બનેલો હોઈ તેનો અર્થ થાય છે 'મારનાર'.[૨૨] આ રીતે આ નામ બહુ સૂચક છે, કેમકે, આપણે ઉપર જોઈ ગયા તેમ, મોર સાપનો કટ્ટર શત્રુ હોઈ भुजङ्गभुक् 'સર્પોને ખાઈ જનાર' કહેવાયો છે. સર્પો નિર્દોષોને પણ દંશતા હોવાથી 'આતતાયી'[૨૩] ગણાય. અને આ દૃષ્ટિએ 'આતતાયી'ઓનો સંહારક મોર ભારત જેવા શાન્તિપ્રિય અને અહિંસામાં માનનારા તથા આતતાયીઓની સામે સ્વરક્ષણ અર્થે જ શસ્ત્રો ધારણ કરનારા રાષ્ટ્રના 'રાષ્ટ્રીય પક્ષી' તરીકેનું માન પામે તેમાં અનુચિત કાંઈ ગણી શકાય નહિ; કેમકે શાન્તિપ્રિય પ્રજાના રક્ષણ માટે આતતાયીઓનો સંહાર કરવાનો શાસ્ત્રોનો પણ આદેશ છે જ.[૨૪]

આતતાયીઓનો કટ્ટર શત્રુ હોઈ મોર પ્રથમ દેવોના સેનાધિપતિ **સ્કન્દ-કાર્તિકેય**-ના કેતુ-નિશાન-તરીકે અને ત્યારબાદ તેમના વાહન તરીકે નિરૂપાયો છે તે પણ સમુચિત જ છે.[૨૫] 'શિખિવાહન' અર્થાત્ મયૂરવાહન **કાર્તિકેય**ને દેવોના શત્રુઓના સંહારક કહ્યા છે.[૨૬] મોરને પોતાનું વાહન બનાવીને **કાર્તિકેયે ત્રિપુરારિ**ના રથને બચાવ્યો એટલું જ નહિ, પરન્તુ કેવળ સાત દિવસના બાળક **કાર્તિકેયે તારકાસુર** જેવા ભયંકર અસુરને સંહાર્યો હતો.[૨૭] તેમના આ પરાક્રમની કથા **મહાભારત** તેમ જ **પુરાણો**માં વિગતપૂર્વક આલેખાઈ છે અને કવિ-

---

૨૨ मीनातेरूरन् ॥ मयूरः । – **પાણિનીય ઉણાદિસૂત્ર ૧. ૭૦** તથા **પાણિનીય ગણપાઠ ૬. ૩. ૧૦૯.**

૨૩ નીચેના છ પ્રકારના માણસો 'આતતાયી' ગણાયા છે :

अग्निदो गरदश्चैव शस्त्रपाणिर्धनापहः ।
क्षेत्रदारापहारी च षडेत आततायिनः ॥

—**મનુસ્મૃતિ**, નિ. સા. આવૃત્તિ, પૃ. ૩૫૧, પાદટીપ ૧.

૨૪ સરખાવો : **મનુસ્મૃતિ ૮. ૩૫૦-૩૫૧ :**

गुरुं वा बालवृद्धं वा ब्राह्मणं वा बहुश्रुतम् ।
आततायिनमायान्तं हन्यादेवाविचारयन् ॥
नाऽऽततायिवधे दोषो हन्तुर्भवति कश्चन ।
प्रकाशं वाऽप्रकाशं वा मन्युस्तं मन्युमृच्छति ॥

૨૫ **વાયુપુરાણ** (**૭૨**. ૪૬)માં **વાયુ**ને આપવામાં આવેલા **સ્કન્દ**ના ધ્વજ તરીકે મોરને વર્ણવેલો છે. તે જ પ્રમાણે **વરાહમિહિરની બૃહત્સંહિતા** ( **૫૮**. ૪૧ )માં પણ **સ્કન્દ**ને 'बर्हिकेतु' તરીકે નિરૂપ્યા છે. **સ્કન્દ**ના વાહન તરીકેના મોરના ઉલ્લેખો માટે જુઓ **મત્સ્યપુરાણ ૧૩૫**. ૭૬ ઇત્યાદિ; **માનસોલ્લાસ** પુસ્તક ૨, ૩. ૧. ૭૫૩; **જે. એન્. બૅનર્જીનું ડેવલપમેંટ ઑફ હિન્દુ આઈકોનોગ્રાફી** ( દ્વિતીય આવૃત્તિ ), પૃ. ૧૪૩થી આગળ.

૨૬ **ટી. એ. ગોપીનાથ રાવનું એલિમેન્ટ્સ ઑફ હિન્દુ આઈકોનોગ્રાફી**, પુસ્તક ૨, પૃ. ૪૪૦.

૨૭ ઉદાહરણ તરીકે જુઓ **મત્સ્યપુરાણ, ૧૩૩**. ૬૪; **૧૪૦**. ૪૦; **૧૪૬**. ૧૦-૧૧; **૨૬૬**. ૪૨.

કુલગુરુ **કાલિદાસે** તો પોતાના **'કુમારસમ્ભવ'** મહાકાવ્યમાં તે જ પ્રસંગને પ્રધાન વસ્તુ બનાવી **સ્કન્દની** તે પરાક્રમગાથાને અમર બનાવી દીધી છે. **ભોજદેવના 'સમરાંગણ-સૂત્રધાર'** (૭૭. ૩૦-૩૧)નો આદેશ છે કે પરજયૈષીઓએ અર્થાત્ શત્રુ પર વિજય મેળવવાની ઇચ્છાવાળાઓએ નગરમન્દિરોમાં મયૂર સાથેની **સ્કન્દની** પ્રતિમા કોતરાવવી જોઈએ. યુદ્ધની દેવી **દુર્ગા**નાં નવ સ્વરૂપોમાંના **'કૌમારી'** સ્વરૂપનું વાહન પણ મયૂર જ છે.[૨૮]

આ રીતે વિચારતાં મયૂર અસત્ય તથા કિન્નાખોરી પરના સત્ય તથા ન્યાયના વિજયના પ્રતીક તરીકે સમજાય છે, અને તેથી આપણા રાષ્ટ્રીય પક્ષી તરીકે આપણા રાષ્ટ્રીય મુદ્રાલેખ[૨૯] '**सत्यमेव जयते**' સાથે તે સુન્દર સુમેળ સાધે છે.

ઉપર ઉતારેલા **હંસદેવ**ના નિરૂપણમાં મયૂરને પ્રથમ પ્રકાર તરીકે રજૂ કરેલો છે અને તેને વિલાસી, સ્વૈરવિહારી, શાન્ત, કોપહીન, મૃદુસ્પર્શયુક્ત, ભીરુ અને સત્ત્વયુક્તવાણીવાળો કહ્યો છે.

**મેઘનાદાનુલાસક, મેઘનાદાનુલાસી, મેઘાનન્દી:** આ વિશિષ્ટ નામો મયૂરની વાદળનો ગડગડાટ સાંભળતાં જ આનન્દમાં આવી જઈ નૃત્ય કરવા લાગી જવાની ખાસિયતનાં નિદર્શક છે. આવું નૃત્ય કરતાં તે પોતાનાં અતિ સુન્દર પીંછાંના કલાપને વિસ્તારીને કળા કરે છે, જે દૃશ્ય અત્યન્ત મોહક બની જાય છે. **'નાટ્યશાસ્ત્ર'**માંની નૃત્યની ૧૦૮ મુદ્રાઓમાંની ૮૦મી મુદ્રાને **'મયૂરલલિત'** નામ આપવામાં આવ્યું છે[૩૦] તે પણ મયૂરની આ મોહક નૃત્ય કરવાની ટેવને જ આભારી છે. આકાશમાં ચઢી આવતાં વાદળાંનું મધુર નૃત્ય દ્વારા સ્વાગત કરવાની આ પક્ષીની આ ટેવ જાણે કે 'જીવન' [=(૧) પાણી, (૨) જિંદગી] આપનાર[૩૧] પ્રત્યેની

---

૨૮ ઉ. ત. સરખાવો : '**कौमारी शिखिवाहना**'-**દેવીકવચ** શ્લોક ૯ અને '**मयूरवरवाहना**'—**સપ્તશતી** ૮. ૧૭; ૧૧. ૧૫.

૨૯ આ મુદ્રાલેખ **मुण्डकोपनिषद्**ના નિમ્નલિખિત શ્લોકમાંથી લેવામાં આવ્યો છે :

> **सत्यमेव जयते** नानृतं सत्येन पन्था विततो देवयानः ।
> येनाक्रमन्त्यृषयो ह्याप्तकामा यत्र तत्सत्यस्य परमं निधानम् ॥ (३. ६)

સ્વ. રાષ્ટ્રપિતા ગાંધીજીને અતિપ્રિય હોઈ આ શ્લોક **આશ્રમભજનાવલિ**ના ઉપનિષત્સ્મરણમાં સંગ્રહાયો છે.

૩૦ આ અંગેની વિગત માટે જુઓ મહર્ષિ **ભરતનું નાટ્યશાસ્ત્ર, અભિનવગુપ્તાચાર્ય**ની ટીકા **અભિનવભારતી** સાથેની આવૃત્તિ, પુસ્તક ૧ (ગાયકવાડ પ્રાચ્યવિદ્યા ગ્રન્થમાળા, અંક ૩૬), પૃ. ૧૪૦-૧૪૧, જ્યાં આ સંજ્ઞાને **અભિનવગુપ્તાચાર્ય** આ રીતે સમજાવે છે :' '**मयूरवृत्तानुकारि मयूरललितम्**''. આ વિશિષ્ટ મુદ્રાનું ચિત્ર તે જ પુસ્તકના ચિત્રફલક ૧૪ની આકૃતિ ૮૦માં આપવામાં આવ્યું છે.

૩૧ ચાતકની જેમ મોર આ 'જીવન' માટે કદી યાચના કરતો નથી એ હકીકતને વિશદ રીતે રજૂ કરતું જુઓ મોરનું પોતાનું જ ગૌરવયુક્ત વચન :

> "अहमस्मि नीलकण्ठस्तव खलु तुष्यामि शब्दमात्रेण ।
> नाऽहं जलधर ! भवतश्चातक इव जीवनं याचे ॥"

—**સુભાષિતરત્નભાણ્ડાગાર** (ઈ. સ. ૧૯૫૨ની આવૃત્તિ), પૃ. ૨૨૯ब, શ્લોક ૧૬૯.

આપણા રાષ્ટ્રની આભારની લાગણી વ્યક્ત કરે છે; અને તે અત્યન્ત ઉચિત પણ છે, કેમકે ભારત જેવા ખેતીપ્રધાન દેશને માટે તો વાદળ ખરેખર ' જીવાતુ ' સમાન જ ગણાય.

**શિખણ્ડી :** 'શિખણ્ડ' એટલે મોરની પૂંછડી, જે નાનાંમોટાં કેટલાંય પીંછાંથી બનેલી હોય છે. આ પક્ષીના સૌન્દર્યમાં તેના આ શિખણ્ડનો મુખ્ય ફાળો છે તે આપણે ઉપર જોઈ ગયા છીએ. આથી આ ' શિખણ્ડી ' નામ પણ તેના એક મહત્ત્વના પાર્શ્વનો નિર્દેશ કરતું હોઈ અત્યન્ત સૂચક ગણાય.

**શિખાવલ, શિખી :** ' શિખા ' એટલે કલગી. આ નામ મોરની કલગીના મહત્ત્વનો નિર્દેશ કરે છે. કલગી આ મનોહર પક્ષીની શોભામાં અભિવૃદ્ધિ કરનાર કિરીટ જેવી હોઈ તેની—અને તે દ્વારા સમસ્ત રાષ્ટ્રની—ભવ્યતા તથા ઉદાત્તતાને તેનાં આ બેઉ નામો વ્યક્ત કરે છે.[૩૨] સામાન્ય માન્યતા મુજબ આ કલગી જ્યારે મયૂરના મસ્તક પર ઊગે છે ત્યારે તે ખૂબ જ પીડાય છે. આ પીડામાં જ કેટલાક મયૂર તો મરણને શરણ થઈ જાય છે. **હંસદેવ**ના નિરૂપણમાં મોરના છ પ્રકારમાંનો પાંચમો પ્રકાર 'શિખાવલ' છે જેને ત્યાં સૂક્ષ્મ મેધાવાળો, સુસાધ્ય, સુશિક્ષ્ય અને આંખોને ગમે તેવો લેખ્યો છે.

**સિતાપાંગ :** 'સિત' એટલે સફેદ અને 'અપાંગ' એટલે આંખોના ખૂણા. આથી 'સિતાપાંગ' એ બહુવ્રીહિ સમાસનો અર્થ થાય શ્વેત આંખોના ખૂણાવાળો. સફેદ રંગ સ્વચ્છતા, નિર્મળતા, પવિત્રતાનો દ્યોતક છે. વળી આંખના ખૂણા લાલ ન થવા પણ સફેદ જ રહેવા એટલે કદી ક્રોધ ન કરવો, સર્વત્ર સમદૃષ્ટિ રાખવી. આ રીતે આ શબ્દ નિર્વિકારતા વ્યક્ત કરતો હોઈ મહાન્ તત્ત્વજ્ઞાનીઓ તથા સન્તોની આ ભૂમિની આવી પવિત્રતા તથા શાન્તિપ્રિયતા તેના રાષ્ટ્રીય પક્ષી મોરના આ નામ દ્વારા સૂચિત થતી લેખી શકાય.

મયૂરનાં આ નામો તેની ખાસિયતોને પ્રકટ કરે છે એ વાત સાચી; પરન્તુ, જેમ **હંસદેવે** ' **मृगपक्षिशास्त्र** 'માં તેના છ પ્રકાર વર્ણવ્યા છે તેમ, આ નામો દ્વારા વિવિધ પ્રકારોની વિશિષ્ટતાઓ વ્યક્ત થતી લેખીએ તો તે અનુચિત નહીં ગણાય. આ બધાં જ મયૂરના જીવનનાં વિવિધ પાસાં ભલે ગણીએ, છતાં તેના સૂક્ષ્મ ભેદો હોઈ શકે અને દરેક પ્રકારમાં આમાંની એકાદ-બે ખાસિયતો અધિક પ્રબળ બની જતાં તેને તેનું દ્યોતક નામ પ્રાપ્ત થયું હોય. આ વિષયમાં વિશેષ પ્રકાશ તો વિવિધ પ્રદેશોના મયૂરોના જીવનનો અભ્યાસ કરનાર જ પાડી શકે.

## ઉપયોગિતા :

મયૂરની ઉપયોગિતા અનેકવિધ છે. પ્રાચીન કાળમાં અને મધ્યયુગમાં પણ ભારતમાં તેમ જ અન્યત્ર મોરના પીંછાના પાછળના સફેદ દાંડાનો લખવા માટેની કલમ તરીકે ઉપયોગ થતો હતો.

---

૩૨ ઉ. ત. સરખાવો **વેદાંગજ્યોતિષ ૪ :**

यथा **शिखा मयूराणां** नागानां मणयो यथा ।
तद्वद्वेदाङ्गशास्त्राणां गणितं मूर्धनि स्थितम् ॥
ज्यौतिषं

વળી આ પીંછાંના આકર્ષક પંખા પણ બનતા અને આજે પણ બને છે. બીજાં પક્ષીઓનાં પીંછાંની જેમ મોરનાં પીંછાં પણ બાણુનો વેગ વધારવાના ઉદ્દેશથી બાણુના પાછળના છેડે બાંધવામાં આવતાં, અને આ કારણે જ બાણુને માટે અંગ્રેજીમાં 'પીંછાંવાળું મૃત્યુ'—The feathered death—એવો અલંકારયુક્તપ્રયોગ કરવામાં આવે છે. વનવાસીઓ આ પીંછાંનાં કપડાં બનાવીને પણ પહેરતાં. મોટા મોટા રાજાઓ, અમીર-ઉમરાવો, યોદ્ધાઓ અને ઇતર જનો પણ પોતાની પાઘડીમાં કે ટોપીમાં મયૂરપિચ્છનાં છોગાં ખોસી શોભામાં અભિવૃદ્ધિનો આનન્દ માણતા. આજે પણ ભીલ લોકો તો સવિશેષ તેનો તેવો ઉપયોગ કરે છે. આ બધી હકીકતો એટલી બધી પ્રસિદ્ધ છે કે તે માટે કોઈ પુરાવા રજૂ કરવાની પણ જરૂર રહેતી નથી. અરે! ખુદ ભગવાન્ **શ્રીકૃષ્ણે** પોતે પણ પોતાના મસ્તકને મોરનાં પીંછાંનાં છોગાંથી શોભાવી મોરને સંમાન્યો છે.[33] યુરોપના ધર્મયોદ્ધાઓમાં પણ આવાં છોગાં પહેરવાની પ્રથા હતી. આ બધા રિવાજો આજે પણ મહદંશે ચાલુ છે. મોરનાં પીંછાં આજે પણ ભૂત-પ્રેત અને બીજાં અશુભોને દૂર કરનાર મનાય છે અને વિવિધ ધર્મના લોકો તેનો તે રીતનો ઉપયોગ પણ કરે છે. સમાજના વિવિધ સ્તરોમાં અને વિશેષતઃ દેવમંદિરોમાં મોરપિચ્છની સાવરણીઓ પણ વપરાશમાં છે. તેની સુંવાળપને કારણે કીડી જેવાં જીવજંતુઓ તેનાથી નાશ પામતાં નથી એમ મનાય છે. સુશોભન અર્થે પણ મયૂરપિચ્છનો ઉપયોગ થતો હતો અને થાય છે. તેની છત્રીઓ પણ બનતી અને આજે પણ કવચિત્ જોવા મળે છે.

## શિલ્પશાસ્ત્રમાં :

**ભુવનદેવ**ના ભારતીય શિલ્પશાસ્ત્ર પરના પ્રમાણભૂત ગ્રન્થ '**અપરાજિતપૃચ્છા**'માં

---

૩૩ ઉ. ત. સરખાવો :

**बर्हप्रसूननवधातुविचित्रिताङ्ग :**

—**ભાગવતપુરાણ** ૧૦. ૧૪. ૪૭અ, ૧૦. ૧૬. ૪૨અબ;

**बर्हापीडं** नटवरवपुः कर्णयोः कर्णिकारम् —૧૦. ૨૧. ૫અ;

चूतप्रवाल**बर्ह**स्तबकोत्पलाब्ज—

मालानुपृक्तपरिधानविचित्रवेषौ । —૧૦. ૨૧ ૮અબ.

વળી ઈ. સ.ના બારમા શતકમાં થઈ ગયેલા ગુજરાતના મહાન સાહિત્યાચાર્ય **હેમચન્દ્રાચાર્ય**ના '**ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતમહાકાવ્ય**'ના ૮મા પર્વના ૫મા સર્ગનો ૧૬૪મો શ્લોક જુઓ, જ્યાં રાસનું વર્ણન કરતાં **શ્રી કૃષ્ણ**ને 'મયૂરપિચ્છાભરણ' કહ્યા છે :

**मयूरपिच्छाभरणः** कृष्णो गोपालगुर्जरीः ।
गोपालीभिरविच्छिन्नं पूर्यमाणश्रुतिर्जगौ ॥

—જૈન ધર્મપ્રસારક સભા, ભાવનગરની વિ. સં. ૧૯૬૪ની આવૃત્તિ, પત્ર ૮૪બ.

આ ઉપરાન્ત, સરખાવો **નરસિંહ મહેતા**નું પદ "પ્રેમરસ પાને તું, **મોરના પિચ્છધર**, તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે", વગેરે વગેરે.

સિંહાસન સાથે સંબદ્ધ મયૂરપિચ્છના રાજછત્રનો ઉલ્લેખ કરાયો છે.[૩૪] વિશેષતઃ રાજા, યુવરાજ, નૃપતિ-પત્ની, સેનાપતિ અને દણ્ડનાયક સિવાયના સરકારી અધિકારીઓની સૂર્યના તાપમાંથી બચવા માટેની છત્રીઓ મયૂરપિચ્છની બનાવવાનો આદેશ છે.[૩૫]

રાજ**પ્રા**સાદો તથા દેવ**પ્રા**સાદોમાં ચીતરવાના કે કોતરવાના ૧૬ વ્યાલોમાં મોરના મુખવાળો એક '**મયૂરવ્યાલ**' પણ છે.[૩૬] તે જ **પ્ર**માણે જે ત્રણ પ્રકારના કિન્નરો આલેખવાના હોય છે—કોતરીને અગર ચીતરીને—તેમાંના પ્રથમનું નામ જ '**મયૂર**' છે.[૩૭] વળી 'શ્રીધરાદિ' પ્રકારના એક પ્રાસાદને પણ '**શિખિશેખર**' કહ્યો છે,[૩૮] જેમાં ચારે બાજુએ બારણાંવાળા **ચાર** વિશાળ ખંડો હોઈ તેનું ગર્ભગૃહ પાણીમાં હોય છે અને તેનું શિખર મયૂરની આકૃતિથી શોભાવવામાં આવે છે.[૩૯]

---

૩૪ यानं महागजपृष्ठं यानं विद्याद् विसारयोः ।
गजपृष्ठे च यद् बद्धं विद्धि तत् सिंहसंज्ञकम् ॥
व्याघ्ररूपं–विद्धि **शिखि–कलापकभवं** पुनः ।
एवं विविधरूपाणि पताकाछत्रमण्डलम् ॥

—**અપરાજિતપૃચ્છા,** સૂત્ર **૮૧,** શ્લોક ૩૩-૩૪.

૩૫ अन्येषामुष्णघ्नं प्रसादपट्टैर्विभूषितशिरस्कम् ।
व्यालम्बिरत्नमालं छत्रं कार्यं तु **मायूरम्** ॥

—**વરાહમિહિર**કૃત **બૃહત્સંહિતા, ૭૩. ૫.**

૩૬ **અપરાજિતપૃચ્છા,** સૂત્ર **૨૩૩,** શ્લોક ૫–૬.

૩૭ **मयूरः कुर्वटः** काशः किन्नरस्त्रिविधो भवेत् ॥

—**ભોજદેવનું સમરાઙ્ગણસૂત્રધાર, ૭૫.** ૨૩**ક્**.

૩૮ दुर्धरो दुर्जयश्चैव त्रिकूटो नवशेखरः ।
**पुण्डरीकः** सुनाभश्च महेन्द्रः **शिखिशेखरः** ॥

—એ જ, **૫૭.** ૮.

૩૯ चतुर्भिः सर्वतोभद्रैर्गर्भैः स्यादुदकान्तरे ।
शिखरं शिखिसंयुक्तं नाम्नाऽसौ **शिखिशेखरः** ॥

—**અપરાજિતપૃચ્છા,** સૂત્ર **૧૬૩,** શ્લોક ૯૯.

**બૌદ્ધ** સાહિત્યમાં પણ પ્રાસાદના '**મયૂર**' નામના એક પ્રકારના ઉલ્લેખો મળે છે. દા. ત. જુઓ **મહાનિપાત, વિધુરપણ્ડિતજાતક** નામનું આઠમું જાતક—**વી. ફાઉસ્બોલ**ની જાતકની આવૃત્તિ, પુસ્તક ૬, પૃ૪ ૨૮૯:

महासत्तस्स पन तिण्णं उतूनं अत्थाय तयो पासादा, तेसु एको **कोञ्चो** नाम **एको मयूरो** नाम एको पियकेतो नाम, ते सन्धाय अयं गाथा वुत्ता :

**कोञ्चं मयूरं** च पियं च केतं
उपागमि तत्थ सुरम्मरूपम् ।
पहूतभक्खं **बहुअन्नपानं**
मसक्कसारं विय वासवस्सा ति ॥

## મિજબાનીમાં :

મોર ભોજનની એક ઉત્કૃષ્ટ વાનગી ગણાયો છે. **આલ્ફ્રેડ ન્યૂટન** જણાવે છે કે "મોટી મોટી મિજબાનીઓમાં મોરનું મહત્ત્વ બહુ હતું તેવું દર્શાવનારા ઘણા ઉલ્લેખો યુરોપના પ્રાચીન ગ્રન્થોમાં મળે છે એટલું જ નહિ, પણ મધ્યયુગમાં રાજ્યકક્ષાના ભોજનસમારમ્ભોમાં મોરની વાનગીનો સમાવેશ ન થયો હોય એવું ભાગ્યે જ બનતું. તે પરાક્રમયુગમાં મોરના શપથ અતિ-ગમ્ભીર પ્રકારના શપથોમાં ગણાતા અને ત્યારે ભભકાદાર પીંછાંથી સજાવેલો મોર ધરવામાં આવતો."[૪૦] **પ્લાઈની**ના કથન અનુસાર પોતાના વાક્ચાતુર્યથી મોટા મોટા સમ્રાટોને પણ ડરાવનાર દન્તકથાઓમાંના મહાન્ વક્તા **હોર્ટેન્શિયસે** પ્રાચીન યુરોપના બુદ્ધિશાળીઓના સંઘ સમા 'કૉલેજ ઑફ ઑગર્સ' અર્થાત્ દૈવજ્ઞોના મંડળને આપવામાં આવેલી મિજબાનીમાં પ્રથમ વાર મોરની વાનગી પીરસેલી.[૪૧]

## આયુર્વેદમાં :

આપણા આયુર્વેદે પણ મયૂરના માંસની ઘણી પ્રશંસા કરેલી છે. તેને અનેક રીતે પથ્ય ગણેલું છે. આયુર્વેદના માન્ધાતાઓના મત મુજબ મયૂરનું માંસ તૂરું [कषाय]; મીઠું [स्वादु]; ખારું [लवण]; ચામડીનું આરોગ્ય વધારનારું [त्वच्य]; કેશવર્ધક [केश्य]; અરુચિમાં હિતકર અર્થાત્ ભૂખ લગાડનાર; સ્વર, મેધા, જઠરાગ્નિ, આંખો તથા કાનને દઢતા અર્પનાર; સ્નિગ્ધ; ઉષ્ણ; વાતઘ્ન; વૃષ્ય અને પ્રસ્વેદ, સ્વર તેમ જ શક્તિનું ઉત્તેજક છે.[૪૨] મયૂરનું માંસ તથા

---

૪૦ જુઓ **એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા**ના પુસ્તક ૨૧ના પૃષ્ઠ ૨૨ ઉપરની તેની પાદટીપ :

The works of Classical authors of Europe "contain many allusions to its high appreciation at the most sumptuous banquets and mediaeval bills of fare on state occasions nearly always included it. In the days of chivalry one of the most solemn oaths was taken 'on the peacock', which seems to have been served up garnished with its gaudy plumage."

૪૧ **ધ ટાઈમ્સ ઑફ ઈંડિયા**, તા. ૧૦-૨-૧૯૬૩નો અંક, પૃષ્ઠ ૮, સ્તમ્ભ ૩.

૪૨ ઉદાહરણ તરીકે જુઓ—

कषायः स्वादुलवणस्त्वच्यः केश्योऽरुचौ हितः ॥
मयूरः स्वरमेधाग्निदृक्श्रोत्रेन्द्रियदार्ढ्यकृत् ।
स्निग्धोष्णोऽनिलहा वृष्यः स्वेदस्वरबलावहः ॥

—**સુશ્રુતસંહિતા**, સૂત્રસ્થાન, ૪૬. ૨. ૬૪કડ-૬૫ (મુંબઈની આવૃત્તિ, પૃ. ૨૧૪).

दर्शनश्रोत्रमेधाग्निवयोवर्णस्वरायुषाम् ॥
बर्ही हिततमो बल्यो वातघ्नो मांसशुक्रलः ।

—**ચરકસંહિતા**, સૂત્રસ્થાન, ૨૭. ૩. ૬૪કડ—૬૫અબ (મુંબઈની આવત્તિ, પૃ. ૧૫૮)

**हारीतसंहिता 'નીલમયૂર'** અને **'દ્વિતીયમયૂર'** વચ્ચેનો તફાવત આપી તે બન્નેના માંસના ગુણો આ પ્રમાણે આપે છે :

બીજાં કેટલાંક **પ્રાણીઓનું** માંસ દશમૂલીરસ અથવા કૌલુત્થરસમાં ઉકાળવાથી વાધણી [ **हिक्का** ] તથા દમ [ **श्वास** ] માટેની ઉત્તમ દવા બની જાય છે.[૪૩] મોરની પાંખોની ભસ્મ, અથવા તો માત્ર તેનાં પીંછાંમાંના ચન્દ્રકોની ભસ્મ પણ, ઊલટી ઉપર અકસીર છે.[૪૪] શરીરમાં પ્રસરતા ઝેરના આઠમા વેગને અવરોધવા માટે લગાડવાનો **'મૃતસંજીવનયોગ'** નામનો લેપ બનાવવામાં

---

**मेधावृद्धिं श्रोतसां च करोत्युत्पाटनं शिखी ।**
**सवातलोऽतिबलकृद् घनः किञ्चिद् रसायणः ॥**
—इति नीलमयूरगुणाः ॥

सुस्निग्धः श्लेष्मलो वृष्यो घनः शुक्रविवर्द्धनः ।
मांसवृद्धिकरो बल्यो **द्वितीयश्च मयूरकः** ॥
—इति द्वितीयमयूरगुणाः ॥

—મહર્ષિ**આત્રેય**વિરચિત **હારીતસંહિતા**, **૧.** ૨૧. ૫–૬ ( કલકત્તાની આવૃત્તિ, પૃ. ૮૫ ).

વળી સરખાવો—

**बार्हिणं** मधुरोष्णं तु विषघ्नं गुरु बृंहणम् ।
तुल्यं कौक्कुटजं वन्यं तत्तुल्यं ग्राम्यकौक्कुटम् ॥
विष्किराः क्रौञ्चवर्तीका **मयूरेण** समाः स्मृताः ।
तस्माल्लघुस्तु वर्तीरो वर्तीका लघवो लघुः ॥

– **વૃદ્ધજીવકકૃત કાશ્યપીયસંહિતા** અર્થાત **વૃદ્ધજીવકીયતન્ત્ર**, ખિલસ્થાન, **૨૪.** ૩૧–૩૨ ( મુંબઈની આવૃત્તિ, પૃ. ૩૩૩–૩૩૪ ).

૪૩ **बर्हि**तित्तिरिदक्षाश्च जाङ्गलाश्च मृगद्विजाः ।
दशमूलीरसे सिद्धाः कौलत्थे वा रसे हिताः ॥
—**ચરકસંહિતા**, ચિકિત્સાસ્થાન, **૧૭.** ૯૩ ( પૃ. ૫૩૭ अ );

तद्वच्छ्वाविन्मेषगोशल्लकानां रोमाण्यन्तर्धूमदग्धानि चात्र ।
मध्वाज्याक्त **बर्हि**पत्रप्रसूतमेवं भस्मौदुम्बरं तैल्वकं च ॥
—**સુશ્રુતસંહિતા**, ઉત્તરતન્ત્ર, **૫૦.** ૨૦ ( પૃ. ૯૩૬ ).

૪૪ सुसंस्कृतास्तित्तिरि**बर्हि**लाव-
रसा व्यपोहन्त्यनिलप्रवृत्ताम् ।
छर्दिं तथा कोलकुलत्थधान्य-
बिल्वादिमूलाम्लयवैश्च यूषः ॥
—**ચરક.**, ચિકિત્સાસ્થાન, અધ્યાય **૨૦**, શ્લોક ૨૩ ( પૃ. ૫૫૬ ब );

अथ कोलमज्जादिः—चिकित्सासारात् ।
कोलमज्जा कणा **बर्हि**-पक्षभस्म सशर्करम् ।
मधुना लेहयेच्छर्दि-हिक्काकोपस्य शान्तये ॥
—**યોગરત્નાકર**, આનંદાશ્રમની આવૃત્તિ, પૃષ્ઠ ૨૩૮.

મુખ્ય ભાગ મોરના પિત્તનો હોય છે.[૪૫] મોરનાં પીંછાં, બલાકાનાં હાડકાં, સરસવના દાણા, **ચન્દન** અને ઘીનો ધૂમાડો મકાનો, પાથરણાં, આસનો, વસ્ત્રો વગેરેમાંથી વિષને દૂર કરનાર મનાયો છે.[૪૬] એ જ રીતે મોરનું પિત્ત વિષનિવારક **'પંચશિરીષ અગદ'**નું પ્રધાન અંગ છે.[૪૭]

સર્પોને દૂર રાખવા માટે પ્રવાસ દરમ્યાન સાથે રાખવાની વસ્તુઓમાં મોરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.[૪૮] વળી એવું પણ સ્પષ્ટ વિધાન મળે છે કે કૂકડો, કાગડો અને મોર એ ત્રણેનાં રક્તમાંસ સર્પનું ઝેર ઉતારવા માટે ઉપયોગી છે. શરીરના અધોભાગ પર સર્પ દંશ્યો હોય તો તે મસ્તકે લગાડવાનાં હોય છે અને જો શરીરના ઉપરના ભાગ પર દંશ દીધો હોય તો પગે લગાડવાનાં હોય છે.[૪૯]

સૈન્યમાં ફાટફૂટ પડાવવા માટેના શત્રુના પ્રપંચોના પ્રતિકારોની ચર્ચા કરતાં **કૌટિલ્યે** વિપક્ષયોજિત **'મદનદોષ'**ની અસરોને નાબૂદ કરવા માટે એક ખાસ મિશ્રણનો ઉલ્લેખ કર્યો છે,

---

૪૫ જુઓ **ચરકસંહિતા**, ચિકિત્સાસ્થાન, અધ્યાય ૨૩, શ્લોક ૫૧-૫૩ તથા તે પરની વ્યાખ્યા **આયુર્વેદદીપિકા** (પૃ. ૫૭૪अ).

૪૬ **शिखिबर्हबलाकास्थीनि सर्षपाश्चन्दनं च घृतयुक्तम् ।**
**धूमो गृहशयनासनवस्त्रादिषु शस्यते विषनुत् ॥**
—એ જ, શ્લોક ૯૮ (પૃ. ૫૭૬).

૪૭ એ જ, શ્લોક ૨૧૭ (પૃ. ૫૮૦ब).

વળી સરખાવો **રાજશેખર**નો નિમ્નલિખિત શ્લોક—જેને પાશ્ચાત્ય પંડિત **વિન્ટર્નિત્સે** પોતાના પ્રસિદ્ધ ગ્રન્થ **'હિસ્ટરી ઑફ ઇંડિયન લિટરેચર'**ના પુસ્તક ૨ના પૃ. ૩૮૫ પરની પાદટીપ ૩માં **જલ્હણની સૂક્તિમુક્તાવલી**માંથી ઉદ્ધૃત કર્યો છે:

दर्पं कविभुजङ्गानां गता श्रवणगोचरम् ।
**विषविद्येव मायूरी मायूरी वाग् निकृन्तति ॥**

આ શ્લોક **મયૂર કવિ**ની વાણીની પ્રશંસા કરે છે, પણ તે માટે તેને **માયૂરી વિષવિદ્યા** સાથે સરખાવે છે.

**'મહામાયૂરી વિદ્યા'** બૌદ્ધોની **'પઞ્ચરક્ષા'**માંની એક છે. તેની વિગત માટે જુઓ **વિન્ટર્નિત્સ**નું ઉપરિનિર્દિષ્ટ પુસ્તક, પૃ. ૩૮૫ તથા **બી. ભટ્ટાચાર્ય**નું **'ઈંડિયન બુદ્ધિસ્ટ આઈકૉનોગ્રાફી'**, પૃ. ૧૧૧, ૧૨૭, ૧૨૮, ૧૩૪ તેમ જ **મહામાયૂરી દેવી**નું ચિત્ર દર્શાવતું ચિત્રફલક ૩૮अ.

૪૮ **ચરક.**, ચિકિત્સાસ્થાન, અધ્યાય ૨૩, શ્લોક ૨૫૩ (પૃ. ૫૮૨अ). સરખાવો—
**मयूरनकुलपृषतोत्सर्गः सर्पान् भक्षयति ।**
—**કૌટિલ્યનું અર્થશાસ્ત્ર**, ૧. ૨૦-૬.

૪૯ दक्षकाकमयूराणां मांसासृङ् मस्तके क्षते ।
उपधेयमधोदष्टस्योर्ध्वदष्टस्य पादयोः ॥
—**ચરક.**, ચિકિત્સાસ્થાન, ૨૩. ૧૮૨ (પૃ. ૫૭૯ब).

જેના એક અંશ તરીકે મોરના પિત્તનો પણ નિર્દેશ થયો છે.[૫૦] અન્યત્ર, રાજા માટે તૈયાર કરાયેલા ખોરાકમાં વિષ ભેળવાયું છે કે કેમ તેની ચકાસણી કરવાનાં સાધનોની ચર્ચા કરતાં, **કૌટિલ્ય** જણાવે છે કે જો ભાતમાં ઝેર હોય તો તેમાંથી નીકળતી વરાળ મોરની ગ્રીવા જેવા રંગની તથા જાણે અચાનક ઠંડી પાડી દેવાઈ હોય તેવી જણાય છે.[૫૧] તે જ પ્રમાણે મહર્ષિ **ચરક**ના કથન અનુસાર વિષયુક્ત ખોરાકને અગ્નિમાં નાખવામાં આવે તો તેમાંથી નીકળતી જ્વાળા મયૂર-પિચ્છના જેવું રંગનું વૈવિધ્ય ધારણ કરે છે.[૫૨]

મયૂરના આવા વૈદ્યકીય ઉપયોગ ઉપરાન્ત '**માયૂરઘૃત**' અને '**મહામાયૂરઘૃત**' નામનાં બે વિશિષ્ટ ઔષધો પણ બને છે. '**માયૂરઘૃત**' પાંખો, પિત્ત, આંતરડું, ગુદા, મુખ તથા પગ સિવાયનાં મોરનાં બીજાં બધાં અવયવોનું માંસ બીજા કેટલાક પદાર્થો સાથે પ્રથમ પાણીમાં અને તે પછી પ્રસ્થભાર ઘીમાં રાંધીને [पक्त्वा] બનાવવામાં આવે છે. માથાના દુખાવા ઉપરાન્ત કાન, આંખ, નાક, જીભ, તાળવું, મોં અને ગળાના રોગો ઉપર તેમ જ હાંસડીનું હાડકું વધતું હોય તો તેના માટે તે અકસીર ગણાય છે. આ '**માયૂરઘૃત**'માં કેટલીક વસ્તુઓ ઉમેરવાથી '**મહા-માયૂરઘૃત**' બને છે, જે સર્વ પ્રકારના શિરઃશૂળ ઉપરાન્ત સળેખમ, અતિગમ્ભીર બનેલો દમ, ગળા તથા પીઠની સ્તબ્ધતા, ફેફસાંનો ક્ષય, તોતડાપણું, ગર્ભાશયના રોગો, રક્તવિકાર અને વીર્યવિકાર માટે રામબાણ ઈલાજ મનાયો છે. વન્ધ્યાને પણ પુત્ર અર્પનાર તરીકે આ '**મહામાયૂરઘૃત**'ની પ્રશંસા કરાઈ છે, જે માટે માસિક રજોદર્શન બાદ તે લેવાનું હોય છે. નસ્ય, પાન, અભ્યંગ તેમ જ બસ્તિ તરીકે પણ તે ઉપયોગમાં લઈ શકાય છે.[૫૩]

## ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ:

ધર્મશાસ્ત્રના ગ્રન્થોમાં મોરને મારવા માટેનું પ્રાયશ્ચિત્ત દર્શાવેલું છે. એક શૂદ્રને મારવાથી જેટલો દોષ થાય છે તેટલો જ દોષ મોરનો ધ્વંસ કરવાથી થાય છે, તેથી તે બન્ને ગુના માટેનું પ્રાયશ્ચિત્ત એક જ પ્રકારનું છે.[૫૪] વળી એવું પણ ફરમાવવામાં આવ્યું છે કે મોરને મારનારે બ્રાહ્મણને ગાયનું દાન આપવું.[૫૫] આમ છતાં માંસાહારીઓ માટે વન્ય મયૂરોને મારવાની છૂટ અપાઈ છે.[૫૬]

---

૫૦ पृषतनकुलनीलकण्ठगोधापित्तयुक्तं महीराजीचूर्णं सिन्दुवारितवरणवारुणीतण्डुलीयकशतपर्वाग्रपिण्डीतकयोगो मदनदोषहरः ।

—**અર્થશાસ્ત્ર**, ૧૪. ૪. ૩.

આ દૃષ્ટિએ મોરનું મહત્ત્વ **સુશ્રુતસંહિતા**એ પણ દર્શાવ્યું છે (કલ્પસ્થાન, ૧. ૮૧–૮૩).

૫૧ अन्नस्य ऊष्मा मयूरग्रीवाभः शैत्यमाशु क्लिष्टस्येव......इति विषयुक्तस्य लिङ्गानि ।

—એ જ, ૧. ૨૧.૭.

૫૨ **ચરક**., ચિકિત્સાસ્થાન, ૨૩. ૧૦૯ (પૃ. ૫૭૬).

૫૩ આ સર્વ વિગતો માટે જુઓ **ચરક**., ચિકિત્સાસ્થાન, ૨૬. ૧૬૩–૧૭૪ (પૃ. ૬૦૭ब–૬૦૮अ).

૫૪ ઉ. ત. જુઓ **આપસ્તમ્બધર્મસૂત્ર**, ૫૯. ૨૫. ૧૪.

૫૫ ઉદાહરણ રૂપે જુઓ **મનુસ્મૃતિ**, ૧૧. ૧૩૫ તથા **યાજ્ઞવલ્ક્યસ્મૃતિ**, ૩. ૨૭૨.

૫૬ મહામહોપાધ્યાય **પી. વી. કાણે**, '**હિસ્ટરી ઑફ ધર્મશાસ્ત્ર**', પુસ્તક ૨, વિભાગ ૨, પૃ. ૭૮૧.

સમ્રાટ્ **અશોક**ના રસોડામાં ખોરાકને માટે રોજ હજારો પ્રાણીઓની કતલ થતી. પાછળથી **અશોકે** ખાસ હુકમ દ્વારા આ પ્રથાને અત્યન્ત મર્યાદિત બનાવી રોજ માત્ર બે મોર તથા એક હરણનો જ ઉપયોગ કરવા આજ્ઞા કરી.[૫૭] આ રીતે મોર એ એક એવું પક્ષી છે કે જેને મારવા માટે સ્મૃતિકારોએ નિષેધ ફરમાવ્યો છે છતાં સમ્રાટ્ **અશોક** તેને ખાતો હતો !

## જ્યોતિષની દૃષ્ટિએ :

જ્યોતિઃશાસ્ત્રના પ્રમાણભૂત ગ્રન્થોમાં પણ મયૂર વિષે પુષ્કળ ઉલ્લેખો મળે છે. આજે કેટલાક લોકો તેને અપશુકનિયાળ ગણે છે, પરન્તુ જ્યોતિઃશાસ્ત્રમાં તે માટે કોઈ પ્રમાણો મળતાં નથી. ઊલટું શુભશુકનિયાળ પક્ષી તરીકે તેને ત્યાં વર્ણવેલો છે.[૫૮] તેનાં દર્શન શુભ ફળ આપનાર લેખાયાં છે.[૫૯] સામે મળતો[૬૦] તથા જમણી બાજુએ[૬૧] તેમ જ ડાબી બાજુએ[૬૨] નજરે પડતો

---

૫૭ જુઓ **ઓમપ્રકાશ**ના પુસ્તક '**ફૂડ ઍન્ડ ડ્રિંક્સ ઈન એન્શન્ટ ઇંડિયા**' (દિલ્હી, ૧૯૬૧)ના પૃ. ૯૦ પર આપેલ **અશોક**ના શિલાલેખ ૧નું ઉદ્ધરણ :

"इदानि यदा इयं धम्म लिपि लेखिता तदा तिनि येवा पानानि आलभियन्ति **दुवे मजुला** एके मिगे........आलभियिसन्ति"

તે જ પૃષ્ઠ પરની પાદટીપમાં લેખક જણાવે છે કે "મોર એ જ એક એવું પક્ષી છે કે જેના વિષે સ્મૃતિકારોએ નિષેધ ફરમાવ્યો હોવા છતાં **અશોક** તેને ખાતો."

૫૮ **વરાહમિહિરની બૃહત્સંહિતા**, ૪૮. ૬.

૫૯ એ જ, ૮૬. ૪૧.

૬૦ સરખાવો :

राजा गजो द्विजमयूरकखञ्जरीटा–
श्वाषः शकुन्तरजकः सितवस्त्रयुक्तः ।
पुत्रान्विता च युवती गणिका च कन्या
श्रेयःसुखाय यशसे प्रतिदर्शयन्ति ॥

—**હારીતસંહિતા**, ૨. ૯. ૨.

૬૧ સરખાવો :

शिखिश्रीकण्ठपिप्पीकरुरुश्येनाश्च दक्षिणाः ॥

—**બૃહત્સંહિતા**, ૮૬. ૩૮कड.

૬૨ સરખાવો :

भाग्यकाले नराणां तु मृगा यान्ति प्रदक्षिणाः ॥
शिखी च भवनगोधा.........
.......................
.........दीर्घकण्ठादयः स्युः
वदति शकुनवेत्ता वामतो निर्गमे वः ॥

—**હારીતસંહિતા**, ૨. ૯. ૬-૭.

પણ મોર શકુન દર્શાવે છે.[63] પૂર્વ દિશામાં પણ તે દઢફળદાયી મનાયો છે.[64] પ્રાચીન ગ્રન્થકારો તો ત્યાં સુધી કહે છે કે વસન્તઋતુમાં સૂર્ય કે ચન્દ્રનો પરિવેષ મયૂર જેવો પ્રકાશ ફેલાવે અને તે અખણ્ડ વર્તુલાકારમાં ચમકી રહે, તો તે શિવ અને સુભિક્ષ અર્થાત્ કલ્યાણ અને ધાન્યસમૃદ્ધિ સૂચવે છે![65]

સાયંકાળનાં મયૂરવર્ણી વાદળાં તાત્કાલિક વર્ષાનું સૂચન કરે છે.[66] તે જ પ્રમાણે વાદળાંના ગડગડાટની સાથે જો મોરનો કેકારવ પણ જોડાય, તો તે મુસલધાર વરસાદની આગાહીરૂપ ગણાય છે.[67] **વરાહમિહિર** જેવાએ પણ રાજાઓની ગતિને માટે મયૂરની ગતિને ઉપમાન બનાવી છે તે નિશ્ચિતરૂપે મયૂરની ગતિની ભવ્યતાનો નિર્દેશ કરે છે—એવી ભવ્યતા, ગૌરવશીલતા, કે જેનું અનુકરણ કરવા રાજાઓ પણ લલચાય![68] '**મત્તમયૂર**' નામના છંદના ઉદાહરણ રૂપે **વરાહમિહિરે** આપેલો એક શ્લોક મોરના દર્શનમાત્રથી જ ચિત્તની શાન્તિ સાંપડે છે એવી માન્યતાને વાચા આપે છે.[69]

---

૬૩ પ્રાકૃત સાહિત્યમાં પણ મોરનાં શકુન શુભ દર્શાવાયાં છે. ઉદાહરણ તરીકે જુઓ **અંગવિજ્જા** ૪૬. ૧–૩ अब (પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીની આવૃત્તિ, પૃ. ૧૯૫).

"गिहं पविसतो वा वि जं जं पस्से सुभासुभं ।
सव्वं हितयेण गेण्हित्ता णिद्दिसे अंगचिंतओ ॥
बलिवद्दा यावि अस्सा वा उट्टा वा गद्दभा वि वा ।
सुओ मदणसलाका वा कवी **मोरा** व दिस्सते ॥
एताणि कोट्ठये दिस्स अंगणं पविसे ततो ।"

૬૪ **બૃહત્સંહિતા**, ૮૬. ૨૦.

૬૫ એ જ, **૩૪. ૪.**

૬૬ એ જ, **૨૮. ૧૪.**

૬૭ એ જ, **૨૪. ૧૯.**

૬૮ એ જ, **૬૮. ૧૧૫** :

शार्दूलहंसमदद्विपगोपतीनां
तुल्या भवन्ति गतिभिः **शिखिनां** च भूपाः ।
येषां च शब्दरहितं स्तिमितं च यातं
तेऽपीश्वरा द्रुतपरिप्लुतगा दरिद्राः ॥

૬૯ स्थानभ्रंशात् कार्यविघाताच्च तृतीये-
ऽनेकैः क्लेशैर्बन्धुजनोत्थैश्च चतुर्थे ।
जीवे शान्तिं पीडितचित्ताश्च विन्दे-
न्नैव ग्रामे नाऽपि वने **मत्तमयूरे** ॥
—એ જ, **૧૦૪. ૨૬.**

મોરનો ઉલ્લેખ 'દિવાસંચરો' અર્થાત્ દિવસે ફરતાં પ્રાણીઓમાં થયો છે, તેથી મોરનો રાત્રિસંચાર તેના મૂળભૂત સ્વભાવની વિરુદ્ધ હોઈ કાં તો દેશનો કે રાજાનો વિનાશ નોતરે ![૭૦]

**બૃહત્સંહિતા**માંનો નિમ્નલિખિત શ્લોક દર્શાવે છે કે મોર એક બહુ કીમતી પ્રાણી છે,[૭૧] અથવા તો છેવટે પ્રાચીન ભારતમાં તે તેવો ગણાતો હતો :

यात्रासिद्धिः समदक्षिणेन शिखिमहिषकुक्कुटाप्तिश्च ।
याम्याद् द्वितीयभागे चारणसंज्ञः शुभं प्रीतिः ॥ ८७. ६.

અર્થાત્—જો બરાબર દક્ષિણમાં કોઈ શુભશકુન સાંપડે, તો તે પ્રવાસીના પ્રવાસનો હેતુ સિદ્ધ થાય છે એટલું જ નહિ, પરંતુ તેને મયૂર, મહિષ તથા કૂકડાની પ્રાપ્તિ થાય છે; જો દક્ષિણ દિશાથી દ્વિતીય ભાગમાં તે શુભશકુન દેખાય તો તેને ચારણોનો સંગ થાય તથા શુભ અને પ્રીતિ—સુખ અને સંતોષ મળે.

**લોકપ્રિયતા :**

ટૂંકમાં, મયૂર તથા તેના વર્ણવૈવિધ્યની મોહકતાએ **વરાહમિહિર** જેવા લબ્ધપ્રતિષ્ઠ પ્રાચીન ગ્રન્થકાર ઉપર પણ એવી સચોટ છાપ પાડી દીધી છે કે તેની વિખ્યાત **બૃહત્સંહિતા**ના એક પ્રકરણ (૪૭)નું નામ જ તેણે '**મયૂરચિત્રક**' રાખ્યું છે ![૭૨]

આપણે ત્યાં મોરનું નામ વિવિધ ક્ષેત્રોમાં અપનાવાયું છે તે હકીકત જ તે પક્ષીની લોકપ્રિયતાની સાક્ષી પૂરવા માટે પૂરતી છે. **યોગશાસ્ત્ર**ના પ્રમાણભૂત ગ્રન્થોએ યૌગિક આસનોમાં એક '**મયૂરાસન**'નો પણ સમાવેશ કર્યો છે. આ '**મયૂરાસન**' **વરાહોપનિષદ્** (પ. ૧૫–૧૬), **શાણ્ડિલ્યોપનિષદ્** (**૧.** ૩, ૧૦–૧૧), **જાબાલદર્શનોપનિષદ્**

૭૦ એ જ, ૮૮. ૧–૨.

૭૧ આજે પણ સ્વતંત્ર ભારતની સરકાર મોરનાં પીંછાંની વિદેશોમાં નિકાસ કરીને ઠીક ઠીક કમાણી ઊભી કરી શકે છે.—જુઓ '**કુમાર**', પુસ્તક ૪૦, અંક ૪ (એપ્રિલ ૧૯૬૩), પૃ. ૧૩૬.

૭૨ **શાર્ઙ્ગધરપદ્ધતિ**(**પિટર્સન**ની આવૃત્તિ, પૃ. ૧૩૫–૧૩૬, શ્લોક ૮૬૮)માં તેમ જ **સુભાષિતરત્નભાણ્ડાગાર** (૧૯૫૨ની આવૃત્તિ, પૃ. ૨૨૭અ, શ્લોક ૧૭૮)માં ઉદ્ધૃત થયેલ આ શ્લોક તરફ આ વિષયની ચર્ચા કરતાં સ્વાભાવિક રીતે જ આપણું ધ્યાન ખેંચાયા વિના રહે તેમ નથી :

केका कर्णामृतं ते
सकुसुमकबरीकान्तिहाराः कलापाः
कण्ठच्छाया पुरारे-
र्गलरुचिरुचिरा सौहृदं मेघसङ्घैः ।
विश्वद्वेषिद्विजिह्व-
स्फुरदुरुपिशितैर्नित्यमाहारवृत्तिः
कैः पुण्यैः प्राप्तमेत-
त्सकलमपि सखे चित्रवृत्तं मयूर ॥

( ૩. ૧, ૧૦–૧૧ ) અને **ત્રિશિખિબ્રાહ્મણોપનિષદ્** ( ૨. ૪૭–૪૮ ) જેવા **પ્રાચીન** ગ્રન્થોમાં પણ વર્ણવાયું છે. **નાટ્યશાસ્ત્ર**ના ગ્રન્થોએ નૃત્યના '**મયૂરલલિત**' નામના એક વિશિષ્ટ પ્રકારનું વર્ણન કરેલું છે.[૭૩] સંગીતમાં આવતી ત્રણ 'માર્જના'ઓ[૭૪] પૈકી પ્રથમ છે '**માયૂરી માર્જના**', જે મહર્ષિ **ભરત**ના સમયમાં પણ **પ્રસિદ્ધ** હતી.[૭૫] કવિકુલગુરુ **કાલિદાસે** પણ તેના **માલવિકાગ્નિમિત્ર** નાટકમાં આ '**માયૂરી માર્જના**'નો ઉલ્લેખ કર્યો છે.[૭૬] છન્દઃશાસ્ત્રીઓએ મોરનું નામ બે છન્દોને આપ્યું છેઃ (૧) '**મત્તમયૂર**' અને (૨) '**મયૂર-સારણી**'. તેર અક્ષરના પ્રત્યેક પાદવાળા '**મત્તમયૂર**'નાં લક્ષણ તેમ જ ઉદાહરણ તો **નાટ્યશાસ્ત્ર**માં પણ આપેલાં છે;[૭૭] જ્યારે દશ અક્ષરના પાદવાળા '**મયૂર-સારણી**'ની વિગત **કેદારભટ્ટ**ના **વૃત્તરત્નાકર**માં આપવામાં આવી છે.[૭૮] તે જ **પ્રમાણે** '**તાઊસ**' અને '**મોરચંગ**' એ વાદ્યોનાં નામ પર પણ મોરનો પ્રભાવ છે, કેમકે મયૂરને અરબી ભાષામાં 'તાઊસ' કહે છે, જ્યારે 'મોર' શબ્દ તો ઘણી આધુનિક ભારતીય ભાષાઓમાં પણ પ્રચલિત છે.

મોગલ બાદશાહ **શાહજહાં**નું '**તખ્ત-ઇ-તાઊસ**' અર્થાત્ '**મયૂરાસન**' તો ઇતિહાસપ્રસિદ્ધ છે. ચાર ફૂટ પહોળા અને છ ફૂટ લાંબા તે પાંત્રીસ મણ સોનામાંથી બનાવાયેલા મયૂરાકારના સિંહાસનને તૈયાર થતાં સાત વર્ષ થયાં હતાં. તે એવી કુશળતાપૂર્વક રચાયું હતું કે

---

૭૩ ઉ. ત. જુઓ આ વિષયનો પ્રાચીનતમ ગ્રન્થ મહર્ષિ**ભરત**વિરચિત **નાટ્યશાસ્ત્ર** ( **૪. ૧૪૦–૧૪૧**) તથા તે પરની **અભિનવગુપ્તાચાર્ય**ની વ્યાખ્યા **અભિનવભારતી** ( ગાયકવાડ પ્રાચ્યવિદ્યા ગ્રન્થમાળા અંક ૩૬, ૧૯૫૬ની આવૃત્તિ, પુસ્તક ૧, પૃ. ૧૨૮ ). ૧૦૮ નાટ્યમુદ્રાઓમાંની ૮૦મી **મુદ્રા** આ '**મયૂરલલિત**' છે જેનું વર્ણન આ ગ્રન્થમાં આપેલું છે તથા તે જ પુસ્તકના ચિત્રફલક **૧૫**ની આકૃતિ ૮૦માં આ મુદ્રાનું ચિત્ર પણ આપેલું છે.

૭૪ તબલાના જમણી બાજુના મુખ પર ખુલ્લી હથેળી મારી તથા તત્કાળ જ તેનો ઉપરનો ભાગ ઊંચો કરી લઈ જે ગમ્ભીર સ્વર પ્રકટાવવામાં આવે છે તેને '**માર્જના**' કહે છે. '**માયૂરી માર્જના**' વાદળાંની ગર્જના જેવી હોઈ મયૂરો માટે આનન્દદાયક છે.

૭૫ જુઓ **નાટ્યશાસ્ત્ર, ૩૪.** ૧૧૮-૧૨૩ ( ગાયકવાડ પ્રાચ્યવિદ્યા ગ્રન્થમાળાની આવૃત્તિ, પુસ્તક ૪, પૃ. ૪૩૧-૪૩૨) તથા તે પરની **અભિનવભારતી.** વળી સરખાવો **એમ. રામકૃષ્ણ કવિ**નો '**ભરતકોશ**', પૃ. ૪૮૪**a** અને ૪૮૭**a**.

૭૬ જુઓ **માલવિકાગ્નિમિત્ર**ના પ્રથમ અંકમાં :

परिव्राजिका—हन्त ! प्रवृत्तं सङ्गीतकम् । तथा ह्येष
जीमूतस्तनितविशङ्किभिर्मयूरै-
रुद्ग्रीवैरनुरसितस्य पुष्करस्य ।
निर्ह्रादिन्युपहितमध्यमस्वरोत्था
**मायूरी** मदयति **मार्जना** मनांसि ॥ २१ ॥

૭૭ જુઓ ગાયકવાડ પ્રાચ્યવિદ્યા ગ્રન્થમાળા અંક ૬૮, ૧૯૩૪ની આવૃત્તિ, **૧૫.** ૮૫-૮૬, પૃ. ૨૬૭. વળી જુઓ **કેદારભટ્ટ**વિરચિત **વૃત્તરત્નાકર, ૩.** ૭૩ વગેરે, લાહોરની આવૃત્તિ, પૃ. ૭૩.

૭૮ **વૃત્તરત્નાકર, ૩.** ૨૫, લાહોરની આવૃત્તિ, પૃ. ૪૭.

તેને જોનારને ભાગ્યે જ એમ લાગે કે એ કૃત્રિમ મયૂર છે! તેની પૂંછડીમાંનો માણેક તેની સ્વાભાવિકતા તથા વાસ્તવિકતા વ્યક્ત કરતો હતો. ભારતનું આ બેનમૂન રાજસિંહાસન બીજી ઘણી કીમતી ચીજોની સાથે લૂંટારો **નાદિરશાહ** ખેંચી ગયો. **ટોબરનિયર** નામના ઝવેરાતના પારખુના કથન પ્રમાણે તે બનાવવામાં ૭ કરોડ રૂપિયા ખર્ચાયા હતા; પરન્તુ **નાદિરનામાહનો** કર્તા તેની કીમત રૂા. ૨,૦૦,૦૦૦ જણાવે છે, જ્યારે **સ્કૉટ** રૂા. ૧,૦૦,૦૦,૦૦૦ અંદાજે છે.[૭૯]

દક્ષિણ ભારતના પ્રસિદ્ધ ધામ મદુરાની પાસે '**મયૂરપુર**' નામનો એક ડુંગર છે. તેને વિષે એવી કથા પ્રચલિત છે કે દેવોના સેનાધિપતિ **કાર્તિકેયે** તે સ્થળે એક રાક્ષસને સંહારેલો. તે રાક્ષસ તે પછી મોર બની ગયો અને **કાર્તિકેયના** વાહન તરીકેની સેવા બજાવવા લાગ્યો.[૮૦]

'**મયૂરપંખ**' એ વિશિષ્ટ પ્રકારની રંગીન સાડીનો પ્રકાર છે. તે જ રીતે '**મયૂરનીલો**' [ Peacock-blue ] રંગ પણ હોય છે. રમકડાં, ઘરવપરાશની વસ્તુઓ, મોજશોખની વસ્તુઓ અને ઇતર સ્થળોએ પણ સાધારણ તેમ જ અસાધારણ કલાકારીગરીમાં મોરની આકૃતિઓ જ્યાં ને ત્યાં જોવા મળે છે, તે પણ મોરની લોકપ્રિયતા દર્શાવે છે.

હવે આપણે ભારતીય સાહિત્યમાં મયૂરે પ્રાપ્ત કરેલ સ્થાન વિષે વિચાર કરતાં પહેલાં તેના વિષેની કેટલીક સરસ પ્રાચીન કથાઓ જોઈ લઈએ:

### મરુત્ત રાજાની કથા:

મયૂરનું સૌન્દર્ય મુખ્યત્વે તેનાં વિવિધરંગી પીંછાંને આભારી છે, અને આ પીંછાં તેને કેવી રીતે પ્રાપ્ત થયાં તેની એક સુન્દર કથા આપણા આદિકાવ્ય—મહર્ષિ**વાલ્મીકિ**પ્રણીત **રામાયણ**-માં આપવામાં આવી છે:

મરુત્ત નામનો એક રાજા એક વખત યજ્ઞ કરી રહ્યો હતો. સાક્ષાત્ **બૃહસ્પતિ**ના ભાઈ ધર્મજ્ઞ બ્રહ્મર્ષિ **સંવર્ત** તે યજ્ઞમાં બ્રહ્મા બની યજન કરાવતા હતા. એવામાં રાક્ષસરાજ **રાવણ** પોતાના **પુષ્પક** નામથી પ્રસિદ્ધ વિમાનમાં બેસી આખી મેદિની પર વિહરતો અચાનક જ આ યજ્ઞસ્થળે આવી લાગ્યો. વરદાન વડે દુર્જય બનેલ એ રાક્ષસના દર્શનમાત્રથી બધા દેવો ભયભીત બની ગયા અને તેની ક્રૂરતાથી બચવા માટે તિર્યગ્યોનિમાં પેસી ગયા અર્થાત્ તે બધાએ વિવિધ પ્રાણીઓનું રૂપ ધારણ કરી લીધું. દેવરાજ **ઇન્દ્ર** મયૂર બની ગયો, **યમરાજા** કાગડો થઈ ગયા, **કુબેર** ભંડારીએ કૃકલાસ અર્થાત્ ગરોળીનું રૂપ લીધું, **વરુણદેવે** હંસનું રૂપ ધારણ કર્યું. એ રીતે બીજા દેવો પણ છુપાઈ ગયા.

અપવિત્ર કૂતરા જેવો [ सारमेय इवाशुचिः ] રાક્ષસાધિપ **રાવણ** યજ્ઞભૂમિમાં પ્રવેશ્યો અને **મરુત્ત** નૃપતિને સંબોધી ગર્જી ઊઠ્યો: "કાં તો યુદ્ધ માટે તૈયાર થઈ જા, નહીં તો હાર કબૂલ કરી લે!"

**મરુત્ત** રાજા કહે: "અરે! પણ આપ છો કોણ?"

---

૭૯ હિન્દી **વિશ્વકોશ**, પુસ્તક ૧૬, પૃ. ૭૨૧.

૮૦ એ જ, પૃ. ૭૨૩.

આ સાંભળતાં જ **રાવણ** અપહાસપૂર્વક બોલવા લાગ્યો : "હે પાર્થિવ ! તારા આ અકુતૂહલભાવથી હું ખુશ થયો છું; કેમ કે તું મને **કુબેર**ના નાના ભાઈ **રાવણ**ને નથી ઓળખતો ! ત્રણે લોકમાં બીજો એવો કોણ હશે જે મોટાભાઈ **કુબેર**ને જીતીને તેનું આ **પુષ્પક** વિમાન પડાવી લેનાર મારા બળને નહીં પિછાનતો હોય ? !"

**મરુત્ત** નૃપતિ કહે : "વાહ ! વાહ ! યુદ્ધમાં પોતાના મોટાભાઈને જીતનાર તને ધન્ય છે ! તારા જેવો પ્રશંસાપાત્ર ત્રણે લોકમાં બીજો કોઈ અસ્તિત્વ ધરાવતો નથી ! અલ્યા, કયા ધર્મનું આચરણ કરીને તું વરદાન પામ્યો છે ? ! તારા પોતાના મુખે અત્યારે તારી વીરતાની જે વાત હું સાંભળી રહ્યો છું તે આ પહેલાં કદી મેં સાંભળી નથી. રે દુર્બુદ્ધિ ! ઊભો રહે તું, મારી પાસેથી તું જીવતો જઈ શકીશ નહિ ! હમણાં જ હું તને તીક્ષ્ણ બાણો વડે યમને ઘેર મોકલી દઉં !" આ પ્રમાણે બોલીને ક્રુદ્ધ થયેલો તે રાજા ધનુષ્ય તથા બાણ લઈને યુદ્ધ માટે સજ્જ થઈ **રાવણ**ના માર્ગને રોકી રહ્યો. આથી મહર્ષિ **સંવર્ત** સ્નેહાળ વાણીથી રાજા **મરુત્ત**ને સમજાવવા લાગ્યા :

"જો મારું સાંભળતા હો, તો ઘા કરવો તમારે માટે યોગ્ય નથી. પ્રસ્તુત માહેશ્વરસત્ર અસમાપ્ત રહેતાં આખા કુલનું દહન કરનાર નીવડશે ! યજ્ઞની દીક્ષા લઈને બેઠેલાને વળી ક્રોધ કેવો અને યુદ્ધ કેવું ? યુદ્ધમાં વિજય હમેશાં અનિશ્ચિત જ હોય છે, અને વળી આ રાક્ષસ અત્યન્ત દુર્જય છે."

ગુરુનાં આ વચનો સાંભળી રાજા **મરુત્ત** પાછો વળ્યો અને ધનુષ્ય-બાણ ફેંકી દઈને સ્વસ્થ બની યજ્ઞ પ્રતિ ઉન્મુખ થયો. આથી તે હારી ગયો એમ સમજી પોપટે ઉચ્ચ સ્વરે **રાવણ**નો જયઘોષ કર્યો. રાક્ષસરાજ **રાવણ** પણ ત્યાં રહેલા મહર્ષિઓને ખાઈ જઈને તેમના રુધિરથી તૃપ્ત થઈ પાછો ચાલ્યો ગયો.

**રાવણ** જતાં ભયમુક્ત બનેલા **ઇન્દ્રાદિ** દિવૌકસ દેવોએ તિર્યગ્યોનિ છોડી પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરી લીધું અને પોતાના આશ્રયરૂપ બનેલાં તે તે પ્રાણીઓને તે તે દેવોએ વરદાન આપ્યાં. હર્ષિત થયેલ **ઇન્દ્રે** જેને ત્યારે માત્ર નીલ બર્હો જ હતાં તેવા મયૂરને આ પ્રમાણે ત્રણ વરદાન આપ્યાં :

"હે ધર્મજ્ઞ ! હું તારા પર ખુશ થયો છું. ખરેખર તને સર્પોથી કોઈ ભય નહીં રહે. મારાં આ સહસ્ર નેત્રો તારાં બર્હોમાં રહેશે અને હું જ્યારે વરસીશ[૮૧] ત્યારે તું પ્રીતિપૂર્વક આનન્દિત બની જઈશ !"

તે જ પ્રમાણે **ધર્મરાજે** પોતાનો આશ્રય બનેલી કાગડાની યોનિને વરદાન બક્ષ્યું કે "અન્ય પ્રાણીઓને જે અત્યન્ત પીડા આપે છે તે વિવિધ પ્રકારના રોગોનો તેમ જ મૃત્યુનો તને ભય નહીં રહે; જ્યાં સુધી માણસો તારો વધ ન કરે ત્યાં સુધી તું જીવતો રહીશ અને ક્ષુધાતુર માનવો તારું ભક્ષણ કરતાં તૃપ્તિ અનુભવશે."

---

૮૧ **ઇન્દ્ર** વર્ષાનો દેવ, પર્જન્યદેવ, મનાય છે તે પ્રસિદ્ધ હકીકત છે.

તે સમયે જે નીલવર્ણના હતા તે હંસોને સંતુષ્ટ થયેલ **વરુણદેવે** મનોહર, સૌમ્ય, ચન્દ્રમણ્ડલ સમા, શુદ્ધ ફીણ જેવા શુભ્ર બનાવી દીધા.

આ રીતે મોરનાં પીંછાં જે પહેલાં માત્ર નીલા રંગનાં હતાં તે **ઇન્દ્ર**ના આ વરદાનના પ્રતાપે વિવિધ રંગોથી ઓપવા લાગ્યાં, તેને સર્પોનો ભય ન રહ્યો એટલું જ નહિ, પણ તે તેના ભક્ષ્ય બની ગયા, અને વરસાદ આવતાં હર્ષિત થઈ જવાની તેની ખાસિયત પણ આ વરદાનથી વિકસી ![૮૨]

**ઇન્દ્ર** વેદકાળના ઋષિઓ વડે અતિસંમાનિત યુદ્ધનો દેવ છે એટલું જ નહિ, પણ તે પર્જન્યદેવ અર્થાત્ વરસાદનો અધિષ્ઠાતા દેવ પણ છે. આથી જેના સ્વરૂપનો આશ્રય **ઇન્દ્રદેવે** લીધેલો અને તેથી જે તે દેવની વિશિષ્ટ કૃપાને પાત્ર બન્યો, તે મોર લડાયક જુસ્સાનું, વીરતા તથા ઉત્સાહનું, પ્રતીક બન્યો ગણાય એટલું જ નહિ, પણ રાષ્ટ્રના તેમ જ, વધારે વિશાળ દૃષ્ટિએ વિચારતાં સમસ્ત માનવજાતના કલ્યાણનું પ્રતીક પણ બની ગયો લેખાય.

ગ્રીસ દેશની પ્રાચીન કથાઓમાં પણ ઉપર જણાવી તેવી એક કથા આવે છે, જેમાં ગ્રીક લોકોના દેવાધિદેવ **જ્યુપિટર**ની ઈર્ષ્યાળુ, ક્રોધી અને કિન્નાખોર પત્ની **જ્યુનો, આર્ગસ** નામના રાક્ષસની સો આંખોને બળપૂર્વક કઢાવી લઈને પોતાના મોરની પૂંછડીને તેના વડે સુશોભિત બનાવે છે !

## મોર-જાતકની કથા :

બૌદ્ધ જાતક-સાહિત્યમાં પણ એક **'મોર-જાતક'** છે, જેમાં એક **સુવર્ણમયૂર**ની કથા આપેલી છે. તે કથા પ્રમાણે **બોધિસત્ત્વે સુવર્ણમયૂર** તરીકે જન્મ લીધો અને દણ્ડકમાંના એક સુવર્ણગિરિના ઉચ્ચ પ્રદેશમાં વસવા લાગ્યો. તેને રોજ સવારે સૂર્યોદય સમયે તથા સાંજે સૂર્યાસ્ત સમયે એક મન્ત્ર ઉચ્ચારવાનો નિયમ હતો, જેને પ્રતાપે તેને કોઈ પણ જાતનાં દુઃખ કે ઈજા થઈ શકતાં નહિ.

---

૮૨ જુઓ **વાલ્મીકિ-રામાયણ**, ઉત્તરકાણ્ડ, ૧૮મો સર્ગ (પણ્ડિત પુસ્તકાલય, કાશીની વિ. સં. ૨૦૧૩ની આવૃત્તિ, પૃષ્ઠ ૮૮૮–૮૮૯). ખાસ કરીને જુઓ નીચેનાં વચનો :

इन्द्रो मयूरः संवृत्तो धर्मराजस्तु वायसः । ५अब

× × ×

रावणे तु गते देवाः सेन्द्राश्चैव दिवौकसः ।
ततः स्वां योनिमासाद्य तानि सत्त्वानि चाऽब्रुवन् ॥ २१ ॥

हर्षात्तदाऽब्रवीदिन्द्रो मयूरं नीलबर्हिणम् ।
प्रीतोऽस्मि तव धर्मज्ञ भुजङ्गाद्धि न ते भयम् ॥ २२ ॥

इदं नेत्रसहस्रं तु यत्त्वद्बर्हे भविष्यति ।
वर्षमाणे मयि मुदं प्राप्स्यसे प्रीतिलक्षणाम् ॥ २३ ॥

एवमिन्द्रो वरं प्रादान्मयूरस्य सुरेश्वरः ।
नीलाः किल पुरा बर्हा मयूराणां नराधिप ॥ २४ ॥

હવે બન્યું એવું કે એક વખત **વારાણસી**ના રાજાની રાણી **ખેમા**એ એક સ્વપ્ન જોયું, જેમાં એક **સુવર્ણમયૂર** ધાર્મિક દેશના આપી રહ્યો હતો. આ સ્વપ્નને આધારે રાજાએ પોતાના શિકારીઓ દ્વારા જંગલે જંગલમાં અને પર્વતે પર્વત ઉપર તે સોનેરી મોરની તપાસ કરાવી. છેવટે એક શિકારીએ પેલા **સુવર્ણમયૂરનું** રહેઠાણ શોધી કાઢ્યું. તે પછી સાત વર્ષે તે મરણ પામ્યો ત્યાં સુધી સતત તેણે તે મયૂરને પકડવા માટેની જહેમત ઉઠાવી, પણ તેના સર્વ પ્રયત્નો વ્યર્થ નીવડ્યા અને પેલા મન્ત્રના નિયમિત જપને પ્રતાપે અજેય બનેલો તે મોર પકડાયો નહિ. રાણી **ખેમા** પણ તે મોરને મેળવવાના અધૂરા કોડ સાથે મરણને શરણ થઈ. આથી અત્યન્ત સન્તાપ પામી ઉશ્કેરાઈ ગયેલા કાશીરાજે એક લેખ કોતરાવ્યો, જેમાં જણાવ્યું કે 'જે કોઈ પેલા **સુવર્ણમયૂરનું** માંસ ખાશે તે નિત્યયૌવન તથા અમરત્વને પામશે.'

આ લેખમાંથી પ્રેરણા તથા માર્ગદર્શન મેળવી તેના પછીના રાજાઓએ પણ તે મયૂરને પ્રાપ્ત કરવા માટેના પોતાના પ્રયત્નો જારી રાખ્યા, પરન્તુ તેના અનુગામી છ રાજાઓ તો તે પ્રયત્નોમાં નિષ્ફળતાના અફસોસ સાથે જ મૃત્યુ પામ્યા. સાતમા રાજાનો એક શિકારી ઉસ્તાદ નીકળ્યો. તેણે કાળજીપૂર્વક તે મોરના દૈનિક જીવનનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો. તેથી તેને સૂર્યોદય તથા સૂર્યાસ્ત સમયના પેલા મન્ત્રના ઉચ્ચારણના મહત્ત્વનો કંઈક ખ્યાલ આવ્યો. તેને આધારે તેણે એક સુંદર પેંતરો રચ્યો. એક ઢેલને પકડીને પોતે તાળી પાડે કે તરત જ તે નૃત્ય કરવા તથા લાંબા સૂરે સાદ પાડવા લાગે તેવી સતત કેળવણી તેને તે આપવા લાગ્યો. જ્યારે તે ઢેલ સુશિક્ષિત બની ગઈ, ત્યારે તે શિકારીએ પોતાની યુક્તિ અજમાવી. યોગ્ય સમય જોઈને તેણે એકદમ તાળી પાડી; તે સાથે જ પેલી ઢેલ નાચવા તથા સાદ પાડવા લાગી. આથી આકર્ષિત થયેલ **સુવર્ણમયૂર** પોતાની પેલી રોજિંદી પ્રાર્થના કરવાનું પણ પડતું મૂકી ઢેલ તરફ ચાલી નીકળ્યો. પરિણામે તે પેલા કાબેલ શિકારીની જાળમાં સહેલાઈથી સપડાઈ ગયો!

જ્યારે તે **સુવર્ણમયૂરને** રાજા પાસે લઈ જવામાં આવ્યો, ત્યારે પેઢીઓના ભગીરથ પ્રયત્નની સફળતાને લીધે અત્યન્ત હર્ષિત બની રાજાએ તે મોરને એક અતિકીમતી આસન પર બેસાડ્યો. તે પછી કાશીરાજ અને **સુવર્ણમયૂર** વચ્ચે સુન્દર રોચક સંવાદ થયો, જેની વિગતમાં આપણે અહીં વધારે લંબાણ થવાના ભયે નહીં ઊતરીએ. તે અતિ રસપ્રદ સંવાદનો ઉપસંહાર કરતાં **સુવર્ણમયૂર**ના રૂપે રહેલ **બોધિસત્ત્વે** રાજાને આ પ્રમાણે ટૂંકો પણ સચોટ ઉપદેશ આપ્યો :

"માત્ર નિર્વાણ જ નિત્ય છે; તે સિવાયના બીજા સર્વ પદાર્થો, સંહતિરૂપ હોવાથી, અવાસ્તવિક, ક્ષણિક તથા જન્મમરણશીલ છે."[૮૩]

### નચ્ચજાતકની કથા :

એક બીજા જાતકમાં મયૂર અંગેની બીજી લઘુકથા આપવામાં આવી છે. તે જાતકનું નામ છે '**નચ્ચજાતક**'. તે કથા ટૂંકમાં આ પ્રમાણે છે :

૮૩ મોરજાતકની આ આખી રોચક તથા માર્મિક કથા માટે જુઓ **વી. ફાઉસ્બૉલ**ની '**જાતક**'ની આવૃત્તિ, પુસ્તક ૪, પૃ. ૪૧૩–૪૨૩; **ઈ.બી. કૉવેલ**ની '**જાતક**'ની આવૃતિ, પુસ્તક ૨, **ડબ્લ્યુ. એચ્.ડી. રાઉઝે**નું અંગ્રેજી ભાષાન્તર, પૃષ્ઠ ૨૩–૨૬, જાતકાંક ૧૫૯.

એક વખત વિવિધ પ્રકારના પ્રાણીઓએ પોતપોતાના રાજાની પસંદગી કરી. ચોપગાઓએ સિંહને પોતાનો શાસક બનાવ્યો, જલચરોએ મહામત્સ્ય **આનન્દ**ને પોતાના રાજા તરીકે સ્વીકાર્યો, જ્યારે પક્ષીઓએ એક સોનેરી હંસ પર પોતાની પસંદગી ઉતારી. આ પક્ષિરાજ હંસને એક ખૂબસૂરત પુત્રી હતી. તે રાજકુમારીની ઇચ્છાને માન આપીને હિમાલયના પ્રદેશમાં સર્વ પક્ષીઓની સભા ભરી આ રાજાએ તેનો સ્વયંવર યોજ્યો. સર્વ પક્ષીઓમાંથી રાજકુમારીએ નીલમ જેવો પ્રકાશ વહેવડાવતી ડોક તથા વિવિધરંગી પીંછાંની બનેલી સમૃદ્ધ પૂંછડીવાળા મોરને પોતાના પતિ તરીકે પસંદ કર્યો. આથી બધા પક્ષીઓ તે ભાગ્યશાળી મોર પાસે જઈ અભિનન્દન આપવા લાગ્યા; ત્યારે અત્યન્ત હર્ષના આવેગમાં તણાતો મોર મગરૂબીથી બોલી ઊઠ્યો :

"આજ સુધી તમે કોઈએ હું કેટલો બધો ચપળ છું—ક્રિયાશીલ છું—તે જોયું નથી!" આમ બોલી પોતાનાં પીંછાં ફેલાવી તે સ્ફૂર્તિપૂર્વક નૃત્ય કરવા લાગ્યો, પરંતુ આ ક્રિયામાં પીંછાં ઊંચાં થવાથી તેનો ગુહ્યભાગ અનાવૃત થઈ જતાં રાજા હંસે તેને ખેદપૂર્વક જણાવી દીધું કે :

"હે મયૂર, તારો સ્વર ઘણો મીઠો છે, તારો દેહ પણ મોહક છે, તારી ડોક પણ તેજસ્વી નીલા રંગથી આકર્ષક બની ગઈ છે, તારાં પીંછાંનો વિસ્તાર પણ ખાસ્સો વિશાળ બની રહે છે; એ બધું ખરું, પરન્તુ તારું આ નૃત્ય મારી આ કુંવરી તને આપતાં મને અટકાવે છે!"[૮૪]

## સાહિત્યમાં :

આપણા પ્રાચીન તેમ જ અર્વાચીન સાહિત્યમાં મોરના ઉલ્લેખો થોકબંધ મળે છે. તે બધા વિષે વિગતથી વિચારવા જતાં આ લખાણ ખૂબ જ લાંબું થઈ જવાનો ભય છે. તેથી કેટલાક ગ્રન્થોમાં આવતા તેના વિષેના કેટલાક ઉલ્લેખોનો નિર્દેશમાત્ર કરી અહીં તો આપણે સન્તોષ માનવો પડશે. જેને આ વિષયમાં રસ હોય તેને તે તે સ્થળોએ વિગતો જોઈ લેવાની વિનતિ છે.

સંસ્કૃત સાહિત્યમાંના ઉલ્લેખોના ઉદાહરણ રૂપે જુઓ **મહાભારત ૭.** ૧૩૭.૬, **૧૨.** ૧૨૦.૪; **રામાયણ ૪.** ૩૦.૨૬, **૬.** ૬૭.૧૧૯; **ભારવિનું કિરાતાર્જુનીય ૪.** ૧૬, ૨૫, ૩૩, **૬.** ૧૧, **૭.** ૨૨, ૩૯, **૧૦.** ૨૩, ૨૫, **૧૨.** ૪૧, **૧૫.** ૪૨; **માઘ**કૃત **શિશુપાલવધ ૪.** ૫૦, **૬.** ૩૧, **૮.** ૧૧; **બાણભટ્ટ**ની **કાદમ્બરી,** પૂર્વભાગ કણ્ડિકા ૧૩૧ પંક્તિ ૨–૩ અને ૩૦–૩૧ (ડૉ. **પી. વી. કાણે**ની ૧૯૩૬માં પ્રકટ થયેલી આવૃત્તિનાં પૃ. ૩૫-૩૬);

---

૮૪ આ **नच्चजातक** માટે જુઓ **વી. ફાઉસ્બૉલ**ની ઉપરિનિર્દિષ્ટ આવૃત્તિ, પુસ્તક **૧, પૃ. ૨૦૬,** જાતકાંક ૩૨; **ઈ.બી. કૉવેલ**ની ઉપરિનિર્દિષ્ટ આવૃત્તિ, પુસ્તક **૧, આર્. ચૅમર્સ**નું અંગ્રેજી ભાષાન્તર, પૃષ્ઠ ૮૩–૮૪. વળી સરખાવો **શાર્ઙ્ગધરપદ્ધતિ**ની **પિટર્સન**ની આવૃત્તિના પૃ. **૧૩૬** ઉપરનો ૮૭૩મો શ્લોક, જે **સુભાષિતરત્નભાણ્ડાગાર**ની ઈ. સ. **૧૯૫૨**ની આવૃત્તિના પૃ. **૨૨૬ब** ઉપર **૧૭૦**મા શ્લોક તરીકે પણ મૂકવામાં આવ્યો છે :

यत्नादपि कः पश्यति शिखिना–
  माहारनिर्गमस्थानम् ।
यदि जलदनिनदमुदिता–
  स्त एव मूढा न नृत्येयुः ॥

**ભવભૂતિ**વિરચિત **માલતીમાધવ** નાટક **૧.** ૨, **૯.** ૩૦; તે જ કવિનું **ઉત્તરરામચરિત** નાટક **૨.** ૨૯, **૩.** ૧૮, ૨૦; **વિદ્ધશાલભઞ્જિકા** ૧; **ભર્તૃહરિ**નું **શૃઙ્ગારશતક** ૯૩; **પરમાનન્દ**કૃત **શિવભારત ૨૬.** ૫૧; **પઞ્ચતન્ત્ર ૧.** ૧૫૧, **૨.** ૮૦; વગેરે વગેરે.

સંસ્કૃત સાહિત્યમાં શુભશકુન તરીકેના જે આ પક્ષીના ઉલ્લેખો આવે છે તેમાંનો એક આપણે જોઈ લઈએ. **ગુજરાત**ના સુવર્ણયુગના વિધાયક મનાતા મહારાજા **સિદ્ધરાજ જયસિંહ** (ઈ. સ. ૧૦૯૪-૧૧૪૩)ના સમકાલીન કવિ **યશશ્ચન્દ્રે** રચેલ લઘુકૃતિ **મુદ્રિત-કુમુદચન્દ્ર પ્ર**કરણના બીજા અંકમાં આ ઉલ્લેખ આવે છે. **સિદ્ધરાજ**ના અધ્યક્ષપદ નીચે દિગમ્બરાચાર્ય **કુમુદચન્દ્ર** તથા શ્વેતામ્બરાચાર્ય **દેવસૂરિ** વચ્ચે જે ઐતિહાસિક મહત્ત્વ ધરાવતો વાદ થયેલો તે વાદને માટે ભવિષ્યમાં વિજય પામનાર **દેવસૂરિ કર્ણાવતી**થી **પાટણ** જવા નીકળ્યા ત્યારે તેમને અનેક શુભ શકુન થયા તેનું વર્ણન કરતાં કવિ કહે છે કે મયૂરનો કેકારવ પણ તેમને કાને પડ્યો :

**नयनविषयं जातश्चाषः, श्रुतं शिखिशब्दितम् ।**[૮૫]

કવિકુલગુરુ **કાલિદાસ**ની રચનાઓનું અવલોકન કરતાં તો જણાય છે કે આપણું આ રાષ્ટ્રીય પક્ષી આપણા એ રાષ્ટ્રકવિનું અતિપ્રિય પક્ષી હોવું જોઈએ. ઉદાહરણ રૂપે જુઓ **ઋતુસંહાર ૧.** ૧૩, ૧૬, **૨.** ૬, ૧૪; **કુમારસમ્ભવ ૧.** ૧૫; **રઘુવંશ ૧.** ૩૯, ૮૯, **૨.** ૧૭, **૩.** ૫૬, **૬.** ૯, **૭.** ૬૯, **૯.** ૬૭, **૧૩.** ૨૭, **૧૬.** ૧૪, ૬૪, **૧૯.** ૩૭; **મેઘદૂત** ૨૨, ૩૨, ૪૪, ૭૧, ૭૯; **વિક્રમોર્વશીય ૨.** ૨૩, **૩.** ૨, **૪.** ૮, ૧૦, **૫.** ૧૩; અને **અભિજ્ઞાનશાકુન્તલ ૪. ૧૨. કાલિદાસ**ની આ શ્રેષ્ઠ નાટ્યકૃતિના સાતમા અંકમાં મયૂરનો એક વિશિષ્ટ ઉલ્લેખ આવે છે. **દુષ્યન્ત-શકુન્તલા**નો બહાદુર અને નીડર બાળક **ભરત** (જેના નામે આપણા દેશને **ભારત** કે **ભારતવર્ષ** નામ અપાયું છે તેમ મનાય છે તે) સિંહના બચ્ચાને પજવી રહ્યો છે અને એ દૃશ્ય જોઈ ત્રાસતી તાપસીઓ તેને તેની જોખમભરેલી રમતમાંથી અન્ય કોઈ રીતે અટકાવી શકતી નથી, ત્યારે બાલમાનસના અભ્યાસી કવિએ બાળકનું ધ્યાન આ રમતમાંથી અન્યત્ર તદ્દન સ્વાભાવિક રીતે દોરવા માટે બીજા કશાનો નહિ પણ માત્ર માટીના મોરનો આશ્રય લીધો છે. તેને વિશ્વાસ છે કે બીજાં બધાં રમકડાં કરતાં વધારે આકર્ષક એવો માટીનો મોર જ તે 'સર્વદમન' બાળકનું મન સિંહશિશુમાંથી છોડાવશે. જુઓ, સાતમા અંકના સોળમા શ્લોક પછીની બીજી તાપસીની ઉક્તિ :

"**ममकेरए उडए मक्कंडेअस्स इसिकुमारअस्स वण्णचित्तिदो मित्तिआमोरओ** चिट्ठदि । तं से उवहर ।"

અર્થાત્ તે, પહેલી તાપસી **સુવ્રતા**ને કહે છે કે તું જા અને "મારી ઝૂંપડીમાં ઋષિકુમાર માર્કણ્ડેયનો એક રંગપૂરેલો મૃત્તિકામયૂર—માટીનો મોર—પડ્યો છે, તે (લાવીને) તેને આપ."[૮૬]

---

૮૫ **યશશ્ચન્દ્ર**કૃત **મુદ્રિતકુમુદચન્દ્ર** નાટક, **૨. ૧૧**ગ (યશોવિજય જૈન પાઠશાળા, કાશીની આવૃત્તિ, પૃ. ૧૭).

૮૬ **એ.બી. ગજેન્દ્રગડકર**સમ્પાદિત ૧૯૩૪માં પ્રકટ થયેલી આવૃત્તિ, પૃ. ૧૭૮.

બારમા શતકમાં થઈ ગયેલા મહાન્ જૈનાચાર્ય **હેમચન્દ્ર**ના આશરે ૩૫,૦૦૦ શ્લોક-પ્રમાણ ધરાવતા સંસ્કૃત ધાર્મિક મહાકાવ્ય **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત**ના આઠમા પર્વના છઠ્ઠા સર્ગના શ્લોક ૨૨૯–૨૩૮માં **લક્ષ્મીવતી** નામની એક બ્રાહ્મણીએ એક મનોહર બાલમયૂરને પકડીને પાળ્યો અને તેની મા મયૂરીની પુત્રવિરહની વેદનાની દરકાર ન કરી તથા તે ઢેલની વિરહવ્યથાની ઉત્કટતા જોઈને લોકોએ તે બ્રાહ્મણીને સમજાવતાં તેણે સોળ માસના પિંજરવાસ પછી પેલા મયૂરને મુક્ત કર્યો અને પરિણામે પછીના જન્મમાં તેને સોળ વર્ષ સુધી પુત્રવિયોગ સહન કરવો પડ્યો તેની એક લઘુકથા આપેલી છે.[૮૭]

પ્રાકૃત સાહિત્યમાં પણ આપણા આ રાષ્ટ્રીય પક્ષીના પુષ્કળ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ઉ. ત. જુઓ જૈન પરમ્પરા અનુસારની રામકથાનું નિરૂપણ કરતું **વિમલસૂરિ** (ઈ. સ.નું ચોથું શતક)નું **પઉમચરિય**, જેના 'કોડિસિલાઉદ્ધરણ'નામક અડતાલીસમા પર્વના શ્લોકો ૬૩ થી ૭૬માં '**વિનયદત્ત** અને મયૂર'ની લઘુકથા આપેલી છે.[૮૮]

આવા ઉલ્લેખોની વિગતમાં નહીં ઊતરતાં અહીં આપણે માત્ર એક ઉલ્લેખનું અવલોકન કરી સન્તોષ માનીશું. **સંઘદાસગણી**(ઈ. સ.નું પાંચમું–છઠ્ઠું શતક)ના પ્રસિદ્ધ કથાગ્રન્થ **વસુદેવહિણ્ડિ**ના પ્રારમ્ભમાં કહુપ્પત્તી–કથોત્પત્તિ–ના આલેખન પ્રસંગે મયૂરનો એક નિર્દેશ આવે છે. **સુધર્માસ્વામી** પોતાના **રાજગૃહ**નગરમાં પધાર્યા છે એ વૃત્તાન્ત સાંભળીને **જમ્બુકુમાર**—પછીથી **જમ્બુસ્વામી** નામથી પ્રસિદ્ધિ પામ્યા તે—મેઘની ગર્જના સાંભળી મોર હર્ષિત થાય તેમ અતિહર્ષિત થઈ વાહનમાં બેસી તેમનાં દર્શન કરવા નીકળ્યા :

"सोऊण य सुहम्मसामिणो आगमणं, परमहरिसिओ बरहिणो
इव जलधरनिनादं, जंबुनामो पवहणाभिरूढो निज्जाओ ।"[૮૯]

અર્વાચીન સાહિત્યમાં પણ મોરે પોતાનું સ્થાન સાચવી રાખ્યું છે. ઉ. ત. રાષ્ટ્રકવિ **મૈથિલીશરણ ગુપ્ત**ના હિન્દી ખણ્ડકાવ્ય '**પંચવટી**'ની ૧૮મી ટૂંક (પૃ. ૧૪) જુઓ. **શૂર્પણખા**ના આગમન પહેલાં **લક્ષ્મણ** પ્રકૃતિના સૌન્દર્યનું પાન કરતાં સરસ વર્ણન કરે છે, જેમાં 'નર્તક કેકી'નો પણ ઉલ્લેખ છે :

वैतालिक विहंग भामीके सम्प्रति ध्यानलग्न-से हैं,
नये गानकी रचनामें वे कवि-कुल-तुल्य मग्न-से हैं ।
बीच बीचमें नर्तक केकी मानो यह कह देता है—
मैं तो प्रस्तुत हूँ देखें कौन बढाई लेता है ॥

---

૮૭ **હેમચન્દ્રાચાર્ય**કૃત **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતમહાકાવ્ય**, પત્ર ૧૦૧૪ (જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગરની વિ. સં. ૧૯૬૪માં પ્રકટ થયેલી આવૃત્તિ).

૮૮ **વિમલસૂરિ**કૃત **પઉમચરિય**, પૃ. ૩૩૫ (પ્રાકૃત ગ્રન્થપરિષદ્‌ની ઈ. સ. ૧૯૬૨માં પ્રકટ થયેલી આવૃત્તિ).

૮૯ **સંઘદાસગણિ**કૃત **વસુદેવહિણ્ડિ**, ૧. ૧, પૃષ્ઠ ૩, પંક્તિ ૧૨–૧૩ (૧૯૩૦ની ભાવનગરથી પ્રકટ થયેલ આવૃત્તિ).

ગુજરાતી સાહિત્યમાં પણ—છેક આદિકવિ **નરસિંહ મહેતા**થી માંડીને તે અદ્યપર્યન્તના સાહિત્યના વિવિધ વિભાગોમાં પણ—મોરે પોતાનું લોકપ્રિય સ્થાન જાળવી રાખ્યું છે. તેમાંથી પણ એક જ ઉદાહરણ લઈએ. સન્ત કવયિત્રી **મીરાંબાઈ**નાં પદો પ્રખ્યાત છે. તેમાંના એક પદમાં મોરને આત્મારૂપે નવાજ્યો છે. એ રૂપકનો પ્રારમ્ભ આ રીતે થાય છે :

"આ રે કાયામાં છે વાડીઓ હો જી;
માંહે **મોર** કરે છે ઝીંગોરા રે."

સમ્રાટ્ **હર્ષ**ના સમયમાં થઈ ગયેલ '**મયૂર**' કવિએ કદાચ પોતાનું મૂળ નામ બીજું હોઈ આ પોતાનું ઉપનામ રાખ્યું હશે. ગુજરાતી કવિતાએ પણ શ્રી **સુરસિંહજી ગોહિલ**માં '**કલાપી**'નો સાક્ષાત્કાર કર્યો, અને તેમની કવિતાઓના સંગ્રહનું નામ પણ રખાયું '**કલાપીનો કેકારવ**'.

## લોકસાહિત્યમાં :

પરંતુ મોરની લોકપ્રિયતા તથા ખરી રાષ્ટ્રીયતાનું માપ તો સવિશેષ રીતે લોકસાહિત્યમાંના તેના સ્થાન પરથી જ નીકળી શકે. આપણા લોકસાહિત્યનું અવલોકન કરતાં જણાય છે કે ત્યાં પણ મોરની પકડ જબરી છે. **જેસલ-તોરલ**ની, **જોગીદાસ ખુમાણ**ની અને **હોથલ પદ્મણી**ની કથાઓ જેવી લોકકથાઓ તો જાણે મોરને કેન્દ્રસ્થ રાખીને રચાઈ ન હોય એવો ભાસ ઊભો થાય છે. વિશેષતઃ સફળ પ્રણયદૂત તરીકે મોર નિરૂપાયો છે. લગ્નનાં ગીતોમાં પણ મોર સારી રીતે પ્રવેશ પામ્યો છે. નિર્દોષ અને ગુણગ્રાહી બાલિકાઓના મનોમન્દિરમાં મોરે કેવું સ્થાન જમાવ્યું છે તેનું આલેખન કરતું એક રોચક લોકગીત જોઈએ. તેમાં એક રાજકુમારની પત્ની પોતાની નણંદને એવું જણાવવાની ધૃષ્ટતા કરે છે કે તેઓ પાણી ભરવા જાય ત્યારે તેની સાથે રમત કરતો વનનો મોર મહેલમાં વસતા તેના પતિ કરતાં પણ વધારે મનોહર હતો![૯૦] નિર્દોષ ભાવે બોલાયેલી આ વાત પોતાની બહેન દ્વારા જાણીને રાજકુમાર તે મનોહર મોરને મારી નાખે છે. આથી તેની પત્નીને અત્યન્ત દુઃખ થાય છે. છેવટે તેને મનાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા પછી કુમાર તેને કહે છે કે તે તેના માટે એક નવો જ મહેલ બનાવરાવશે અને તેની બારીઓ પર સુન્દર મયૂરોનાં ચિત્રો ચિતરાવશે. આના જવાબમાં તે નિર્દોષ બાળા ફક્ત એટલું જ કહે છે કે ચીતરેલો મોર કદી બોલતો—ચાલતો નથી, જ્યારે પેલો વનનો મોર તો કેટલી મધુર રીતે બોલતો અને ચાલતો હતો![૯૧]

'કળાયેલ મોરલો' જેવી બાલરમતોમાં પણ મોરે પોતાનું સ્થાન જમાવ્યું છે. આપણી કેટલીક કહેવતોમાં પણ મોરની લોકહૃદય પરની પકડનાં દર્શન થાય છે. તેવી બાબતોની વિગતમાં

---

૯૦ "જો જો નણદલબા! કંઈ મોરલિયાનાં રૂપ રાજ,
મોરલિયાનાં રૂપ રાજ,
તમારા વીરા પે મોરલો અત્ય રૂડો રાજ!"

૯૧ "ઈ રે મોરલિયો કંઈ બોલે ન ચાલે રાજ,
બોલે ન ચાલે રાજ,
વનનો મોરલો ટહુકા બહુ કરે રાજ!"

આપણે અહીં ઊતરીશું નહિ. તોરણો, આસ્તરણો, વસ્ત્રો વગેરેમાંના ભરત-ગૂંથણ અને નકશી-કામમાં જ્યાં ત્યાં મોર જ વિશેષ દૃષ્ટિગોચર થાય છે. મકાનની ભીંતો પર પણ 'કળાયેલ મોર'નાં ચિત્રો આલેખાય છે. ઊંચા પ્રાસાદોની ટોચ પર વિજળીથી બચવા તારનો મોર પણ મુકાતો આવ્યો છે. સોનાનાં અલંકારોમાં તથા મીનાકામમાં મયૂરાકૃતિઓ કોતરાતી આવી છે.[૯૨] વળી ગાલ, છાતી, હાથ, પગ વગેરે પર મોરની આકૃતિઓ વડે પ્રાચીન કાળથી સુશોભન કરાતું આવ્યું છે અને આજે પણ ગ્રામ્ય જનતા—સ્ત્રીઓ તેમ જ પુરુષો બેઉ—પોતાનાં અવયવોને મયૂરાકૃતિનાં છૂંદણાંથી અલંકૃત કરે છે. શિલ્પ અને સ્થાપત્યના પ્રાચીન અવશેષોમાં પણ મોરની અનેકવિધ આકૃતિઓ કોતરેલી અને ટંકારાયેલી આજે પણ સ્થાને સ્થાને જોવા મળે છે.

## પ્રાગૈતિહાસિક સમયમાં :

આ રીતે જોતાં સહેજે સમજાય છે કે ભારતીય સંસ્કૃતિમાં મયૂરે પોતાનું અવિચળ સ્થાન જમાવી લીધું છે. વસ્તુતઃ તો પ્રાગૈતિહાસિક સમયથી જ મોર આપણી સંસ્કૃતિ સાથે વણાઈ ગયો છે એવું વિધાન કરવામાં અતિશયોક્તિ જેવા કોઈ અલંકારનો આશ્રય લીધો છે એવું માનવાની જરૂર નથી. કેમકે વૈદિક યુગના ઉપલબ્ધ સાહિત્યમાં પણ તેના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. **ઐતરેય આરણ્યક**[૯૩] તથા **શાંખાયન આરણ્યક**[૯૪]માં આપણા આ રાષ્ટ્રીય પક્ષીની ગ્રીવાના મનોહર ચમકદાર રંગને સુંદર શબ્દોમાં બિરદાવેલો છે. **અથર્વવેદ**[૯૫] પણ મયૂરી સર્પોના ટૂકડે ટૂકડા કરી નાખે છે તેવું સ્પષ્ટ વિધાન કરે છે. તે જ પ્રમાણે **શુક્લયજુર્વેદ**માં અશ્વમેધ યજ્ઞમાં **અશ્વિનો**ને મોરનો બલિ આપવામાં આવે છે તેવો ઉલ્લેખ છે.[૯૬]

---

૯૨ જૈનોના શાસ્ત્રગ્રન્થોમાં પણ મયૂરના નામ પરથી જેનાં નામ પાડવામાં આવ્યાં છે તેવા અલંકારોનો ઉલ્લેખ મળે છે. ઉદાહરણ રૂપે જુઓ **વ્યવહારભાષ્ય, ૩. ૩૫**, જ્યાં ગાયોના એક ખાસ અલંકાર '**મયૂરાંગચૂલિકા**'નો ઉલ્લેખ છે.

૯૩ अथाऽपि यत्र नील इवाग्निर्दृश्यते यथा **मयूरग्रीवा** मेघे वा विद्युतं पश्येन्मेघे वा विद्युतं न पश्येन्महामेघे वा मरीचीरिव पश्येत तदप्येवमेव विद्यात्, इति ।

—**ઐતરેય આરણ્યક, ૩. ૨. ૪.**

૯૪ જુઓ **શાંખાયન આરણ્યક, ૮. ૭.** ત્યાં ઉપર પાદટીપ ૯૩માં આપેલ કણ્ડિકા જ કેટલાંક પાઠાન્તરો સાથે આવેલ છે.

૯૫ જુઓ **પૈપ્પલાદસંહિતા, ૧. ૪૮. ૪** અને **શૌનકસંહિતા, ૭. ૫૬. ૭ :**

अदन्ति त्वा पिपीलिका वि वृश्चन्ति **मयूर्यः** ।
सर्वे भल ब्रवाथ शार्कोटमरसं विषम् ॥

આ શર્કોટ તે જ કર્કોટક—આઠ નાગરાજોમાંનો એક, જેણે નળરાજાને, તેના પૂર્વના ઉપકારોના બદલામાં, કરડીને વિકૃત કરી નાખેલો તે. વળી જુઓ **અથર્વવેદ પૈપ્પલાદસંહિતા, ૧૯. ૪૭. ૨ :**

**मयूरो**ऽत्र वृश्चिकं **मयूरं** वयं विद्मसि ।
तं परि परिजम्भनं वृश्चिकजम्भनमसि ॥

૯૬ જુઓ **માધ્યન્દિનસંહિતા, ૨૪. ૨૩, કાણ્વસંહિતા, ૨૬. ૫. ૩** તથા **મૈત્રાયણી-સંહિતા, ૩. ૧૪.૪ :**

છેક જગતના પ્રાચીનતમ ઉપલબ્ધ લિપિબદ્ધ ગ્રન્થ **ઋગ્વેદ**માં પણ ‘મયૂર’ના ઉલ્લેખો દૃષ્ટિગોચર થાય છે. **ઋગ્વેદ**માં યુદ્ધના દેવ **ઇન્દ્ર**ના અશ્વોનું વર્ણન કરતાં કહ્યું છે કે તે ઘોડાઓના વાળ મોરનાં પીંછાં જેવા હતા અને તેમનાં પૂંછડાં પણ મોરના પૂંછડા જેવાં એટલે કે વિવિધ રંગથી શોભતાં હતાં.[९७]

## ઉપસંહાર:

આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે મોર પ્રાગૈતિહાસિક કાળથી—છેક **ઋગ્વેદ**ના જમાનાથી—ભારતીય જીવન તથા સંસ્કૃતિ સાથે ઓતપ્રોત થઈ ગયો છે. ભારતીય સમાજના સર્વ સ્તરોમાં તથા જીવનનાં સર્વ ક્ષેત્રોમાં મોરે અવિચળ સ્થાન પ્રાપ્ત કર્યું છે અને નગર તેમ જ ગ્રામની જનતાનાં હૃદય પણ તેણે જીતી લીધાં છે. લોકસાહિત્ય, લગ્નાદિ પ્રસંગોનાં ગીતો વગેરેમાં પણ મોર ખૂબ ઝળક્યો છે. ભારતીય સંસ્કૃતિનાં હિન્દુ, જૈન તથા બૌદ્ધ એ ત્રણે પ્રધાન દાર્શનિક અંગોએ પણ અનેક રીતે આ પક્ષીના ઉલ્લેખો કરી, સૌન્દર્યાદિ માટે તેને ઉપમાનસ્થાન અર્પી

---

अग्नये कुटरूनालभते वनस्पतिभ्य उलूकान् ।
अग्निषोमाभ्यां चाषानश्विभ्यां **मयूरा**न्मित्रावरुणाभ्यां कपोतान् ॥

**શુક્લયજુર્વેદ**માંનો બીજો ઉલ્લેખ પણ જુઓ :

अन्यवापोऽर्धमासानामृश्यो **मयूरः** सुपर्णस्ते गन्धर्वाणामपामुद्रो मासां कश्यपो रोहित्पुण्डृणाची गोलत्तिका तेऽप्सरसां मृत्यवेऽसितः ॥

—**માધ્યન્દિનસંહિતા, २४.** २३, **કાણ્વસંહિતા, २६.** ५. ३ અને **મૈત્રાયણી-સંહિતા, ३. १४. ४.**

९७ જુઓ **ઋગ્વેદ, ३. ४५. १:**

आ मन्द्रैरिन्द्र हरिभिर्याहि **मयूररोमभिः** ।
मा त्वा केचिन्नियमन् विं न पाशिनोऽतिधन्वेव तामिहि ॥

આ જ ઋચા માટે જુઓ **શુક્લયજુર્વેદીય માધ્યન્દિનસંહિતા २०.** ५३, **કાણ્વસંહિતા २२.** ५. ७; **સામવેદસંહિતા** ३. २. ६. ४, **१९.** १. ३. १, **સામવેદકૌથુમસંહિતા १.** २४६. ७, **સામવેદજૈમિનીયસંહિતા १.** २६. ४; **અથર્વવેદશૌનકસંહિતા ७.** १२२. १ તથા **ભારદ્વાજ ગૃહ્યસૂત્ર २.** २८. ८. વળી જુઓ **ઋગ્વેદ** ८. १.२५ તથા **સામવેદ १२.** २. ५. २:

आ त्वा रथे हिरण्यये हरी **मयूरशेप्या** ।
शितिपृष्ठा वहतां मध्वो अन्धसो विवक्षणस्य पीतये ॥

વળી બીજા ઉલ્લેખ માટે જુઓ **ઋગ્વેદ १. १९१. १४:**

त्रिः सप्त **मयूर्यः** सप्त स्वसारो अग्रुवः ।
तास्ते विषं वि जभ्रिर उदकं कुम्भिनीरिव ॥

—જે **અથર્વવેદપૈપ્પલાદસંહિતા, ४. १७. ६** પણ છે.

તેનું મહત્ત્વ દર્શાવ્યું છે. ભારત હજી વિશેષતઃ ગામડાંનો દેશ છે અને તેનાં ગામડાંમાં વૃક્ષો પર અને મેદાનોમાં, આંગણામાં ને અગાશીમાં, છજામાં ને ચોકમાં મોરનાં દર્શન સુલભ તથા આહ્લાદક છે. આથી એશિયાના બીજા બે દેશો જાપાન તથા બ્રહ્મદેશના રાષ્ટ્રીય પક્ષી તરીકેનું સમ્માન પણ જેને સાંપડયું છે—અને તે બેમાંથી બ્રહ્મદેશ તો છેક ઈ. સ. ૧૯૩૫ સુધી ભારતનો જ એક ભાગ હતો—તે સૌભગ્યશીલ મયૂર ભારત જેવા અતિ પ્રાચીન કાળથી અનેક યુગપરિવર્તનો વચ્ચે પણ સાંગોપાંગ પ્રગતિશીલ રહી સનાતન બની શકનાર સંસ્કૃતિવાળા સમસ્ત જગતના એક અને અદ્વિતીય રાષ્ટ્રના રાષ્ટ્રીય પક્ષી તરીકનું બહુમાન મેળવવાની યોગ્યતા સર્વથા ધરાવે છે એવું પ્રતીત થયા વિના રહેતું નથી.

# સુરાષ્ટ્ર અને આનર્ત ( પ્રાચીનતમ ઇતિહાસમાં )

ડોલરરાય ર. માંકડ

સૌરાષ્ટ્રનો ઇતિહાસ જ્યારે પહેલી વાર ઊઘડે છે ત્યારે આપણને આ પ્રદેશમાં બે વંશો રાજ્ય કરતા દેખાય છે. બેમાંથી એક છે હર્યશ્વ રાજાનો વંશ અને બીજો છે આનર્ત રાજાનો વંશ. આપણે પહેલા હર્યશ્વના વંશને લઈએ.

## ૧

## હર્યશ્વ ( હરિ ) વંશ

હર્યશ્વના વંશને પુરાણોમાં હરિવંશ કહ્યો લાગે છે. હર્યશ્વ શબ્દ હરિ + અશ્વનો બનેલો છે. અશ્વાંત નામો પ્રાચીન કાળમાં ઘણાં હતાં. ઇરાનમાં જૂના કાળમાં અસ્પાન્ત નામો હતાં તે પણ અશ્વાન્ત નામો છે. એટલે, હર્યશ્વ એક અશ્વાન્ત નામ છે. એમાં મૂળ નામ હરિ છે. આ હરિના વંશને હરિવંશ કહ્યો છે. મહાભારતનો ખિલ ભાગ ગણાય છે તે હરિવંશમાં આ હર્યશ્વના વંશની વાત આવે છે, બીજે કયાંય આ હર્યશ્વનો વંશ મળતો નથી. હરિવંશના વિષ્ણુપર્વના ૩૭મા અધ્યાયથી આ વંશ શરૂ થાય છે.

શ્રીકૃષ્ણ વગેરે યાદવો જ્યારે જરાસંધના ત્રાસથી બહુ મુંઝાયા ત્યારે એક વિકદ્રુ નામે યાદવે શ્રીકૃષ્ણને કહ્યું ( શ્લોક ૧૦થી ):

આ કુળની ઉત્પત્તિ તમે સાંભળો. મનુના વંશમાં ઇક્ષ્વાકુથી જન્મેલો ( ? इक्ष्वाकुम्सभवः ) એક હર્યશ્વ નામે રાજા હતો. તેને મધુ દૈત્યની પુત્રી મધુમતી નામે પત્ની હતી. (૧૩) આ હર્યશ્વને, એક વખત, એના ભાઈએ રાજ્યમાંથી કાઢી મૂકયો. હર્યશ્વ વિશ્વાસે રહ્યો હતો તેને કાઢી મૂકયો. હરિવંશ (૨, ૩૭, ૬૩ )માં હર્યશ્વના પુત્ર યદુનો સસરો યદુને કહે છે :

तन्ममेमाः सुताः पंच कुमार्यो वृत्तसम्मताः ।
उत्पन्ना यौवनाश्वस्य भगिन्यां नृपसत्तम ॥

આના ઉપર ટીકાકાર નીલકંઠ લખે છે : यौवानश्वस्य या भगिनी सा तत्कनिष्ठस्य हर्यश्वस्यापि भगिनी। આમ નીલકંઠ હર્યશ્વને યૌવનાશ્વનો નાનો ભાઈ ગણે છે. હવે, પુરાણના અભ્યાસીઓ જાણે છે કે યૌવનાશ્વ એટલે માન્ધાતા. માન્ધાતાના પિતાનું નામ યુવનાશ્વ હતું. એટલે માન્ધાતાએ, પોતાના પર વિશ્વાસ રાખતા હતા તેવા પોતાના નાના ભાઈ હર્યશ્વને રાજ્યમાંથી દેશવટો આપ્યો હતો એમ સમજાય છે. આ વાત સાચી લાગે છે, કારણ કે હર્યશ્વના સાળા લવણે માન્ધાતાને માર્યો હતો તે આપણે જાણીએ છીએ. ( રામા૦ ઉત્તર, ૬૭-૬૯ ) લવણે માન્ધાતાને પોતાના બનેવી હર્યશ્વનું વૈર વાળવાને જ હણ્યો હશે. '[1]

---

૧ હર્યશ્વને ( ૨, ૩૬, ૧, ૨માં ) ઇક્ષ્વાકુસમ્ભવ કહ્યો છે, પણ એ બરોબર લાગતું નથી. હર્યશ્વ-યુવનાશ્વનો પુત્ર હતો. આ યુવનાશ્વને પણ સૌદ્યુમ્નિ એટલે સુદ્યુમ્નનો પુત્ર કહ્યો છે.

હર્યશ્વને આવી રીતે, દેશવટો મળ્યો એટલે, પોતાની પત્ની મધુમતીની સૂચના પ્રમાણે એ બંને મધુમતીના પિતા મધુ પાસે મધુવનમાં ગયાં. મધુવનને મધુપુર પણ કહ્યું છે. (હરિ, ૨, ૩૭, ૨૫) ત્યાં મધુએ હર્યશ્વને કહ્યું :

यदेतन्मम राज्यं वै सर्वं मधुवनं विना ।
ददामि तव राजेन्द्र वासश्च प्रतिगृह्यताम् ॥ २८ ॥

वनेऽस्मिंल्लवणश्चायं सहायस्ते भविष्यति ।
अमित्रनिग्रहे चैत्र कर्णधारत्वमेष्यति ॥ २९ ॥

पालयैनं शुभं राष्ट्रं समुद्रानूपभूषितम् ।
गोसमृद्धं श्रिया जुष्टमाभीरप्रायमानुषम् ॥ ३० ॥

अत्र वै वसस्तात दुर्गं गिरिपुरं महत् ।
भविता पार्थिवावासः सुराष्ट्रविषयो महान् ॥ ३१ ॥

अनूपविषयश्चैव समुद्रान्ते निरामयः

આમ, મધુએ, મધુવન સિવાયનું પોતાનું રાજ્ય હર્યશ્વને આપ્યું. આગળ આપણે જોઈશું કે મધુવન તે મથુરાનો પ્રદેશ છે. એ પ્રદેશ સિવાયનો મધુનો બીજો કયો પ્રદેશ હતો તે આપણને ૩૧મા શ્લોકથી જાણવા મળે છે. એ શ્લોક પરથી જણાય છે કે એ પ્રદેશ સુરાષ્ટ્રનો હતો અને સમુદ્રના અંત સુધી (એટલે ઘણે ભાગે ઠેઠ પ્રભાસ સુધી) વિસ્તરતો હતો. આ સુરાષ્ટ્રમાં ગિરિપુરમાં વસવાનું હર્યશ્વને મધુએ કહ્યું એટલે, અહીં સુરાષ્ટ્ર શબ્દથી હું આજનો સોરઠ વિસ્તાર (લગભગ) સમજું છું, અને ગિરિપુર એટલે ગિરનાર ઉપરનું નગર સમજું છું. આગળ કહ્યું છે કે :

हर्यश्वश्च महातेजा दिव्ये गिरिवरोत्तमे ।
निवेशयामास पुरं वासार्थममरोपमः ॥ ३८

એટલે, હર્યશ્વે ગિરિવર ઉપર એક નગર વસાવ્યું હતું, જે ઉપરનું ગિરિપુર અને આપણું ગિરિનગર છે. એટલે ગિરિનગર ગિરનાર ઉપર હતું, પછી ઉપરકોટ પાસે હોય કે બીજે કયાંક.

આમ, હર્યશ્વને, મથુરાપ્રદેશ સિવાયનો પ્રદેશ આપીને, મધુ સાગરકાંઠે તપ કરવા ચાલ્યો ગયો. (૩૫) પછી મધુવનના પ્રદેશ ઉપર મધુપુત્ર લવણ રાજા થયો અને સુરાષ્ટ્ર પ્રદેશ ઉપર હર્યશ્વ રાજા થયો આ રાજ્ય આપતી વખતે મધુ કહે છે :

आनर्तं नाम ते राष्ट्रं भविष्यत्यायतं महत् ।
तद् भविष्यमहं मन्ये कालयोगेन पार्थिव ॥ ३३

આનો અર્થ હું એમ સમજું છું કે મધુએ હર્યશ્વને સુરાષ્ટ્રનો પ્રદેશ આપ્યો અને કહ્યું કે કાળે કરીને એના રાજ્યના વિસ્તારમાં આનર્તનું રાજ્ય પણ ભળી જશે. મારા મતે, એ કાળે, સુરાષ્ટ્ર અને આનર્ત જુદાં જુદાં હતાં. આ વાત આગળ ઉપર સ્પષ્ટ થશે.

આમ, માન્ધાતાનો ભાઈ હર્યશ્વ સુરાષ્ટ્રનો રાજા થયો તે પહેલાં સુરાષ્ટ્ર ઉપર મધુ દૈત્યનું વર્ચસ્વ હતું. મધુને આ રાજ્ય કેમ અને ક્યારે મળ્યું તેની વિગત મળતી નથી. આ મધુને રામાયણમાં લોલાપુત્ર કહ્યો છે, (૭, ૬૧, ૩) પણ પુરાણોમાં એને કશ્યપ અને ખશાનો પુત્ર ગણ્યો છે. (બ્રહ્માંડ ૩, ૭, ૯૦થી). મધુને કુમ્ભીનસીનો પતિ કહ્યો છે (રામા. ૭, ૬; હરિ ૧, ૫૪). રામાયણમાં બીજે સ્થળે (૭, ૨૫, ૨૨-૨૪) કુમ્ભીનસીને રાવણની માસીની દીકરી ગણી છે. આ કુમ્ભીનસી મધુના ભાઈ સુમાલિની પુત્રી હતી, (રામા. ૭, ૯) એટલે કુમ્ભીનસીનો પતિ મધુ રાવણનો સમકાલીન હતો. રામાયણમાં લખ્યું છે કે (૭, ૨૫, ૫૨) રાવણે મધુ ઉપર ચડાઈ કરી હતી, પણ કુમ્ભીનસીની આજીજીથી રાવણે મધુ સાથે મૈત્રી કરી હતી.

આમ આ મધુ, જે રાવણનો સમકાલીન હતો તે આપણી અત્યારની જાણ મુજબ સુરાષ્ટ્રનો પહેલો રાજા હતો. તેણે એ પ્રદેશ કોઈક પાસેથી જીતી લીધો હશે. સુરાષ્ટ્રનો બીજો રાજા મધુનો જમાઈ અને માન્ધાતાનો ભાઈ હર્યશ્વ હતો. માન્ધાતાને રાવણ સાથે લડાઈ થઈ હતી. (રામા. ૭મો ક્ષેપક) માન્ધાતાને લવણે માર્યો હતો (રામા. ૭, ૬૭) અને લવણને શત્રુઘ્ને માર્યો હતો. (હરિ. ૨, ૩૮, ૩૯) એટલે હર્યશ્વ રાવણ અને રામનો સમકાલીન હતો.

હરિવંશમાં, પછી, આ વાત આગળ ચાલે છે. હરિવંશમાં કહ્યું છે કે હર્યશ્વના દીકરાનું નામ યદુ હતું (૨, ૩૭, ૪૫). મારું એમ માનવું છે કે આ યદુ તે યયાતિપુત્ર યદુ હતો. હરિવંશમાં એને સ્પષ્ટ રીતે યયાતિનો પુત્ર કહ્યો નથી. પણ મધુએ જ્યારે હર્યશ્વને રાજ્ય આપ્યું ત્યારે ભવિષ્ય કહ્યું હતું કે:

यायातमपि वंशस्ते समेष्यति च यादवम् ।
अनुवंशं च वंशस्ते सौमस्य भविता नृप ॥

અહીં સ્પષ્ટ કહ્યું છે કે હર્યશ્વનો વંશ યયાતિના વંશ સાથે ભળી જશે અને હર્યશ્વનો વંશ સોમના વંશને અનુસરશે (અનુ-ભવિતા). આનો અર્થ એક જ થાય કે સોમવંશના યયાતિના પુત્ર યદુને હર્યશ્વે દત્તક લીધો હતો.

એટલે યયાતિપુત્ર યદુ (હર્યશ્વનો દત્તક પુત્ર) સુરાષ્ટ્રનો ત્રીજો રાજા હતો. એની વાત હરિવંશમાં આગળ ચાલે છે. આ યદુ ધૂમ્રવર્ણ નામે નાગની પાંચ પુત્રીઓને પરણ્યો હતો. ધૂમ્રવર્ણ માન્ધાતાની ભગિનીને પરણ્યો હતો.

આડત્રીશમા અધ્યાયમાં આ વાત આગળ ચાલે છે. યદુને પાંચ પુત્રો હતા: મુચુકુન્દ પદ્મવર્ણ, માધવ, સારસ અને હરિત. આમાંથી યદુ પછી માધવ ગિરિનગરનો રાજા થયો (૨, ૩૮, ૧૧). યદુના બીજા ચાર પુત્રોએ નીચે મુજબ નગરો વસાવ્યાં હતાં: મુચુકુન્દે વિન્ધ્યપ્રદેશમાં નર્મદાતીરે માહિષ્મતી નામે નગરી સ્થાપી (૩, ૩૮, ૧૪-૧૯) અને ઋક્ષવન્ત (સાતપુડા ?) પાસે પુરિકા નામે નગરી સ્થાપી (૨૦-૨૨). પદ્મવર્ણે સહ્ય પર્વતમાં કરવીર (કોલ્હાપુર) નામે નગરી સ્થાપી (૨૪-૨૬). સારસે વનવાસી નામે પ્રદેશમાં ક્રૌંચપુર સ્થાપ્યું (૨૭-૨૮). હરિતે સમુદ્રના દ્વિપોમાં વાસ કર્યો. (૨૮-૩૧) આમ રાવણ પછીના એક પેઢીના કાળમાં આ યાદવો વિન્ધ્ય, ઋક્ષ અને સહ્યન્ત પ્રદેશો સુધી વિસ્તર્યા હતા. યદુપુત્ર માધવ ગિરિનગરમાં રહ્યો, પણ માંગરોળ પાસેનું માધવપુર, કદાચ એના નામ ઉપરથી હોય.

આમ સુરાષ્ટ્રના રાજાઓની પરમ્પરા આવી રહી હતી—મધુ દૈત્ય, મધુનો જમાઈ હર્યશ્વ, યદુ, માધવ.

હરિવંશમાં માધવના પુત્રનું નામ સત્વત અને સત્વતના પુત્રનું નામ ભીમ કહ્યું છે (૨, ૩૮, ૩૭-૩૮). મને આમાં કંઈક ભૂલ લાગે છે. આ ભીમ વિશે કહ્યું છે:

राज्ये स्थिते नृपे तस्मिन् रामे राज्यं प्रशासति ।
शत्रुघ्नो लवणं हत्वा चिच्छेद स मधोर्वनम् ॥ २, ३८, ३९

પછી કહ્યું છે કે આ મધુવનને સ્થાને શત્રુઘ્ને મથુરા નગરી સ્થાપી. (૪૦) આગળ કહ્યું છે:

पर्यये चैव रामस्य भरतस्य तथैव च ।
सुमित्रासुतयोश्चैव स्थानं प्राप्तं च वैष्णवम् ॥ ४१
भीमेनेयं पुरी तेन राज्यसम्बन्धकारणात् ।
स्ववेशे स्थापिता पूर्वं स्वयमध्यासिता तथा ॥ ४२

આનો અર્થ એ થયો કે ભીમ રાજા હતો ત્યારે રામ રાજ્ય કરતા હતા અને શત્રુઘ્ને લવણને માર્યો હતો, અને મધુવન તો પોતાના પૂર્વજોનું હતુ (राज्यसम्बन्धकारणात् હર્યશ્વના સાળા લવણનું હતું.) તેથી ભીમે એ જીતી લીધું. હરિવંશમાં કહ્યું છે કે રામ વગેરે ભાઈઓ સ્વધામ ગયા પછી ભીમે મથુરા જીત્યું અને પોતે ત્યાં રહેવા ગયો.

હરિવંશ પ્રમાણે ભીમ, હર્યશ્વના પૌત્ર માધવના પુત્ર સત્વતનો પુત્ર હતો. એટલે ભીમ હર્યશ્વથી પાંચમો હતો. લવણે માન્ધાતાને હર્યશ્વના વખતમાં માર્યો. એ લવણને શત્રુઘ્ન એનાથી (હર્યશ્વથી) પાંચમા ભીમના વખતમાં મારે તે કેમ બને? જેના વખતમાં લવણે માન્ધાતાને માર્યો તેના પૌત્રના પૌત્રના વખતમાં એ લવણને શત્રુઘ્ન મારે એ કેમ બને? રામનું અને શત્રુઘ્નનું અવસાન આ ભીમના વખતમાં મૂકયું છે. આ બધું જોતાં હું એમ ધારું છું કે ભીમ હર્યશ્વનો પ્રપ્રપૌત્ર ન હોવો જોઈએ. મારી ગણત્રી પ્રમાણે ભીમ યદુનો પુત્ર અને માધવનો ભાઈ હોવો જોઈએ. તો જ ઉપર કહેલા બનાવો ઉપર કહેલી રીતે બની શકે. આ ભીમે સુરાષ્ટ્રમાં રાજ્ય કર્યું હોય તો તે વખતે સુરાષ્ટ્રના બે ભાગ પડચા હોય: એક માધવનો અને બીજો ભીમનો. પણ એમ હોય તોપણ એ બહુ જ ઓછા સમય માટે હશે. ભીમે, તરત જ મથુરા જીત્યું અને પોતે સુરાષ્ટ્ર છોડી મથુરા રહેવા ગયો.

આ ભીમ સાત્વતને[1] પુરાણો પ્રમાણે ચારપાંચ પુત્ર હતા, તેમાં અન્ધક અને વૃષ્ણી મુખ્ય હતા. હરિવંશમાં તો, અન્ધકનું જ નામ આપ્યું છે અને કહ્યું છે કે:

ततः कुशे स्थिते राज्ये लवे च युवराजनि ।
अन्धको नाम भीमस्य सुतो राज्यमकारयत् ॥ ४३

---

૧ આ ભીમ સાત્વત કહેવાય છે. કદાચ સત્વતે એને દત્તક લીધો હોય. પણ એ પુત્ર તો યદુનો હોય. ભાગવતમાં (૮, ૨૧, ૧૭, ૧૦, ૨૪. ૬-૭) સાત્વતને આયુનો પુત્ર અને ભજમાન વગેરે છ પુત્રોનો પિતા કહ્યો છે. યદુ-યયાતિ-નહુષ-આયુ એવો ક્રમ છે.

એટલે, અન્ધક લવકુશનો સમકાલીન હતો અને કદાચ સમવયસ્ક હશે. અન્ધક પછી આ વંશ કેમ આગળ વધ્યો તેની વાત હવે પછી, આવશે.

## ૨

## આનર્ત વંશ

વૈવસ્વત મનુના પુત્ર શર્યાતિના પુત્ર આનર્ત ઉપરથી આનર્ત પ્રદેશનું નામ પડયું છે તેમ બધા સ્વીકારે છે. આજે ઉત્તર ગુજરાતનું નામ આનર્ત હતું એમ ગણાય છે, પણ આપણે આ વંશની વીગતો જોઈએ. બ્રહ્માંડમાં નીચેનું મળે છે. ( ૩, ૬૦ )

शर्यातेर्मिथुनं त्वासीदानर्त्तो नाम विश्रुतः ॥ १८

पुत्रः सुकन्या कन्या च भार्या च्यवनस्य ह ।
आनर्तस्य तु दायादो रेवो नाम सुवीर्यवान् ॥ १९

आनर्तविषयो यस्य पुरी चापि कुशस्थली ।
रेवस्य रेवतः पुत्रः ककुद्मी नाम धार्मिकः ॥ २०

ज्येष्ठो भ्रातृशतस्यासीद्राज्यं प्राप्य कुशस्थलीम् ।
कन्यया सह श्रुत्वा च गान्धर्वं ब्रह्मणोऽन्तिके ॥ २१

मूहर्तं देवदेवस्य मार्त्ये बहुयुगं विभो ।
आजगाम युवा चैव स्वां पुरीं यादवैर्वृताम् ॥ २२

कृतां द्वारवतीं नाम बहुद्वारां मनोरमाम् ।
भोजवृष्ण्यन्धकैर्गुप्तां वसुदेवपुरोगमैः ॥ २३

ककुद्मिनस्तु तं लोकं रैवतस्य गतस्य ह ।
हृता पुण्यजनैः सर्वा राक्षसैः कुशस्थली ॥ ३, ६३, १

આનો આ પાઠ વાયુમાં અને હરિવંશમાં મળે છે. મત્સ્ય ( ૧૨, ૨૨ )માં પણ આવું જ મળે છે. ભાગવતમાં થોડુંક જુદું છે. ( ૯, ૩ ).

शर्यातिर्मानवो राजा ब्रह्मिष्ठः संबभूव ह ।
यो वा आंगिरसां सत्रे द्वितीयमह ऊचिवान् ॥ १

उत्तानबर्हिरानर्तो भूरिषेण इति त्रयः ।
शर्यातेरभवन् पुत्रा आनर्ताद्रेवतोऽभवत् ॥ २७

सोऽन्तःसमुद्रे नगरीं विनिर्माय कुशस्थलीम् ।
आस्थितोऽभुंक्त विषयानानर्तादीनरिंदमः ॥ २८

વિષ્ણુપુરાણમાં ( ૪, ૧, ૬૩ થી ) પણ આનર્તના પુત્રને ભાગવતની પેઠે રેવત કહ્યો છે, પણ રેવતના પુત્રને તો બધા કકુદ્મી જ કહે છે. આ કકુદ્મી બ્રહ્મા પાસે ગયો હતો ત્યારે બ્રહ્માએ એને કહ્યું :

कुशस्थली या तव भूप रम्या पुरी पुराऽभूदमरावतीव ।
सा द्वारका सम्प्रति तत्र चास्ते स केशवांशो बलदेवनाम्ना ॥ ३१

વળી, વિષ્ણુપુરાણમાં કહ્યું છે (૪. ૨.):

यावच्च ब्रह्मलोकात्स ककुद्मी रैवतो नाभ्येति तावत्पुण्यजनसंज्ञाः राक्षसा तामस्य पुरीं कुशस्थलीं निजघ्नुः ॥ १

આ બધા ઉપરથી સમજાય છે કે આનર્તના પુત્ર રેવ કે રેવતની (આ જ સાચું નામ છે) રાજધાનીનું નામ કુશસ્થલી હતું અને એના પ્રદેશનું નામ આનર્ત હતું. એનો અર્થ આપણે એમ કરી શકીએ કે શર્યાતિપુત્ર આનર્તે આ પ્રદેશને જીત્યો હશે અને એનું નામ આનર્ત પડયું હશે. પણ આ પુરાણો કહે છે કે આનર્તની રાજધાની કુશસ્થલી હતી અને એ જ જગ્યાએ દ્વારકા નગરી વસી હતી. એનો અર્થ એ થયો કે આનર્તનો પ્રદેશ દ્વારકાની આસપાસનો હતો, એટલે આજના સૌરાષ્ટ્રમાં કયાંક હતો. એ આનર્ત પ્રદેશનો પહેલો રાજા આનર્ત અને બીજો રાજા રેવત હતો. એનો ત્રીજો રાજા રૈવત કકુદ્મી હતો. શર્યાતિ પોતે આનર્તમાં આવ્યો હતો કે નહીં તેના વિશે કાંઈ માહિતી મળતી નથી.

ભાગવત કહે છે કે આનર્તપુત્ર રેવતે કુશસ્થલી સ્થાપી, પણ બીજાં પુરાણો એવું કહેતાં નથી. એમાં તો એટલું જ કહ્યું છે કે આનર્તપ્રદેશની રાજધાની કુશસ્થલી હતી. એનો અર્થ કદાચ એમ પણ કરી શકાય કે આનર્ત અહીં આવ્યો ત્યારે પણ કુશસ્થલી નામે નગર અસ્તિત્વમાં હતું. તો આનર્ત પહેલાં ત્યાં કોણ હતા? સ્વાયમ્ભુવ મનુના પુત્ર પ્રિયવ્રતના એક પુત્રને કુશદ્વિપ આપવામાં આવ્યો હતો (ભા. ૫, ૧) આ કુશદ્વિપ કે કુશાવર્તને કુશસ્થલી સાથે કોઈ સંબંધ હશે? એ તો જે હોય તે.

આ કુશસ્થલી જેની રાજધાની હતી તે આનર્ત પ્રદેશનો, આનર્ત પહેલાં કોણ રાજા હતો તે ચોક્કસ કહી શકાતું નથી. પણ જે માહિતી ઉપલબ્ધ છે તે પ્રમાણે એનો પહેલો રાજા આનર્ત, બીજો રેવત અને ત્રીજો રૈવત કકુદ્મી. આ કકુદ્મી બ્રહ્મલોકમાં ગયો અને એની લાંબી ગેરહાજરી દરમિયાન પુણ્યજન રાક્ષસોએ કુશસ્થલી નગરીને જીતી લીધી હતી એમ બધાં પુરાણો કહે છે. આ પુણ્યજનો કોણ હતા?

બ્રહ્માંડ પુરાણમાં યક્ષનો વંશ આમ આપવામાં આવ્યો છે. કશ્યપ અને ખશાનો એક પુત્ર યક્ષસ્ (ગુહ્યક) હતો. (૩, ૭, ૧૦૦ થી) આ યક્ષને પંચચૂડા ક્રતુસ્થલા અપ્સરાથી રજતનાભ નામે પુત્ર હતો. (૧૧૦) રજતનાભને પ્રહ્લાદના અનુહ્લાદની પુત્રી મણિવરાથી મણિવર અને મણિભદ્ર નામે બે પુત્રો હતા. (૧૧૯) મણિવર ક્રતુસ્થપુત્રી દેવજનીને અને મણિભદ્ર ક્રતુસ્થપુત્રી પુણ્યજનીને પરણ્યો હતો. (૧૨૦-૧) આ મણિભદ્ર અને પુણ્યજનીના પુત્રો વિશે કહ્યું છે:

विजज्ञे मणिभद्रात्तु पुत्रा पुण्यजनी शुभा । १२३

*         *         *

चत्वारो विंशतिश्चैव पुत्रा पुण्यजनीभवाः ॥ १२५
जज्ञिरे मणिभद्रस्य सर्वे ते पुण्यलक्षणाः ।
तेषां पुत्राश्च पौत्राश्च यक्षाः पुण्यजनाः शुभाः ॥ १२६

વાયુ ૬૮માં પણ આ જ છે.

એટલે મણિભદ્રના ૨૪ પુત્રોના પુત્રો અને પૌત્રો તે પુણ્યજનો કહેવાયા.

આ પુણ્યજનોએ કુશસ્થલી જીતી લીધી તે પછી એ નગરીનું શું થયું? એમ લાગે છે કે થોડા જ વખતમાં ભીષ્મકના પુત્ર રુકમીએ (રુકિમણીના ભાઈએ) એને ઉજ્જડ કરી હતી. હરિ. ૨, ૫૫, ૮માં 'रुक्मिणोद्वासितां' એવું વચન કુશસ્થલી માટે આવે છે, તેનો અર્થ એમ થાય કે રુકિમીએ પુણ્યજનોને કુશસ્થલીમાંથી કાઢી મૂકયા હશે, અને તે પછી, થોડો કાળ, એ નગરી ઉજ્જડ પડી રહી હશે. તેને શ્રીકૃષ્ણે અને યાદવોએ ફરી વસાવી એટલા જ માટે મહા. સભા. ૧૭, ૪૯માં 'पुनर्निवेशनम्' વચન વાપર્યું છે. રેવત કકુદ્મી જ્યારે પાછો આવ્યો ત્યારે એણે કુશસ્થલીને સ્થાને દ્વારકા જોઈ. (બ્રહ્માંડ ૩, ૬૦, ૨૨–૩, વિષ્ણુ. ૪, ૧, ૩૧).

કુશસ્થલીને સ્થાને દ્વારકા વસી હતી. મહાભારત સભાપર્વમાં ૧૩, ૪૯માં આમ છે:

इति संचिन्त्य सर्वे स्म प्रतीचीं दिशमास्थिता
कुशस्थलीं पुरीं रम्यां रैवतेनोपशोभिताम्
पुनर्निवेशनं तस्या कृतवन्तो वयं नृप

અહીં કુશસ્થલીને સ્થાને જ દ્વારકાનું પુનર્નિવેશન કર્યાનું કહ્યું છે. મત્સ્યમાં (૬૯, ૯) સ્પષ્ટ છે કે:

पुरी द्वारवती नाम सांप्रतं, या कुशस्थली.

એટલે કુશસ્થલીને સ્થાને જ દ્વારકા વસી હતી તે ચોક્કસ છે. આ નગરી વિશે બીજા ઉલ્લેખો આમ છે. ભાગવત (૯, ૩, ૨૮) કહે છે—सोऽन्तःसमुद्रे नगरी विनिर्माय कुशस्थलीम्। હરિવંશમાં કૃષ્ણે જ્યારે મથુરા છોડવા નક્કી કર્યું ત્યારે ગરુડે કહ્યું:

देव यास्यामि नगरीं रैवतस्य कुशस्थलीम्
रैवतं च गिरिं रम्यं नन्दनप्रतिमं वनम् (हरि. २, ५५, ७,)
रुक्मिणोद्वासितां रम्यां शैलोदधितटाश्रयाम्

પછી પાછા આવી ગરુડે કહ્યું:

सागरानूपविपुलां प्रागुदक्प्लवशीतलाम्
सर्वतोदधिमध्यस्थामभेद्यां त्रिदशैरपि । २, ५५, १०४

આનો અર્થ એ થાય કે કુશસ્થલી કાં તો કોઈ બેટમાં (અંતઃસમુદ્ર–ભા. સર્વતોદધિમધ્યસ્થા–હરિ) અને/અથવા સમુદ્રને કિનારે (शैलोदधितटाश्रयाम्) હતી. કુશસ્થલીને સ્થાને દ્વારકા વસાવી તેનું વર્ણન હરિવંશમાં (૨, ૫૬, ૨૬થી) આમ છે:[1]

सागरानिलसंवीतं सागराम्बुधिनिषेवितम् ।
विषयं सिंधुराजस्य शोभितं पुरलक्षणैः ॥ २६

---

૧. અહીં ૨૮મા શ્લોકમાં કહ્યું છે કે ત્યાં (રૈવતકમાં) એકલવ્ય રહ્યો હતો અને દ્રોણાચાર્ય પણ લાંબો વખત રહ્યા હતા તે ધ્યાનમાં રાખવા જેવું છે. એ વાત ઐતિહાસિક લાગે છે.

तत्र रैवतको नाम पर्वतो नातिदूरतः ।
मन्दरोदारशिखरः सर्वतोऽभिविराजते ॥ २७

तत्रैकलव्यसंवासो द्रोणेनाभ्युषितश्चिरम् ।
प्रभूतपुरुषोपेतं सर्वरत्नसमाकुलम् ॥ २८

विहारभूमिस्तत्रैव तस्य राज्ञः सुनिर्मिता ।
नाम्ना द्वारवती नाम स्वायताष्टपदोपमा ॥ २९

અહીં આ નગરીને સમુદ્ર નજીક કહી છે. અને એની પાસે રૈવતક પર્વત હતો એમ કહ્યું છે. કુશસ્થલી પાસે પણ રૈવતક હતો. હરિવંશ ૨, ૫૫, ૧૧૦માં છે કે;

रैवतं च गिरिश्रेष्ठं कुरु देव सुरालयम् ।
नन्दनप्रतिमं दिव्यं पुरद्वारस्य भूषणम् ॥

અહીં રૈવતને પુરદ્વારનું ભૂષણ કહ્યો છે. એટલે રૈવત કુશસ્થલીની બહુ જ નજીક હતો.

મહાભારત સભાપર્વ ૧૩, ૪૯માં કુશસ્થલીને 'રૈવતેનોપશોભિતામ્' કહી છે.

હરિ ૨, ૮૮, ૪માં કહ્યું છે કે દ્વારકામાં રહેતા કૃષ્ણે પિંડારકમાં સમુદ્રયાત્રા કરી, એટલે એ દરિયારસ્તે પિંડારક ગયા. ત્યાં રાણીઓ સાથે ક્રીડા કરી તે વખતે એમની સાથે જે યાદવો હતા તેના વિશે કહ્યું છે. (૮૮)

केचिद्रैवतके गत्वा पुनरायान्ति भारत
गृहान्यन्ये वनान्यन्ये कांक्षितान्यरिमर्दन ।

અહીં આ બધા પિંડારક નજીક ઘરોમાં, વનોમાં અને રૈવતકમાં જતા-આવતા એમ કહ્યું છે તેથી રૈવતક પિંડારકથી બહુ દૂર ન હતો એમ સમજાય છે.

આમ, કુશસ્થલી, જેના સ્થાને જ દ્વારકા વસી તે સમુદ્રને કાંઠે હતી, એક બેટમાં હતી અને એની નજીક રૈવતક પર્વત હતો એમ સમજાય છે. રૈવતક પર્વત દ્વારકા અને પિંડારક બન્નેની નજીક હતો એમ જણાય છે.

કુશસ્થલીની આસપાસનો પ્રદેશ આનર્ત પ્રદેશ. આનર્ત તે જ દ્વારકા પ્રદેશ એમ પણ સમજાય છે. શાલ્વ દ્વારકા ઉપર ચડી આવે છે ત્યારે ત્યાંના વાસીઓને 'હે આનર્તો' કહીને સંબોધે છે. (મહા. વન. ૧૫, ૯, ૨૮) ભાગવતમાં (૧૦, ૬૭, ૮) કહ્યું છે કે જ્યાં કૃષ્ણ હતા ત્યાં આનર્ત પ્રદેશ હતો.

આ બધું બતાવે છે કે કુશસ્થલી દ્વારકાની જગ્યાએ હતી અને દ્વારકાની આસપાસનો પ્રદેશ આનર્ત હતો. હરિવંશ ૨, ૫૭, ૫૮માં કુશસ્થલીને સ્થાને દ્વારકા સ્થાપવાનું વર્ણન છે. ત્યાં લખ્યું છે કે વિશ્વકર્માના કહેવાથી શ્રીકૃષ્ણે સમુદ્રને બાર યોજન પૃથ્વી આપવાનું કહ્યું (૨, ૫૮, ૩૪–૬) અને સમુદ્રે એટલી પૃથ્વી આપી. કુશસ્થલીની ચારે બાજુ સમુદ્ર હતો એમ કહ્યું છે તેથી, સમુદ્રે બાર યોજન પૃથ્વી આપી એનો અર્થ એ થાય કે એક બાજુથી સમુદ્ર ખસી ગયો. એમ પણ બને કે સમુદ્રના અમુક ભાગને યાદવોએ, ભરતી કરીને, પૂરી દીધો અને આમ સમુદ્ર પાસેથી જમીન મેળવી.

આમ, કુશસ્થલી દ્વારકાને સ્થાને હતી અને એની આસપાસનો પ્રદેશ આનર્ત કહેવાતો તે ચોક્કસ છે. આ આનર્ત પ્રદેશ સોરઠ કે સુરાષ્ટ્રમાં ન હોય, કારણ કે હર્યશ્વ જે સુરાષ્ટ્ર ઉપર રાજ્ય કરતો હતો તે પ્રદેશ સમુદ્ર સુધી વિસ્તરતો હતો, એટલે ઠેઠ પ્રભાસ સુધી વિસ્તરતો હતો. આનર્ત આ સુરાષ્ટ્ર વિસ્તારથી જુદો હતો.

પુરાણોમાં છે કે કકુદ્મીના ભાઈઓ પુણ્યજનોના હલ્લાને કારણે નાશી ગયા. વિષ્ણુ. ૪, ૨, ૩માં આમ છે:

तच्चास्य भ्रातृशतं पुण्यजनत्रासाद्दिशो भेजे । २ ।
तदन्वयाश्च क्षत्रियास्सर्वदिक्ष्वभवन् । ३ ।

બ્રહ્માંડ ૬૩ (વાયુ.માં પણ ૮૮, ૧–૫) આમ છે:

तद् वै भ्रातृशतं तस्य धार्मिकस्य महात्मनः ।
निबध्यमानं नाराचैर्विदिशं प्राद्रवद् भयात् ॥ २ ॥
तेषां तु तद्भयाक्रान्तक्षत्रियाणां च विद्रुताम् ।
शार्याता इति विख्याता दिक्षु सर्वासु धार्मिकाः ॥ ३ ॥

આમ કુકુદ્મીના જે ભાઈઓ નાશી ગયા તેમાનાં કેટલાક ઉત્તર ગુજરાત બાજુ ગયા હશે અને તે પ્રદેશને તેમણે આનર્ત નામ આપ્યું હશે. સૌરાષ્ટ્ર વિભાગમાંથી આનર્ત નામ શ્રીકૃષ્ણના વખતથી કે તેથી જરાક પછીથી લુપ્ત થયું હશે.

## ૩

હવે, આપણે સમયાનુક્રમ વિશે થોડો વિચાર કરીએ. બ્રહ્માના માનસપુત્ર મરીચિના પુત્ર કશ્યપ હતા. એટલે કશ્યપનો નંબર ત્રીજો ગણાય. કશ્યપનો યક્ષ, તેનો રજતનાભ અને તેનો મણિભદ્ર, એટલે મણિભદ્રનો નંબર ૭ હોય, આ મણિભદ્ર કુબેરનો સેનાપતિ હતો અને રાવણના સેનાપતિ પ્રહસ્તે તેને હરાવ્યો હતો ( રામા. ૭, ૧૫ ) એટલે મણિભદ્ર રાવણનો સમકાલીન હતો. કુબેર રાવણનો મોટો ભાઈ થાય.

બ્રહ્માંડ ૩, ૭માં છે કે કશ્યપ અને ખશાનો એક પુત્ર રક્ષસ્ હતો. રક્ષસ્‌ને પ્રહેતિથી મધુ, માલ્યવાન્, સુમાલિ અને પુલોમા નામે પુત્રો હતા (૯૦–૯૧). મધુનો પુત્ર લવણ હતો. સુમાલિને કૈકસી, કેશિની, પુષ્પોત્કટા, કુમ્ભીનસી વગેરે પુત્રીઓ હતી. (૯૨ થી) કશ્યપનો નંબર ત્રીજો છે, એટલે મધુનો નંબર પાંચમો અને લવણનો નંબર છઠ્ઠો છે. લવણના સાળા હર્યશ્વનો નંબર પણ છઠ્ઠો ગણાય. વળી સુમાલિ, જેનો નંબર પાંચમો છે તેની પુત્રી કુમ્ભીનસી મધુને પરણી હતી (બ્રહ્માંડ ૩, ૭, ૯૪ થી). સુમાલિની બીજી પુત્રી કૈકસી રાવણની મા હતી. એટલે રાવણનો અને કુબેરનો નંબર છઠ્ઠો કે સાતમો હોય. એટલે હર્યશ્વ, જેનો નંબર છઠ્ઠો છે તે પણ રાવણનો અને દશરથનો સમકાલીન ગણાય. આમ મણિભદ્ર અને હર્યશ્વ પણ સમકાલીન ગણાય.

કશ્યપના પુત્ર વિવસ્વાનનો પુત્ર મનુ વૈવસ્વત હતો. મનુનો નંબર પાંચમો છે. મનુનો શર્યાતિ ( ૬ ), તેનો આનર્ત ( ૭ ), તેનો રૈવત ( ૮ ) અને તેનો રૈવત કકુદ્મી. કકુદ્મીનો નંબર નવમો છે.

મણિભદ્રનો નંબર છઠ્ઠો છે. એના ૨૪ પુત્રોનો નંબર સાતમો ગણાય, અને એના પુત્રો અને પૌત્રો, જે પુણ્યજનો કહેવાતા, તેમના નંબર આઠ અને નવ ગણાય, કકુદ્મીનો નંબર પણ નવમો છે. એટલે નવમા નંબરના વખતમાં પુણ્યજનોએ કુશસ્થલીને જીતી હતી. આ કાળ રાવણથી ત્રીજા નંબરનો છે, એટલે એ કાળ રામપુત્ર કુશના પછી તરતનો હોવો જોઈએ.

હરિવંશમાં ભીમના પુત્ર અન્ધકની વાત કરતાં કહ્યું છે કે અન્ધક, કુશના વખતમાં રાજ્ય ઉપર આવ્યો હતો. હરિવંશમાં આ અન્ધકના પુત્રને રેવત કહ્યો છે.

अन्धकस्य सुतो जज्ञे रेवतो नाम पार्थिवः ।
ऋक्षोऽपि रेवताज्जज्ञे रम्ये पर्वतमूर्धनि ॥ २, ३८, ४४

ततो रैवत उत्पन्नो पर्वतः सागरान्तिके ।
नाम्ना रैवतको नाम भूमौ भूमिधरः स्मृत. ॥ ४५ ॥

અહીં અન્ધકના પુત્રને રેવત કહ્યો છે અને એના પુત્રને ઋક્ષ કહ્યો છે. આ રેવત તે આનર્તપુત્ર રેવત હોય ખરો ? રેવત કકુદ્મીનું ખરું નામ ઋક્ષ પણ હોય, એના નામ ઉપરથી રૈવતકનું નામ પડયું એમ અહીં કહ્યું છે. હર્યશ્વનો નંબર ૭ છે, યદુનો સાત, ભીમનો આઠ, અને અન્ધકનો નંબર નવ હોય. કકુદ્મીનો નંબર પણ નવ છે. કદાચ અન્ધકે રેવતને કે રૈવત કકુદ્મીને દત્તક લીધો હોય. રેવતના પુત્ર રૈવતના વખતમાં પુણ્યજનોએ કુશસ્થલીને જીતી. ખરેખર તો ક્રમ આમ છે: (૧) પુણ્યજનોએ કુશસ્થલી જીતી. (૨) પુણ્યજનોને રુક્મિએ ભગાડયા અને કુશસ્થલીને ઉજ્જડ કરી, અને (૩) કૃષ્ણે કુશસ્થલીની જગ્યાએ દ્વારકા વસાવી. તે પછી કકુદ્મી બ્રહ્મલોકમાંથી પાછો આવ્યો. એટલે આ ત્રણે બનાવો એની ગેરહાજરીમાં બન્યા. પુણ્યજનોએ નવમા નંબરના વખતમાં કુશસ્થલીને જીતી. કકુદ્મીનો અને અન્ધકનો નંબર નવ છે. એટલે અન્ધક અને કકુદ્મી તેમ જ તેનો પિતા રેવત સમકાલીનો હતા. એટલે અન્ધકે રેવતને દત્તક લીધો હોય તેમ બને. એમ જો હોય તો, આ કાળે એટલે કકુદ્મી બ્રહ્મલોકમાં ગયો તે પહેલાં થોડા કાળે આનર્તનો પ્રદેશ યદુના વંશના હાથમાં આવ્યો ગણાય. હર્યશ્વનો વંશ યયાતિના વંશ સાથે ભળ્યો અને તે પછી એ વંશ યાદવવંશ કહેવાયો. આ યાદવોમાંનો એક અન્ધકવંશ પણ યાદવવંશ બની ગયો અને આમ આનર્ત યદુના વંશમાં આવ્યો. મધુએ હર્યશ્વને સુરાષ્ટ્રનું રાજ્ય આપતી વખતે ભવિષ્ય કહ્યું હતું (૨, ૩૨, ૩૨):

आनर्तं नाम ते राष्ट्रं भविष्यत्यायतं महत् ।
तद् भविष्यमहं मन्ये कालयोगेन पार्थिव ॥

હમણાં તો તારી પાસે સુરાષ્ટ્રનું રાજ્ય છે, જેની રાજધાની ગિરિનગર છે, પણ કુશસ્થલી જેની રાજધાની છે એવો આનર્ત પ્રદેશ પણ ભવિષ્યમાં (કાળે કરીને) તારા વંશમાં આવશે. હર્યશ્વ પછી ત્રીજા નંબરના અન્ધકના વખતમાં, અન્ધકે રેવતને દત્તક લીધો હોય તો આ ભવિષ્યકથન એને અનુલક્ષીને છે એમ ગણાય. આપણે જોયું કે મધુનો નંબર પાંચમો છે. મનુ વૈવસ્વતનો નંબર પણ પાંચમો છે. એટલે મનુના વખતમાં સુરાષ્ટ્ર મધુ દૈત્યના તાબામાં હતું. તેની પહેલાં ત્યાં કોની હકૂમત હતી તેના વિશે આપણે કશું જાણતા નથી. મધુની રાજધાની

આજના મથુરા પાસે હતી અને એના પ્રદેશને મધુવન કહેતા. માન્ધાતાએ જ્યારે હર્યશ્વને કાઢી મૂક્યો ત્યારે હર્યશ્વ મધુ પાસે આવ્યો. હર્યશ્વનો નંબર ૭ છે. મધુએ હર્યશ્વને, મધુવન સિવાયનો પોતાનો બધો પ્રદેશ આપ્યો. એ પ્રદેશને સુરાષ્ટ્ર કહેતા. મથુરાથી હર્યશ્વ સીધો સુરાષ્ટ્રમાં આવ્યો હોય તો પાલણપુર, ઝાલાવાડ થઈ સીધો સોરઠમાં આવ્યો હોય. તો કદાચ એ બધો પ્રદેશ મધુના તાબામાં હોય. પણ એટલું તો ચોક્કસ છે કે જેને સુરાષ્ટ્ર કહેતા તે પ્રદેશ આજના સોરઠને તો આવરી જ લેતો હોવો જોઈએ. સુરાષ્ટ્ર પ્રદેશની રાજધાની ગિરિનગર હતી અને એ પ્રદેશ સમુદ્ર સુધી વિસ્તરતો હતો એટલે પ્રભાસ સોમનાથનો પ્રદેશ એમાં આવી જતો એમ માનું છું. આ પ્રદેશને આભીરપ્રાય અને ગોસમૃદ્ધ કહ્યો છે, તે પણ એ સોરઠ હોય એમ બતાવે છે. યદુના પુત્રે માધવપુર વસાવ્યું હોય તો માધવપુરનો પ્રદેશ પણ એમાં જ આવી જાય. એટલે, આજનો ઘણોખરો સોરઠ વિસ્તાર, ઠેઠ સમુદ્ર સુધીનો, સુરાષ્ટ્રમાં આવી જતો અને એના ઉપર હર્યશ્વ વંશનું રાજ્ય હતું.

આનર્ત પ્રદેશ સુરાષ્ટ્રથી જુદો હતો અને એના ઉપર આનર્તવંશનું રાજ્ય હતું. સુરાષ્ટ્રની રાજધાની ગિરિનગર હતી અને આનર્તની રાજધાની કુશસ્થલી હતી તે બહુ જ સ્પષ્ટ છે. એટલે તે વખતનો આનર્ત સુરાષ્ટ્રથી, એટલે આજના સોરઠથી જુદો હતો તે પણ સ્પષ્ટ છે. સાતમા નંબર વખતે બન્ને પ્રદેશો જુદા જુદા રાજાના તાબામાં હતા તેથી પણ બન્ને જુદા પ્રદેશો હતા એમ ઠરે છે. આમ આનર્ત સોરઠથી જુદો હતો એટલે કુશસ્થલી સુરાષ્ટ્રની બહારના પ્રદેશમાં હતી. આનર્તની રાજધાની કુશસ્થલીની જગ્યાએ જ દ્વારકા વસ્યું હતું એટલે એ દ્વારકા સુરાષ્ટ્રમાં (સોરઠ) ન હોઈ શકે. સોરઠની બહારના પ્રદેશમાં આવેલું દ્વારકા આજનું ઓખામંડળનું દ્વારકા જ હોય. રૈવતક કુશસ્થલી પાસે હતો એમ આપણે ઉપર જોયું, એટલે જો કુશસ્થલી સુરાષ્ટ્રની બહાર હોય તો રૈવતક પણ સુરાષ્ટ્રની બહાર હોય. તેથી આજનો ગિરનાર, આનર્ત-રૈવતના વખતનો રૈવતક ન હોઈ શકે. આપણે જોયું કે રૈવતક આજની દ્વારકા પાસે હતો. પિંડારક આજની દ્વારકા પાસે હોવો જોઈએ. આજની દ્વારકા પાસેની કોઈ ધારને કે ટેકરીને રૈવતક કહેતા હોય તો ન બને તેવું નથી. આનર્તપુત્ર રૈવતના વખતમાં એ ટેકરીનું નામ રૈવતક પડયું હોય અને પછી જ્યારે આનર્ત અને સુરાષ્ટ્ર એક જ હકુમત નીચે આવી ગયા ત્યારે મોટા ગિરનારના એકાદ ભાગને પણ રૈવતક નામ અપાયું હોય એમ બને. કુશસ્થલી ચારે બાજુ સમુદ્રથી વીંટળાયેલી હતી. આજની દ્વારકાને પણ એક વખત સમુદ્ર ફરી વળતો હોય તો તે શકય છે. આમ સુરાષ્ટ્રથી જુદા આનર્ત પ્રદેશમાં આવેલી કુશસ્થલીની જગ્યાએ વસેલી દ્વારકા આજની દ્વારકા હોવાનો સંભવ વધારે છે.

સુરાષ્ટ્રમાં મધુ પછી હર્યશ્વ, પછી યદુ, પછી માધવ અને પછી અન્ધકનું રાજ્ય હતું. અન્ધકનો નંબર નવ છે. એમ પણ બને કે ભીમ, મથુરા જીતી ત્યાં વસ્યો પછી, સુરાષ્ટ્રમાં માધવ અને અન્ધક બન્ને રહ્યા હોય અને સુરાષ્ટ્રના કદાચ બે ભાગ પડી ગયા હોય. જે હોય તે, પણ અંધકના વખત સુધી સુરાષ્ટ્રમાં હર્યશ્વવંશ (હરિવંશ) રાજ્ય કરતો હતો. તે પછી કૃષ્ણના વખત સુધી આનર્તસુરાષ્ટ્રમાં આ હરિવંશ જ રાજ્ય કરતો હતો.

આનર્ત પ્રદેશના પહેલા રાજા તરીકે આપણે આનર્તને જાણીએ છીએ. આનર્તનો નંબર


૧. બ્રહ્મા
૨. મરીચિ
૩. કશ્યપ
(ખશાથી)
૪. યક્ષ (ગુહ્યક)
(પંચચૂડા + ક્રતુસ્થલાથી)
૫. રજતનાભ
(અનુહ્લાદપુત્રી મણિવરાથી)
૬. મણિવર
(ક્રતુસ્થપુત્રી
દેવજની)
૬. મણિભદ્ર
(ક્રતુસ્થપુત્રી
પુણ્યજનીથી)
૭. ચોવીસ પુત્રો
૮. પુત્રો
૯. પૌત્રો
(ખશાથી)
૪. રક્ષસ (પ્રહેતિથી)
૫. મધુ
૫. માલ્યવાન
૫. સુમાલિ
૫. પુલોમા
(લુમ્ભીનસીથી)
૬. લવણ
(હર્યશ્વનો
સાળો)
* * *
૬. હર્યશ્વ
૭. યદુ (યયાતિપુત્ર, દત્તક)
૮. ભીમ
માધવ
અંધક (રૈવતને દત્તક લીધો)
૬. કૈકસી
કેશિની
કુમ્ભીનસી
પુષ્પોત્કટા
(વિશ્રવાથી)
૬. રાવણ, વિભીષણ, કુંભકર્ણ, શૂર્પણખા
(દિતિથી)
૪. હિરણ્યકશિપુ
૫. પ્રહ્લાદ,
અનુહ્લાદ
વગેરે
(અદિતિથી)
૪. વિવસ્વાન
૫. મનુ
૬. શર્યાતિ
૭. આનર્ત
૮. રૈવત
૯. રૈવત કકુદ્મી
૧૦. રેવતી
(બલરામને
પરણી)

સાત છે. આનર્ત—રેવત—કકુદ્મી—આ ત્રણ કુશસ્થલી અને આનર્તના રાજા હતા, એટલે નવમા નંબર સુધી આનર્ત આનર્તવંશના હાથમાં હતો. અંધકે જો રેવતને દત્તક લીધો હોય તો આઠમા નંબરના વખતમાં આનર્ત—સુરાષ્ટ્ર એક રાજા નીચે આવ્યા હોય. કૃષ્ણે જ્યારે કુશસ્થલીને સ્થાને દ્વારકા વસાવી ત્યારે તો આનર્ત અને સુરાષ્ટ્ર બન્ને એક રાજા નીચે જ હતાં. એ વખતે કકુદ્મીના વંશજો આર્નત છોડી ઉત્તર ગુજરાતમાં ચાલ્યા ગયા હતા. એટલે સુરાષ્ટ્ર—આનર્ત ઉપર યાદવોનું જ આધિપત્ય એ વખતે હતું. છેવટે કકુદ્મીએ પોતાની પુત્રી રેવતી (નંબર ૧૦) બલરામને પરણાવી ત્યારે અને પોતે તપ કરવા ચાલ્યો ગયો ત્યારે આનર્તમાં, આનર્તવંશીઓ ન રહ્યા. જો કે એ પ્રદેશ થોડા વધારે વખત સુધી આનર્ત કહેવાતો રહ્યો હતો એમ લાગે છે. રુદ્રદામાના લેખમાં આનર્ત-સુરાષ્ટ્ર છે તે પણ સૂચક ગણાય.

યદુના પુત્રો તે યાદવો. યદુનો નંબર સાતમો છે. એટલે, યાદવો, સુરાષ્ટ્ર વિભાગમાં શ્રીકૃષ્ણથી ચારપાંચ પેઢી પહેલાં આવ્યા હતા. આ યાદવો ઠેઠ કોલ્હાપુર, વિન્ધ્ય અને સાતપુડા સુધી વિસ્તર્યા હતા.

હર્યશ્વ અને યદુએ માત્ર સુરાષ્ટ્રમાં જ રાજ્ય કર્યું. આનર્ત, રેવત અને કકુદ્મીએ માત્ર આનર્તમાં જ રાજ્ય કર્યું. યદુપુત્ર ભીમ સુરાષ્ટ્ર છોડી મથુરા જઈ વસ્યો. યદુપુત્ર માધવ સુરાષ્ટ્રમાં જ રહ્યો. અંધકના વખતમાં સુરાષ્ટ્ર-આનર્ત એક થયા. વચમાં થોડો વખત આનર્તમાં પુણ્યજનો રંજાડ કરી ગયા. એને રુકમીએ હાંકી કાઢ્યા અને કુશસ્થલી ઉજ્જડ થઈ પછી તરત એ જગ્યાએ શ્રીકૃષ્ણે દ્વારકા વસાવી. શ્રીકૃષ્ણનો નંબર ૧૧મો કે ૧૨મો છે.

સુરાષ્ટ્ર-આનર્તનો આ પ્રાચીનતમ ઇતિહાસ છે.

# સર્વમિત્ર શ્રીકૃષ્ણ

**ઉપેન્દ્રરાય જ. સાંડેસરા**

શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાં વિદુરને ત્યાં ઊતર્યા. ( ભોજન, આરામ વગેરે કર્યા પછી યુધિષ્ઠિરે કરેલી ભલામણ અનુસાર ) પાછલા પહોરે ફોઈ કુન્તીને મળવા ગયા. નિર્મળ સૂર્ય જેવા તેજસ્વી શ્રીકૃષ્ણને આવેલા જોઈ ને કુન્તી તેમની કોટે બાઝી પડચાં. પાંડવોનું સ્મરણ કરીને રડવા લાગ્યાં. પોતાના સત્ત્વશીલ પુત્રોની સાથે ફરનારા શ્રીકૃષ્ણને લાંબે ગાળે જોઈને પૃથાની આંખમાંથી અશ્રુ વહેવા માંડચાં. શ્રીકૃષ્ણનો અતિથિસત્કાર કર્યો. સત્કાર પતી ગયા પછી શ્રીકૃષ્ણ બેઠા. કુન્તીએ શોષ પડતા અને આંસુઓથી ગદ્દગદ્દ થયેલા કંઠે દિલ ખોલ્યું; 'જેઓ બાળપણથી જ વડીલોની સેવામાં તત્પર છે, પરસ્પર સૌહાર્દભાવ, માનવૃત્તિ અને સમબુદ્ધિવાળા છે; જનસમાજમાં રહેવા લાયક છતાં દગલબાજીને લીધે નિર્જન અરણ્યમાં ગયા છે; ક્રોધ અને હર્ષ ઉપર કાબૂ રાખનારા છે; પવિત્ર અને સત્યવાદી છે; તે મારા દીકરાઓ પ્રિય સુખોને ત્યજીને અને મને રડતી મૂકીને વનમાં ગયા ત્યારથી મારું હૃદય સમૂળગું તૂટી ગયું છે. વાઘ, સિંહ અને હાથીથી ભરપૂર વનમાં એ પાંડવો કેવી રીતે રહ્યા હશે ? પિતા ગુમાવી બેઠેલાં મારાં એ બાળકોને મેં સતત લાડ લડાવ્યાં હતાં. એમણે માબાપને જોયા વિના વનમાં કેવી રીતે દિવસ વીતાવ્યા હશે ? બાળપણમાં જેઓ રંકુ મૃગનાં સુંવાળાં ચર્મો બિછાવેલી શય્યામાં સૂતા હતા; જેઓ શંખ, મૃદંગ, વેણુ અને ભેરીનાં નાદ; હાથીઘોડાના હણહણાટ; રથની નેમિઓના ઘરઘરાટ;

---

૧ ह्रीमान्सत्यधृतिर्दान्तो भूतानामनुकम्पिता ।
**कामद्वेषौ वशे कृत्वा सतां वर्त्मानुवर्तते ॥ ५-८८-१८.**

આ શ્લોકમાં 'ગ'નું મહત્ત્વનું પાઠાંતર कामक्रोधौ वशे कृत्वा°

( ૧ ) ( સર° ) યુધિષ્ઠર કામ-દ્વેષને જીતનાર છે; એ સાથે કૌરવો કામક્રોધના અનુયાયી—અનુસરનારા છે તે. શ્રીકૃષ્ણને વાટાઘાટ કરવા ન જવું એમ કહેતા વિદુરના શબ્દો :

तेष्वेवमुपपन्नेषु कामक्रोधानुवर्तिषु ।
समर्थमपि ते वाक्यमसमर्थं भविष्यति ॥ ५-९०-२०.

( ૨ ) એ જ રીતે અનાર્ય દુર્યોધને દ્રૌપદીને સભામાં સતાવી તેનું શ્રીકૃષ્ણ આગળ વર્ણન કરતાં કુન્તીએ કહ્યું હતું :

आनायितामनार्येण क्रोधलोभानुवर्तिना । ५-८८-५०કખ.

( ૩ ) સર° આર્યત્વનું લક્ષણ :

आर्यता नाम भूतानां यः करोति प्रयत्नतः ।
शुभं कर्म निराकारो वीतरागत्वमेव च ॥ १२-१५६-१८.

જે ગુણથી વીતરાગ થઈને શૂન્યવત્ બનીને પ્રયત્નપૂર્વક પ્રાણીઓનું કલ્યાણ કરવામાં આવે છે તે ગુણનું નામ આર્યત્વ, આર્યપણું.

બ્રાહ્મણોની મંગલવાણી, માગધ–બન્દી–સૂતોનાં અભિનન્દનો અને સ્ત્રીઓનાં મધુર ગીતો સાંભળતાં સાંભળતાં જાગ્રત થતા હતા. જાગ્યા પછી તેઓ વસ્ત્ર, રત્ન અને અલંકારોથી બ્રાહ્મણોનો સત્કાર કરતા હતા, એ મારા પુત્રોને હિંસક પશુઓની ગર્જનાઓ સાંભળીને ઊંઘ પણ નહિ આવી હોય !...કૃષ્ણ ! હ્રીમાન, સત્યનિષ્ઠ, જિતેન્દ્રિય, પ્રાણીઓ ઉપર દયા રાખનાર, રાગ-દ્વેષને જીતીને સંતોના (= શિષ્ટોના) માર્ગને અનુસરનાર; અંબરીષ, માંધાતા, યયાતિ, નહુષ, ભરત, દિલીપ અને શિબિ જેવા (મહાન) પ્રાચીન રાજર્ષિઓને પણ ખેંચવી કઠણ પડે એવી રાજ્યધુરાનું (સરસ રીતે) વહન કરનાર; સર્વગુણસંપન્ન, ત્રણે લોકનો રાજા થવા લાયક, અજાતશત્રુ, ધર્માત્મા, શુદ્ધ જામ્બુનદ સોના જેવી કાંતિવાળો; ધર્મ, વિદ્વત્તા અને ચારિત્ર્યમાં સર્વ કૌરવોમાં શ્રેષ્ઠ, પ્રિયદર્શન, દીર્ઘબાહુ યુધિષ્ઠિર કેવી સ્થિતિમાં છે? મધુસૂદન ! જે દશ હજાર હાથીના બળવાળો, વાયુવેગી, સદાય અસહનશીલ, ભાઈઓને પ્રિય તથા ભાઈઓનું પ્રિય કરનારો છે; જેણે કીચક, હિડિંબ, બક, ક્રોધવશ જાતિના ગણો વગેરેને મારી નાખ્યા છે; આમ દેવો જેવો પરાક્રમી છતાં જે ક્રોધ, બલ અને અમર્ષ (અસહનશીલતા)ને કાબૂમાં રાખીને વડીલ બંધુ યુધિષ્ઠિરની આજ્ઞામાં રહે છે; એવો તેજ અને બળના પુંજ જેવો, અમિત ઓજસ્વી, નામે ભીમ અને દેખાવે પણ ભીમ એવો વૃકોદર અત્યારે કેવી હાલતમાં છે તે મને કહો. અચ્યુત કેશવ ! પરિઘ (ભોગળ) જેવા બાહુવાળો મધ્યમ (વચેટ) પાંડવ, જે પોતે બે બાહુવાળો હોવા છતાં, પુરાણા કાળમાં થઈ ગયેલા સહસ્રબાહુ અર્જુન (સહસ્રાર્જુન) સાથે કાયમ સ્પર્ધા કરે છે, જે એકસરખા વેગથી પાંચસો બાણો ફેંકે છે,[૨] ધનુર્વિદ્યામાં જે કાર્તવીર્ય (અર્જુનના) સમાન છે; જે તેજમાં આદિત્ય જેવો, સંયમમાં મહર્ષિ જેવો, સહનશીલતામાં (ક્ષમામાં) પૃથ્વી જેવો અને પરાક્રમમાં મહેન્દ્ર જેવો છે; જેના પરાક્રમથી કૌરવોને સમ્રાટપદ મળ્યું છે; જેના પ્રચંડ બાહુબળને પાંડવો ઉપાસે છે, તે સર્વરથિશ્રેષ્ઠ સત્યવિક્રમી, દેવોને ઇન્દ્રની જેમ, પાંડવોનો આશ્રય છે, તે તમારો ભાઈ અને સખા ધનંજય હમણાં શું કરે છે"?[૩] (૫-૮૮-૧ થી ૩૩). કુન્તીએ ત્યારપછી પ્રાણીમાત્ર પ્રત્યે

---

૨ आस्ते परिघबाहुः स मध्यमः पाण्डवोऽच्युत ।
अर्जुनेनार्जुनो यः स कृष्ण बाहुसहस्रिणा ।
द्विबाहुः स्पर्धते नित्यमतीतेनापि केशव ॥ ५-८८-२८.

क्षिपत्येकेन वेगेन पञ्च बाणशतानि यः ।
इष्वस्त्रे सदृशो राज्ञः कार्तवीर्यस्य पाण्डवः ॥ ५-८८-२९.

કુન્તીના આ શબ્દો સાથે સર૦ ધૃતરાષ્ટ્રના અર્જુન માટેના શબ્દો, ૫-૫૯-૧૬ થી ૧૯. ત્યાં ધૃતરાષ્ટ્ર કુન્તીની જેમ જ, અર્જુનને કાર્તવીર્યની સાથે સરખાવે છે.

આ ઉપરથી એમ માની શકાય કે (૧) પુરાણાકાળનો સહસ્રાર્જુન એકધારા વેગથી પાંચસો બાણો ફેંકી શકતો હશે, અર્થાત્ એક હજાર હાથનું કાર્ય થાક્યા વિના કરી શકતો હશે માટે સહસ્રાર્જુન કહેવાતો હશે. (૨) અર્જુનના અક્ષય ભાથાઓમાં ઓછામાં ઓછાં ૫૦૦ બાણ રહી શકતાં હશે. તેથી અર્જુન પૂરતી તાકાતથી બાણો ફેંકી શકતા હોય ત્યાં સુધી તો ભાથા 'અખૂટ' જ હોય.

૩ स ते भ्राता सखा चैव कथमद्य धनंजयः ॥ ५-८८-३३गघ.

કુન્તીએ શ્રીકૃષ્ણાર્જુનમૈત્રીનો ખાસ નિર્દેશ કર્યો છે, તે સૂચક છે.

દયાળુ, સુકુમાર શૂરવીર, સેવાભાવી, ધર્માર્થકુશળ અને સચ્ચારિત્ર્યશીલ સહદેવ, તથા સુકુમાર, રૂપાળા, શૂરવીર, સર્વ ભાઈઓને પોતાના જીવ જેવા વહાલા અને જેને આંખના એક પલકારા જેટલો વખત ન જુએ તો પોતે અધીરાં થઈ જતાં તે અત્યંત વહાલા પુત્ર નકુલની કુશળતા પૂછી[૪]. (૫-૮૮-૩૪ થી ૪૦); અને પછી તો સર્વ પુત્રોથીય પ્રિયતમા પુત્રવધૂ દ્રૌપદીના કુશળ સમાચાર પૂછતાં એ પ્રેમાળ સાસુએ શ્રીકૃષ્ણને કહ્યું: 'જે દ્રૌપદી મને સર્વ પુત્રોથી પણ અધિક વહાલી (પ્રિયતમા) છે,[૫] જે કુલીન, શીલસંપન્ન અને સર્વ સદ્‌ગુણોના વિકાસવાળી છે, જે પ્રિય પુત્રોને છોડીને પતિઓની સાથે રહે છે,[૬] એવી મહાન કુલમાં જન્મેલી, સામ્રાજ્ઞી (ઈશ્વરી), સર્વકલ્યાણમયી દ્રૌપદી શું કરે છે?......(આવી મહત્તાવાળી) સત્યવાદિની દ્રૌપદીને પણ સદા સુખ મળ્યું નથી, એટલે પુણ્ય કર્મો કરવાથી માણસને સુખ મળે જ, એવું કંઈ નથી. મને દ્રૌપદી કરતાં અર્જુન, યુધિષ્ઠિર, ભીમ કે નકુલ–સહદેવ સુદ્ધાંય વધુ વહાલા નથી. તેવી મારી પ્રિય દ્રૌપદીને તે જ્યારે રજસ્વલા હતી ત્યારે ક્રોધ–લોભને અનુસરનારા અનાર્ય દુર્યોધને સભામાં સસરાઓની સામે ઊભી કરી હતી. સભામાં એક વસ્ત્રવાળી અને મારી પ્રિયતમા પુત્રવધૂને (લાજશરમ વિનાના) સૌ કૌરવો જોઈ રહ્યા હતા. આ બનાવથી મને જે (અકથ્ય) દુઃખ થયું હતું, તેનાથી વધારે મોટું દુઃખ મને ક્યારેય પડયું નથી. જો કે એ વખતે ધૃતરાષ્ટ્ર, બાહ્લિક, કૃપ, સોમદત્ત અને (બીજા કેટલાક) કૌરવો ખિન્ન થયા હતા, પણ હું તો સૌ સભાસદોમાં ક્ષત્તા વિદુરને જ પૂજું છું. કારણ કે પુરુષ ધન કે (સદાચાર વિનાની) વિદ્યાથી આર્ય થતો નથી, પણ સચ્ચારિત્ર્યથી આર્ય બને છે. **કૃષ્ણ! તે ગંભીર, મહાબુદ્ધિશાળી મહાત્મા વિદુરનું**

---

૪ सुखोचितमदुःखार्हं सुकुमारं महारथम् ।
अपि जातु महाबाहो पश्येयं नकुलं पुनः ॥ ५-८८-४०

पक्ष्मसंपातजे काले नकुलेन विनाकृता ।
न लभामि सुखं वीर साद्य जीवामि पश्य माम् ॥ ५-८८-४१.

નકુલ-સહદેવ એ અપર પુત્રો પ્રત્યે અપર માનો, સગા પુત્રો કરતાંય ચઢિયાતો અપત્ય પ્રેમ કુન્તીના આભિજાત્યનું એક તેજસ્વી પાસું દર્શાવે છે.

૫ सर्वैः पुत्रैः प्रियतमा द्रौपदी मे जनार्दन ।
कुलीना शीलसंपन्ना सर्वैः समुदिता गुणैः ॥ ५-८८-४२.

કુન્તીના દ્રૌપદી પ્રત્યેના, સાસુના વહુ પ્રત્યેના આ અદ્‌ભુત સ્નેહનું દર્શન કર્યા પછી, સાંપ્રત હિન્દુસમાજમાંના મોટાભાગના સાસુ-વહુના સંબંધો જોતાં, એ સમાજની દયા ખાવાનું મન થાય છે.

૬ पुत्रलोकात्पतिलोकान्वृण्वाना सत्यवादिनी ।
प्रियान्पुत्रान्परित्यज्य पाण्डवानन्वपद्यत ॥ ५-८८-४३.

પુત્રોનો સહવાસ છોડીને પતિસહવાસ પસંદ કરવામાં દ્રૌપદી માતૃપ્રેમની લાગણીનો નિગ્રહ કરે છે, એટલું જ નથી. પરન્તુ વસ્ત્રાહરણનો દુઃખદ બનાવ બન્યા પછી એ કઠોર બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતી હતી એવો નિર્દેશ મળે છે, તેથી તેના આ વર્તન પાછળ રહેલ સંયમનું અને તપનું ઓજસ્ સવિશેષ ઝળકી ઊઠે છે. [જુઓ 'સ્વાધ્યાય' સં. ૨૦૨૩, અક્ષયતૃતીયા અંકમાં 'દ્રૌપદીવસ્ત્રપૂરણનું અર્થઘટન' (ભો. જ. સાંડેસરા), અને ત્યાં ૯-૪-૯, ૧૬ થી ૧૯ અને ૫-૧૩૭-૧૮નો સંદર્ભ.]

**શીલ એ જ એમનો અલંકાર છે, અને તે ( શીલ ) જગતનો આધાર થઈને રહ્યું છે.**[૭] ( ૫-૮૮-૪૧ થી ૫૩ ).

આમ ગોવિન્દ મળવા આવ્યા એટલે કુન્તી ( મિલનના ) હર્ષ અને ( પુત્રોના સ્મરણના) શોકના મિશ્ર ભાવોથી ભરપૂર થઈ ગયાં, અને પુનઃ કૌરવોનું કપટદ્યૂત, દ્રૌપદીનું અપમાન અને પાંડવોનું નિર્વાસન વગેરેનો બળાપો કાઢ્યો. ઘોર નિરાશાના આવેગમાં તણાઈને પોતાની હાલની દુર્દશા માટે પોતાને ( પોતાનાં કર્મ કે નસીબને ) અથવા દુર્યોધનને દોષ નહિ દેતાં, 'धनं धूर्तैरिवार्पिता । ( જેમ હારેલો ) જુગારી ધન આપી દે ' એમ કુન્તીભોજને દત્તક આપી દેનાર

---

૭ तस्यां संसदि सर्वस्यां क्षत्तारं पूजयाम्यहम् ।
वृत्तेन हि भवत्यार्यो न धनेन न विद्यया ॥ ૫-૮૮-૫૨.

तस्य कृष्ण महाबुद्धेर्गम्भीरस्य महात्मनः ।
क्षत्तुः शीलमलंकारो लोकान्विष्टभ्य तिष्ठति ॥ ૫-૮૮-૫૩.

આર્યત્વ અને અને અનાર્યત્વ વિશેનો આ કવિનો—વેદવ્યાસનો અભિપ્રાય છે, અને તે મૂળ અર્થ છે. તેથી ૫–૮૮–૫૦માં કુન્તી દુર્યોધનને અનાર્ય કહે છે. (જુઓ ઉપર નોંધ ૧). ઊંચનીચભાવનાં જાળાં-ઝાંખરામાં અટવાઈને એ જાતિ વાચક બન્યો હોય એવું આધુનિક ઇતિહાસવિદોને થોડાંક ઝીણાંમોટા કારણોસર ભાસ્યુ' જણાય છે—સાફ અને દૃઢ પ્રમાણો હોવા છતાં.

આપણા વિખ્યાત સાંસ્કૃતિક પરિવ્રાજક અને સમાજશાસ્ત્રી કાકાસાહેબ કાલેલકરનું આ અવતરણ સર૦

' જે કંઈ કરતાં અથવા કર્યા પછી માણસને શરમ ઉપજે તે અનાર્ય આચરણ છે. કયાં શરમાવું અને શા કારણે શરમ ઊપજવી જોઈએ એનું વ્યાખ્યાશુદ્ધ શાસ્ત્ર થઈ શકતું નથી. માણસમાં આર્યભાવ હોય તો તેને અંદરથી આપોઆપ જ ઊગી આવે છે કે ગમે તેટલું નુકશાન થાઓ, પ્રાણ પણ જાઓ, પણ અમુક વાત તો આપણે હાથે નહીં જ બને, બનવી જ ન જોઈએ. આર્યપ્રવૃત્તિમૂલક આ લાજ અથવા શરમને હ્રી નામ આપેલું છે. આ હ્રી જેનામાં નથી તે નિર્લજ્જ, દાંડ અથવા નાગો કહેવાય છે.' 'ગીતાધર્મ' ( કાકાસાહેબ કાલેલકર ), પૃ. ૫૭.

'દરેક સમાજમાં આ હ્રીનું પ્રમાણ એકસરખું દેખાતું નથી. જેનામાં આ હ્રીનો ઉદય થયો નથી તેને આપણે અનાર્ય કહીએ છીએ અને જેનામાં હ્રીનું તેજ જોરાવર હોય છે તેને આર્ય કહીએ છીએ.

'( આધુનિક ઇતિહાસકારોએ આર્ય અને અનાર્ય શબ્દોનો જાતિવાચક અર્થ કરી નાખ્યો છે! મૂળ શબ્દ નીતિવાચક અને સંસ્કૃતિવાચક હતો. ) " ગીતાધર્મ " (કાકા કાલેલકર) બીજી આવૃત્તિ, પૃ. ૬૦.

( ૨ ) સર૦ વિદુરના પોતાના શબ્દોમાં શીલની મહત્તા,

शीलं प्रधानं पुरुषे तद्यस्येह प्रणश्यति ।
न तस्य जीवितेनार्थो न धनेन न बन्धुभिः ॥ ૫-૩૪-૪૬.

આર્યશીલ અને આર્યત્વ વિશે મહાભારતનાં કેટલાંક મહત્ત્વનાં સુભાષિતો અને વિચારો માટે જુઓ 'ભારત-રત્ન' ( ઉ. જ. સાંડેસરા ), બીજી આવૃત્તિ, પૃ. ૧૧૦, ૪૮૮, ૪૮૯.

પોતાના પિતા (=વસુદેવ અને કુન્તીના પિતા શૂર. શ્રીકૃષ્ણના દાદા)ને દોષ આપ્યો.[૮] વળી **અર્જુન**ના જન્મ વખતે થયેલી આકાશવાણીનો ઉલ્લેખ કરીને કહ્યું : 'સવ્યસાચી અર્જુનના જન્મની રાત્રે (આકાશ) વાણીએ મને કહ્યું હતું કે, 'તારો પુત્ર જગજ્જેતા થશે. તેનો યશ સ્વર્ગ સુધી વિસ્તરશે. સંગ્રામમાં કૌરવોને મારીને રાજ્ય મેળવશે અને ભાઈઓની સાથે ત્રણ અશ્વમેધ કરશે. હું એ (અગોચર) વાણીની અસૂયા કરતી નથી. હું તો (પ્રત્યક્ષ) ધર્મ, સ્રષ્ટા અને મહાન કૃષ્ણને નમસ્કાર કરું છું, કારણ કે ધર્મ પ્રજાનું નિત્ય ધારણ કરે છે (એવું કહેવાય છે). હે વાર્ષ્ણેય! જો ધર્મ હશે તો આ આગાહી સાચી જ પડશે. અને કૃષ્ણ! તમે પણ તે જ પ્રમાણે બધું મેળવી આપશો.[૯] માધવ! વૈધવ્ય, ધનનાશ અને વૈરથી મને જેવો શોક નથી થતો એવો શોક પુત્રો વિના રહેવું પડે છે તેનાથી થાય છે. ગાંડીવધન્વા અર્જુનને પણ હું જોઈ શકતી નથી, તો પછી મારા હૃદયને કેવી રીતે શાંતિ થાય? આજ ચૌદ ચૌદ વર્ષ વીતી ગયાં પણ યુધિષ્ઠિર, અર્જુન, નકુલ–સહદેવ અને પેલા ભીમસેનને પણ મેં દીઠો નથી! મરી ગયેલાનું તો મનુષ્યો શ્રાદ્ધ કરે છે (અને તર્પણ કર્યાનો સંતોષ લે છે), પણ (આ તો અમે સૌ જીવીએ છીએ) છતાં વ્યવહારમાં તો મારે માટે તેઓ અને તેમને માટે હું મરેલાં છીએ!' (૫-૮૮-૫૭ થી ૭૧), એ પછી પારકે આશ્રયે ઓશિયાળા દિવસ વિતાવતી પોતાની ધિક્કારપાત્ર અવદશાનો ઉલ્લેખ કરીને પાંડવ ભાઈઓને શૂર ચઢાવતો સંદેશો મોકલતાં કહ્યું : '**यदर्थं क्षत्रिया सूते तस्य कालोऽयमागतः ॥** ૫-૮૮-૭૪ગઘ = ૧૩૫-૯કખ. ક્ષત્રિયાણી જે કાર્ય માટે (દીકરાને) જન્મ આપે છે તેનો આ સમય આવી ગયો છે.' વળી ચીરહરણ વેળા સભામાં દ્રૌપદીએ જે નમૂનેદાર ધૈર્ય, નીડરતા અને ક્ષાત્રતેજવાળી વીરોચિત આહ્વાનભાવના પ્રદર્શિત કર્યાં હતાં તે યાદ કરીને અર્જુનને કહાવ્યું :

**गत्वा ब्रूहि महाबाहो सर्वशस्त्रभृतां वरम् ।**
**अर्जुनं पाण्डवं वीरं द्रौपद्याः पदवीं चर ॥** ૫-૮૮-૭૯.
= કે. ૫-૧૩૫-૧૯.

---

૮ પોતાની ફોઈનો દીકરો અને મિત્ર કુન્તિભોજ નિઃસંતાન હતો. તેને પોતાનું પ્રથમ બાળક દત્તક આપવાનું શૂરે કુન્તીના જન્મ અગાઉ નક્કી કરેલું. તદનુસાર પૃથા કુન્તિભોજની દતક પુત્રી તરીકે કુન્તી બન્યાં. ૧-૧૦૪-૧ થી ૩. આ કુન્તિભોજ દક્ષિણના ભોજકુલનો હોઈ તેનું દક્ષિણ ભારતમાં રાજ્ય હતું. જુઓ સહદેવના દિગ્વિજયમાં ૨-૨૮-૬. પાછળથી કુન્તિભોજને પુરુજિત નામનો પુત્ર થયો એવું લાગે છે. પાંડવોના મામા તરીકે કુન્તિવર્ધન કે કુન્તિભોજ પુરુજિત્ તરીકે મ. ભામાં એના નિર્દેશ આવે છે. ૨-૧૩-૧૬; ૫-૧૬૯-૨; ૬-૨૩-૫ (ગીતા ૧-૫) ઇ.

૯ नाहं तामभ्यसूयामि नमो धर्माय वेधसे ।
कृष्णाय महते नित्यं धर्मो धारयति प्रजाः ॥ ૫-૮૮-૬૬
= કે. ૫-૧૩૫-૮.
ખગ = કે. ૧૨-૫૬-૧૦ કખ; ૬૦-૬કખ; 'ભાગવત' ૧૨-૧૨-૧કખ.

धारणाद्धर्म इत्याहुर्धर्मो धारयति प्रजाः । ૮-૪૯-૫૦કખ.
= કે. ૧૨-૧૦૯-૧૧કખ.

धर्मश्चेदस्ति वार्ष्णेय तथा सत्यं भविष्यति ।
त्वं चापि तत्तथा कृष्ण सर्वं संपादयिष्यसि ॥ ૫-૮૮-૬૭ = ૫-૧૩૫-૭.

'સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ અર્જુનની પાસે જઈને મહાબાહો! તમે કહેજો કે તું દ્રૌપદીના પગલે ચાલ.'[10]

અને છેલ્લે નાથવતી છતાં અનાથ થઈ બેઠેલી દ્રૌપદીના સભાસમયના અત્યધિક કષ્ટનો ઉલ્લેખ કરીને છેલ્લે કહ્યુ: 'મધુસૂદન! તમે, બલીશ્રેષ્ઠ બલરામ અને મહારથી પ્રદ્યુમ્ન મારા અને મારા પુત્રોના નાથ છો; દુર્ધર્ષ ભીમસેન અને રણમાં પાછી પાની નહિ કરનાર વિજય (= અર્જુન) જીવે છે, છતાં પુરૂષોત્તમ! મારે આવાં આવાં (કઠોર) દુઃખ વેઠવાં પડે છે!' (૫-૮૮-૭૨ થી ૮૮).

પુત્રોની ચિંતામાં ગરકાવ થઈ ને શોક કરતાં ફોઈ પૃથાને પાર્થસખા શ્રીકૃષ્ણે સમર્થ આશ્વાસન આપ્યું : 'ફોઈબા! તમારા જેવી ભાગ્યશાળી સ્ત્રી જગતમાં બીજી કોઈ હશે ખરી?! તમે (યાદવોના અગ્રણી) રાજા શૂરનાં દીકરી, અને અજમીઢના કુળમાં આવ્યાં. એક હ્રદ (મહાસરોવર)માંથી બીજા હ્રદમાં જનાર (કમલિની)ની જેમ આપ (એક મહાકુલમાંથી બીજા મહાકુલમાં જનાર) મહાકુલીન નારી છો. મહારાણી, સર્વકલ્યાણસંપન્ન અને પતિએ ખૂબ સત્કારેલાં છો. વીર પુત્રોની માતા, વીર પતિની પત્ની અને સર્વગુણસંપન્ન છો. મહાપ્રાજ્ઞે ફોઈબા! તમારા જેવી સ્ત્રીએ તો સુખદુઃખને ખમી ખાવાં જોઈએ. વીર પાંડવો તો નિદ્રા-તન્દ્રા, ક્રોધ-હર્ષ, ભૂખ-તરસ, ટાઢ-તાપ—એ સર્વ ઉપર વિજય મેળવીને સુખમાં રહે છે.[11] એ મહા ઉત્સાહી અને

---

૧૦ (૧) અર્જુન જેવા મહાન ક્ષત્રિય યોદ્ધાને પણ દ્રૌપદીના પગલે ચાલવાની ભલામણ કરતો સંદેશો તેમની પોતાની માતા મોકલે છે, તે એ મહાન સન્નારી દ્રૌપદીનું તેજ અને પ્રબળ સંયમશીલતા સૂચવે છે. જે પ્રાચીન યુગમાં વ્યવહારમાં અને કાયદામાં પત્ની 'પતિ'ની સંપત્તિ હતી તે યુગમાં આ સંદેશો કહેવાયો છે, તેને લીધે દ્રૌપદીનું શીલ—ચારિત્ર્ય સૂર્યપ્રકાશ જેવી અપ્રતિમ પ્રભાવાળું જણાઈ આવે છે. આવી નારી જ શ્રીકૃષ્ણ જેવા ધર્મસંસ્થાપક પુરુષોતમને પણ ધર્મપ્રમાણ આપી શકે. જુઓ 'સ્વાધ્યાય', જન્માષ્ટમી અંક ૨૦૨૪માં 'પ્રિયકામ શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), પૃ. ૪૫૫.

(૨) સર૦ ગાંધીજી: 'માણસ ચાહે એટલો હેવાન હોય તોયે, તેની (પવિત્ર સ્ત્રીની) આંજી નાખતી વિશુદ્ધિની જ્વાળા આગળ (કોઈ પણ ગુંડો) શરમથી પોતાનું માથું નમાવશે'. ('હરિજન', માર્ચ ૧-૧૯૬૦, પૃ. ૬૦); હિંદની સંસ્કૃતિમાં જે કંઈ ઉત્તમ હોય તે જાળવવાનું અને જે હીન તત્ત્વ હોય તેને બેધડક દૂર કરવાનું 'આ કામ સીતા, દમયંતી, સાવિત્રી અને દ્રૌપદી જેવી સ્ત્રીઓ જ કરી શકશે, ભભકદાર અને આકર્ષક સ્ત્રીઓ નહીં કરી શકે'. ('યંગ ઈંડિયા', ઑક્ટોબર ૧૭, ૧૯૨૯, પૃ. ૩૪૦). આ ઉપરાંત સીતા અને દ્રૌપદીના જ્વલંત આધ્યાત્મિક શૌર્યવાળા પવિત્ર સચ્ચારિત્ર્યની, સત્ય પ્રશસ્તિ કરતા ગાંધીજીના ઉદ્ગારોના સાર માટે જુઓ 'મહાત્મા ગાંધી–પૂર્ણાહુતિ', પુસ્તક ૧, (પ્યારેલાલના ગ્રંથનો અનુવાદ), ૧૯૬૪, પૃ. ૪૧૬ થી.

૧૧ तत आश्वासयामास पुत्राधिभिरप्लुताम् ।
पितृष्वसारं शोचन्तीं शौरिः पार्थसखः पृथाम् ॥ ५-८८-८९
का नु सीमन्तिनी त्वादृग्लोकेष्वस्ति पितृष्वसः ।
शूरस्य राज्ञो दुहिता आजमीढकुलं गता ॥ ५-८८-९०
महाकुलीना भवती ह्रदाद्ध्रदमिवा गता ।
ईश्वरी सर्वकल्याणी भर्त्रा परमपूजिता ॥ ५-८८-९१. ફે. ૧૩૨–૧૪.

મહા બલવાન પાંડવો સ્વલ્પથી સંતોષ પામે એવા નથી. ધીર પુરુષો અન્તિમ સ્થિતિને (રાજ્યશ્રી અથવા વનશ્રીને) સેવે છે, અને ગ્રામ્યસુખમાં પ્રીતિવાળા (કાપુરુષો) મધ્ય સ્થિતિને (અર્થાત્ સામાન્ય સુખદુઃખ) સેવે છે. ઉત્તમ પુરુષો કાં તો તીવ્ર ક્લેશો ભોગવે છે અથવા અતીવ માનુષ (દૈવી) ભોગો ભોગવે છે. આમ તે ધીર (પાંડવો) અન્તિમ સ્થિતિએ રમણ કરે છે, મધ્યમાં રમણ કરતા નથી. કારણ કે અન્તિમ સ્થિતિને સુખકારક અને બે અન્તિમોની વચ્ચેની સ્થિતિને (શિષ્ટો) દુઃખકારક કહે છે.[૧૨] દ્રૌપદીસહિત પાંડવોએ આપને પ્રણામ

---

वीरसूर्वीरपत्नी च सर्वैः समुदिता गुणैः ।
सुखदुःखे महाप्राज्ञे त्वादृशी सोढुमर्हति ॥ ૫-૮૮-૯૨
निद्रातन्द्री क्रोधहर्षौ क्षुत्पिपासे हिमातपौ ।
एतानि पार्था निर्जित्य नित्य वीराः सुखे रताः ॥ ૫-૮૮-૯૩.

૧૨ (૧) न ते स्वल्पेन तुष्येयुर्महोत्साहा महाबलाः ।
अन्तं धीरा निषेवन्ते मध्यं ग्राम्यसुखप्रियाः ।
उत्तमांश्च परिक्लेशान्भोगांश्चातीव मानुषान् ॥ ૫-૮૮-૯૫
अन्तेषु रेमिरे धीरा न ते मध्येषु रेमिरे ।
अन्तप्राप्तिं सुखामाहुर्दुःखमन्तरमन्तयोः ॥ ૫-૮૮-૯૬.

૫-૮૮-૯૫ સાથે સર૦

सुपूरा वै कुनदीका सुपूरो मूषिकाञ्जलिः ।
सुसंतोषः कापुरुषः स्वल्पकेनैव तुष्यति ॥ ૫-૧૩૧-૮ = 'પંચતંત્ર', ૧-૨૫.

સર૦ ગીતામાં સુખદુઃખની વ્યાખ્યા કરતાં શ્રીમુખે બોલાયેલું વચન :

सुखमात्यन्तिकं यत्तद्बुद्धिग्राह्यमतीन्द्रियम् ।
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः ॥ ૬-૨૮-૨૧ (ગીતા ૬-૨૧)
यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ॥ ૬-૨૮-૨૨ (ગીતા ૬-૨૨).

'જે આત્યંતિક સુખ છે તે બુદ્ધિથી જ ગ્રહણ કરી શકાય તેવું અને અતીંદ્રિય છે, તેને જાણીને એમાં સ્થિર થયેલો તત્ત્વથી કદી પણ ચળતો નથી. વળી જે પામ્યા પછી બીજા કોઈ લાભને એ (સાધક) અધિક માનતો નથી, અને જેને વિશે સ્થિર થયેલાને મહાદુઃખમાંથી ડગાવી શકાતો નથી.'

જીવન જીવવાની, જોવાની અને મૂલવવાની નિર્મળ દૃષ્ટિનું આ વર્ણન છે. એ રીતે જોતાં સ્વયં શ્રીકૃષ્ણ, તથા તેવી રીતે જરથુસ્ત્ર, સોક્રેટીસ, ક્રાઈસ્ટ, શીખ ગુરુઓ અર્જુનદેવ, તેગબહાદુર; અને ગાંધીજી વગેરેને વેઠવાં પડતાં 'દુઃખ' એ 'દુઃખ' નહિ હોતાં ખરેખર 'સુખ' છે. એમાં વિરોધાભાસ દેખાય છે, તે માનવામાં રહેલી ગ્રામ્યસુખપ્રિય વૃત્તિનો પ્રભાવ છે. ગીતામાં કહેવાયેલ 'સાંખ્ય-કર્મ-અભ્યાસ' ઇ. 'યોગો' આ વિરોધાભાસ દૂર કરનારાં 'સમદર્શન' છે.

(૨) એક રીતે જોતાં આ કુન્તી માટેની 'ગીતા' છે. વિવિધ પ્રકારનાં માનવોને એવો જ વિવિધ પ્રકારનો વિષાદ થાય છે અને સૌને અનુરૂપ આશ્વાસન પણ મળે છે. જુઓ 'પ્રિયકામ શ્રીકૃષ્ણ' (ઉ. જ (સાંડેસરા, 'સ્વાધ્યાય' સં. ૨૦૨૪નો જન્માષ્ટમી અંક, પૃ. ૪૪૭.

કહેવડાવ્યા છે. પોતાની કુશળતા નિવેદન કરીને આપનું આરોગ્ય પૂછ્યું છે. તમે બહુ અલ્પ સમયમાં પાંડવોને નીરોગી, સર્વ અર્થસિદ્ધિવાળા, સર્વ લોકના રાજા અને શત્રુ વિનાના થયેલા તથા રાજ્યશ્રીથી વીંટાયેલા જોશો.'[13] ( ૫-૮૮-૮૯ થી ૯૮ ).

આમ શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાં કુન્તી માતાને પ્રથમ મળ્યા. સમર્થ આશ્વાસન આપ્યું, એટલે પુત્રદુઃખથી વિહ્વળ થયેલાં કુન્તીએ ( શ્રીકૃષ્ણે સમજાવેલા સુખદુઃખવિવેકના જ્ઞાન વડે ) અજ્ઞાનમૂલક તમસ્‌ને કાબૂમાં લીધું, અને એક સત્યપથાશ્રિત શૂરવીર મનુષ્ય જ બોલી શકે એવો ઉત્તર આપ્યો : 'મધુસૂદન ! પાંડવોનું હિત થાય તે માટે તમને જેમ યોગ્ય લાગે તે પ્રમાણે **ધર્મને લોપ્યા વિના અને નિષ્કપટપણે કાર્ય કરજો.** કૃષ્ણ ! હું તમારા પ્રભાવને, સત્યને, અભિજાતપણાને, મિત્રવ્યવસ્થા કરનારી તમારી બુદ્ધિ અને પરાક્રમ ( મૈત્રી કરનાર નૈષ્ઠિક બુદ્ધિ-પરાક્રમ ) એ સર્વને જાણું છું. અમારા કુળમાં તમે જ ધર્મ, સત્ય અને મહાન તપ છો. તમે તારણહાર અને મહદ્‌બ્રહ્મ છો. તમારામાં જ 'બધું' પ્રતિષ્ઠિત છે. તમે જે પ્રમાણે બોલો છો એ પ્રમાણે જ ખરેખર થશે. ( જુઓ શ્લોક ૯૮ ).[14] ( ૫-૮૮-૯૯ થી ૧૦૩ ).

એ પછી પૃથાની વિદાય લઈને, તથા એમની પ્રદક્ષિણા કરીને મહાબાહુ ગોવિન્દ ઇન્દ્રના મહાલય જેવા દુર્યોધનના પ્રાસાદ તરફ ગયા. ( ૫-૮૮-૧૦૪; ૮૯-૧, ૨ ). ત્યાં દ્વારપાળોના અટકાવ વિના મહેલની ત્રણ દોઢી વટાવીને મહાયશસ્વી શ્રીકૃષ્ણ એ પર્વતના શિખર જેવા ઊંચા મહેલ-( નાં પગથિયાં ) ચઢ્યા. ત્યાં એમણે હજાર ( = અનેક ) રાજાઓથી અને કૌરવોથી વીંટળાયેલા દુર્યોધનને અને તેની પાસે બેઠેલા ( તેના અમાત્યો ) દુઃશાસન, કર્ણ, શકુનિ વગેરેને દીઠા. દુર્યોધને અમાત્યો સહિત ઊભા થઈને શ્રીકૃષ્ણને માન આપ્યું. શ્રીકૃષ્ણ બધાને યથાવય મળ્યા. પછી

---

१३ अभिवादयन्ती भवतीं पाण्डवाः सह कृष्णया ।
आत्मानं च कुशलिनं निवेद्याहुरनामयम् ॥ ५-८८-९७
अरोगान्सर्वसिद्धार्थान्क्षिप्रं द्रक्ष्यसि पाण्डवान् ।
ईश्वरान्सर्वलोकस्य हतामित्राञ्छ्रिया वृतान् ॥ ५-८८-९८.

१४ (१) एवमाश्वासिता कुन्ती प्रत्युवाच जनार्दनम् ।
पुत्राधिभिरभिध्वस्ता निगृह्याबुद्धिजं तमः ॥ ५-८८-९९
यद्यत्तेषां महाबाहो पथ्यं स्यान्मधुसूदन ।
यथा यथा त्वं मन्येथाः कुर्याः कृष्ण तथा तथा ॥ ५-८८-१००
अविलोपेन धर्मस्य अनिकृत्या परंतप ।
प्रभावज्ञास्मि ते कृष्ण सत्यस्याभिजनस्य च ॥ ५-८८-१०१
व्यवस्थायां च मित्रेषु बुद्धिविक्रमयोस्तथा ।
त्वमेव नः कुले धर्मस्त्वं सत्यं त्वं तपो महत् ॥ ५-८८-१०२
त्वं त्राता त्वं महद्ब्रह्म त्वयि सर्वं प्रतिष्ठितम् ।
यथैवात्थ तथैवैतत्त्वयि सत्यं भविष्यति ॥ ५-८८-१०३.

(२) સર્વની પ્રતિષ્ઠારૂપ શ્રીકૃષ્ણ માટે જુઓ 'ભારત-રત્ન' ( ઉ. જ. સાંડેસરા ), બીજી આવૃત્તિ, ૧૯૬૭, પૃ. ૬થી.

સુવર્ણના પલંગ ઉપર પાથરેલી ગાદી ઉપર બેઠા. દુર્યોધને એમનો મધુપર્ક, ગાય વગેરેથી અતિથિ-સત્કાર કર્યો. પછી એણે વિજયીશ્રેષ્ઠ કેશવને ભોજનનું નિમંત્રણ આપ્યું. શ્રીકૃષ્ણે તેનો અસ્વીકાર કર્યો. એટલે દુર્યોધને આ રાજસભામાં કર્ણને (સાક્ષીમાં) બોલાવીને, ઉપરથી મૃદુ પણ અંદર શઠતાથી ભરપૂર પ્રશ્ન કર્યો :[૧૫] 'જનાર્દન! તમારા માટે ખાનપાન, વસ્ત્રો, શય્યાઓ વગેરે લાવવામાં આવ્યાં છે. પણ તમે કેમ સ્વીકારતા નથી? તમે બન્નેને સહાય કરી છે, અને તમે બન્ને પક્ષના હિતમાં તત્પર છો. વળી માધવ! તમે ધૃતરાષ્ટ્રના સંબંધી અને પ્રિય છો. ગોવિન્દ! તમે ધર્મ અને અર્થના રહસ્યને પણ સંપૂર્ણપણે જાણો છો. એટલે ચક્રગદાધર શ્રીકૃષ્ણ! (ભોજનના નિમંત્રણના) અસ્વીકારનું કારણ સાંભળવા ઇચ્છું છું!' (૫-૮૯-૨ થી ૧૫).

દુર્યોધને આવો કુટિલ પ્રશ્ન કર્યો. એટલે સતત ગર્જતા મેઘ જેવા સ્વરવાળા ઉદાર ગોવિન્દે એ વખતે પોતાનો વિશાળ બાહુ ઊંચો કરીને, સ્પષ્ટ સ્વરોચ્ચારવાળા (ભાષામાંથી) એક પણ શબ્દ લુપ્ત કર્યા વિનાના યથાસ્થાન શબ્દોવાળા અને અસંકુલ–(લોચા વાળ્યા વગરના) હેતુવાળા વાક્યથી (દલીલોથી) ઉત્તર આપ્યો :[૧૬] (હું તમારું નિમંત્રણ નથી સ્વીકારતો),

---

૧૫ ततो दुर्योधनो राजा वार्ष्णेयं जयतां वरम् ।
न्यमन्त्रयद्भोजनेन नाभ्यनन्दनच्च केशवः ॥ ५-८९-११
ततो दुर्योधनः कृष्णमब्रवीद्राजसं सदि ।
मृदुपूर्वं शठोदर्कं कर्णमाभाष्य कौरवः ॥ ५-८९-१२.

કેટલીક વાર ઉત્સાહી સંશોધક–સજ્જનો સત્પક્ષ અર્થાત્ પાંડવો ઉપર નિર્મૂલ આક્ષેપો કરે છે. એવી જ રીતે અસત્પક્ષને વધુ ખરાબ બતાવવા દુર્યોધન અને કૌરવો ઉપર પણ નિર્મૂલ આક્ષેપો થાય છે. જેમ કે પ્રસ્તુત પ્રસંગ ઉપર વિવેચન કરતાં ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ દુર્યોધને શ્રીકૃષ્ણને ભોજનનું નિમંત્રણ નહોતું આપ્યું એમ દર્શાવતાં લખે છે :

'......इस अवसर पर सामान्य शिष्टाचार के विरुद्ध दुर्योधन ने कृष्ण का न तो अभिनन्दन किया और न भोजन का निमन्त्रण दिया । उसने कर्ण के साथ कानाफूंसी करके कृष्ण से कहा......'

'भारत-सावित्री' (१९६४). खण्ड २, पृ. ७६.

અવતરણમાંના શ્લોકો નિમન્ત્રણ અપાયું હતું એમ સ્પષ્ટ દર્શાવે છે. દુર્યોધન જેવા કાયદાના અક્ષરને વળગનાર નિષ્ણાત, કૂટ રાજનીતિજ્ઞ, સામાન્યતઃ રાજ્યદ્વારી શિષ્ટાચાર ચૂકે નહિ એ દીવા જેવું છે. ભગ્નસંકલ્પ થયો હોય અને શિષ્ટાચાર ચૂકે એ જુદી વાત

૧૬ स एव मुक्तो गोविन्दः प्रत्युवाच महामनाः ।
ओघमेघस्वनः काले प्रगृह्य विपुलं भुजम् ॥ ५-८९-१६ .
अनम्बूकृतमग्रस्तमनिरस्तमसंकुलम् ।
राजीवनेत्रो राजानं हेतुमद्वाक्यमुत्तमम् ॥ ५-८९-१७.

अम्बूकृत=Personal indistinctly (so that the words remain too much in mouth); [in later writers derived from अम्बु, water] sputtered, accompanied with saliva, पतंजलि 'મૉનિયેર વિલિયમ્સનો સંસ્કૃત–અંગ્રેજી કોશ' પૃ. ૮૪ : તેથી अनम्बूकृत=સ્પષ્ટ સ્વરોચ્ચાર, (પછીના લેખકો અનુસાર) બોલતાં થૂંક ઊડે નહિ તેવા ઉચ્ચાર.

अग्रस्तम् अलुप्ताक्षरम् अनिरस्तं स्थानभ्रंशरहितम् असंकुलम् असंकीर्णवर्णम् । પં. નીલકંઠ

કારણ કે દૂતો કાર્ય સિદ્ધ થયા પછી ( સામાને ત્યાં ) જમે છે અને પૂજન ( સત્કાર ) સ્વીકારે છે. એટલે મારું ( સંધિ કરવાનું ) પ્રયોજન પાર પડે તે પછી મારો અને મારા અમાત્યોનો સત્કાર કરજો.'[૧૭] ( ૫-૮૯-૧૬ થી ૧૮ ).

શઠ દુર્યોધને પ્રત્યુત્તર આપતાં જણાવ્યું કે, 'આપ અમારી સાથે આવું અયોગ્ય વર્તન રાખો છો તે બરાબર નથી. તમે તમારા દૂતકાર્યમાં સફળ થાઓ કે નિષ્ફળ ( એની સાથે આ સત્કારને નિસ્બત નથી ), અમે તો ( પ્રીતિને લીધે ! ) તમારો સત્કાર કરવા પ્રયત્ન કરીએ છીએ પણ ( તમારા વર્તનને લીધે ) સત્કાર કરી શકતા નથી ! અમે પ્રીતિપૂર્વક તમારી પૂજા કરીએ છીએ, અને પુરુષોત્તમ ! તમે એનો અનાદર કરો છો ! આનું શું કારણ છે તે પણ અમે જાણતા નથી ! ગોવિન્દ ! અમારે આપની સાથે વૈર નથી કે વિગ્રહ પણ થયો નથી ! એટલે આપશ્રીએ આના ઉપર ઊંડો વિચાર કરીને આવું ( આડું ) બોલવું જોઈએ નહિ !' ( ૫-૮૯-૧૯ થી ૨૨ ).

કૂટ રાજનીતિજ્ઞ દુર્યોધન શ્રીકૃષ્ણના અણીશુદ્ધ વર્તનને દૂષિત સાબિત કરવા અને લાગ આવે તો મૂરખ બનાવવા ગયો પણ આ કોઈ સામાન્ય પુરુષ નહોતા, પૂર્ણ પુરુષોત્તમ હતા. જનાર્દને ( દુષ્ટ ) મન્ત્રીઓ સાથે બેઠેલા દુર્યોધન તરફ જોઈ ને જાણે હસતા હોય એમ ઉત્તર આપ્યો : 'હું કામથી, સંરંભથી ( ક્રોધ, આડાઈ વ. ), દ્વેષથી, ધન માટે, હેતુવાદથી ( દલીલોથી ) કે લોભથી ધર્મનો કોઈ રીતે ત્યાગ કરું એમ નથી.[૧૭] હે રાજન્ ! ઉત્તમ પ્રેમસંબંધ હોય કે આપત્કાળ

---

૧૭ कृतार्था भुञ्जते दूताः पूजां गृह्णन्ति चैव हि ।
कृतार्थं मां सहमात्यस्त्वमर्चिष्यसि भारत ॥ ५-८९-१८.

સર૦ શ્રીકૃષ્ણે જરાસંધનો સત્કાર ચોક્કસ સંયોગોમાં નહોતો સ્વીકાર્યો તે. ( ૨-૧૯-૪૪થી ૫૦ ); જુઓ 'સ્વાધ્યાય', સપ્ટેમ્બર ૧૯૬૬ના અંકમાં 'જરાસંધવધ', ( ઉ. જ. સાંડેસરા ), પૃ. ૩૮૨.

૧૭ नाहं कामान्न संरम्भान्न द्वेषान्नार्थकारणात् ।
न हेतुवादाल्लोभाद्वा धर्मं जह्यां कथंचन ॥ ५-८९-२४.

=ફે. ૫-૪૯-૧૫, યુધિષ્ઠિર માટે સંજયોક્તિ; ૫-૧૭૮-૧૧ ભીષ્મની પોતા માટેની ઉક્તિ; ૩-૧૯૮-૪૦ ધર્મવ્યાધના ઉપદેશપ્રવચનમાં; ૫-૧૩૯-૧૨, ૧૭ કર્ણની પોતા માટેની ઉક્તિઓ; ભીષ્મની યુધિષ્ઠિર માટેની ઉક્તિ ૧૨-૫૫-૭; સર૦ પરશુરામની પોતા માટેની ઉક્તિ ૫-૧૮૬-૨૬; અને શ્રીકૃષ્ણનાં પાંડવો માટેનાં વચન ૩-૧૨૦-૨૩.

ઉપરના સંદર્ભો પૈકી યુધિષ્ઠિર માટે કહેવામાં આવેલી ઉક્તિ ( ૫-૪૯-૧૫ )માં તેઓ માની લીધેલા ( સાપેક્ષ ) સત્યનો ત્યાગ નહિ કરે એવો ભાવ છે; ભીષ્મની ઉક્તિમાં ( ૫-૧૭૮-૧૧ ) પોતે ક્ષાત્રધર્મનો ત્યાગ નહિ કરે એમ છે; ધર્મવ્યાધે ( ૩-૧૯૮-૪૦ ) ગમે તેવા કારણથી પણ કલ્યાણકારી ધર્મ નહિ છોડવાનો ઉપદેશ કરતાં આ વિચાર વ્યક્ત કર્યો છે. કર્ણની ઉક્તિઓ પૈકી પ્રથમમાં ( ૫-૧૩૯-૧૨ ) તે પોતાની ચાલુ પત્નીઓ, પુત્રો અને પૌત્રોનો અસત્ય બોલી વિશ્વાસભંગ નહિ કરે અને બીજીમાં ( ૫-૧૩૯-૧૭ ) મિત્ર દુર્યોધનનો વિશ્વાસભંગ નહિ કરે એમ દર્શાવ્યું છે. ૧૨-૫૫-૭માં ભીષ્મે શાંતિબોધ લેવા માટે યુધિષ્ઠિરને પ્રશ્નો પૂછવાની રજા આપતાં કહ્યું છે કે, 'જે ધર્માત્મા, કામ, સંરંભ, ભય કે અર્થ માટે અધર્મ કરતો નથી તે પાંડવ યુધિષ્ઠિર મને ભલે પ્રશ્ન કરે'; ૫-૧૮૬-૨૬માં પરશુરામ પોતે

આવ્યો હોય તો પારકાને ત્યાં અન્ન જમાય, પણ તમે અમારા ઉપર ઉત્તમ પ્રીતિ ધરાવતા નથી, તેમ અમે અન્ન ન મળે એવી આપત્તિમાં આવ્યા નથી. સર્વગુણસંપન્ન પાંડવો સ્નેહીઓને અનુસરનારા છે, છતાં તમારા ભાઈ પાંડવોનો તમે જન્મથી જ વગર કારણે દ્વેષ કરો છો. વિના કારણ પાર્થોનો દ્વેષ કરવો અયોગ્ય છે. પાંડવો ધર્મનિષ્ઠ છે. તેમને કોણ કંઈ કહી શકે એમ છે? (છતાં દુર્યોધન! તમે એમનો દ્વેષ કરો છો). એમનો (એવા ધર્મનિષ્ઠોનો) જે દ્વેષ કરે છે તે મારો દ્વેષ કરે છે, અને જે તેમને અનુસરે છે તે મને અનુસરે છે. એવો મારો અને ધર્મચારી પાંડવોનો એકાત્મભાવ છે, એ તમે સમજી જાઓ.[૧૮] વળી જે કામ-ક્રોધના પાશમાં આવીને મૂર્ખાઈથી ગુણવાનનો વિરોધ કરવાની ઇચ્છા રાખે છે અને દ્વેષ કરે છે **તે પુરુષાધમ કહેવાય છે.** જે મનુષ્ય કલ્યાણકારી ગુણોવાળા સંબંધીઓને મોહ અને લોભથી (એમને લૂંટી લેવાની દાનતથી) જુએ છે, તે અવશ અંતઃકરણવાળા અને ક્રોધને કાબૂમાં નહિ રાખી શકનારા પાસે શ્રી (શોભા, યશ, લક્ષ્મી) ચિરકાળ ટકતીયે નથી. **બીજી બાજુ જે માણસ હૃદયને અપ્રિય હોય એવા ગુણવાન મનુષ્યને પોતાના પ્રિય વર્તનથી વશ કરી લે છે તેનો યશ ચિરકાળ ટકે છે.** તમારું બધું અન્ન દુષ્ટોના સંબંધવાળું છે, માટે મારે જમવા જેવું નથી. મેં તો એકલા ક્ષત્તા વિદુરનું અન્ન જમવું એવો નિર્ણય કર્યો છે.'[૧૯] (૫-૮૯-૨૯ થી ૩૨.)

---

યુદ્ધમાંથી પાછી પાની નહિ કરવાનો શાશ્વત ધર્મ નહિ જ ત્યજે એમ કહે છે; ૩-૧૨૦-૨૩માં શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર માટે કહે છે કે, 'આ યુધિષ્ઠિર, કામના, ભય કે લોભથી કદી પણ સ્વધર્મ ત્યજતા નથી. તેવી જ રીતે અતિરથી ભીમ-અર્જુન, નકુલ-સહદેવ, અને દ્રુપદાત્મજા કૃષ્ણા પણ સ્વધર્મ ત્યજતી નથી'.

જ્યારે શ્રીકૃષ્ણ અહીં (૫-૮૯-૨૪ માં) "ધર્મ—વિશ્વને ધારણ કરનાર મૂળ નિયમનો ત્યાગ હું નહિ કરું" એમ કહે છે. તે 'ધર્મ'ને પૂર્ણરૂપે સમગ્રતયા નિહાળતું અતિમાનવનું દર્શન સૂચવે છે.

૧૮ संप्रीतिभोज्यान्यन्नानि आपद्भोज्यानि वा पुनः ।
न च संप्रीयसे राजन्न चाप्यद्गता वयम् ॥ ५-८९-२५
अकस्माद्द्विषसे राजञ्जन्मप्रभृति पाण्डवान् ।
प्रियानुवर्तिनो भ्रातॄन्सर्वैः समुदितागुणैः ॥ ५-८९-२६
अकस्माच्चैव पार्थानां द्वेषणं नोपपद्यते ।
धर्मे स्थिताः पाण्डवेयाः कस्तान्किं वक्तुमर्हति ॥ ५-८९-२७
यस्तान्द्वेष्टि स मां द्वेष्टि यस्ताननु स मामनु ।
एकात्म्यं मां गतं विद्धि पाण्डवैर्धर्मचारिभिः ॥ ५-८९-२८.

૫-૮૯-૨૮ સાથે સર૦ વનવાસના પ્રારંભે અર્જુનને ઉદ્દેશીને બોલાયેલું શ્રીકૃષ્ણવચનઃ '**यस्त्वां द्वेष्टि स मां द्वेष्टि, यस्त्वामनु स मामनु**'। ૩-૧૩-૩૮ગધ. વિશેષ માટે જુઓ 'સખા શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'શારદાપીઠ પ્રદીપ', ફેબ્રુઆરી ૧૯૬૭માં પૃ. ૪૦ અને ઑગસ્ટ ૧૯૬૭માં પૃ. ૫૦

૧૯ (૧) कामक्रोधानुवर्ती यो मोहाद्विरुरुत्सते ।
गुणवन्तं च यो द्वेष्टि तमाहुः पुरुषाधमम् ॥ ५-८९-२९.

સર૦ 'વિદુરનીતિ'માં ઉત્તમ, મધ્યમ અને અધમ પુરુષનાં લક્ષણ.
૫-૩૬-૧૬ થી ૨૧. તેમાં ઉત્તમ પુરુષનું લક્ષણ: 'સર્વની ઉન્નતિ ઇચ્છે છે. કોઈનું બૂરું ચિંતવતો નથી. સત્યવાદી, મૃદુ અને સંયમી છે તે ઉત્તમ પુરુષ છે.' ૫-૩૬-૧૬.

અસહનશીલ દુર્યોધનને આવી સ્પષ્ટ વાત કહીને શ્રીકૃષ્ણ વિદુરને ત્યાં પાછા ફર્યા. વિદુરને ત્યાં દ્રોણ, કૃપ, ભીષ્મ, બાહ્લિક વગેરે કૌરવો ( = કૌરવોના મુખ્ય અમાત્યો, દ્રોણ, કૃપ કૌરવો નથી પણ અમાત્યો છે.) મધુસૂદન શ્રીકૃષ્ણને મળવા ગયા. 'વાર્ષ્ણેય! અમારાં શ્રેષ્ઠ વસ્તુઓવાળાં ઘર આપનાં જ છે ( માટે ભલે તમે દુર્યોધનને ત્યાં ન ઊતરો, પણ અમારે ત્યાં ઊતરો )' એમ વિનંતી કરી, પણ મહાતેજસ્વી શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો : 'આપે મારું સંપૂર્ણ આતિથ્ય કરી દીધું ( એમ હું માનું છું. ) હવે આપ સૌ પધારો.'[૨૦] ( ૫-૮૯-૩૩ થી ૩૭ ).

કૌરવો ગયા ત્યારબાદ ક્ષત્તા વિદુરે અપરાજિત દાશાર્હ શ્રીકૃષ્ણનો પ્રયત્નપૂર્વક સર્વ પ્રિય વસ્તુઓ સમર્પણ કરીને, ( ભાવભીનો સત્કાર ) કર્યો. એ પછી ખાવાપીવાના શુદ્ધ અને ગુણકારી પદાર્થો કેશવ આગળ લાવીને ( પીરસવા માટે ) મૂકયા. મધુસૂદને એ ભોજનમાંથી પ્રથમ વેદવેત્તા બ્રાહ્મણોને તૃપ્ત કર્યા અને બહુ દક્ષિણાઓ આપી. પછી જેમ મરુદ્‌ગણોની સાથે ઇન્દ્ર જમવા બેસે એ રીતે શ્રીકૃષ્ણ વિદુરના પવિત્ર અને ગુણકારી અન્નને અનુયાયીઓ ( રસાલા ) સાથે જમ્યા.[૨૧] ( આમ ભરચક પ્રવૃત્તિમાં દિવસ પૂરો થયો અને રાત પડી. ) ( ૫-૮૯-૩૮ થી ૪૧ ).

વિદુરને ત્યાં જમી પરવારીને, શ્રીકૃષ્ણ રાત્રે આરામથી બેઠા ત્યારે વિચક્ષણ અને લોકમાનસના જાણકાર વિદુરે એમને મૈત્રીભાવે સલાહ આપી : "કેશવ ! તમે સમ્યગ્ નિર્ણય કર્યા વિના જ અહીં આવ્યા લાગો છો. જનાર્દન ! આ દુર્યોધન ધર્મ અને અર્થ( ના અનુબંધ )નું ઉલ્લંઘન કરનારો મૂર્ખ, આડો, બીજાનું અપમાન કરનારો પણ પોતાનું સન્માન ચાહનારો, વડીલોની આજ્ઞાને ઉથાપનારો, ધર્મશાસ્ત્રની મર્યાદાનો ભંગ કરનારો, મન્દ, દુરાત્મા દુરાગ્રહી,

---

( ૨ ) यः कल्याणगुणाञ्ज्ञातीन्मोहाल्लोभाद्दिदृक्षते ।
सोऽजितात्माजितक्रोधो न चिरं तिष्ठति श्रियम् ॥ ५-८९-३०
अथ यो गुणसंपन्नान्हृदयस्याप्रियानपि ।
प्रियेण कुरुते वश्यांश्चिरं यशसि तिष्ठति ॥ ५-८९-३१
सर्वमेतदभोक्तव्यमन्नं दुष्टाभिसंहितम् ।
क्षत्तुरेकस्य भोक्तव्यमिति मे धीयते मतिः ॥ ५-८९-३२.

શ્રીકૃષ્ણને મને ક્ષત્રિય છતાં દુષ્ટોના સંગવાળા દુર્યોધનનું અન્ન 'અભોક્તવ્ય', જમવા લાયક નથી, પણ ક્ષત્તા અર્થાત્ દાસીપુત્ર શૂદ્ર વિદુર ( સત્સંગવાળા હોઈ ), તેમનું અન્ન જમવા જેવું છે. વૈષ્ણવી ભોજનશુદ્ધિનો સાચો વિવેક આ છે.

આ સાથે સર૦ 'ઉદ્યોગપર્વ' ક્ષેપકમાં ૪૨૩.

૨૦ तानुवाच महातेजाः कौरवान्मधुसूदनः ।
सर्वे भवन्तो गच्छन्तु सर्वा मेऽपचितिः कृताः ॥ ५-८९-३७.

૨૧ 'શ્રીકૃષ્ણ બધા અનુયાયીઓની સાથે બેસીને જમ્યા' એવી કવિની નોંધ ગીતા ૩-૧૧, ૧૨માં રહેલી ભાવનાનું સ્મરણ કરાવે છે.

અહીં ૮૯-૪૦ પછીનું ક્ષેપક ૪૧૨નું કહેવત જેવું સુંદર સુભાષિત છે :

उदारस्य तृणं वित्तं शूरस्य मरणं तृणम् ।
विरक्तस्य तृणं नारी निःस्पृहस्य तृणं जगत् ।

શ્રેયસના માર્ગે વાળી ન શકાય એવો, પાપી, કામાત્મા (વિષયી), પોતાને પ્રાજ્ઞ માનનારો, મિત્રદ્રોહી, બધા તરફ શંકાશીલ, કોઈનું ય કામ ન કરે એવો, અકૃતજ્ઞ, ધર્મભ્રષ્ટ અને અસત્યપ્રિય છે. (૫-૯૦-૧ થી ૪. એ પછી ક્ષેપક ૪૧૪માં વધુમાં કહ્યું છે: મૂઢ, અસંસ્કારી બુદ્ધિવાળો, ઇન્દ્રિયો ઉપર કાબૂ વિનાનો, સ્વચ્છંદી અને સર્વ કાર્યોનાં પરિણામનો નિર્ણય નહિ કરનાર છે.) દુર્યોધન આ અને આવા ઘણા બધા દોષોથી ભરપૂર છે. એટલે તમે એને શ્રેયસ્કર વાત કહેશો તોપણ એ સંરંભથી (આડાઈ કરીને) સ્વીકારશે નહિ. અક્કલવિનાનો એ મૂર્ખ જબરદસ્ત સેના અને ભીષ્મ, દ્રોણ, કૃપ જેવા સેનાનાયકોને જોઈને માની બેઠો છે કે, 'હું કૃતાર્થ છું—હું જ જીતવાનો.' વળી 'એકલો કર્ણ જ પાંડવોને પરાજિત કરશે' એવું એને ઠસી ગયું છે. તેથી એ સુલેહ નહિ કરે. બધા કૌરવોએ નક્કી કર્યું છે કે, 'પાંડવોને આપણે યથોચિત ભાગ (હકનો ભાગ) પણ આપવો નહિ!' એટલે ભાઈચારો સ્થાપવા માટે સુલેહના પ્રયત્ન કરેલા તમારા શબ્દો નિરર્થક થઈ પડશે (અર્થાત્ તમારા જેવા મહાનુભાવની અવગણના થશે). જ્યાં સૂક્ત અને દુરુક્ત એક જ ત્રાજવે તોળાતાં હોય (સર° ગુજરાતી કહેવતો 'ગોળ અને ખોળ એક જ ભાવે વેચાતો હોય,' 'ટકે શેર ભાજી ટકે શેર ખાજાં' ઇ.) ત્યાં બહેરા આગળ જેમ ગીતો ન ગવાય એમ પ્રાજ્ઞે બોલવું ન જોઈએ......એટલે જ્યાં આવા બધા પાપી ચિત્તવાળાઓ બેઠા હોય, તેમની વચ્ચે કૃષ્ણ! તમે જાઓ એ મને રુચતું નથી. દુર્બુદ્ધિવાળા, અશિષ્ટ અને દુર્ભાવવાળા ઘણાઓની વચ્ચે તમે તેમનાથી વિરુદ્ધ બોલો એ પણ કૃષ્ણ! મને ગમતું નથી. દુર્યોધને વૃદ્ધોને (= વિદ્વાનોને) ઉપાસ્યા નથી. એ શ્રી અને મોહથી છકી ગયો છે. જુવાનીના દર્પ અને અસહિષ્ણુતાથી એ તમારી શ્રેયસ્કર વાત નહિ સ્વીકારે. એ તમારા ઉપર ઊંડી શંકા રાખે છે એટલે તમે ગમે તેટલું દાબીને કહેશો તોપણ તે માનવાનો નથી જ. કામક્રોધના વેગ અનુસાર વર્તનારા દુર્યોધન અને કૌરવોને ખાતરી થઈ ગઈ છે કે દેવો સહિત ઇન્દ્ર પણ આપણને હરાવી શકે નહિ. એટલે તમારું સમર્થ વચન (સમ્યગ્ અર્થવાળું વચન) પણ અસમર્થ થઈ પડશે. મન્યુમાં (ઈર્ષ્યાસમુત્થિત ક્રોધમાં) ગરકાવ દુર્યોધને તો ધારી લીધું છે કે, 'સમગ્ર પૃથ્વીને હું તાબે કરીશ.' એટલે સુલેહ થવી કેવળ અશક્ય છે (૫-૯૦-૧ થી ૨૨). એ પછી દુર્યોધનના પક્ષમાં ગયેલા રાજાઓ શા કારણથી એ બાજુ ગયા છે એની સમીક્ષા કરતાં કહ્યું: '(મને લાગે છે કે) કાળથી પરિપક્વ થયેલી આ પૃથ્વી નાશ પામી રહી છે. તેથી તો (આટલા) બધા ક્ષત્રિય યોદ્ધાઓ રાજાઓની સાથે દુર્યોધનના પક્ષે લડવા આવ્યા છે. વળી કૃષ્ણ! અગાઉ તમે (આ દુષ્ટ જુલમી રાજાઓને હરાવીને) એ સૌનું સત્ત્વ હરી લીધું છે. એટલે એ તમારા (કટ્ટર) વૈરી છે અને તમારા તરફથી થતા ઉદ્વેગને લીધે (તમારા ઉપર, દૈવી સંપત્તિ ઉપર વૈર વાળવા) એ બધાએ વ્યવસ્થિત રીતે સંગઠન કરીને કર્ણસહિત કૌરવોનો આશ્રય લીધો છે. એ સૌ યોદ્ધાઓ મરણિયા બનીને પાંડવો સાથે લડવા તૈયાર છે. દાશાર્હવીર! એવા (હાડોહાડ વિરોધી સમુદાય)ની વચ્ચે તમે પ્રવેશ કરો એ સાથે હું સંમત નથી. દુષ્ટચિત્તવાળા ઘણા શત્રુઓ બેઠા હોય ત્યાં તમારે શા માટે જવું જોઈએ? જો કે તમે સદૈવ દેવોને પણ ભારે પડો એવા છો જ. શત્રુહંતા! હું તમારા પ્રભાવ, પુરુષાર્થ અને બુદ્ધિને બરાબર જાણું છું. તોપણ મને જેવી પાંડવો ઉપર ગાઢ પ્રીતિ છે એવી જ તમારા ઉપર છે. તેથી હે માધવ! તમારા ઉપરના પ્રેમ, બહુમાન અને સૌહાર્દભાવથી આ સલાહ આપું છું'. (૫-૯૦-૨૩ થી ૨૮.)

કટ્ટા દુશ્મનો વચ્ચે સુલેહની વાટાઘાટ માટે જવાનું લગભગ અશક્ય કાર્ય (જે પછી તદ્દન અશક્ય જ રહ્યું) કરવાની પ્રેમાળ વિદુરે ના પાડી. ત્યારે વિદુર પાંડવોના વડીલ હોઈ, એમનું યથાયોગ્ય અભિનંદન કરીને સર્વમિત્ર શ્રીકૃષ્ણે વિષ્ટિકાર્ય પાછળ રહેલી સમગ્ર જગતનું હિત વાંછતી પોતાની નિર્વૈર, નિષ્કપટ અને અકુતોભય દૃષ્ટિ વિશદ કરતો ઉત્તર આપ્યો: ‘જેવી રીતે મહાપ્રાજ્ઞ પુરુષે, જેવી રીતે વિચક્ષણ પુરુષે અને જેવી રીતે તમારા જેવા સુહૃદે (હિતચિંતકે) મારા જેવા સુહૃદને કહેવું જોઈએ, તથા જેવું ધર્મ, અર્થ અને સત્ય હકીકતવાળું વચન તમને બોલવું છાજે છે, એવું (હિતકારી) વચન તમે (વડીલ હોઈ) માબાપના જેવા (વાત્સલ્ય)ભાવથી મને કહ્યું છે. તમે જે સત્ય, પ્રાપ્ત (= प्र + आप्त ખૂબ પ્રામાણિક) અને યોગ્ય સલાહ આપી છે તે બરાબર છે. પણ વિદુરજી! (વાટાઘાટ માટે) મારા અહીં આવવાનું કારણ ધ્યાનપૂર્વક સાંભળો. દુર્યોધનની દુષ્ટતા અને (નૃશંસ, જુલમી) ક્ષત્રિયોનો (દૈવી સંપત્તિ પ્રત્યેનો અર્થાત્ પાંડવો અને મારા પ્રત્યેનો) વૈરભાવ જાણું છું, તે છતાં હું આજે કૌરવો પાસે આવ્યો છું. ઘોડા, રથ અને હાથીઓ સહિત આખી દુનિયા (લડીને) નાશ પામવા તૈયાર થઈ છે, ત્યારે જે માણસ એને મૃત્યુપાશમાંથી મુક્ત કરશે તે શ્રેષ્ઠ ધર્મને પામશે. મનુષ્ય શક્તિ અનુસાર ધર્મકાર્ય કરવા પ્રયત્ન કરે અને છતાં કાર્યસિદ્ધિ ન થાય તોપણ એનું પુણ્ય મળે જ છે એમાં શંકા નથી.[૨૨] અર્થાત્ સત્કર્મનું સારું ફળ પ્રાપ્ત થવાનું જ.) ધર્મવેત્તાઓ (આવા પ્રસંગોએ) સમજે છે કે માણસ (લડાઈ કરવાનું)

---

૨૨ यथा ब्रूयान्महाप्राज्ञो यथा ब्रूयाद्विचक्षणः ।
यथा वाच्यस्त्वद्विधेन सुहृदा मद्विधः सुहृत् ॥ ५-९१-१
धर्मार्थयुक्तं तथ्यं च यथा त्वय्युपपद्यते ।
तथा वचनमुक्तोऽस्मि त्वयैतत्पितृमातृवत् ॥ ५-९१-२
सत्यं प्राप्तं च युक्तं चाप्यमेव यथात्थ माम् ।
शृणुष्वागमने हेतुं विदुरावहितो भव ॥ ५-९१-३
दौरात्म्यं धार्तराष्ट्रस्य क्षत्रियाणां च वैरिताम् ।
सर्वमेतदहं जानन्क्षत्तः प्राप्तोऽद्य कौरवान् ॥ ५-९१-४
पर्यस्तां पृथिवीं सर्वां साश्वां सरथकुञ्जराम् ।
यो मोचयेन्मृत्युपाशात्प्राप्नुयाद्धर्ममुत्तमम् ॥ ५-९१-५
धर्मकार्यं यतञ्शक्त्या न चेच्छक्नोति मानवः ।
प्राप्तो भवति तत्पुण्यमत्र मे नास्ति संशयः ॥ ५-९१-६.

કટ્ટા વૈરીઓની વચ્ચે પણ જગતને વિનાશમાંથી બચાવવા જતા સર્વમિત્ર શ્રીકૃષ્ણની આ આચારપૂત ઉદ્ઘોષણાનું અહીં સ્મરણ થાય છે:

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥ ६-२४-४७ (ગીતા ૨. ૪૭).

તને કર્મમાં જ અધિકાર છે. તેનાં ફળોનો કદી નહિ. કર્મનાં ફળ(માં આસક્તિ) એ તારો હેતુ ન હો. અને અકર્મમાં(કર્મ ન કરવામાં) પણ તારી આસક્તિ ન હો.

પાપકૃત્ય મનથી ચિંતવે પણ કર્મમાં ન ઉતારે તો તેનું ફળ મળતું નથી. માટે સંગ્રામમાં વિનાશ પામવા તૈયાર થયેલા કૌરવો અને સૃંજયો વચ્ચે સંપ કરાવવા **હું નિષ્કપટભાવે યત્ન કરીશ.** આ મહાન આપત્તિ કૌરવોમાંથી જ ઊભી થઈ છે. કર્ણ-દુર્યોધને તેને ઉપજાવી છે. અને પેલા બધા (ક્ષત્રિયો) એની પાછળ ચાલે છે. (તેથી એ બધા ભલે વૈર રાખે, હું તો સર્વનો મિત્ર છું એટલે) જે માણસ સંકટમાં ફસાયેલા મિત્રને યથાશક્તિ સહાય કરીને શાન્ત કરતો નથી, તે નૃશંસ છે. અને જે અકાર્ય કરતા મિત્રને પૂરા જોરથી ચોટલી પકડીને પાછો વાળવાનો પ્રયત્ન કરે છે તે કોઈના કહેવામાં આવતો નથી. માટે મારે દુર્યોધન તથા તેના મન્ત્રીઓને સમર્થ, શુભ અને ધર્મ-અર્થ-વાળાં હિતવચનો કહેવાં જરૂરી છે. **હું કૌરવો, પાંડવો અને જગતભરના ક્ષત્રિયોનું હિત કરવા માટે નિષ્કપટભાવે યત્ન કરીશ.** એમના જ હિત માટે પ્રયત્ન કરવા છતાં જો દુર્યોધન મારા ઉપર વહેમ લાવશે તોપણ મારા હૃદયમાં (કર્તવ્ય બજાવ્યાની) ઋણમુક્તિનો આનંદ થશે.[૨૩] જ્યારે સંબંધીજનોમાં પરસ્પર કુસંપ થાય છે ત્યારે જે મનુષ્ય મિત્રને સર્વ પ્રયત્નથી સહાય કરતો નથી અને મધ્યસ્થ (= તટસ્થ) રહે છે તેને બુદ્ધિશાળી માણસો મિત્ર કહેતા નથી.[૨૪] એ સાથે જ મૂર્ખ, અધર્મજ્ઞ અને અસુહૃદ મનુષ્યો પછીથી એમ ન કહી જાય કે, 'કૃષ્ણ

---

૨૩ मनसा चिन्तयन्पापं कर्मणा नाभिरोचयन् ।
न प्राप्नोति फलं तस्य एवं धर्मविदो विदुः ॥ ५-९१-७
सोऽहं यतिष्ये प्रशमं क्षत्तः कर्तुममायया ।
कुरूणां सृञ्जयानां च संग्रामे विनशिष्यताम् ॥ ५-९१-८
सेऽयमापन्महाघोरा कुरुष्वेव समुत्थिता ।
कर्णदुर्योधनकृता सर्वे ह्येते तदन्वयाः ॥ ५-९१-९
व्यसनं क्लिश्यमानं हि यो मित्रं नाभिपद्यते ।
अनुनीय यथाशक्ति तं नृशंसं विदुर्बुधाः ॥ ५-९१-१०
आ केशग्रहणान्मित्रमकार्यात्संनिवर्तयन् ।
अवाच्यः कस्यचिद्भवति कृतयत्नो यथाबलम् ॥ ५-९१-११
तत्समर्थं शुभं वाक्यं धर्मार्थसहितं हितम् ।
धार्तराष्ट्रः सहामात्यो ग्रहीतुं विदुरार्हति ॥ ५-९१-१२
हितं हि धार्तराष्ट्राणां च पाण्डवानां तथैव च ।
पृथिव्यां क्षत्रियाणां च यतिष्येऽहममायया ॥ ५-९१-१३
हिते प्रयतमानं मां शङ्केद्दुर्योधनो यदि ।
हृदयस्य च मे प्रीतिरानृण्यं च भविष्यति ॥ ५-९१-१४

૨૪ ज्ञातीनां हि मिथो भेदे यन्मित्रं नाभिपद्यते ।
सर्वयत्नेन मध्यस्थं न तन्मित्रं विदुर्बुधाः ॥ ५-९१-१५.

શ્રીકૃષ્ણ સર્વમિત્ર છે. એટલે બન્ને પક્ષનો અને જગતનો વિનાશ અટકાવવા પ્રયત્ન કરે છે. કહેવાતી મધ્યસ્થતા કે તટસ્થતા એમને રુચતી નથી. એમના મતે એ અ-મિત્રનું, દુશ્મનનું લક્ષણ છે. તટસ્થતાના બહાને રાષ્ટ્રો રાષ્ટ્રો (અને વ્યક્તિઓ) વચ્ચે જે કાવાદાવા પ્રાગૈતિહાસિક કાળથી માંડીને આજ સુધી ચાલે છે તે પણ શ્રીકૃષ્ણને મંજૂર નથી. તે તો અમાયયા—નિષ્કપટભાવે, મિત્રોને અકાર્યમાંથી પાછા વાળવા માટે પૂર્ણ તાકાતથી (અનાસક્તભાવે) પ્રયત્ન કરે છે.

શક્તિશાળી હતો, પણ એણે ક્રોધે ભરાયેલા કૌરવ-પાંડવોને વાર્યા નહિ.' આથી હું બન્ને પક્ષનો અર્થ સાધવા માટે ( નિર્વૈર, નિષ્કપટભાવે ભલું કરવાની ઇચ્છાથી ) અહીં આવ્યો છું અને તે માટે પ્રયત્ન કરીને, લોકોના કહેવામાં નહિ આવું. ધર્મ-અર્થવાળાં મારા નીરોગી હિતવચનોને મૂર્ખ દુર્યોધન નહિ સાંભળે તો તેના નસીબમાં હશે તે થશે. પરંતુ **જો હું પાંડવોના હિતને નુકસાન કર્યા વિના સુલેહ કરાવી શકું તો, મેં પૂર્ણ અર્થમાં મહાન પુણ્યકાર્ય કર્યું ગણાય, અને કૌરવો મૃત્યુના જડબામાંથી છૂટી જાય.** હું કુરુસભામાં દૈવી પ્રેરણાવાળી ( કાવ્ય ), ધર્મયુક્ત, અર્થવાળી અને અહિંસક વાણી બોલીશ. એ સમ્-અર્થ વાણીને સાંભળીને તથા ( ખરેખર સાચી શાન્તિ સ્થાપવા માટે ) હું વાટાઘાટ કરવા આવ્યો છું એમ સમજીને કૌરવો મારું સન્માન કરશે તો રૂડું છે.[૨૫] ( છતાં હે વિદુર ! આપની શંકા પ્રમાણે જો તેઓ દગો કરશે તો ) કોપાયમાન સિંહની સામે જેમ બીજાં મૃગલાંઓ ઊભાં રહી શકતાં નથી એમ બધા રાજાઓ સંગઠિત થઈને પણ ( યુદ્ધમાં ) મને પહોંચી શકે એમ નથી.'[૨૬] ( ૫-૯૧-૧ થી ૨૧ ).

આ પ્રમાણે વાતો કરતાં કરતાં જ બંને બુદ્ધિમાનોની કલ્યાણકારી અને નક્ષત્રોવાળી એ રાત્રિ વીતી ગઈ. અનુરૂપ વાતો કહેતાં કહેતાં અમાપ તેજસ્વી નિષ્કામ શ્રીકૃષ્ણની અને તેવી જ રીતે ધર્મ-અર્થ-કામ પુરુષાર્થોવાળી અનેકવિધ સુંદર પદ અને અક્ષરોવાળી ( શ્રીકૃષ્ણની ) વાણી

---

२५ न मां ब्रूयुरधर्मज्ञा मूढा असुहृदस्तथा ।
शक्तो नावारयत्कृष्णः संरब्धान्कुरुपाण्डवान् ॥ ५-९१-१६
उभयोः साधयन्नर्थमहमागत इत्युत ।
तत्र यत्नमहं कृत्वा गच्छेयं नृष्ववाच्यताम् ॥ ५-९१-१७
मम धर्मार्थयुक्तं हि श्रुत्वा वाक्यमनामयम् ।
न चेदादास्यते बालो दिष्टस्य वशमेष्यति ॥ ५-९१-१८.
= ५-८१-४

अहापयन्पाण्डवार्थं यथाव-
च्छमं कुरूणां यदि चाचरेयम् ।
पुण्यं च मे स्याच्चरितं महार्थं
मुच्येरंश्च कुरवो मृत्युपाशात् ॥ ५-९१-१९.
Ꮛ. ५-२९-४१

अपि वाचं भाषमाणस्य काव्यां
धर्मारामामर्थवतीमहिंस्राम् ।
अवेक्षेरन्धार्तराष्ट्राः समर्था
मां च प्राप्तं कुरवः पूजयेयुः ॥ ५-९१-२०.
Ꮛ. ५-२९-४२

२६ न चापि मम पर्याप्ताः सहिताः सर्वपार्थिवाः ।
क्रुद्धस्य प्रमुखे स्थातुं सिंहस्येवेतरे मृगाः ॥ ५-९१-२१.
= ५-७०-८६

સાંભળતાં સાંભળતાં મહાત્મા વિદુરની તે રાત્રિ પૂરી થઈ. (પછી પાછલી રાત્રે) યાદવકુળને સુખી કરનાર શ્રીકૃષ્ણે સુખકારક સ્પર્શવાળી (મૃદુ) શય્યામાં શયન કર્યું.[૨૭] (૫-૯૧-૨૨; ૯૨-૧ થી ૩).

*    *    *

વિષ્ટિ માટે આવેલા જનાર્દને હસ્તિનાપુરમાં પ્રથમ દિવસ ખૂબ પ્રવૃત્તિમાં ગાળ્યો. આ પ્રવૃત્તિમાં એમનું ફરી એક વાર સ્ત્રીઓના અત્યંત વિશ્વસ્ત અને દુઃખિયારાના આશ્વાસક તરીકેનું રૂપ દેખાયું. (સર° શ્રીકૃષ્ણ 'દીનબન્ધુ' કહેવાય છે તે-એમના જ શબ્દોમાં તેઓ 'આર્તાનુસારિન્' ૨-૧૦-૧૨, દુઃખિયાંના આધાર છે.) ફોઈ કુન્તીને એમણે લાઘવથી સુખદુઃખનું તત્ત્વ સમજાવીને શાન્ત અને સ્થિર કર્યાં છે. સંભવ છે કે આવા કોઈ પ્રસંગમાંથી પ્રેરણા પીને ભાગવતકાર ઋષિએ, શ્રીકૃષ્ણે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી પરીક્ષિતનું રક્ષણ કર્યું તે પછી કુન્તીના મુખે બોલાવ્યું છે :

विपदः सन्तु नः शश्वत्तत्र तत्र जगद्गुरो ।
भवतो दर्शनं यत्स्यादपुनर्भवदर्शनम् ॥ 'ભાગવત' ૧-૮-૨૫.

'હે જગદ્ગુરુ (શ્રીકૃષ્ણ)! અમારા ઉપર સર્વત્ર નિરંતર વિપત્તિઓ આવ્યા કરો. (અને પ્રત્યેક વિપત્તિમાં તમે અમને બચાવવા આવવાના જ) એટલે જેથી પુનર્જન્મનું દર્શન ન કરવું પડે (= સાંસારિક આસક્તિ ટળે) એવું આપનું દર્શન અમને નિરંતર થયા કરે.'

શ્રીકૃષ્ણ અર્થદાસત્વથી મુક્ત છે, પરંતુ અહીં તો તેમનું અર્થદાસત્વથી મુક્ત હોવા ઉપરાંત અર્થના (ખરેખર તો 'અર્થ' નહિ પણ જેને આસુરી સંપત્તિએ 'અનર્થ' બનાવ્યું છે તે ધનના) વિવિધ ફાંસલાઓ, સકંજાઓ અને પકડથી માહિતગાર અને તેને તોડી નાખવા ઉદ્યુક્ત રક્ષક રૂપે દેખાય છે. શઠ દુર્યોધનના (ઉતારા અને) ભોજનના નિમન્ત્રણનો અસ્વીકાર કરતાં એમણે આપેલા જવાબમાં આપ્ત દૂતના કર્તવ્ય ઉપરાંત, આપત્કાળ સિવાય પોતાના ઉપર સ્નેહ રાખનાર સજ્જન (અર્થાત્ શિષ્ટ)ને ત્યાં જ જમી શકાય એ વિશદ કરી ભોજનશુદ્ધિનો વાર્ષ્ણેયી (અથવા વૈષ્ણવી) વિવેક સ્પષ્ટપણે દર્શાવ્યો. દુર્યોધનનું શિષ્ટોની મધ્યમાં કેવું સ્થાન હોય તે એને બતાવ્યું, અને એમ (અન્) અર્થના માલિકે શ્રીકૃષ્ણને પકડમાં લેવા માટે ચતુરાઈથી ગોઠવેલા આ છેલ્લા ફાંસલાને પણ અર્થકાન્ત શ્રીકૃષ્ણે છેદી નાખ્યો.[૨૮] દ્રોણ, ભીષ્મ જેવા સદાચારી

---

૨૭ तथा कथयतोरेव तयोर्बुद्धिमतोस्तदा ।
शिवा नक्षत्रसंपन्ना सा व्यतीताय शर्वरी ॥ ५-९२-१.
धर्मार्थकामयुक्ताश्च विचित्रार्थपदाक्षराः ।
शृण्वतो विविधा वाचो विदुरस्य महात्मनः ५-९२-२.
कथाभिरनुरूपाभिः कृष्णस्यामिततेजसः ।
अकामस्येव कृष्णस्य सा व्यतीताय शर्वरी ॥ ५-९२-३.
इत्येवमुक्त्वा वचनं वृष्णिनामृषभस्तदा ।
शयने सुखसंस्पर्शे शिष्ये मदुसुखावहः ॥ ५-९१-२२.

૨૮. (૧) હવે પછી થનાર વિષ્ટિમાં 'અનર્થને અર્થ માનતા અને અર્થને અનર્થ માનતા' ધૃતરાષ્ટ્રને કહેલ વચન સર° ૫-૯૩-૬૦,

બ્રાહ્મણ-ક્ષત્રિયો પણ દુર્યોધનના પ્રભાવ હેઠળ આવીને તેની સામે પૂરા સામર્થ્યથી અવાજ ઉઠાવી શકતા નહોતા. એવા કોઈ કારણે જ શિષ્ટ એવા શૂદ્ર વિદુરનું આતિથ્ય શ્રીકૃષ્ણે વધુ પ્રશસ્ત ગણ્યું છે.

એમ છતાં શ્રીકૃષ્ણ સર્વમિત્ર હતા. પાપનું ઉન્મૂલન કરવા સદા ઉદ્યુક્ત. પરંતુ સજ્જન-દુર્જન સર્વ પ્રત્યે નિર્વૈર કર્મયોગી. દુર્યોધન એમનો દ્વેષી હતો પણ એ તો દુર્યોધન અને એના જુલમગાર ગોઠિયાઓ સહિત સર્વ જગતના હિતેચ્છુ હતા. દુર્યોધનનાં કાળાં કૃત્યોનો અંજામ કર્મના નિયમ મુજબ સર્વનાશમાં જ પરિણમે; પણ સન્મિત્રનુ કર્તવ્ય છે કે 'અકાર્ય કરતા મિત્રને વિનાશની ગર્તામાં પડતાં અટકાવવા સંપૂર્ણ શક્તિથી પ્રયત્ન કરવો જોઈએ. અપકાર્યરૂપી સંકટમાં ફસાઈ પડેલા મિત્રને જે સહાય કરતો નથી તે તો ઘાતકી છે,' એમ બોલતા અને આચરતા શ્રીકૃષ્ણમાં વૈરીઓનુંય ભલું કરવાની, એમને બચાવવાની ઉત્કટ ભાવના છે.[૨૯] નિષ્કામપણે કર્તવ્ય બજાવતાં નિષ્ફળ જવાય તોપણ કર્તવ્ય બજાવ્યાની ઋણમુક્તિનો હૃદયતોષણ આનંદ મેળવવાની અભીપ્સા છે.[૩૦] સફળતા મળશે તો શ્રેષ્ઠ ધર્મફળ પ્રત્યક્ષ થશે અને નિષ્ફળ

---

(૨) 'ભારતસાવિત્રી'માં ઋષિ વેદવ્યાસે કહ્યું છે:

धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ॥ ૧૮-૫-૪૯ગધ.

'ધર્મથી અર્થ અને કામ પુરુષાર્થ પ્રાપ્ત થાય છે. તો (હે લોકો!) તમે એ ધર્મનું શા માટે સેવન કરતા નથી?' અર્થાત્ 'અધર્મ સેવીને શા માટે અનર્થ (અન્-અર્થ) અને અકામ (દુઃખ)ને પ્રાપ્ત કરો છો?'

આ પ્રશ્નકર્તા ઋષિની નજરે જોઇએ તો સર્વોદયી અર્થશાસ્ત્ર સિવાયનાં અર્થશાસ્ત્રો, ખરેખર તો 'અનર્થશાસ્ત્રો' છે.

વિશેષ માટે જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, પૃ. ૫૮૮ થી ૫૯૩.

(૩) સર૦ "અર્થ" તે છે કે જે ધર્મથી જ પ્રાપ્ત કરવામાં આવે છે અને જે અધર્મથી સિદ્ધ થાય છે તેને "અનર્થ" કહે છે". ઋષિ દયાનન્દકૃત 'સત્યાર્થપ્રકાશ' (અનુવાદક: પં. મયાશંકર શર્મા) ૯મી આવૃત્તિ, સં. ૨૦૦૯, પૃ. ૬૭૪.

૨૯. શ્રીકૃષ્ણની આ જગદ્હિતકારી ભાવનાને લીધે કહેવાયું,

नमो ब्रह्मण्यदेवाय गोब्राह्मणहिताय च ।

जगद्धिताय कृष्णाय गोविन्दाय नमो नमः ॥

'વિષ્ણુપુરાણ,' ૧-૧૯-૬૫.

='શાન્તિપર્વ'માં 'રાજધર્મપર્વ'નું ક્ષેપક ૯૩, લીટી ૩, ૪.

ગો-બ્રાહ્મણહિતકારી, બ્રહ્મણ્યદેવ (પરમપવિત્ર દેવ), જગતહિતકારી, ગોવિન્દ શ્રીકૃષ્ણને વારંવાર નમસ્કાર હો.

૩૦. 'હૃદયતોષણ કાર્ય કરવું જ' એવો શ્રીકૃષ્ણનો સિદ્ધાંત છે. સર૦ '...મૃત્યુ ક્યારે આવશે— રાતે કે દિવસે, તેનો સમય આપણે જાણતા નથી. તેમ યુદ્ધમાં ન ઊતરવાના કારણે જ કોઈ અમર થયો હોય એવું (જોયું તો નથી જ પણ) સાંભળ્યુંયે નથી. તેથી મનુષ્યોએ હૃદયતોષણ કાર્ય કરવું જ જોઈએ.' (૨-૧૬-૨,૩). જુઓ 'સ્વાધ્યાય' જન્માષ્ટમી, સં. ૨૦૨૨ માં 'જરાસંધ-વધ' (ઉ. જ. સાંડેસરા), પૃ. ૩૭૭.

થવાશે તોપણ એનું પુણ્યફળ મળવાનું જ એવી ખાતરી સાથે એ પરમ વીરપુરુષ કટ્ટર વૈરીઓની વચ્ચે એમના અને સૌના હિત માટે નિષ્કપટ ભાવે સુલેહની વાટાઘાટો માટે જવા કૃતનિશ્ચયી હતા.[૩૧]

શ્રીકૃષ્ણના અન્તર્યામી સ્વરૂપની એક ઝલક પણ અહીં જોવા મળે છે. ઉન્માર્ગે જતા જીવને પાછો વાળવા અન્તર્યામી મૈત્રીભાવે તેની પાસે જાય છે. આસુરી વૃત્તિઓથી અવલિપ્ત જીવ ( દુર્યોધન ) અન્તર્યામી પ્રત્યે શંકા અને વૈર રાખે છે; પણ જીવનો સનાતન સખા તો એની મદદ કરવા નિષ્કામ પ્રેમભાવે સદા તત્પર છે. જીવ આ સર્વમિત્રની મદદ ઠુકરાવે છે તોપણ એ જગત્હિતકારી બ્રહ્મણ્યદેવ એની ફરજ નિષ્કપટપણે બજાવવા ઉદ્યુક્ત છે. એની ધીરજ અનન્ત છે. એના પ્રેમપૂર્ણ અક્ષયપાત્રસમા હૈયામાંથી નીકળતો પ્રેમધોધ સમગ્ર વિશ્વને પ્લાવિત કરી શકે એવો નિઃસીમ છે. અકાર્ય કરી પ્રણાશને પંથે પરવરતા જીવને એ ચોટલી ઝાલીને પાછો વાળવા હિત-બુદ્ધિથી એવો પૂર્ણ પ્રયત્ન કરે છે. સહનશીલતા રાખીને શાન્તિની વાટાઘાટ કરવા સામે પગલે જાય છે. અને આસુરી સંપત્તિની મધ્યમાં જતા અન્તર્યામીના ગૌરવભંગની બીકથી ડરતી દૈવી સંપત્તિને પોતાના અકુતશ્ચિદ્ભય, પૂર્ણ નિર્ભય રૂપની ઝાંખી કરાવે છે.

અન્તર્યામી મધ્યસ્થ અથવા તટસ્થ નથી. એ મિત્ર છે, અ-મિત્ર નથી. તેથી મિત્રના ઉદ્ધાર માટે પોતે જ પહેલ કરે છે. શુદ્ધ ભક્તિમાર્ગમાં, 'દયાસાગર પરમાત્મા કૃપા કરીને જીવના ઉદ્ધાર માટે પહેલ કરે છે. પોતે જ એની આંખમાં આંખ પરોવીને, પવિત્ર થયા નિમંત્રે છે. સ્નેહભર્યા હૃદયથી ગાઢ આશ્લેષ આપે છે,' વગેરે સંત-ભક્તોના અનુભવો છે. પરમાત્માની વિભૂતિ અને શ્રીકૃષ્ણની વિભૂતિ અભિન્ન છે.

> भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
> **सुहृदं सर्वभूतानां** ज्ञात्वा मां शान्तिमृच्छति ॥ ६-२७-२९ (ગીતા ૫–૨૯).

'યજ્ઞ અને તપના ભોક્તા, સર્વ લોકના મહેશ્વર અને **સર્વ ભૂતોના સુહૃદ** એવા મને જાણીને ( ગીતા ૫–૨૭, ૨૮માં ઉક્ત મુનિ ) શાન્તિ પામે છે.'

---

૩૧ સર૦ સફળતા-નિષ્ફળતા અંગે શ્રીકૃષ્ણના સિદ્ધાંતની અલ્પ ઝલક :

> हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ।
> तस्मादुत्तिष्ठ कौन्तेय युद्धाय कृतनिश्चयः ५-२४-३७ (ગીતા ૨–૩૭)
> सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
> ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥ ५-२४-३८
> ( ગીતા ૨–૩૮ ). સર૦ ૧૨–૨૭૭–૩૭.

'જો તું હણાઈશ તો સ્વર્ગમાં જઈશ અને જીતીશ તો પૃથ્વીનું રાજ્ય ભોગવીશ. માટે કૌન્તેય ! યુદ્ધ કરવાનો નિર્ણય કરીને તું ઊભો થા.

'સુખ અને દુઃખ, લાભ અને નુકસાન, જય અને પરાજય સમાન માનીને તું યુદ્ધ કરવા પ્રવૃત્ત થા, એમ કરવાથી પાપ નહિ લાગે'.

# એક નવીન નાટકની ઉપલબ્ધિ[1]

અંબાલાલ પ્રેમચંદ શાહ

જૈન ગ્રન્થભંડારોમાંથી હજીયે કેટલાક અજ્ઞાત ગ્રન્થો મળી આવે છે તે પૈકી મને હાથ લાગેલી "રાજીમતીપ્રબોધ"[2] નામની સંસ્કૃત નાટકકૃતિ વિશેની હકીકતો આજે સાહિત્યરસજ્ઞો આગળ રજૂ કરવી યોગ્ય ધારું છું.

અહીં હું એ નાટકના કર્તા અને તેમની કૃતિઓ વિશે ઉપલક દૃષ્ટિએ પરિચય કરાવું.

"રાજીમતીપ્રબોધનાટક"ના કર્તાનું નામ છે યશશ્ચન્દ્ર. તેઓ ૧૨મી શતાબ્દીમાં વિદ્યમાન હતા. તેમણે 'મુદ્રિતકુમુદચન્દ્રપ્રકરણ' નામે રચેલા અને શ્રી. યશોવિજય જૈન પાઠશાળા, કાશીથી વીર સં. ૨૪૩૨માં પ્રસિદ્ધ થયેલા ઐતિહાસિક નાટકથી વિદ્વાનો પરિચિત છે. તેમનું આ બીજું નાટક ભ૦ નેમિનાથ અને રાજીમતીના ઘટનાપ્રસંગનું ચિત્ર રજૂ કરે છે.

આ બે નાની નાટ્યકૃતિઓથી પણ યશશ્ચન્દ્ર એક વિશિષ્ટ મહાકવિ તરીકે આપણી સામે તરી આવે છે. તેઓ એમના સમયના શ્રુતધર આચાર્ય વાદી શ્રી દેવસૂરિના પરમભક્ત અને પરમ જૈન હતા. મહારાજ સિદ્ધરાજ જયસિંહની વિદ્વત્સભાના પ્રમુખ પ્રજ્ઞાચક્ષુ મહાકવિ શ્રીપાલના[3] ઘનિષ્ઠ સંબંધમાં હતા, જેમનો તેઓ માનભેર ઉલ્લેખ કરે છે, પણ વિદ્વત્સભામાંના પોતાના અધિકાર વિશે કશો ઉલ્લેખ કરતા નથી.

તેઓ ધર્કટવંશીય ( धर्कटवंशवारिधिसुधारोचिः ) વિદ્વાન્ ધનદેવના પુત્ર મહાકવિ પદ્મચંદ્રના પુત્ર હતા. એ એક રોમાંચક વાત છે કે, કવિ યશશ્ચન્દ્રનું કવિત્વ તેમના પિતા અને દાદાથી વારસાગત ઊતરી આવ્યાનું કથન 'મુદ્રિતકુમુદચંદ્રપ્રકરણ' પૃ. ૨માં કવિ પોતે પારિપાર્શ્વિક અને સૂત્રધારના મુખથી ( पूर्वपुरुषपरम्परातः सुकविताप्तिः ) જણાવે છે.

## [ ૨ ]

'મુદ્રિતકુમુદચન્દ્રનાટક'થી જણાય છે કે, મહાકવિ યશશ્ચન્દ્રના દાદા ધનદેવ એક વિદ્વાન્ હોવા છતાં શાકંભરીના રાજાના મુખ્ય અધિકારી વર્ગમાં હતા.[4] કદાચ તેમના મહામાત્ય

---

૧ ગુજરાતી સાહિત્ય પરિષદ અધિવેશન, દિલ્હી, ૧૯૬૭માં વંચાયેલો નિબંધ.

૨ આ ગ્રન્થનું સંપાદન હું કરી રહ્યો છું.

૩ જૈન પ્રબંધો અને બીજા ગ્રન્થોમાં શ્રીપાલને કવિરાજ, ષટ્ભાષાચક્રવર્તી, સિદ્ધરાજપ્રતિપન્ન-બન્ધુ તરીકે ઓળખાવેલા છે. તેમણે 'વૈરોચનપરાજય' નામનો મહાપ્રબન્ધ રચેલો તે આજે મળતો નથી. શ્રીપાલે પોતે જ પોતાને માટે 'એક દિવસમાં મહાપ્રબન્ધ રચ્યો' ( एकाहनिष्पन्नमहाप्रबन्ध ) એવો ઉલ્લેખ કર્યો છે. તેમની કેટલીક નાની કૃતિઓ, સૂક્તિપદ્યો વગેરે મળી આવે છે.

૪ यस्याराधनबुद्ध्युपागतमहासामन्तचक्रोल्लसद्–
बाह्लीकाश्वमुखान्तरालविगलल्लालाजलैः पङ्किला ।
वेश्मद्वारवसुन्धरा प्रतिदिनं तावद् बभूवाद्भुतं
तत्कर्णेजपमन्दिरेषु कमला भ्रष्टा स्खलन्ती पुनः ॥

હતા; કેમકે તેમણે શાકંભરીના રાજાની બાલ્યાવસ્થાથી જે રાજ્યવિષયક ઉન્નતિ કરવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો અને એ ધનદેવને મળવા માટે તેમના આંગણે અનેક મહાસામંતોની મંડળીની ભીડ સદા જામેલી રહેતી. તેમની વિદ્વત્તાનો પરિચય આપનારી કોઈ કૃતિ વિશે જાણવા મળતું નથી.

આ ધનદેવના પુત્ર અને મહાકવિ યશશ્ચન્દ્રના પિતા પદ્મચંદ્ર કોઈ રાજ્યના અધિકારમાં સંકળાયેલા હોય એવો ઉલ્લેખ યદ્યપિ કવિ યશશ્ચન્દ્રે કર્યો નથી છતાં તેઓ તેમના પિતા ધનદેવની સાથે કોઈ અધિકારપદે હોય એવું અનુમાન કરી શકાય. કદાચ તેઓ શાકંભરીના રાજાની વિદ્વત્સભાના મુખ્ય અધિકારી પણ હોય; પરંતુ તેઓ એક મહાવિદ્વાન્ કવિ હતા, જેમની રસિક સૂક્તિઓ વિદ્વાનો ખૂબ ધ્યાનથી સાંભળતા. (पीताः कुशलितलोचनैर्भणितयो विद्वज्जनैर्यत्पितुः) તેમની કોઈ કૃતિ વિશે જાણવા મળતું નથી.

અને આપણા કવિ યશશ્ચન્દ્રે પોતાનો પરિચય 'મુદ્રિતકુમુદચંદ્રપ્રકરણ', પૃ. ૨માં આપ્યો છે, તેનો સાર એ છે કે, કવિ યશશ્ચન્દ્રે અનેક પ્રબન્ધગ્રન્થો રચ્યા હતા. (कर्ताऽनेकप्रबन्धानाम्) અને તેમની કવિતા સાંભળવા માટે વિદ્વાનો સદા ઉત્કંઠિત રહેતા. (यत्सूक्ति श्रवणातिथिं विरचयन् विश्वो मनस्वी जनः)

મહાકવિ યશશ્ચન્દ્રે બે મહાકાવ્યો અને ચાર નાટકો રચ્યાં હતાં એવો ઉલ્લેખ પણ પોતે કરે છે.[1] તે પૈકી 'મુદ્રિતકુમુદચંદ્રપ્રકરણ' પ્રગટ થયાનું અગાઉ જણાવ્યું છે, અને આ 'રાજીમતીપ્રબોધ' નામના બીજા નાટક વિશે નવી હકીકત પ્રગટ થાય છે. બાકીનાં બે નાટકો અને બે મહાકાવ્યો હજી પ્રાપ્ત થયાં નથી. એ સિવાયના બીજા ગ્રન્થો રચ્યા હોય તો તે વિશે જાણવા મળ્યું નથી.

આ બંને નાટકો ઉપરથી મહાકવિ યશશ્ચન્દ્ર અને તેમના પૂર્વજોએ વિદ્યા તેમ જ રાજકારણમાં આપેલા ફાળાનો નિર્દેશ મળે છે. કવિ યશશ્ચન્દ્રના સમકાલીન મહાકવિ શ્રીપાલ, તેમના પુત્ર મહાકવિ અને મંત્રી સિદ્ધપાલ જેમનો કવિઓ અને દાનીઓમાં મુખ્ય (कवीनां दातॄणां धुर्यः) એવો ઉલ્લેખ મળે છે, તેમણે તેમજ તેમના પુત્ર 'દ્રૌપદીસ્વયંવરનાટક'ના કર્તા મહાકવિ વિજયપાલે પણ વિદ્યા તેમજ રાજકારણમાં કરેલા અર્પણની સમાંતર તુલના કરી શકાય એમ છે.

સ્પષ્ટ છે કે, મહાકવિ શ્રીપાલ અને એમના સમકાલીન કવિ યશશ્ચંદ્ર કરતાં લગભગ પોણી સદી અગાઉ ધનદેવ અને પદ્મચંદ્ર જેવી ગૃહસ્થ જૈન વિદ્યાવિભૂતિઓની પરંપરા ઠેઠ વિજયપાલ સુધી જોવા મળે છે. એટલે લગભગ ૨૦૦–૨૫૦ વર્ષના એ ગાળામાં (ધનદેવ, પદ્મચંદ્ર, યશશ્ચંદ્ર —શ્રીપાલ, સિદ્ધપાલ અને વિજયપાલ) આ છ જૈન ગૃહસ્થ વિદ્વાનો થયાનું ચિત્ર આપણી સામે જાણે પ્રત્યક્ષ થાય છે.

અને કવિ યશશ્ચંદ્ર જે સમયમાં વિદ્યમાન હતા તે સમયના સાહિત્યાકાશમાં એક તરફ વાદી શ્રી દેવસૂરિ જેવા પ્રૌઢ દાર્શનિક, બીજી તરફ આ. હેમચંદ્રસૂરિ જેવા વ્યાકરણ આદિ વિવિધ

---

૧ महाकाव्यद्वन्द्वोज्ज्वलमसृणशृङ्गद्युतिमती
क्षरत्काव्यक्षीरामृतभरचतुर्नाटककुचा ।
समुन्मीलद्वाक्यामृतललितलाङ्गूललतिका
यदीया दत्ते गौरहह ! कृतिनः कस्य न मुदम् ? ॥

વિષયોના વિદ્યાવિશારદ, રામચંદ્રસૂરિ અને ગુણચંદ્રસૂરિ જેવા સ્વતંત્ર મિજાજના નાટચકારો, દેવચંદ્રસૂરિ જેવા પ્રતિભાસંપન્ન કવિ, રત્નપ્રભસૂરિ અને ભદ્રેશ્વર સૂરિ જેવા સૂક્ષ્મદર્શી દાર્શનિક કવિઓ, માણિક્યચંદ્રસૂરિ જેવા તીખા પ્રૌઢ વિદ્વાન, સૂરાચાર્ય જેવા ઉદ્દભટ વાદી અને અભયદેવસૂરિ જેવા ગંભીર આગમિક વિદ્વાનોની કૃતિઓ જોઈએ છીએ ત્યારે એ સમય शतचन्द्रं नभस्तलम्—સો સો ચંદ્રોના પ્રકાશથી જાજ્વલ્યમાન હોય એવું વરતાય છે. કોઈ કોઈનાથી ઊતરતા વિદ્વાન્ નથી ત્યારે યુવાન અને ગૃહસ્થ એવા યશશ્ચંદ્ર જાણે એકાદ ખૂણામાં ચમકતા ધ્રુવ તારલા જેવાનો કોઈ બે શબ્દોમાંય પરિચય આપતા નથી. આ સ્વમાની કવિ પોતાની દ્રાક્ષા જેવી મધુર કૃતિઓનો રસથાળ લોકસમક્ષ મૂકીને અન્તર્હિત થઈ જાય છે.

## [ ૩ ]

'મુદ્રિતકુમુદચંદ્રપ્રકરણ'માં ગૂર્જરનૃપતિ સિદ્ધરાજ જયસિંહની રાજસભામાં જૈન શ્વેતાંબરાચાર્યશિરોમણિ વાદી શ્રી દેવસૂરિ અને જૈન દિગંબરાચાર્ય શ્રી કુમુદચંદ્ર વચ્ચે વિ. સં. ૧૧૮૧માં થયેલા ઐતિહાસિક વાદપ્રસંગનો પરિચય મળે છે. આ સાંપ્રદાયિક વાદવિવાદમાં શ્વેતાંબર પક્ષનો વિજય અને દિગંબર પક્ષનો પરાજય થયો એ ઘટનાની આમાં રજૂઆત છે. નાટકનાં પાત્રોના મુખથી કેટલાંક તત્કાલીન સૂચનો પણ આપણને જાણવા મળે છે.

મહારાજા સિદ્ધરાજ જયસિંહની રાજસભાનું વાસ્તવિક ચિત્ર, પ્રજ્ઞાચક્ષુ ષટ્ભાષાકવિચક્રવર્તી શ્રીપાલનું પ્રભાવક વ્યક્તિત્વ, વાદી શ્રી દેવસૂરિની અપ્રતિમ વિદ્વત્તા, કવિત્વ અને દાર્શનિક પ્રતિભા, શ્રી દેવસૂરિના શિષ્યો પૈકી શ્રી માણિક્યચંદ્ર, શ્રી વિજયસેન અને શ્રી અશોકચંદ્રની વાક્પટુતા, શ્રી કુમુદચંદ્રસૂરિની અસહિષ્ણુતા, ગૂર્જરમંત્રી ગાંગિલની કૂટપ્રજ્ઞા, રાજવીની ન્યાયપ્રિયતા અને પોતાના રાષ્ટ્રવિજયની ઉત્કંઠા વિશે ઘણી જાણવાયોગ્ય માહિતી મળે છે. આમાંનાં લગભગ બધાં પાત્રો ઐતિહાસિક છે. એટલે તત્કાલીન ઐતિહાસિક હકીકતોને રજૂ કરતું આ નાટક બીજાં નાટકોથી અલગ તરી આવે છે.

આ હકીકત ઉપરથી કવિ યશશ્ચંદ્ર વિ. સં. ૧૧૮૧ અને તે પછીના સમયમાં વિદ્યમાન હતા એટલું નક્કી છે.

## [ ૪ ]

ત્યારે 'રાજીમતીપ્રબોધનાટક' એક પૌરાણિક લોકવિશ્રુત પ્રસંગનો આધાર લઈને રચેલું પંચાંકી નાટક છે. કરુણ પ્રસંગમાંથી સંસારત્યાગ માટે 'પ્રબોધ થવો' અને એ દ્વારા રાજીમતીને 'પ્રબોધ કરવો' એ આ નાટકની વસ્તુ છે. એટલે આમાંથી કોઈ ઐતિહાસિક વિગત જાણવા ન મળે એ સ્વાભાવિક છે.

આ નાટકમાં જે પૌરાણિક પ્રસંગનો આધાર લેવામાં આવ્યો છે તે આ પ્રકારે છે :—

શ્રી. કૃષ્ણ અને શ્રી. નેમિનાથનો જન્મ યાદવકુળમાં થયો હતો. આ યાદવકુળનો વિસ્તાર મથુરાની આસપાસ હતો. મથુરામાં શ્રી. કૃષ્ણ ઉપર આફત આવતાં તેઓ બધા દ્વારિકામાં આવ્યા. શ્રી. કૃષ્ણના પિતા વસુદેવ અને શ્રી. નેમિનાથના પિતા સમુદ્રવિજય બંને સગા ભાઈઓ હતા.

શ્રી નેમિનાથની પ્રકૃતિ જન્મથી જ વૈરાગ્યશીલ હતી. તેઓ યૌવનાવસ્થામાં આવ્યા ત્યારે તેમના પિતા સમુદ્રવિજય અને માતા શિવાદેવીએ નેમિનાથનો વિવાહ કરવાનો વિચાર કર્યો ત્યારે નેમિનાથે ના પાડી દીધી.

એક પ્રસંગે શ્રી. કૃષ્ણ પાસે મથુરાથી એક ગોપાળ કન્યા આવી. શ્રી. કૃષ્ણે તેનો વેશ અને રીતભાત જોઈને રુકિમણી વગેરે અંતઃપુરની સ્ત્રીઓ તેનો ઉપહાસ કરશે એમ માની કંઈક સંકોચ અનુભવવા લાગ્યા ત્યારે શ્રી. નેમિનાથને આ કન્યાનું સ્વાભાવિક વર્તન ખૂબ રુચ્યું.

આ ઉપરથી નેમિનાથને માટે યોગ્ય કન્યા શોધી કાઢવા માટે સમુદ્રવિજય, શ્રી. કૃષ્ણ વગેરે વિચાર કરવા લાગ્યા ત્યારે સત્યભામાએ ઉગ્રસેનની પુત્રી રાજીમતી યોગ્ય હોવા વિશે પ્રસ્તાવ મૂકયો. કન્યા જોવા માટે વિચક્ષણ પુરુષોને મોકલવામાં આવ્યા. બલભદ્રે રાજીમતીનાં રૂપલાવણ્ય, યૌવન અને વય વિશે શ્રી. નેમિનાથ સમક્ષ મુક્તકંઠે પ્રશંસા કરી. શ્રી. કૃષ્ણે પણ અનુમતિ આપી. નેમિનાથે એ વાત નછૂટકે સ્વીકારી.

નેમિનાથ ઉગ્રસેનને ત્યાં જાન લઈને માંડવે આવ્યા ત્યારે નેમિનાથને પશુઓનાં કરુણ આક્રંદ સંભળાયાં. વાડામાં પૂરેલાં પશુઓને નેમિકુમારે જોયાં ને પૂછ્યું: 'આ શું છે?' જવાબ મળ્યો કે, 'તમારા જાનૈયાઓના આતિથ્ય (ભોજન) માટે આ પશુઓ છે.' શ્રી નેમિનાથે તરત એ વાડામાંથી બધાં પશુઓને છોડી મૂકયાં અને લગ્ન કરવાની ના પાડી.

નેમિનાથને તેમના વડેરાઓ સમુદ્રવિજય, વસુદેવ, શ્રી. કૃષ્ણ, બલભદ્ર, શિવાદેવી વગેરે ઠપકો આપવા લાગ્યાં.

ઉગ્રસેન, ધારિણી વગેરેને ભારે પશ્ચાત્તાપ થયો.

છેવટે રાજીમતી વિષાદભર્યા મુખે શ્રી. નેમિનાથને મળવા આવી. શ્રી. નેમિનાથે પોતાનો નિર્ણય જાહેર કરી રાજીમતીને વૈરાગ્યમય ઉપદેશ આપ્યો. અંતે રાજીમતીએ ખુશ થઈને શ્રી. નેમિનાથને તીર્થનો ઉદ્દ્યોત કરવા વિનંતિ કરી.

બંનેએ ગિરનારમાં સાધના કરી આત્મકલ્યાણ કર્યું.

## [ ૫ ]

નાટકની રચના ઉચ્ચ કોટિની વિદ્વત્તા અને કલા માગી લે છે. કવિની બંને કૃતિઓમાંથી તેમની વૈદર્ભીરીતિયુક્ત રચનાનું જ્ઞાન થાય છે. વિવિધ પ્રસંગોમાંથી નવે રસોનો આસ્વાદ માણી શકાય છે. તેઓ વ્યાકરણ, સાહિત્ય, છંદ, કોશ, જ્યોતિષ, ચૂડામણિશાસ્ત્ર[1] વિષયના અજોડ અભ્યાસી માલૂમ પડે છે. સંસ્કૃત અને પ્રાકૃત ભાષા ઉપર તેમનું પ્રભુત્વ જાણી શકાય છે. જૈનોના આચાર અને સિદ્ધાંત વિષયનું તેઓ ઊંડુ જ્ઞાન ધરાવતા હોવાનું પણ જણાય છે. સાચે જ કવિ યશશ્ચંદ્રને તેમનાં બંને નાટકો સારી કીર્તિ અપાવે એવાં છે એમાં શંકાને લેશ અવકાશ નથી.

---

सूत्रधारः—गृह्यतां कस्यापि फलस्याभिधानम् ।
नटी—करुणम् ।

सूत्रधारः—दग्धान्तःस्वरोऽयं प्रश्नः । आर्ये ! न दृश्यते प्रारब्धकार्यसिद्धिः ।

'રાજીમતીપ્રબોધનાટક'માં તેમણે એક સ્થળે મહારાષ્ટ્રીય પ્રાકૃત ભાષામાં ચિત્રાત્મક પરિચય આપતો ફકરો આપ્યો છે તે આપણને ૧૨મી સદી જૂના પ્રાકૃત-અપભ્રંશનો ખ્યાલ કરાવે છે. નીચે આપેલો ફકરો ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનો છે.

"नेमिः—( महाराष्ट्रिकमुखमीक्षते राजा ) देव ! चतुरांगुलाची जीहा मी कांई सांघओ, गोमटी मुह फाफटि, निलाड्ड चापडु, आखंडयालि ताहीची वीणी काली, न छोटी न मोटी, वानिं चांपाहूली नाहीं कांइं ताहि तूली, नाहि उंडी जाणउं सुखकरी कूंडी, बोलती महुर वाणि, चालती सुजाणि, राउल ! खरी रुडी अमृतकरी, इसी कूयडी न, प्रभुदं रुपेडुं जाणामि।"

આ નાટકમાંથી આપણને ૧૨મી સદી જૂની અપભ્રંશ ભાષાનો નમૂનો પણ જોવા મળે છે—

"राजीमती—जिम करुणारसपोसु पसुअहं बापुडलाइं पइं।
सामिय ! हुंतु कु दोसु तिम्ह अम्हाहु उवरिजइ॥
राजी०—निठुर नेमिकुमार परिणिउ कलहि बहत्तरिहिं।
एव अम्हारी वार तुहु ऊजलगिरि चालियउ॥
सोहसि सामल धीर तुह नमेहु न जयतिलय !।
कप्पतरु अहवा [ ? न पयडिज्जइ ] पुन्नविहीणयहं॥"

મહાકવિ યશશ્ચંદ્ર કોઈ રાજ્યમાં અધિકારપદે હશે કે શું ? તેમણે બીજાં સુકૃતો કયાં કર્યાં ? કવિ શ્રીપાલ અને કવિ યશશ્ચંદ્ર વચ્ચે કોઈ સગાઈસંબંધ હતો કે કેમ એ જાણવા માટે કોઈ સૂચન હજી મળ્યું નથી. એમનાં બે મહાકાવ્યો આપણને પ્રાપ્ત થયાં હોત તો સંભવ છે કે, આ બધી હકીકતોના ખુલાસા જાણી શકાત.

અલબત્ત, કવિ યશશ્ચંદ્ર પાટણથી ખૂબ પરિચિત છે. મહારાજા સિદ્ધરાજ જયસિંહ અને કવિ શ્રીપાલ સાથે ઘનિષ્ઠ સંબંધમાં રહેતા હોવાનાં સૂચનો 'મુદ્રિતકુમુદચંદ્રનાટક'માંથી મળે છે. તેઓ વાદી શ્રી દેવસૂરિની વિદ્યાપ્રતિભાના પરમ ઉપાસક હોવાનું પણ તેમની રચનાઓમાંથી ફલિત થાય છે.

ઉપર્યુક્ત ખુલાસાની હકીકતોની સામગ્રી આપણને પ્રાપ્ત થાય એવી આશા રાખીએ.

---

* યશશ્ચન્દ્રકૃત 'રાજીમતી પ્રબોધ' નાટકનો સર્વપ્રથમ સંક્ષિપ્ત નિર્દેશ શ્રી ચિમનલાલ દલાલે 'વસંત', પૃ. ૧૪ (સંવત ૧૯૭૧-૭૨માં પ્રગટ થયેલા 'ગુજરાતનું સંસ્કૃત નાટક સાહિત્ય' એ લેખમાં કરેલો છે.

—સંપાદક

# પંડિતરાજ જગન્નાથના જીવનચરિત્ર પર નવો પ્રકાશ—એક નોંધ

રમણલાલ હી. ગાંધી

'સ્વાધ્યાય', પુ. ૫, અંક ૨ (વસંતપંચમી અંક)માં સુપ્રસિદ્ધ પ્રા. રામચંદ્ર આઠવલે-સાહેબે "પંડિતરાજ જગન્નાથના જીવનચરિત્ર ઉપર નવો પ્રકાશ" એ નામનો સંશોધનલેખ લખ્યો છે. એ લેખ પ્રો. આઠવલેસાહેબની સંશોધનપ્રિયતા અને વિષયનું તેમનું ઊંડું અવગાહન બતાવે છે. એ લેખ વાંચી તેમના વક્તવ્ય સંબંધમાં નીચેના ત્રણ મુદ્દા ઉપસ્થિત કરવા હું પ્રેરાયો છું.

(૧) વિદ્વાન સંશોધકે 'સંપ્રદાયકલ્પદ્રુમ'ના આધારે જણાવ્યું છે કે પં. જગન્નાથ પુષ્ટિમાર્ગીય આચાર્ય શ્રી વિઠ્ઠલેશજી (ઉર્ફે ગોસાંઈજી)નો દૌહિત્ર હતો, વગેરે વગેરે. આ હકીકત '**નવો પ્રકાશ**' હોય એ રીતે રજૂ કરવામાં આવી છે.[૧] પરંતુ સાચી વાત એ છે કે પં. જગન્નાથ વિષેની એ વાત પુષ્ટિમાર્ગીય ગ્રંથોમાં ૨૦–૨૫ વર્ષો પહેલાં પ્રસિદ્ધ થઈ ગયેલી છે. નીચેના ગ્રંથોમાં પં. જગન્નાથ વિષે માહિતી ઉપલબ્ધ થાય છે:

अ શ્રી વિઠ્ઠલેશચરિતામૃત (લે. દ્વા. પુ. પરીખ, પ્ર. વિદ્યાવિભાગ, કાંકરોલી—વિ. સં. ૧૯૯૮)ના પૃ. ૨૬૦ પર આ પ્રમાણે નોંધ છે: "શ્રી યમુનાબેટીજીના બીજા પુત્ર જગન્નાથે શાહસુતા (યવનપુત્રી) સાથે લગ્ન કર્યું, તેથી તેઓને જાતબહાર મૂકવામાં આવ્યા."

आ શ્રી હરિરાયજી મહાપ્રભુજીનું જીવનચરિત્ર (લે. દ્વા. પુ. પરીખ, પ્ર. નંદલાલ બોડીવાલા, સં. ૨૦૦૩) પ્રસ્તાવનામાં પૃ. ૧૫ ઉપર નીચે પ્રમાણેની વંશાવળી આપી છે, જે જગન્નાથના વિદ્યમાન વંશજો પાસે પ્રાપ્ય છે:

| | | | |
|---|---|---|---|
| પેઢી ૧ | | નારાયણ ભૈયા | (૧૫૬૪ વિ. સં.) |
| પેઢી ૨ | | વિષ્ણુ ભૈયા | (૧૫૮૪ વિ. સં.) (યમુનાપતિ) |
| પેઢી ૩ | ગોપીનાથ | નારાયણ | જગન્નાથ પંડિતરાજ |

(સં. ક.ના કર્તા ભટ્ટ વિઠ્ઠલનાથ નારાયણનો ઉલ્લેખ કરતા નથી!)

---

૧ જુઓ: સ્વાધ્યાય, પુ. ૫, અંક ૨, પૃ. ૧૫૭: આ પુરાવાને આધારે પંડિતરાજ જગન્નાથના જીવનચરિત્ર ઉપર પણ નવો પ્રકાશ પાડી શકાય છે.

इ સૂરનિર્ણય (લે. દ્વા. પુ. પરીખ અને પ્રભુદયાલ મીતલ, ત્રીજી આવૃત્તિ)[1]માં પૃ. ૩૦ પર જણાવ્યું છે કે इस ग्रंथ (सं. कल्पद्रुम) के रचयिता विठ्ठलनाथ भट्ट गो. विठ्ठलनाथ की पुत्री यमुना के पुत्र जगन्नाथ पंडितराज के ज्येष्ठ भ्राता गोपीनाथ के पौत्र थे।

ई આન્ધ્રજાતીય તૈલંગ ભટ્ટ વંશવૃક્ષમાં (પ્ર. વિદ્યાવિભાગ, કાંકરોલી—રાજસ્થાન) પણ ઉપર્યુક્ત હકીકત આપવામાં આવી છે.[2]

આથી પ્રો. આઠવલેસાહેબનું સંશોધન સર્વથા નવીન તો ન જ કહેવાય. અલબત્ત, તેમણે તે માહિતીની નવીન રજૂઆત કરી, અન્ય વિદ્વાનોનાં કથનોનો તાર્કિક ઉત્તર આપ્યો છે.

(૨) પ્રસ્તુત લેખમાં કેટલીક તથ્યની ભૂલો આવી ગઈ છે, જે નીચે પ્રમાણે છે:

अ પૃ. ૧૫૮ પર વિઠ્ઠલેશજીને ત્રણ પુત્રીઓ હોવાનું કથન કર્યું છે. વસ્તુતઃ તેમને ચાર પુત્રીઓ હતી: શોભા, કમલા, દેવકા અને યમુના.

ब પૃ. ૧૬૨ પર નોંધ્યું છે કે "જગન્નાથે રચેલાં એવાં કેટલાંક ભજનો વૈષ્ણવ સંપ્રદાયના ભજનસંગ્રહમાં છપાયેલાં આજે પણ ઉપલબ્ધ છે."

પુષ્ટિ સંપ્રદાયના તેવા સંગ્રહો કીર્તનસંગ્રહ કહેવાય છે, ભજનસંગ્રહ નહિ. અષ્ટછાપ કવિઓએ રચેલી રચનાઓ–પદો પરંપરાથી કીર્તન કહેવાય છે, ભજન નહિ. કીર્તન અને ભજનમાં ભાવાત્મક ભેદ માનવામાં આવ્યો છે. કીર્તનમાં ભગવલ્લીલાનું ગાન હોય છે, તેમાં પ્રાર્થના કે યાચના નથી હોતી.

क રસખાનને લેખકે ઉર્દૂ કવિ કહ્યો છે (પૃ. ૧૫૯). વસ્તુતઃ રસખાન વ્રજભાષા-કવિ હતા.

ड શ્રી વિઠ્ઠલેશનો દેહાંત ઈ સ. ૧૫૮૮માં નહિ, પણ ઈ. સ. ૧૫૮૬માં (સં. ૧૬૪૨ના માહ વદ ૭ના રોજ) થયો હતો.

इ પં. જગન્નાથનો જન્મ લેખકે ઈ. સ. ૧૫૭૨ અને ઈ. સ. ૧૫૭૪ વચ્ચે અનુમાન્યો છે (પૃ. ૧૫૯). એ અનુમાન બરાબર નથી લાગતું. વિ. સં. ૧૬૧૩ એટલે ઈ. સ. ૧૫૫૭માં જન્મેલી યમુના તે સમયે ૧૫-૧૭ વર્ષની હોય. તે ઉંમરે તેમને બીજો પુત્ર જગન્નાથ હોવાનું સંભવે નહિ. જગન્નાથનો જન્મ ઇ. સ. ૧૫૮૦ની આસપાસ અનુમાની શકાય.[3]

फ યમુનાનો જન્મ ગોકુલમાં થયો હતો એ હકીકત નિર્વિવાદ નથી, કેમકે સં. ૧૬૨૧ પહેલાં શ્રી વિઠ્ઠલેશ સપરિવાર અડેલમાં રહેતા હતા, સં. ૧૬૧૯ થી ૧૬૨૧ ત્રણેક વર્ષ ગઢામાં

---

૧ આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ સં. ૨૦૦૬માં પ્રસિદ્ધ થઈ છે.

૨ આ વાત પ્રો. કંઠમણિ શાસ્ત્રીજીએ મને લખેલા પત્રમાં જણાવી છે.

૩ શ્રી. વિઠ્ઠલેશ ચરિતામૃત, પૃ. ૨૫૪ પર આપેલી ફૂટનોટમાં એક હસ્તપ્રતને આધારે યમુનાનો જન્મ સં. ૧૬૦૪માં થયાનું નોંધ્યું છે. તે વર્ષ યમુનાના જન્મ તરીકે સ્વીકારવામાં આવે તો લેખકનું અનુમાન સાચું કહેવાય. પરંતુ સંપ્રદાયકલ્પદ્રુમમાં આપેલી જન્મતિથિ જોતાં અને વિઠ્ઠલેશજીના પુત્રોની જે જન્મતિથિઓ પરંપરા પ્રમાણે માનવામાં આવે છે તે જોતાં યમુનાનો જન્મ સં. ૧૬૦૪માં નહિ, પણ સં. ૧૬૧૩માં હોવાનું સંભવે છે.

રહ્યા હતા અને સં. ૧૬૨૧ પછી મથુરા–ગોકુલમાં અવારનવાર રહેતા. સં. ૧૬૨૮માં તેમણે ગોકુલમાં કાયમી વાસ કર્યો. તે પહેલાં યાત્રાર્થે અને ગોવર્ધનનાથજીનાં દર્શનાર્થે વ્રજમાં જતા.

(૩) આઠવલેસાહેબે 'જગન્નાથ કવિરાય' છાપથી મળતાં પદો પં. જગન્નાથની રચનાઓ છે એમ માની લીધું છે, અને પૃ. ૧૬૨ ઉપર બે પદોનો ઉલ્લેખ કર્યો છે.

આ હકીકત શંકાસ્પદ છે. એમનું કથન સર્વથા નિર્વિવાદ તો ન જ કહેવાય, કેમકે—

अ જ્ઞાતિબહાર મુકાયેલા પં. જગન્નાથે જો પદો રચ્યાં હોય તો રૂઢિચુસ્ત સમાજ કે કીર્તન-સંગ્રહના સંગ્રહકારો તેમનાં પદોને કીર્તનસંગ્રહોમાં સ્થાન આપે કે કેમ તે વિવાદાસ્પદ કહેવાય. ગંગામૈયાએ પં. જગન્નાથને શુદ્ધ કર્યા, તોપણ જ્ઞાતિજનોએ તેમને નહિ સ્વીકાર્યા હોય એવું અનુમાન અસ્થાને નથી. તેમ ન હોત તો પુષ્ટિસંપ્રદાયના ગ્રન્થોમાં તેમનો સબહુમાન ઉલ્લેખ થયો હોત.

आ એક જ નામના એક કરતાં વધુ કવિઓ થયા છે. એટલે 'જગન્નાથ કવિરાય' છાપનાં પદો પં. જગન્નાથનાં જ છે એવું નિશ્ચિત કરવામાં વિઘ્ન છે. એક પરંપરા એવી છે કે પુષ્ટિમાર્ગીય મંદિરોમાં મુખ્ય કીર્તનકાર સાથે બીજા ગૌણ કીર્તનકારો રહેતા, જેમને "ઝાલરિયા" કહેવામાં આવતા. એ ઝાલરિયા પણ કીર્તનરચના કરતા. ડૉ. હરવંશલાલ શર્માએ પોતાના પ્રબંધ "सूर और उनका साहित्य"માં સૂરદાસના આઠ ઝાલરિયા[1] ગણાવ્યા છે, તેમાં એક જગન્નાથ કવિરાય છે. લેખકે ટાંકેલાં અને અન્ય પદો[2] આ ઝાલરિયા કવિનાં હોવાનો સંભવ નકારી શકાય નહિ.

इ સંસ્કૃત શીઘ્ર કવિ જગન્નાથ પોતાને પંડિતરાજ તરીકે જ ઓળખાવે છે. સંસ્કૃતમાં રચનાઓ કરવામાં રાચનાર કવિ વ્રજ ભાષામાં રચનાઓ કરે અને તેમાં પોતાને માટે 'કવિરાય' છાપ વાપરે કે કેમ એવી શંકા કોઈ કરે તો તેને તદ્દન નિર્મૂળ તો ન જ કહી શકાય.

ई निर्माय नूतनमुदाहरणानुरूपं...લખનાર ગર્વિષ્ઠ શીઘ્ર કવિની વ્રજ ભાષામાં થોડીક જ રચનાઓ કેમ મળે છે એ વિચારણીય વાત છે. તેમણે વધુ રચનાઓ કરી હોય તો તે

---

१ स्वयं सूरदासके आठ झालरिया थे, जो सूर के अंग कहलाते थे। उनके नाम इस प्रकार बताये जाते हैं—तानसेन, अलीखान, जगन्नाथ कविराय, हरिनारायण श्यामदास, मुरारिदास, मुकुन्ददास, जयभगवान और कृष्णजीवन लक्ष्मीराम।—सूर और उनका साहित्य, पृ. ६०.

આ કથન માટે ડૉ. શર્માજીએ કોઈ પ્રમાણ ટાંક્યું નથી.

૨ દા. ત. રાજભોગ વખતે પાંચમા ગૃહમાં ગવાતું એક કીર્તન—

कुंज भवनतें निकसै माधो...जगन्नाथ कविराय की (?) प्यारी देखत नैन सिराए॥

વિરોધીઓએ નષ્ટ કરી હશે? એમ હોય તો ચારપાંચ પદો જ કીર્તનસંગ્રહમાં કેવી રીતે સ્થાન પામ્યાં હશે? આ હકીકત પણ ઉપર્યુક્ત શંકાને સબળ બનાવે છે.[1]

ઉપર્યુક્ત દલીલો બતાવે છે કે ' જગન્નાથ કવિરાય ' છાપથી મળતાં પદો પં જગન્નાથનાં જ છે, એવું નિર્વિવાદ માની શકાય નહિ.

પ્રો. આઠવલેસાહેબનો લેખ ઘણો ઉપયોગી છે. તેમણે પં. જગન્નાથનાં માતાપિતાનાં બબ્બે નામ સંબંધી વિરોધાભાસની તર્કસંગત ચર્ચા કરી છે અને સં. ક.માં લખેલી હકીકતનો ઉચિત ઉપયોગ કર્યો છે, પણ તે પરત્વે ઉપર્યુક્ત મુદ્દા ઉપસ્થિત થાય છે. એટલે સુજ્ઞ વાચકોનું ધ્યાન ખેંચવા મેં યત્ન કર્યો છે.[2]

---

૧ પ્રો. કંઠમણિ શાસ્ત્રીજી ( કાંકરોલી ) મારા પર લખેલા એક પત્રમાં જણાવે છે કે પં. જગન્નાથ દક્ષિણના હોઈ તેમનો વ્રજ ભાષા પરનો પદરચના કરવા જેટલો અધિકાર હોય એ સંભવિત નથી લાગતું. આ દલીલ બહુ તથ્યવાળી નથી.

૨ પં. જગન્નાથ વિષેના ઉલ્લેખ સંબંધમાં ' શ્રી વિઠ્ઠલેશચરિત્રામૃત ' અને ' શ્રી. હરિરાય મહાપ્રભુનું જીવનચરિત ' એ ગ્રન્થો જોવાનું સૂચન કરવા બદલ પ્રો. કંઠમણિ શાસ્ત્રીજીનો હું ઋણી છું.

# 'પૂર્વાલાપ'ના પ્રાસ

રણજિત પટેલ (અનામી)

"ખરી મોહોબ્બત અથવા ગુલબાસનું ફૂલ" એ નામના, માંડ ચૌદ-પંદરની વયે કાન્તે લખેલા ચારણી કિસ્સામાં બે પંક્તિઓ આ પ્રમાણે છે:—

"અરે મારા પ્રાણાધાર, મારા તો હૈયાના હાર,
જીંદગી કેરા આધાર બહાર આપ ક્યાં ગયા"?

એ તો સ્પષ્ટ જ છે કે કાન્તે દલપતકાવ્યશૈલીનું અનુકરણ કર્યું છે છતાં યે કર્તાની વય જોતાં એમાં નિરૂપિત માનવભાવ, એની ઉદ્‌બોધનરીતિ, નાટ્યોચિત કાવ્યોદ્‌ગાર અને પ્રાસની ચોકસાઈ કાન્તને જેબ આપે એ પ્રકારનાં છે.

રાજકોટ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા તે દરમિયાન રચાયેલ 'ખળખળ કરતું જળ-શિશુ રમતું' એવા માનવભાવના આરોપણવાળી પંક્તિમાં પણ, કલ્પના નહીં તો તર્કની સાથે સાથે 'ખળ'—'જળ' અને 'કરતું'—'રમતું'ના પ્રાસ ખૂબ જ સ્વાભાવિક રીતે ગોઠવાઈ ગયા લાગે છે.

ઈ. સ. ૧૮૮૬માં, ઓગણીસ વર્ષની વયે રચાયેલ 'મારી કીસ્તી' કાવ્ય 'બુદ્ધિપ્રકાશ'ના ઈ. સ. ૧૮૮૯ના ઑગસ્ટના અંકમાં 'કિશ્તી' શીર્ષક નીચે પ્રગટ થયું, કેમ જે 'કિસ્તી' શબ્દ તે વખતે સંપાદકને અપરિચિત લાગવાથી 'એક નવાઈ તરીકે' એવી ફૂટનોટ સાથે તે પ્રગટ કર્યું.

"દેખી નહીં શકું ચંદર:
કેમ દેખું ત્યારે બંદર?
મોજાં તોફાનીની અંદર,
ઝૂકાવી છે મેં કીસ્તી!"

પ્રો. રામનારાયણ પાઠકને 'મારી કીસ્તી'ના બધા પ્રાસો નવીન લાગે છે પણ સંવાદી લાગતા નથી, બલ્કે સ્હેજ કૃત્રિમ પણ લાગે છે; જ્યારે તે જ કાવ્યની પંક્તિઓ:—

"અજાણ્યો છું જો કે અગર,
નથી દીઠું બીજું નગર;
વિચાર કૈં કર્યા વગર, ઝૂકાવી છે મેં કીસ્તી"!

—માટે શ્રી રમણભાઈ નીલકંઠ લખે છે: "કાવ્યમાં, 'ઝૂકાવી છે મેં કીસ્તી' એ ધ્રુવપદ દરેક કડીને છેડે આવે છે અને 'અગર,' 'નગર' તથા 'વગર' એ લીટીઓનો પ્રાસ થઈ રમણીય

રચના થાય છે.'' 'ઝૂકાવી છે મેં કીસ્તી' એ ધ્રુવપદને કારણે કાવ્યનો પ્રધાનભાવ ઘૂંટાય છે એ વાત સાચી પણ આ કાવ્યના પ્રાસો સંવાદી કે પ્રાસાદિક લાગતા નથી એ પ્રો. પાઠકની વાત યોગ્ય લાગે છે. શ્રી રમણભાઈ કહે છે તે પ્રમાણે 'રમણીય રચના' થતી કેટલાંકને ન લાગે પણ એક વસ્તુ તો સ્પષ્ટ જ છે કે 'કાન્ત'ની શરૂઆતની કૃતિઓના પ્રાસ નવીન તેમજ સ્વાભાવિક લાગે છે. 'પ્રાસની ખાતર પ્રાસ'ની ઉપાસના 'કાન્ત'ને કરવી પડતી નથી. પ્રાસ મેળવવાની સભાનતા કે પ્રાસના ત્રાસમાંથી પણ 'કાન્ત' સાવ મુક્ત છે. 'કાન્ત'ના પ્રાસ અર્થબોધનો ભોગ પણ લેતા નથી. એમના પ્રાસમાં ક્યાંય ક્લિષ્ટતા કે કૃત્રિમતા વરતાતાં નથી.

'પૂર્વાલાપ'ની પ્રથમ આવૃત્તિમાં પ્રગટ કરવા યોગ્ય નહીં લાગેલાં અને તેની બીજી આવૃત્તિ વખતે 'પરિશિષ્ટ'માં મૂકેલાં કાવ્યો, કાવ્યત્વની દૃષ્ટિએ વધતીઓછી ગુણવત્તા દાખવતાં હશે, પણ પ્રાસને લાગેવળગે છે ત્યાં સુધી તો તે કાવ્યો પણ કાન્તનાં સારાં ગણાયેલાં કાવ્યોની કક્ષાનાં છે. 'દેવયાની' ખંડકાવ્ય અને 'સ્વર્ગગંગાને તીર'ના પ્રાસ સરખાવતાં આ અભિપ્રાયની પ્રતીતિ થશે. દા. ત :—

"થંડો મીઠો કુમુદવનનો માતરિશ્વા વહે છે,
ક્રીડંતો જ્યાં તરલ અલકશ્રેણિ સાથે રહે છે;
બાલાને એ વ્યજન કરતો દાખવે આભિજાત્ય,
પ્રેરે નૃત્યે પદરસિકનો અગ્રણી દાક્ષિણાત્ય"!

(દેવયાની)

"દેખાયો ત્યાં મધુર સ્વરના જન્મનો દેશ પાસે,
ઘાટાં વૃક્ષો મહિં પણ જહીં ચન્દ્રિકા સ્પષ્ટ ભાસે;
જોયો દૃષ્ટિ સ્તિમિત કરીને સ્વર્ગગંગા પ્રવાહ;
જેથી મારો ઝટ શમી ગયો ગૂઢ મર્ત્યત્વદાહ."

"આંખોમાંથી મુખ પર પડે જેમનું બાષ્પપૂર,
તે પોતાની પ્રિય સહચરી પાસ નાચે મયૂર;
ધોળાયા છે પ્રણયરસથી જેમનાં ચક્ષ્વપાઙ્ગ,
રાત્રીમાંયે અનુભવ કરે હર્ષનો ત્યાં રથાઙ્ગ."

(સ્વર્ગગંગાને તીર)

ઈ. સ. ૧૮૮૭ એટલે કે કર્તાની પ્રથમ વીશી દરમિયાન લખાયેલાં 'મૃગતૃષ્ણા' અને 'રમા' જેવાં શરૂઆતનાં કાવ્યોમાં ક્રિયાપદના સાદા પ્રાસ છે તેમાં પણ ક્વચિત્ ક્વચિત્ ચમત્કાર અને કૌશલ જોવા મળે છે. દા. ત :—

ચાલે નહીં ચરણ, ઠોકર ખૂબ ખાય,
શુદ્ધિ રહે નહિ જ, મૂર્છિત થાય હાય!

(મૃગતૃષ્ણા)

અત્યંત દુઃખ પણ એ તનમાં સહે છે,
સંકલ્પ ત્યાં ગમનનો મનમાં લહે છે.

(મૃગતૃષ્ણા)

વ્યોમથી જલની ધારા જોરમાં પડતી હતી,
ઢળી પલંગને પાયે સુંદરી રડતી હતી.

(રમા)

કેટલીક વાર ક્રિયાપદના આવા પ્રાસ, ક્રિયાપદની પૂર્વે આવતા શબ્દના કેટલાક અક્ષરો સુધી પણ મળતા હોય છે. દા. ત. :—

રે! આ સમે જલ મહીં રમતો કરે છે,
સાથે રહી રસિક દંપતીઓ તરે છે.

(મૃગતૃષ્ણા)

મારા મહીં જ નથી માલ ખરૂં કહું છું,
મિથ્યાભિમાની મન નાહક હું રહું છું.

(રમા)

કેદી સમાન હળવે ડગલાં ભરે છે,
અત્યંત હર્ષ સહ ચિહ્ન બધાં કરે છે.

(કલ્પના અને કસ્તૂરીમૃગ)

ઝીણા વલ્કલને આજે એણે અંગે ધર્યું હતું;
નહીં લાવણ્યને ઓછું વનવાસે કર્યું હતું.

(વસંતવિજય)

હૈયાનું ઝરણું રસાલ સહસા ખૂટી પડયું શું સખે?
પૃથ્વી કર્કશ જોઈ કાયર થતાં બીજે વળ્યું શું રખે?

(ઉપાલંભ)

પૂરૂં કરી તરત તે સ્થલને તજે છે,
ઇચ્છા વિરુદ્ધ દઢ આગ્રહને સજે છે.

(વસંતવિજય)

સ્ફુરે લાવણ્યનું શું આ પરિવર્તન અંગમાં;
રમતી રમણી ભાસે દિવ્ય નૂતન રંગમાં!

(દેવયાની)

અનામી નામ તારું હા! સખે એ રહેવાનું!
નહીં મારે કદાપિ કોઈને એ કહેવાનું.

(અનામી નામ)

બને ત્યારે આંખો મૃદુલ શિશુના સ્વપ્ન સમ, ને
જતી ભાસે સ્વર્ગે સહજ શિરના સ્વલ્પ નમને !

(અગતિગમન)

"પાષાણોમાં નહિ નહિ હવે આપણે, નાથ ! રહેવું :
શાને આવું, નહિ નહિ જ, રે ! આપણે, નાથ ! સ્હેવું" !

(ચક્રવાકમિથુન)

કેટલીક વાર આવી પ્રાસયોજનામાં ચરણાન્તે એના એ જ શબ્દોનું જ પણ પુનરાવર્તન થતું હોય છે ત્યાં એવા પ્રાસ સુભગ લાગતા નથી. દા.ત. :—

બોલે પછી પ્રણયથી ન્હવરાવતી એ :
વાણી સુધારસ બધે છવરાવતી એ :

(કલ્પના અને કસ્તૂરી મૃગ)

જાણે કોઈ શર શિર વિષે તીક્ષ્ણ વાગેલ હોય,
ટોળું છોડી પરમ દુઃખથી જેમ ભાગેલ હોય.

(કલ્પના અને કસ્તૂરી મૃગ)

ત્વરિત ન થતાં માટે આંહીં જરા ડરવું ઘટે,
મધુર જલમાં ચિંતા છોડી જરા તરવું ઘટે !

(રાજહંસને સંબોધન)

ક્યારેક કાવ્યપંક્તિઓની વચ્ચે જ સહજ રીતે પ્રાસ મળે છે ત્યારે કાવ્યમાધુર્યમાં વધારો થતો હોય છે. દા. ત. :—

હાય વધે જલ, અલ્પ દિસે સ્થલ છેવટ રે શું થાશે ?

(માનસસર)

જે ધાતા જગનો પવિત્ર, પ્રભુ જે ત્રાતા સ્વયંનંદન

(ઈશ્વરસ્તુતિ)

જવને શમાવી, જરા અધૈર્ય નમાવી
પૂર્ણ રસને જમાવીને સુધા સ્વર્ગીય દાખવે.

(અદ્વૈત)

એ જ સૂરત ! એ જ મૂરત ! નૈન ઝૂરત દર્શને !

(કાંતાની સ્મરદશા)

પ્રત્યેક પંક્તિને અંતે તો ખરા પણ પ્રત્યેક પંક્તિના પૂર્વાર્ધના યતિસ્થાને પણ પ્રાસનો ભાસ થતો હોય છે. દા.ત.—

માથું ઊંચું કરી નયનને ! સ્વલ્પ ઊંચું કરું છું,
જોવા જેવું નિરખી મનને ! હું સુધાથી ભરૂં છું;
અંગે અંગે ખૂબી નિરખીને ! આંખ તો જાય ચોંટી,
સાચું માને નહિ હૃદયને ! વાત દેખાય ખોટી !

**( કલ્પના અને કસ્તૂરી મૃગ )**

કેટલીક વાર આદિ અને અંતના પ્રાસ સહજ રીતે સધાતા હોય છે ત્યાં તેના નાદ-સૌંદર્યનો કેફ અનુભવાતો હોય છે. દા. ત :—

વહું સ્વેચ્છાચારે જગતભણી દૃષ્ટિ જ ન લહું.

**( સ્નેહશંકા )**

ગહનમાં પડીએ દિન દેખતાં:
નયન મીચી કરી દઈ એકતા !

**( ચક્રવાકમિથુન )**

રોહિણીપતિના ભાલે, રશ્મિઓ રમતા હતા;
તુહિનાચલના જાણે શૃંગમાં ભમતા હતા !

**( દેવયાની )**

મારી હોડી ખરાબામાં તૂટી ગઈ:
મારી જોડી હા ! માયા તે લૂંટી ગઈ:

**( અંતિમ પ્રાર્થના )**

વહી પવન મંદ મંદ જડ અંગ જાગ્રત કરે,
નહીં વિધુર અંતરે તદપિ કાંઈ આશા ઠરે !

**( પ્રમાદી નાવિક )**

ભર્યાં દિલ વિલાસથી, મધુર કૈંક ગાનો કર્યાં,
તર્યાં જલધિમાં અને વિરલ ટાપુઓમાં ફર્યાં;

**( પ્રમાદી નાવિક )**

નીચે આપેલાં બે દૃષ્ટાંતો એવાં છે જેમાં પ્રથમ શ્લોકમાં બીજી પંક્તિનો અને બીજા શ્લોકમાં ચોથી પંક્તિનો પ્રાસ આદિમાં મળતો નથી:

સુરસદનતણી જે વાડીઓમાં રમે છે,
હૃદય થકી નિહાળી આપને જે નમે છે,
પ્રમદવન તણો એ અપ્સરાનો જ સાથ,
નમન સહ મને આ મોકલે, પ્રાણનાથ !

**( કલ્પના અને કસ્તૂરી મૃગ )**

તરે જે શોભાથી વન વન વિષે બાલ હરિણી,
સરે વા જે રીતે સુરસરિતમાં સૌમ્ય કરિણી;
કરે એવું જ્યોત્સ્નાભ્રમણ, ભ્રમણે જ્યાં અટકતો,
શશાંક પ્રેક્ષીને સુભગ મણિ સેંથે ઝબકતો !

**( દેવયાની )**

કેટલેક સ્થળે શ્લોકની પ્રથમ અને ત્રીજી તથા બીજી અને ચોથી તેમજ પહેલી-ચોથી અને બીજી-ત્રીજી પંક્તિઓના પ્રાસ મેળવી તેમાં નાવીન્ય અને વૈચિત્ર્ય સાથે અર્થની પ્રવાહિતા જાળવી છે. દા. ત :

શિશુ સમાન ગણી સહદેવને,
ખબર આ કંઈએ ન કર્યા હતા;
અવર સર્વ ગયા નૃપની કને,
પરમ દુઃખિત અંતરમાં થતા !

**( અતિજ્ઞાન )**

રજની મહિં સખી ઘણીક વેળા,
નયન મળે નહિ ઊંઘ જાય ચાલી;
કરી તુજ શિરકેશ સર્વ ભેળા,
વદન સુધાકરને રહું નિહાળી !

**( અતિજ્ઞાન )**

હરિત નીલ સુદૂર વનસ્થલી—
પર મળી સુકુમાર મૃગો રમે;
ઉપવનો તણી સંવૃત આવલી—
મહિં જવા પ્રણયી તરુણો ભમે !

**( ચક્રવાકમિથુન )**

નહિં તે કંઈ દોષભર્યાં નયનોઃ
પણ નિર્મલ નેહ સરોવર સારસ—
યુગ્મ સમાં પરિપૂર્ણ દયારસઃ
એ જખમી દિલનાં શયનો !

**( વત્સલનાં નયનો )**

'માનસસર' અને 'મત્તમયૂર'ની પ્રાસગૂંથણીનો કસબ વળી નવીન કૌશલ દાખવે છે. 'માનસસર'ની પ્રથમ પંક્તિમાં ઉછળ્યું-ગળ્યુંનો પ્રાસ મેળવી પછી દરેક કડીને અંતે મળ્યું, ચળ્યું, વળ્યું, ભળ્યું અને કળ્યુંનો પ્રાસ સાધી, પ્રત્યેક પંક્તિને અંતે ચાલે-હાલે, થાશે-સમાશે ? જામે : વિરામે ? ઊડી-બૂડી : દોડે-તોડેનો પ્રાસ નિપજાવ્યો છે. એની એકાદ પંક્તિમાં તો, આ ઉપરાંત, વચ્ચે પણ પ્રાસ આવી જાય છે. 'મત્તમયૂર'ની પ્રાસગૂંથણી એકંદરે 'માનસસર'ને

મળતી છે પણ 'માનસસર'માં બબ્બે પંક્તિનો પ્રાસ છે તો અહીં સાદ્યંત ત્રણેય પંક્તિઓમાં હૃદયંગમ પ્રાસ જળવાયો છે. દા. ત. :—

વીજળી વ્યોમ છટાથી તરે છે,
ઘોર ઘટા ઘનશોર કરે છે;
જોબન જોર ભરે છે એના અંગમાં રે!
શ્યામા સંગમાં રે!

(મત્તમયૂર)

ખંડ શિખરિણીમાં લખાયેલ 'ઉદ્‌ગાર' અને તોટકમાં લખાયેલ 'મિત્રને નિવેદન'ના પ્રાસમાં નાવીન્ય ઉપરાંત સંવાદિતાનું ને અર્થની પ્રવાહિતાનું તત્ત્વ પણ નખશિખ વરતાય છે. 'ઈશ્વરસ્તુતિ'માં પંક્તિને અંતે તો નંદન-વંદન જેવા પ્રાસ ખરા પણ પંક્તિઓની આદિમાં ને વચ્ચે પણ છે, જે, તેના પ્રાસને કારણે કાવ્યમાં લયમાધુર્ય સર્જાય છે. સળંગરૂપક અને સર્વાંગસુન્દર પેટ્રાર્કશાઈ 'ઉપહાર' સૉનેટમાં પંક્તિએ પંક્તિનો પ્રાસ નથી છતાંયે ૧–૪, ૨–૭, ૮–૯, ૧૦–૧૧ અને ૧૩–૧૪ પંક્તિઓમાં પ્રાસના અણસાર વરતાય છે. આવા પ્રાસ ઉપરાંત સ્વરવ્યંજનમાધુર્ય અને વર્ણસગાઈ અનુપ્રાસના સુયોગે કરીને 'ઉપહાર'નું સૌંદર્ય અદકું છે.

પ્રાસની જેમ અનુપ્રાસ અને વર્ણસગાઈના ઉપયોગમાં પણ 'કાન્ત' એટલા જ સ્વાભાવિક લાગે છે. ઉત્તર વયમાં લખાયેલાં કાવ્યો અને ગીતોમાં કાવ્યતત્ત્વની ઓટ અને પ્રાસનો અતિરેક (પ્રાસની ભરતી) ધ્યાન ખેંચે છે. દા.ત.:—

કુલની કામિની !
દિલની દામિની !
યમની યામિની !
વ્રણની વામિની !
સહ સંતાપની શામિની !

વ્રીડા કંઈ હરજો જી :
ક્રીડા કંઈ કરજો જી :
ઉલ્લાસે ફરજો જી :
ભાગ્યોદય ભરજો જી :
સાગરિયે સરજોજી, રાજ !

(પતિપત્નીસંવાદ)

પ્રાસના આયોજનમાં ક્યાંક ક્યાંક ક્વચિત્ કૃત્રિમતા પણ આવી જતી હોય છે. 'પ્રણય વચન માટે પ્રાર્થના' કાવ્યમાં : વિચારી લે, વ્હાલા ! રસમય ટુહૂકા વગર એ
નદીતીરે, ખીણે, અગર ગિરિપૃષ્ઠસ્થિત વને,

અને 'દેવયાની'માં :

ઓચિંતી વા તનુ ચમકતી મેઘથી જેમ વીજ,
બાલા તેવી બની ગઈ, ખરે અદ્દભુત સ્પર્શ થી જ !

—આનાં દષ્ટાંત ગણાવી શકાય. 'રએ' અને 'વને'ને બદલે 'એ' અને 'ને'ના પ્રાસ ગણતાં 'વને' શબ્દને તોડવો પડે છે; એ જ રીતે 'વીજ' અને 'થી જ'માં સ્પર્શ શબ્દ દૂર રહી જાય છે.

'ચક્રવાકમિથુન' અને 'દેવયાની' જેવાં ઠીક ઠીક લાંબાં અને સફળ કાવ્યોમાં સર્વત્ર પ્રાસની ચીવટ રાખી છે છતાં બંનેય કાવ્યોમાં અક્કેક શ્લોક પ્રાસરહિત હોય એમ લાગે છે. દા.ત.–

અવર કાંઈ હવે નથી દેખતાં :
અવર કાંઈ હવે નથી લેખતાં :
ચપલ, આખરની, ક્ષણુ એ છતાં,
ઉભય જીવન એક થતાં દિસે !

**( ચક્રવાકમિથુન )**

રોકેલ અશ્રુદલ જે હૃદયે જડીને,
ભીંજે કપોલ કચના હમણાં પડી તે;
છાયું હતું ઘનપટે મુખ ખેદનાએ,
ત્યાંએ સુહાસ્ય વિધુના સમ અલ્પ થાય !

**( દેવયાની )**

'પૂર્વાલાપ'ની બીજી આવૃત્તિની 'પાઠચર્ચા'માં એના સમર્થ સંપાદક શ્રી. રા. વિ. પાઠકસાહેબ લખે છે : 'ચક્રવાક મિથુન' કાવ્યમાં પૃ. ૩૪, પંક્તિ ૭–૮ 'ચપલ આખરની ક્ષણુ એ છતાં ઉભય જીવન એક થતાં દિસે ! તે પ્રમાણે છે. 'પૂર્વાલાપ' પ્રથમ આવૃત્તિમાં જ નહિ પણ 'કાવ્યમાધુર્ય'માં પણ એ જ પાઠ આપેલો છે, પણ સાતમી પંક્તિના અંત્ય 'છતાં' સાથે આઠમીનો 'દિસે થતાં' પ્રાસ એટલો બધો પ્રગટ છે કે આખા કાવ્યમાં ક્યાંઈ નહિ ને અહીં જ, આટલા સારુ લેખકે પ્રાસ જતો કર્યો હોય તે જરા વિચારવા જેવું છે." એમ ન બને કે મૂળ પાઠ તો—

ચપલ આખરની, ક્ષણુ એ છતાં
ઉભય જીવન એક દિસે થતાં!—એવો હોય પણ પ્રેસ માટે

નકલ કરનાર અથવા પ્રૂફ જોનારની શરતચૂકને કારણે હાલ મળે છે તેવો પ્રાસ વિનાનો પાઠ રહી ગયો હોય ! 'થતાં દિસે !' કે 'દિસે થતાં'! રાખવાથી મૂળ અર્થમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થતો નથી.

'ચક્રવાકમિથુન'ની જેમ 'દેવયાની'માં પણ એક સ્થળે પ્રાસ જતો કર્યો હોય તેમ લાગશે. દા. ત :—

છાયું હતું ઘનપટે મુખ ખેદનાએ,
ત્યાંએ સુહાસ્ય વિધુના સમ અલ્પ થાય.—અહીં દેખીતી રીતે, 'મુખ

ખેદનાએ' અને 'સમ અલ્પ થાય'નો પ્રાસ મળતો લાગતો નથી; પણ જો ચોથી પંક્તિમાં 'થાય' ને બદલે 'થાયે' પાઠ સ્વીકારીએ તો 'નાએ' અને 'થાયે' નો પ્રાસ મળે ને છતાં અર્થમાં કશો જ ફેરફાર થાય નહીં. કાન્ત સારા વક્તા હતા, સંસ્કૃતના સારા અભ્યાસી હતા, શબ્દશક્તિના પરખંદા સમર્થ કવિ હતા. એમનું શબ્દભંડોળ સમૃદ્ધ હતું. વર્ણસગાઈ, અનુપ્રાસ ને પ્રાસ એમને સહજ હતાં. એને માટે કોઈ સ્વતંત્ર અભ્યાસ કરવો પડયો હોય એમ લાગતું નથી. 'નિષ્ઠુર પ્રાણુ કાલ' અને 'ઉન્મત્ત એ સ્નેહબાલ,' 'દાખવે આભિજાત્ય' અને 'અગ્રણી દાક્ષિણાત્ય,' 'વ્યર્થ પ્રવાસમાં રે' અને 'અવિદ્યાધ્યાસમાં રે,' 'પ્રત્યભિજ્ઞા લહે છે' અને 'આ પ્રમાણે કહે છે,' 'સ્વર્ગંગાપ્રવાહ' અને 'ગૂઢ મર્ત્યત્વદાહ,' 'જેમનાં ચક્ષ્વપાઙ્ગ' અને 'હર્ષનો ત્યાં રથાઙ્ગ' જેવા ઓછા પરિચિત સંસ્કૃત શબ્દોના પ્રાસ પણ કર્ણકટુ લાગતા નથી. પ્રાસનો આટઆટલો આગ્રહ રાખવા છતાં પણ અર્થની શિથિલતા કે દુરાકૃષ્ટતાનો તેમનાં કાવ્યોમાં અભાવ જણાય છે અને કૃત્રિમતા કે રસભંગનો દોષ પણ થતો નથી, બલ્કે સુયોગ્ય ને દઢ પ્રાસને કારણે એકંદરે કાવ્યની નૈસર્ગિકતા, કમનીયતા, ગેયતા, શ્લેષ અને સ્મૃતિગ્રાહ્યતામાં વધારો થાય છે.

# તડવીઓનાં લગ્નગીતો

રેવાબહેન તડવી, શંકરભાઈ સો. તડવી

૧. સંખેડા તાલુકાના તડવીઓમાં ગવાતાં લગ્નગીતોનું સંપાદન તા. ૩-૪-૧૯૫૭ થી તા. ૯-૧૨-૧૯૫૭ સુધીમાં શ્રી. રેવાબહેન તડવીએ કર્યું હતું. વિવાહસંબંધ જોડવાના પ્રસંગથી વર-વધૂ પરણીને ઘેર આવે તથા વહુને તેડવાના સામસામાં આણાં સુધીના પ્રસંગે ગવાતાં ગીતો સહિત બધાં ગીતોનું સંપાદન કરેલું. ગીતો જેવા સ્વરૂપે ગવાતાં સાંભળ્યાં તેવાં જ સંઘરી લીધેલાં. તે ગીતોમાંથી શિષ્ટ લાગતાં થોડાં ગીતો અહીં રજૂ કર્યાં છે.

૨. સ્વ. ઝવેરચંદ મેઘાણી લખે છે કે, ' લોકગીતોમાં ઘણું ચડિયાતું સ્થાન રોકતો લગ્નગીતોનો પ્રદેશ છે.'[1] લગ્ન એ સામાજિક પ્રસંગ હોઈ ગીતોમાં સામાજિક વ્યવસ્થા વણાયેલી છે. તેથી આ ગીતોમાં સમાજનું સાચું સારું-નરસું ચિત્ર ઊપજ્યું છે. તેથી આપણા સમાજ-જીવનનો ઇતિહાસ ઉકેલવા બેસનારાઓને સારી પેઠે સહાયકર્તા થઈ પડે છે.[2]

૩. તડવીઓમાં ગવાતાં બધાં ગીતો અમારા સંગ્રહમાં છે. એક હસ્તલિખિત પ્રત અમે તૈયાર કરી છે. જિજ્ઞાસુઓ પત્રવ્યવહાર કરશે તો અમે પ્રત્યુત્તર આપીશું.

## ૧. કંકોત્રી

વિવાહ જોડવાના પ્રસંગને ' ગોળ ખાવો ' કહે છે. એ વખતે વરપક્ષ કન્યાને ત્યાં ગોળ લઈ જાય છે. સામસામાં વેવાઈઓ બેસે, એકબીજાની દાઢીએ—હડપચીએ તેલ ચોપડે, પછી હડપચી ઝાલી એકબીજાના મોંમાં ગોળ મૂકે. આને ગોળ ખાધો કહે છે. આવી રીતે વિવાહ જોડાયેલા હોય કે ન હોય તોયે લગ્ન કરવાનાં હોય ત્યારે ગોરમહારાજને ત્યાં લગ્નપત્રિકા લખાવે છે. તેને કંકોત્રી કહે છે. એ કંકોત્રી બંને વેવાઈઓ પોતપોતાને ઘેર લઈ જાય છે. ત્યાં સૂપડામાં ચોખાનો સાથિયો પૂરી કંકુના ચાંલ્લા કરી એ પત્રિકાને ઉકેલીને મૂકે છે. પાંચ સ્ત્રીઓ—ત્રણ કુંવારી અને બે પરણેલી અથવા બે કુંવારી અને ત્રણ પરણેલી—પત્રિકાને પાંચ પાંચ ચાંલ્લા કરી ચોખા વધાવે તેને કંકોત્રી વધાવી કહે છે. ત્યારે પ્રથમ આ ગીત ગવાય છે. ગણપતિસ્થાપનને દિવસે પણ આ ગીત ગવાય છે :

કંકુ છોંઈટી[1] કંકોતરી મોકલો.
મોકલો મોકલો મારા દાદાને દરબાર,
દાદા કા'રે[2] આવશે ?

દાદા વના તો ઘડીએ ના ચાલે,
પા ઘડીએ ના ચાલે,
દાદા કા'રે આવશે ?

---

૧ ચૂંદડી ભાગ ૧, પૃ. ૩. ૨ ચૂંદડી ભાગ ૧, પૃ. ૧.
૧ છાંટી. ૨ ક્યારે.

કંકુ છાંટી કંકોતરી મોકલો,
મોકલો મોકલો મારા મોમાને[3] દરબાર,
મોમા કા'રે આવશે ?

મોમા વના તો ઘડીએ ના ચાલે,
પા ઘડીએ ના ચાલે.
મોમા કા'રે આવશે ?

[આમ કાકા, ફૂઆ, માસા વગેરેનાં નામ મૂકી ગવાય છે.]

## બેઠકનાં ગીતો

લગ્ન લેતાં પહેલાં અને લગ્ન લે ત્યારે દિવસે ચોખા વગેરે સાફ કરતાં, પાપડ વણતાં કે રાત્રે બેઠાં બેઠાં ગમે ત્યારે વર તથા કન્યાને ત્યાં ગવાતાં આ ગીતોને 'બેઠકિયાં ગીતો' કહે છે.

### ૨. 'પિયરિયાં સમ સાસરિયાં'

જેનું પાન કાગળ સરખું પાતળું છે એવો વડલો ખાંપ્યો (ડાળો કાપી) તેમાંથી વડવાઈની વરમાળા નીપજી. વડ સરખું મોટું કુટુંબ છે ને ઘેરથી માંગુ આવ્યું છે. સાસરિયાં કેવાં હેતાળ છે? માતા જેવી સાસુ, પિતા જેવા સસરા, ભાઈ જેવા જેઠ, ભાભી જેવી જેઠાણી, અને બહેન જેવી નણંદ છે!! જે ઘરમાં પિયરિયાં સમ સાસરિયાં છે તે ઘેર બહેન! પરણજો. સંયુક્ત કુટુંબનો આ ગીતમાં મહિમા છે.

વડલો રે ખોંયપો ને[4] વનબાઈળ[5] નીસરા,
કાગળ સરખું પોન[6] રે.
બાપ રે સરખા સસરા રે હોય જો,
તે ઘેર બે'ની પઈણજો રે.
વડલો રે ખોંયપો ને વનબાઈળ નીસરાં,
કાગળ સરખું પોન રે.
માડી રે સરખાં સાસુ રે હોય જો,
તે ઘેર બે'ની પઈણજો રે.
વડલો રે ખોંયપો ને વનબાઈળ નીસરાં,
કાગળ સરખું પોન રે.
વીરા રે સરખા જેઠ હોય જો,
તે ઘેર બે'ની પઈણજો રે.
વડલો રે ખોંયપો ને વનબાઈળ નીસરાં,
કાગળ સરખું પોન રે.

---

૩ મામા. ૪ ખાંપ્યો—ડાળો. પાંદડાં કાપી નાખ્યાં. ૫ વરમાળા. ૬ પાન.

ભોજાય સરખી જેઠાણી રે હોય જો,
તે ઘેર બે'ની પઈણજો રે.
વડલોરે ખોંયપો ને વનબાઈળ નીસરાં,
કાગળ સરખું પૉન રે.
બે'ની રે સરખાં નરદીરે હોય જો,
તે ઘેર બે'ની પઈણજો રે.

## ૩. બહેનને આમંત્રણ

સાઠીનો કંઈ ચોખો રે કંકુ વેરાં[૭]
બોંધો રે[૮] મારા કયા ભઈને છેડે
કે જાય મારી કયી બે'નની સાસરીયે ?
બોંધો રે મારા અંબુભઈને છેડે
કે જાય મારી રતનબે'નની સાસરિયે.
બે'ની રે તમે સૂતાં છે કે જાગો
બા'ર આપવા વીરના ઓરવા !
વીરા રે તું કોંણેશ બાપનો જાયો
કોંણેશ[૯] માડીને ઓધાર[૧૦] વસ્યો ?
બે'ની રે ઉં[૧૧] કાળા બાપનો જાયો
રોંણકીબાને ઓધાર વસ્યો.

## ૪. બહેન-દીકરીનું આણું

[ દૂરના ખેતરમાં લીલા મગ વાવ્યા હોય તેમ બહેનને પણ દૂર પરણાવી છે. બહેનને તો લમટાણે સૌ પહેલી તેડાવવી જોઈએ. વીર વિના બીજું કોણ જાય ? ]

મેં તો લીલુડા મગ વાયવા વેગળા રે.
મારી કયી બે'નની સાસરી વેગળી રે ?
મારી મધુબે'નની સાસરી વેગળી રે.
એ વેગળે કયો વીરો જાય રે ?
મેં તો લીલુડા મગ વાયવા વેગળા રે.
એ વેગળે મથુર વીરો જાય રે.
મેં તો લીલુડા મગ વાયવા વેગળા રે.

## ૫. આમંત્રણ—૧

[ વિશાળ સગાંના ધણીને ઘણાં નોતરાં દેવાનાં એટલે માણું ( પાંચ કિલોગ્રામ ) ચોખા વિના ચાલે ? સગાંને નોતરાં દેવા જતાં રસ્તામાં ડુંગરા આવે તો ઓડો પાસે વાટ ખોદાવી, નદીઓમાં પૂર આવે તો પુલ બંધાવીને પણ નોંતરિયો જાય છે. ]

---

૭ વેરાં-છાંટયાં. ૮ બાંધો. ૯ કોણ. ૧૦ ઉદર. ૧૧ હું.

લીલી તે હળદીનો કેસરિયો ચોખો,
કંકુળે[૧૨] પીળાવો રે[૧૩] ભંમરા નોંતરે.

કોને ઘેરે જવું રે ભંમરા નોતરે?
મોંમો ઘેર જવું રે ભંમરા નોંતરે.

નોંમે[૧૪] ના જોંણું[૧૫] ને ગોંમે[૧૬] ના જોંણું,
કોને ઘેરે જવું રે ભંમરા નોંતરે?

નોંમે છીતુભઈ ને ગોંમે **સુવાચારી,**
તેને ઘેર જવું રે ભંમરા નોંતરે.

આગળ આવે છે ડુંગરોની ભીંતો,[૧૭]
કેમ કરી જવું રે મોંમો ઘેર નોંતરે?

અમારી મૈયેરિયોના ઓડે તેડાવું,
ઓડે તેડાવીને ડુંગરા ખોદાવું
તેમ કરી જવું રે મોંમો ઘેર નોંતરે.

લીલી તે હળદીનો કેસરિયો ચોખો,
કંકુળે પીળાવો રે ભંમરા નોંતરે.

કોને ઘેર જવું રે ભંમરા નોંતરે?
ફોયો ઘેર જવું રે ભંમરા નોંતરે.

નોંમે ના જોંણું ને ગાંમે ના જોંણું,
કોને ઘેર જવું રે ભંમરા નોંતરે?

નોંમે **લાખુબે'ન** ને ગોંમે **ભાટપોર,**
તેને ઘેર જવું રે ભંમરા નોંતરે.

આગળ આવે છે નદીઓનાં નીર,
કેમ કરી જવું રે ફોયો ઘેર નોંતરે?

ઓડે તેડાવીને પલ[૧૮] બંધાવો,
તેમ કરી જવું રે ફોયો ઘેર નોંતરે.

## ૬. આમંત્રણ—૨

એકે મોંણું[૧૯] તે ચોખો કંકુળે પીળાવો
સૌ કોઈને નોતરાં દેવરાવો.

---

* સરખાવો: ચૂંદડી ભા. ૧, ગીત ૨૦, પૃ. ૩૨.

૧૨ કંકુએ. ૧૩ રંગાવો. ૧૪ નામ. ૧૫ જાણું. ૧૬ ગામ. ૧૭ પથ્થરની ભેખડો—ડુંગરરૂપી ભીંત—દીવાલ. ૧૮ પુલ. ૧૯ માણું–દશ શેરનું માપ.

એકે માડીજી આઈવાં ને દાદાજી આઈવા
ના આઈવા માડીજાયા લોભિયા.

બે'ની ! તમારી સાસરીઓમેં ડુંગરા ઝાઝેરા
તે માટે કોઈએ ના આઈવું.

વીરા ! અમારી મૈયેરિયોના ઓડ તેડાવું
ને ડુંગરા ખોદાવું
ધન રે'શ[20] માડીજાયા વીર રે.

## ૭. મંડપ

[ સંસાર છે : ગૃહકલેશ પણ થાય, આળાં હૈયાં થાય. પણ લગ્ન-મરણ જેવા પ્રસંગે એ બધું ભૂલી જવાય. રિસાયેલાંને મનાવવાં પડે; સૌને આવવું પડે. ન આવે તો કુટુંબની હાંસી થાય !]

બે'નનો મોંડવો[21] પૉને ફૂલે છાવિયો રે.
મોટા મોટા રેવાબે'નના વીરા
બેચરભઈ મોંડવો છવરાવજો રે.

તમે આવો મોંડવિયોનો રંગ રે'શે રે
નઈ તો જશે તમારી લાજ રે
બેચરભઈ મોંડવો છવરાવજો રે.

મોટા મોટા રેવાબે'નના મોમા
છગનભઈ મોંડવો છવરાવજો રે.

તમે આવો મોંડવિયોનો રંગ રે'શે રે.
નઈ તો જશે તમારી લાજ રે.
છગનભઈ મોંડવો છવરાવજો રે.

મોટા મોટા રેવાબે'નના કાકા
ચંદુભાઈ મોંડવો છવરાવજો રે,

તમે આવો મોંડવિયોનો રંગ રે'શે રે
નઈ તો જશે તમારી લાજ રે
ચંદુભઈ મોંડવો છવરાવજો રે.

## ૮. મોતીશેલ

મારે મોંડવે હીરની દોરી
મોતીશેલ ડણુકે ચઈડા[22]

---

૨૦ ધન્ય કહેવાશે-વખાણ થશે. ૨૧ માંડવો, મંડપ.

મારે માંડવે કયો વીરો આવે
કયે વીરે રંગ રાઈખો રે.
મારે માંડવે અંબુવીરો આવે
ચંદુવીરે રંગ રાઈખો રે.
મારે માંડવે હીરની દોરી
મોતીશેલ ડણુકે ચઈડા
મારે માંડવે કયા વેવ આવે
કયી વેવે રંગ રાઈખો રે
મારે માંડવે ભોણીવેવ આવે
રાધીવેવે રંગ રાઈખો રે.

## ૯. સગાંને વિનંતી

[ લગ્ન જેવા સામાજિક પ્રસંગે સગાં અને સમાજની જરૂર પડે છે. લગ્ન સમાજ, સૂર્ય-ચન્દ્ર ને અગ્નિની સાક્ષીમાં થાય છે. ગીતમાં સર્વ સગાંને આમંત્રણ છે. લાડકોડથી પુત્ર યા પુત્રીને પરણાવવા સૌને સાદ દેવાય છે. ]

ઊંચો માંડવો રોચાવો,
લીલી પોંદડી[૨૩] પડાવો મોરારાજ !
બે'નના મામા તેડાવો
બે'નની મામીઓ તેડાવો મોરારાજ !
લઈને[૨૪] ખોળે[૨૫] ભાણેજ પઈણાવો મોરારાજ !
ઊંચો માંડવો રોચાવો
લીલી પોંદડી પડાવો મોરારાજ !
બે'નના કાકા તેડાવો
બે'નની કાકીઓ તેડાવો મોરારાજ !
લઈ ને ખોળે ભતરીજી પઈણાવો મોરારાજ !
ઊંચો માંડવો રોચાવો
લીલી પોંદડી પડાવો મોરારાજ !
બે'નના વીરા તેડાવો
બે'નની ભોજાયો તેડાવો મોરારાજ !
લઈ ને ખોળે બે'ની પઈણાવો મોરારાજ !
ઊંચો માંડવો રોચાવો
લીલી પોંદડી પડાવો મોરારાજ !

---

૨૩ પાંદડી, ૨૪–૨૫ લાડે કોડે એમ પણ ગવાય છે. તે જ બરાબર લાગે છે.

બે'નની ફોયે તેડાવો
બે'નના ફુવા તેડાવો મોરારાજ!
લઈને ખોળે ભતરીજી પઈણાવો મોરારાજ!

## ૧૦. લોભી સગાંને ઠપકો

બે'નનો મોંડવો છે રઢિયાળો,
સાજન! ફૂલળે છાયો રે.
બે'નને મોંડવે સવલોક આવે
લોભી માંમા ના આવે
લોભી મોંમા લોભ ના કરશો
સવનાં મેણું રે'શે રે.
બે'નને મોંડવે સવલોક આવે
લોભી કાકા ના આવે
લોભી કાકા લોભ ના કરશો
સવનાં મેણું રે'શે રે
બે'નને મોંડવે સવલોક આવે
લોભી માસીઓ ના આવે
લોભી માસીઓ લોભ ના કરશો
સવનાં[૨૬] મેણું રે'શે રે

## ૧૧. લગ્ન-સામગ્રી

[ પોઠો મારફત કંકુ, નાળિયેર, નાડાં, સોપારી જેવી લગ્નસામગ્રી મંગાવવામાં આવતી. આજે તો બસો અને રેલવે દ્વારા માલ આવે છે. ]

આઈવી રે કંઈ કંકુડોની પોઈઠો
દરિયા[૨૭] ભદરાલી ગોંમને ગોંદરે.
ઑરો રે[૨૮] મારા કયા ભઈ વે'વારિયા
વીરનાં લગન આઈવાં ઢુંકડાં.
ઑરો રે મારા બેચરભઈ વે'વારિયા
વીરનાં લગન આઈવાં ઢુંકડાં.
આઈવી રે કંઈ નાળિયેરોની પોઈઠો
દરિયા ભદરાલી ગોંમને ગોંદરે.
ઑરો રે મારા કયા ભઈ વે'વારિયા
વીરનાં લગન આઈવાં ઢુંકડાં.

---

૨૬ સૌનાં. ૨૭ આ સ્થળે આ શબ્દનો અર્થ સમજાતો નથી. ૨૮ વહોરો-ખરીદો.

આઈવી રે કંઈ નાળિયેરોની પોઈઠો
દરિયા ભદરાલી ગૉમને ગૉંદરે
ઑરો રે મારી કયી વૉવ વે'વારિયાં
દિયરનાં લગન આઈવાં ઢુંકડાં.
આઈવી રે કંઈ સોપારોની પોઈઠો
દરિયા ભદરાલી ગૉમને ગૉંદરે.
ઑરો રે મારાં કયા વૉવ વે'વારિયાં
દીકરાનાં લગન આઈવાં ઢુંકડાં.

## ૧૨. પગલે પગલે ચીર !

[ લગ્નટાણે ખાસ કરીને સ્ત્રીઓને પહેલું આમંત્રણ આપવું પડે છે. લગ્ન ગીત વડે દીપે છે અને તે ગાનાર સ્ત્રીઓ વિના ચાલે ? જેને ઘેર લગ્ન છે તે સ્ત્રી કહે છે : ' હે પિયુજી ! મારી સાસુ, જેઠાણી, દેરાણી અને નણંદને તેડાવો. આજે તો મારે પગલે પગલે ચીર વહેંચવા પડશે ! ' સાસુ-નણંદનાં મહેણાં-ટોણાંનો ઉલ્લેખ જૂના સમાજના કલહનું પ્રતિબિંબ પાડે છે. ]

ગોરમટી મંગાવો ગાઈરો[૨૯] મંગાવો,
કંકુની ગાઈરો ગોલાવો પિયુજી !
આજ મારા પગલોના ચીર !
ઓઈડા[૩૦] લીપાવો ઓઈડીઓ[૩૧] લીપાવો,
સિંદૂરી ઑકળી પડાવો પિયુજી !
આજ મારા પગલોના ચીર !
સાસુ તેડાવો નરદી[૩૨] તેડાવો,
જેઠાણીને ઠેઠ તેડવા જવું રે પિયુજી !
આજ મારા પગલોના ચીર !
સાસુ ડમણિયાં નરદીને ગાડાં,
જેઠાણીને ઘમઘમતી વે'લરે પિયુજી !
આજ મારા પગલોના ચીર !
સાસુ ઓટલીએ નરદી પરસાળે,
જેઠાણીને મો'લોની માંયરે પિયુજી !
આજ મારા પગલોના ચીર !
સાસુને સાડલા નરદીને સીંદરી,
જેઠાણીને દખણીના ચીર રે પિયુજી !
આજ મારા પગલોના ચીર !

૨૯ ગાર—બ. વચન. ૩૦ ઓરડી. ૩૧ ઓરડીઓ. ૩૨ નણંદી.

સાસુને કંસાર નરદીને શેરો,
જેઠાણીને પાંચ પકવાન પિયુજી !
આજ મારા પગલોના ચીર !
સાસુ તો ખાઈ જઈશે નરદી વગોવી જઈશે,
જેઠાણીનાં કાલે પાછાં આવે રે પિયુજી !
આજ મારા પગલોના ચીર !

## ૧૩. લગ્નસામગ્રીની ખરીદી

[ લગ્નટાણે જુદા જુદા શહેરથી માલ સાંઢણી ઉપર લવાતો હશે. વૈશાખી દાવાનળમાં આવેલી સાંઢણીની કાળજીભરી માવજત થાય છે. ]

તડકે આઈવી રે સોંઢેણી[33] (૨)
બોંધો વડલાની ડાળ
નીરો નાગરવેલ
જળ પર જુમનાનાં નીર
તડકે આઈવી રે સોંઢેણી.
સૂરજ જઈ'તી રે સોંઢેણી
આજ મારે સાડલોનો ખપ
તડકે આઈવી રે સોંઢેણી
ચાંદજ જઇ'તીરે સોંઢેણી
આજ મારે કંકુડાનો[34] ખપ
તડકે આઈવી રે સોંઢેણી

## ૧૪. ઘરેણાંની ખરીદી

લોંબી[35] બજાર શેરી સોંકળી રે,[36]
તોં[37] છે સોનીડાનો આટ[38] વાલો મારો વીંછુડો રે.
વોંકલા[39] વસાવાને અમ જ્યાં'તાં રે,
અમારે લાઈડકડાને[40] કાજે વાલો મારો વીંછુડો રે.
લોંબી બજાર શેરી સોંકળી રે,
તોં છે વોંણીલાનો[41] આટ વાલો મારો વીંછુડો રે.
અંબર વસાવાને અમ જ્યાં'તાં રે,
અમારે લાઈડકડાને કાજે વાલો મારો વીંછુડો રે.

---

૩૩ સાંઢણી. ૩૪ કંકુનો. ૩૫ લાંબી. ૩૬ સાંકડી. ૩૭ ત્યાં. ૩૮ હાટ-બજાર. ૩૯ વકાં—હાથની કોણી ઉપર પહેરવાનું ચાંદીનું ઘરેણું. ૪૦ લાડકડાને, લાડકવાયાને, ૪૧ વાણિયાનો.

લાંબી બજાર શેરી સાંકળી રે,
તાં છે સોનીડાનો આટ વાલો મારો વીંછુડો રે.
વસાવાને અમ જયાં'તાં રે,
અમારે લાઈડિકડાને કાજે વાલો મારો વીંછુડો રે.
લાંબી બજાર શેરી સાંકળી રે,
તાં છે સોનીડાનો આટ વાલો મારો વીંછુડો રે.
વસાવાને અમ જયાં'તાં રે,
અમારે લાઈડકડાને કાજે વાલો મારો વીંછુડો રે.

## ૧૫. આભૂષણ ખરીદી

[ લગ્નવખતે કુટુંબીજનોને માટે વસ્ત્ર, અલંકાર ખરીદાય છે. મોટાભાઈને કાળો ઘોડો તો **નાનાભાઈ** માટે એથી સવાયો; મોટીવહુને રાતું પટોળું તો નાની વહુને એથી અધિક મૂલ્યવાળું ખરીદાય છે. સંયુક્ત કુટુંબની પ્રથામાં લગ્ન જેવા સુઅવસરે જ બધાંને સારાં વસ્ત્ર-અલંકાર મળે છે. ]

જી રે મોઈલોમે[૪૨] મંદિર વાગે છે
મંદિર વાગે છે રાઈત[૪૩] ને દા'ળો[૪૪]
માંદણિયું વાગે છે.
જી રે કાળો ઘોડો રે કયા ભઈનો ?
જી રે કાળો ઘોડો રે લલ્લુભઈનો
એથી સવાયો ભગાભઈને લેશ
મોઈલોમે મંદિર વાગે છે.
જી રે રાતું પટોળું કયી વેવનું ?
જી રે રાતું પટોળું સવિવેવનું
એથી સવાયું દિવાળીવેવને લેશ
મોઈલોમે મંદિર વાગે છે.

## ૧૬. ચૂડલો હાથીદાંતનો

પહેલાંના વખતમાં સ્ત્રીઓ હાથીદાંતના રાતા રંગના ચૂડા પહેરતી. ચતુર મણિયારે રંગેલા હાથીદાંતના ચૂડા વેચાવા આવે છે. બહેન ભાઈને ચૂડો ખરીદવા અને ભાભીને પહેરવા કહે છે પણ ભાભી જે જેઠાણી છે તે પોતાની દેરાણીને મૂકીને ચૂડો કેવી રીતે પહેરે ? દેરાણી-જેઠાણી વચ્ચેના સુમેળનું સુભગ દર્શન અહીં થાય છે. જેઠાણીનો પોતાની દેરાણી પ્રત્યેનો હેતભાવ છતો થાય છે.

---

૪૨ મહેલ-બહુવચન.　૪૩ રાત.　૪૪ દહાડો

ચૂળલો[૪૫] વેચાણે આવિયો મોરા રાજ
ઑરો કયા ભઈ ચૂળલો
ચૂળો ચતુરે રંઈગો રે[૪૬] આથીદૌંતનો[૪૭] મોરા રાજ.
પૅ'રે[૪૮] કઈ વોવ ચૂળલો
ચૂળો ચતુરે રંઈગોરે આથીદૌંતનો મોરા રાજ.
પૅ'રે ગંગા વોવ ચૂળલો
ચૂળો ચતુરે રંઈગોરે આથીદૌંતનો મોરા રાજ.
ઉં કેમ પૅ'રું એકલી મોરા રાજ.
મંય છે **દામણી** વોવનો ભાગ રે
ચૂળો ચતુરે રંઈગો રે આથીદૌંતનો મોરા રાજ

## ૧૭. અમૂલ્ય ચૂંદડી

[ સારા પ્રસંગે રેશમી વસ્ત્રો પહેરવાનો મહિમા ઘણો હતો. રેશમી ચૂંદડી, ઘાટડી અને પટોળાં ગુજરાતમાં પહેરાતાં. એના ઉલ્લેખો લોકગીતોમાં મળી આવે છે. ]

ઑરો ઑરો કયા ભઈ વીર રે, પાવાગડની[૪૯] ચૂંદેણી[૫૦]
ઑરો ઑરો મોહનભઈ વીર રે પાવાગડની ચૂંદેણી.
પૅ'રે પૅ'રે કઈ વૌંવ[૫૧] નાઈર રે,[૫૨] ,, ,,
પૅ'રે પૅ'રે ગંગાવૌંવ નાઈર રે, ,, ,,
**ચૂંદણી.** પૅ'રું તો અંગમેં સમાય રે, ,, ,,
કલી[૫૩] વાળુ તો નખમેં સમાય રે, ,, ,,
કલી ખોસુ તો કેડ ઝોલાં ખાય રે, ,, ,,
**ચૂંદણી** પૅ'રું તો ભોંયે રોળાય રે, ,, ,,
**ચૂંદણી** ધોવું તો દરિયા રંગાય રે, ,, ,,
**ચૂંદણી** સૂકવું તો ધરતી ઢંકાય રે, ,, ,,

## ૧૮. ભાઈ-ભાભીનું દામ્પત્યજીવન

[ લગ્નગીતોમાં ભાઈ-ભાભીનું ગૃહજીવન, બંને વચ્ચેનાં રિસામણાં-મનામણાં, ઝઘડા અને ચડસાચડસી આલેખાયેલાં છે. ]

( ઢાળ: વાડી ખીલી રે, ખીલ્યો મોગરો. )
**કાચી** કેરીનાં લીધાં ગોરીએ રૂસણાં,
**કાચી** ચવટે[૫૪] વેચાય રે પાકી ના મળે.
કયા ભઈ ભાઈબંધને **પૂછે**:

---

૪૫ ચૂડલો-ચૂડો, ૪૬ રંગ્યો, ૪૭ હાથીદાંતનો, ૪૮ પહેરો. ૪૯ પાવાગઢ. ૫૦ ચૂંદડી. ૫૧ વહુ. ૫૨ નાર. ૫૩ ગડી. ૫૪ ચૌટે—બજારે.

ભાઈબંધ ! કેમ કરી ભાંગું ગોરીનાં રૂસણાં ?
લીલું હીર મંગાવો : તેની દોરી ભંગાવો,
તેના હાથપગ બંધાવો,
લાલે લાકડીએ ભાંગો ગોરીનાં રૂસણાં !
કાંતિભાઈ ભાઈબંધને પૂછે :
ભાઈબંધ ! કેમ કરી ભાંગું ગોરીનાં રૂસણાં ?
લીલું હીર મંગાવો : તેની દોરી ભંગાવો,
તેના હાથ પગ બંધાવો,
લાલે લાકડીએ ભાંગો ગોરીનાં રૂસણાં !

## ૧૯. માતા-પિતાની ઉતાવળ

ચોંદો[૫૫] ચાલે ઉતાવળો
ચોંદેણી તારે ને કાજે રે
કયા ભઈ તો ચાલે ઉતાવળા
દીકરો પઈણા'વાને કાજે રે
ચોંદો ચાલે ઉતાવળો
ચોંદેણી તારે ને કાજે રે
કઈ વૌવ ચાલે ઉતાવળી
દીકરો પઈણા'વાને કાજે રે

## ૨૦. ગજવીયો વર

[ વરવિક્રયનો ઉલ્લેખ આવે છે. આ ગીત સાથે ચૂંદડી ભા. ૨, ગીત ૭, પૃ. ૯ ઉપરનું ગીત સરખાવો. ચૂંદડીનું ગીત તડવી પ્રદેશનીય પેલી બાજુ પૂર્વમાં વસતા સંખેડા–મેવાસના રાઠવા કોળીના ગીતને ખૂબ મળતું આવે છે. ]

શેરી વળાવો ને ચંપલા[૫૬] રોપાવો
ચંપલીયા એઠે[૫૭] રાઈ ખો છે ઘોડો
કેવરે જીયાવર વાળું રે અંબોડો
અંબોડો વાળતાં લાડીએ દીઠાં
લાડીએ જઈ એમના દાદોને કીધાં
દાદા રે મોરા એવારે વરજો
એવારે વરજો ને ગજવાં રે ભરજો.

## ૨૧. લાડકાં—દીકરો-દીકરી

[ પરણનાર પુત્ર કે પુત્રી સૌને ખૂબ વહાલાં હોય છે. વહાલાંના વાંક માફ થાય. લાડકવાયાં તો ખૂણામાં બેસાડીને લાડુ ખવરાવવા જોગ કહેવાય. ]

---

૫૫ ચંદ્ર. ૫૬ ચંપા–બ. વચન. ૫૭ હેઠે–નીચે.

કંકુની ગાર્ઈરો ગોલાવો
સિંદૂરી પાડો ઓકળી રે
કયા ભઈ તમારા દીકરાને વારો
ઓકળી મારી નંદાશે રે.
નંદાય તો નંદાવા દીજો
દીકરો મારો લાયળકો રે.
લાયકળાને લાડવો લઈ આલો
ખૂણે બેસી ખવરાવો રે.

## ૨૨. ઊંઢણીનું મૂલ્ય

[ પનિહારીને જોઈ રાજા મોહ પામે છે. રાજા પનિહારીને ખરીદવા ચાહે છે. પનિહારી કહે છે: મારા બેડલા સાટે તારું રાજપાટ ડૂલ થશે! ઊંઢણીની સાટે તારા છત્રપલંગ ડૂલ થશે! નારીનાં શીલ અને સૌભાગ્ય રાજ્યો કરતાં વધારે મૂલ્યવાન છે. દ્રૌપદીના શીલના અપમાનના બદલામાં કૌરવોનો સંહાર થયો હતો. ]

પાણીની પનિયારી કૂંડીએ જલ ભરવા જાય
રાજાનો કુંવર જેસંગ ઘોડો પાવા જાય.
કઈર રે પનિયારી! તારા બેળલાનાં મૂલ?
નઈ રે ઠાકોરિયા રાજા
નઈ રે મારુળિયા રાજા
નઈ રે કરું મારા બેળલાનાં મૂલ,
બેળલાનું મૂલ: તારું રાજપાટ ડૂલ!
કઈર રે પનિયારી! તારી ઊંઢણીનું મૂલ?
નઈ રે ઠાકોરિયા રાજા
નઈ રે મારુળિયા રાજા
નઈ રે કરું મારી ઊંઢણીનાં મૂલ
ઊંઢણીનું મૂલ: તારો પલંગ જશે ડૂલ!

## ૨૩. વેવાઈની આજીજી!

લીલી રે **ભદરાલી** ગોંમની વાડી, વાડીમેં ફળ જઈવાં રે,
સૂકી રે **ગુંડેચા** ગોંમની વાડી, વાડીમેં હીમ પઈડાં રે.
વેવઈને ઘેરે શેની છે ખોઈટા, લખી કાગળ મોકલે રે,[૫૮]
વેવઈને ઘેરે કંકુડોની ખોઈટા,[૫૯] લખી કાગળ મોકલે રે,

---

૫૮ પાઠાંતર: 'છાના કાગળ મોકલે રે'।

૫૯ ખોટ (બ. વચન) અછત; તંગી.

એવા મારા કયા ભઈ વેવારિયા,[૬૦] ગાડાં ભરી મોકલે રે,
એવા મારા બેચરભઈ વેવારિયા, ગાડાં ભરી મોકલે રે.
લીલી રે ભદરાલી ગોંમની વાડી, વાડીમેં ફળ જઈવાં રે,
સૂકી રે ગુંડેચા ગોંમની વાડી, વાડીમેં હીમ પઈડાં રે.
વેવઈને ઘેરે શેની છે ખોઈટો, લખી કાગળ મોકલે રે,
વેવઈને ઘેરે સોપારાંની ખોઈટો, લખી કાગળ મોકલે રે.
એવા મારા બેચરભઈ વેવારિયા, ગાડાં ભરી મોકલે રે.

## ૨૪. 'લગ્ન વહોરવા'

આથીદોંતેની ચૂડી રે,
હીરા મોતી રતને જઈડા.[૬૧]

દાદા! લીલુડી[૬૨] શનગારોરે,
લીલાં પીળાં લેવા જઈએ.

સોંમા[૬૩] મલીયા છે વેવઈ રે,
ઠાકોર! તમે કોંરે[૬૪] ચાઈલા?

અમ ઘેર દીકરી કુંમારાં રે,[૬૫]
લીલાં પીળાં લેવા જઈએ.

ઠાકોર! પાછેલા વળજો રે,
લીલાં પીળાં અમે લાઈવા.

આથીદોંતેની ચૂડી રે,
હીરા મોતી રતને જઈડા.

દાદા! લીલુડી શનગારો રે,
સોનુ રૂપું લેવા જઈએ.

સોંમા મલીયા છે વેવઈ રે,
ઠાકોર! તમે કોંરે ચાઈલા?

અમ ઘેર દીકરી કુમારાં રે,
સોનુ રૂપું લેવા જઈએ.

ઠાકોર! પાછેલા વળજો રે,
સોનુ રૂપું અમે લાઈવા.

---

૬૦ વ્યવહારકુશળ. ૬૧ જડ્યા. ૬૨ લીલી—ગાડી કે ઘોડી? ૬૩ સામા, ૬૪ ક્યારે. ૬૫ કુંવારી.

## ૨૫. વેવાઈની ઝૂંપડી

ઉદેપોરની લવંગો મંગાવો
ચંપો ભલે મો'રિયો. ૧

જોવ મારા કયા ભઈનો મો'લ રે
ચંપો ભલે મો'રિયો. ૨

જોવ મારા મોહનભઈનો મો'લ રે
ચંપો ભલે મો'રિયો. ૩

કાચ ઝબોઝબ થાય રે
ચંપો ભલે મો'રિયો. ૪

ઉદેપોરની લવંગો મંગાવો
ચંપો ભલે મો'રિયો. ૫

જોવ પેલા વેવાઈની ઝૂંપડી
ચંપો ભલે મો'રિયો. ૬

જોવ પેલા ભાણિયાની ઝૂંપડી
ચંપો ભલે મો'રિયો. ૭

સાજ[૬૬] ઊડી ઊડી જાય રે
ચંપો ભલે મો'રિયો. ૮

## ૨૬. જમાઈને આમંત્રણ—લગ્નમાં ઢોલી થવાનું ! !

મારું બારે બેડાનું રે માટલું.
માટલું ભઈરું રે સરોવરની પાઈળે[૬૭]
વાડીનું ભંમર નોંઈતરું.[૬૮]

મેં તો એકલાં કઇ બે'નને નોંઈતરાં
મારે માંડવે ચોંદેણી થઈને આવે રે
વાડીનું ભંમર નોંઈતરું.

મારું બારે બેડાનું રે માટલું
માટલું ભઈરું રે સરોવરની પાઈરે
વાડીનું ભંમર નોંઈતરું.

મેં તો એકલો કયો જમાઈ નોંઈતરો
મારે માંડવે ઢોલીઓ[૬૯] થઈને આવે રે!
વાડીનું ભંમર નોંઈતરું.

---

૬૬ છાજ-છાપરા ઉપર છાવેલાં ઘાસ-પાંદડાં. ૬૭ પાળે. ૬૮ નોંતર્યું.
૬૯ ઢોલી-ઢોલ વગાડનાર.

## ૨૭. જમાઈ : દાતણિયો

દાતણિયો તેડાવો રે દાતણ લઈ આવે
જમાઈ છે દાતણિયો રે દાતણ લઈ આવે
દાતણિયાને આલો રે પોંસ ભરી કોદરા
ફાટલું પીછોડું રે[૭૦] કોદરા વેરઈ ગીયા
ઈમની માડીએ પૂઈછું રે દીકરા કોં જ્યા'તા ?
સાળોને ઘેરે વે'વા રે ખાસડું ખાઈ આઈવા
ઈમની[૭૧]માડી જોંણે રે દીકરો કમાય આઈવો
મારી બે'ની જોંણે રે ખાસડાં ખાઈ આઈવો.

## ૨૮. લગ્નસામગ્રીને આમંત્રણ

સાઈખી[૭૨] આજ મેં તો
ઊગતી સમડી નોંઈતરી રે
સમડી તમે તો મારે
ધોંણેસ[૭૩] ભરવા જોઈશું
મારે સજન મેળાવા જોયેશું રે
સાઈખી આજ મેં તો
ઊગતો ઓંબો નોંઈતરો રે
ઓંબા[૭૪] તમે તો મારે
ધોંણેશ ભરવા જોઈશું
મારે સજન મેળાવા જોયેશું રે
સાઈખી આજ મેં તો
ઊગતી ડોંગેર નોંઈતરી રે
ડોંગેર તમે તો મારે
ધોંણેશ ભરવા જોઈશું
મારે સજન મેળાવા જોયેશું રે
સાઈખી આજ મેં તો
ઊગતો પૈસો નોંઈતરો રે
પૈસા તમે તો મારે
ધોંણેશ ભરવા જોઈશું
મારે સજન મેળાવા જોયેશું રે

---

પાઠાંતર : ઈમની માડીએ પૂઇછું રે દીકરા કોં જ્યા'તા ?
સાળોને ઘેરે વેવા રે ખાસડું ખાઈ આઈવા

૭૦ ચાદર. ૭૧ એમની. ૭૨ સખી. ૭૩ ધોણ—પાંચ પાલી—દશ શેર ડાંગર ખાંડવાનો વિધિ. ૭૪ આંબો.

## ૨૯. ઘોંણ ભરવો

ઘોંણે ભરાવો આજ મારે શાળેરી,[૭૫]
આજ મારે કંકુળોનો ખપ રે,
લગન આયવાં ઢુંકડાં[૭૬]
ઘોંણે ભરાવો આજ મારે શાળેરી,
આજ મારે નાળિયેરોનો ખપ રે,
લગન આયવાં ઢુંકડાં.
ઘોંણે ભરાવો આજ મારે શાળેરી,
આજ મારે નાડલિયોનો[૭૭] ખપ રે,
લગન આયવાં ઢુંકડાં.
ઘોંણે ભરાવો આજ મારે શાળેરી,
આજ મારે ચોખલીયોનો[૭૮] ખપ રે,
લગન આયવાં ઢુંકડાં.
ઘોંણે ભરાવો આજ મારે શાળેરી,
આજ મારે સોપારોનો ખપ રે,
લગન આયવાં ઢુંકડાં.
ઘોંણે ભરાવો આજ મારે શાળેરી,
આજ મારે પોંનલિયોનો[૭૯] ખપ રે,
લગન આયવાં ઢુંકડાં.

## ૩૦. લગ્નપીઠી

અરદેલી[૮૦] લીલી ને પીળી રે
ચડે મારી ઘંટીને ગારે રે
ચડે મારા વીરાને પગે રે
ઊતરે પેલી છોરીને પગે રે
અરદેલી લીલી ને પીળી રે
ચડે મારી ઘંટીને થાળે રે
ચડે મારા વીરાને હાથે રે
ઊતરે પેલી છોરીને હાથે રે
અરદેલી લીલી ને પીળી રે
ચડે મારી ઘંટીને ખીલડે રે
ચડે મારા વીરાને મોંડે રે[૮૧]
ઊતરે પેલી છોરીને મોંડે રે

---

૭૫ શાળ—ડાંગર. ૭૬ નજીક. ૭૭ નાડાં. ૭૮ ચોખા. ૭૯ પાંદડાં.
૮૦ હળદર. ૮૧ મોંએ, મુખ પર.

## ૩૧. શણગાર

મારે મોંડવે સોનાના થંભ રે બાયલમડી
    મારો મોંડવો દીસે રે રળિયામેણો.[૮૨]
મારે મોંડવે કોરી પાઘડીઓ પે'રો રે કયા ભઈ
    મારો મોંડવો દીસે રે રળિયામેણો.
મારે મોંડવે કોરી પાઘડીઓ પે'રો રે અંબુભઈ
    મારો મોંડવો દીસે રે રળિયામેણો.
મારા મોંડવે સોનાના થંભ રે બાયલમડી
    મારો મોંડવો દીસે રે રળિયામેણો.
મારે મોંડવે કોરાં પાટિયાં[૮૩] પે'રો રે કયી વોવ
    મારો માંડવો દીસે રે રળિયામેણો.
મારે મોંડવે કોરાં પાટિયાં પે'રો રે દામણી વોવ
    મારો મોંડવો દીસે રે રળિયામેણો.

## ૩૨. ગ્રહશાન્તિવેળા

શાંઈતકે[૮૪] વેળા ગોરી વિસારી બેઠાં,
કેવ તો વઉવારુ તમને સોંકળાં વસાવું,
    ખીલીયો[૮૫] રતને જડાવું ઓ લાઢણી,
    આછા ઘૂંઘટડા ગોરીને વા'લેરા લાગે.
શાંઈતકે વેળા ગોરી વિસારી બેઠાં,
કેવ તો વઉવારુ તમને દોરલા વસાવું,
    ખીલીયો રતને જડાવું ઓ લાઢણી,
    આછા ઘૂંઘટડા ગોરીને વા'લેરા લાગે.
શાંઈતકે વેળા ગોરી વિસારી બેઠાં,
કેવ તો વઉવારું તમને એરીંગ વસાવું,
    કડીયો[૮૬] રતને જડાવું ઓ લાઢણી,
    આછા ઘૂંઘટડા ગોરીને વા'લેરા લાગે.
શાંઈતકે વેળા ગોરી વિસારી બેઠાં,
કેવ તો વઉવારું તમને ગજરા વસાવું,
    ટોડિયાં[૮૭] રતને જડાવું ઓ લાઢણી,
    આછા ઘૂંઘટડા ગોરીને વા'લેરા લાગે.

---

૮૨ રળિયામણો. ૮૩ પાટિયું—રેશમી લૂગડું. ૮૪ શાંતિ—ગ્રહશાંતિનું ટૂંકું રૂપ. ૮૫ ખીલી—(બ. વચન). ૮૬ કડી (બ. વચન). ૮૭ તોરો (બ. વચન) ફૂલોનો.

## ૩૩. મામેરું ૧

ચૉક વચ્ચે ચંપો રોપાવો જેઠાંણી
તોં ચડી જોવું વીરની વાઈટો[૮૮] માના જાયા
ઊંચી ચડું રે ઊંચેલડી રે.

તોં ચડી જોવું વીરની વાઈટો માના જાયા
કેટ્લે આવે માનો જાયો રે
ઢુંકે[૮૯] આઈવો માનો જાયો રે.

કે'વ તમારી સાસરીની રીત મારી બે'ની
સસરોને ડગલોની ડોટી માના જાયા
જેઠોને લાવે વીરા ખેસીયાં રે.

દિયેરને પોતિયોની[૯૦] જોડ માના જાયા
સાસુને લાવે વીરા સાડલાં રે.

જેઠાંણીને દખણીનાં ચીર માના જાયા
દેરાંણીને લાવે વીરા સીદરી રે.

ભોંણેજોને ટોપીયોની જોડ માના જાયા
બનેવીને લાવે વીરા મોરીયાં રે.

બે'નીને સોંકળાંની જોડ માના જાયા
એટલી સંપત હોય તો આવે માના જાયા
નૈ તો રે'જો તમારા દેશમેં રે.

## ૩૪. મામેરું ૨

વીરા ચોંદલીયો ઊઈગો ને ઑણું[૯૧] આઈથમાં[૯૨]
વીરા કોં સુધી જોવું તમારી વાઈટો
ઘરશોંઈતક[૯૩] વેળા વઈ[૯૪] રે જઈશે.

બે'ની સોનીડા દુકાને ઘોડો અડી રીયો
બે'ની સોંકળાં વૈસાવતાં[૯૫] લાઈગી[૯૬] વારો
ઘરશોંઈતક વેળા હાવે થઈશે.

---

સર° ચૂંદડી ભાગ ૨, ગીત ૬૧, પૃ. ૫૬ : મારવાડી

---

૮૮ વાટ. ૮૯ બ: વચન. ૯૦ ધોતિયાં. ૯૧ હરણાં (નક્ષત્ર). ૯૨ આથમ્યાં.
૯૩ ગ્રહશાંતિ. ૯૪ વહીવિતી, ૯૫ વસાવતાં- ખરીદતાં. ૯૬ લાગી.

વીરા ચોંદલીયો ઊઈગો ને ઓણાં આઈથમાં.
વીરા કોં સુધી જોવું તમારી વાઈટો
ઘરશાંઈતિક વેળા વઈ રે જઈશે.

બે'ની માળીડા દુકાને ઘોડો અડી રીયો
બે'ની ગજરા વૈસાવતાં લાઈગી વારો
ઘરશાંઈતક વેળા હાવે થઈશે.

## ૩૫. મોંમેરું ૩

સમદર સોંમી પાઇળે રે સોંઈઢો ચરે
વીરા ! ઉં રે[૯૭] કંઈયે[૯૮] નથી મોંગતી[૯૯]
મારા પગો પરમોણ[૧૦૦] લાવે સોંકળાં
ઉં રે સંતો કેરી[૧૦૧] બે'નડી.

સમદર સોંમી પાઈળે રે સોંઈઢો ચરે
વીરા ! ઉં રે કંઈયે નથી મોંગતી
મારા આથો [૧૦૨] પરમોણ લાવે વોંકલા
મારી ખીલીઓ રતને જડાઈવ
ઉં રે સંતો કેરી બે'નડી.

સમદર સોંમી પાઈળે રે સોંઈઢો ચરે
વીરા ! ઉં રે કંઈયે નથી મોંગતી
મારી કોઈટા[૧૦૩] પરમોંણ લાવે ઓંસળી
મારી ખીલીઓ રતને જડાઈવ.
ઉં રે સંતો કેરી બે'નડી

## ૩૬. ભવનાં મે'ણાં

[ ગ્રહશાંતિ કરવા બેસનાર બહેન માટે પિયરમાંથી પોતાનો ભાઈ હાર, ગજરા અને ઘટતાં વસ્ત્રાભૂષણ લાવે છે. ના લાવ્યા હોત તો પોતાને આખી જિંદગી સગાંઓનાં મહેણાં–ટોણાં સાંભળવા પડત એમ સમજી રાજી થઈ બહેન દુવા દે છે : ' મારાં ભવનાં મહેણાં ભાંગનાર ભાઈ ઘણું ઘણું જીવજો. ' ]

ઊંચા ચંપલીયા ઘેરે ગંભીર જો,
ફૂલડાં વેરાં રે[૧૦૪] નાગર ભરમોણી.
વીણી ચૂંટીને છાબે ભરાવો,
મોકલાવો મારી **મધુબે'ન**ની સાસરીએ.

---

૯૭ હું રે. ૯૮ કંઈ-કશું. ૯૯ માગતી. ૧૦૦ પ્રમાણે. ૧૦૧ સંતોષણી-સંતોષ માનનારી. ૧૦૨ હાથ.—બ. વચન ૧૦૩ કોટ-ડોક (બ વચન. પ્રયોગ) ૧૦૪ વેર્યાં—ચૂંટયાં.

મધુબા બે'ની! તમે સૂતાં કે જાગો ?
માડીને જાયે રે ભેટ મોઈકલા.

ઘણું ઘણું જીવો મારી માડીના જાયા,
ભવનાં મેણાં રે વીરે મારે ભોંઈગીયાં[૧૦૫]

## ૩૭. વરધની પાણિયારી

લોંબી લોંબી શેરીઓના લોંબા લોંબા શેર;
દોંતે રંઈગા રે[૧૦૬] એમના પિયુ પરદેશ.

વાવડી ખોદાવ સાયબા! વાવડી ખોદાવ;
કુવલોનાં[૧૦૭] પોંણી[૧૦૮] મારાથી નઈ રે ભરાય.

નઈ રે ભરાય સાયબા! નઈ રે ભરાય;
ઉદેપરિયું રાજ મારા નખમે' સમાય!

સોંકળાં વસાવ સાયબા! સોંકળાં વસાવ;
ટાળલોનો ભાર મારાથી નંઈ રે ઝીલાય.

નઈ રે ઝીલાય સાયબા! નઈ રે ઝીલાય;
ઉદેપરિયું રાજ મારા નખમે' સમાય!

વોંકલા વસાવ સાયબા! વોંકલા વળાવ;
કડલાંનો ભાર મારાથી નઈ રે ઝીલાય.

નઈ રે ઝીલાય સાયબા! નઈ રે ઝીલાય;
ઉદેપરિયું રાજ મારા નખમે' સમાય.

ઓંસળી[૧૦૯] વસાવ સાયબા! ઓંસળી વસાવ,
છોંટિયોનો* ભાર મારાથી નઈ રે ઝીલાય.

નઈ રે ઝીલાય સાયબા! નઈ રે ઝીલાય;
ઉદેપરિયું રાજ મારા નખમે' સમાય.

## ૩૮. મહિયારીનું દાપું

જે મોંગો તે મોંગો મૈયારી;
આજે તમારા દાપાં રે.

ગમોઈણેથી[૧૧૦] ધોરી છોડાવો;
મૈયારી મનાવો રે.

ધોરી અંમારા ને ખીલા તમારા;
મૈયારી મનાવો રે.

---

૧૦૫ ભાંગ્યાં—મટાડયાં ૧૦૬ દાંત રગ્યા. સૌભાગ્યવતી સ્ત્રીઓ લગ્નપ્રસંગે લાલ રંગથી દાંત રંગે છે. ૧૦૭ કૂવાનાં. ૧૦૮ પાણી. ૧૦૯ હાંસડી—ગળાંનું ઘરેણું.
૧૧૦ ગમાણ—ઢોર બાંધવાની જગા. * છાંટિયું—મણકાનું ઘરેણું.

## ૩૯. ગોતરિજો ભરવો

[ ગોત્રનાં પાંચ સગાં ચોરીમાં ભરેલો ગોત્રીજો ઘરમાં જ્યાં ગણપતિનું સ્થાપન કર્યું હોય ત્યાં લાવી મૂકે છે. આ પ્રસંગે ઢોલી નાચીકૂદીને ગોત્રીજાનું બહુમાન કરે છે. તેથી તેને દાપું આપી રાજી કરાય છે ].

ગોતરિયાનું કોણુ છે ગોતરિયો
ગોતરીજો ભરી આલે રે.
ગોતરિયાનો........ ગોતરિયો
ગોતરીજો ભરી આલે રે.
ગોતરિયાની કોણુ છે ગોતરીયેણુ
ગોતરીજો ભરી આલે રે.
ગોતરિયાની........ ગોતરીયેણુ
ગોતરીજો ભરી આલે રે.

# મહિસાનો નન્દી અને બ્રાહ્મ પ્રતિમાઓ

**હરિલાલ ગૌદાની, મધુસૂદન ઢાંકી,**
**હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી**

મધ્ય ગુજરાતના પ્રસિદ્ધ વૈષ્ણવ યાત્રાધામ ડાકોરની પશ્ચિમે આઠ માઈલ દૂર મહિસા ગામમાં કેટલીક મહત્ત્વપૂર્ણ મધ્યકાલીન પ્રતિમાઓ જળવાયેલી છે: એ સમૂહમાંની નન્દી અને પાંચ બ્રાહ્મ પ્રતિમાઓ વિશેષ નોંધપાત્ર છે.

નન્દીની પ્રતિમાનો મુખભાગ તેમ જ આગલો ડાબો પગ દુર્ભાગ્યે અર્ધેથી ખણ્ડિત થયાં છે (જુઓ આ અંકના પાછલા પૂંઠા ઉપર છપાયેલ તે); ને માથેનાં શિંગડાં પણ ઉપરથી બટકેલાં છે. પણ શરીરનો બાકીનો મોટો ભાગ સારી રીતે જળવાયેલો છે. નન્દીને ઔચિત્યપૂર્ણ આભરણોથી શિલ્પીએ શણગાર્યો છે. એની ડોકની આછી માંસલ ત્રિવલ્લી પર શૃંખલા રૂપી માલા અને કોંટ નીચેથી સરકતી, ત્વચાને ચોંટેલી, છાતીના ભાગને આવરતી, બારીક રીતે કંડારેલી મણકા-વાળી પાંચ સરની પગતી ઘૂઘરમાળ તેમ જ શિંગડાંના મૂળમાં ત્રણસરી માળા શોભી રહ્યાં છે. નન્દીનું સ્વસ્થ, ધીટ આસન, પૌરુષભર્યું દેહસૌષ્ઠવ, અને અંગોનું પ્રમાણતોલન તેમ જ ઘડતરની અસાધારણ સફાઈ એને દક્ષિણ ભારતની શ્રેષ્ઠ વૃષપ્રતિમાઓની સમકક્ષ લાવી દે છે. એની બેસણી પર વર્ષ-મિતિવાળો લેખ જો ન કોતરેલો હોત તો સ્હેજે અસલી સમય કરતાં એનો અઢી ત્રણ સદી વધારે પુરાણો કાળ અંદાજવા પ્રેરાઈએ એવાં એનાં કલોત્કૃષ્ટતા અને દેહલક્ષણો છે. ઊંચી પરંપરાના શિલ્પીની એ કૃતિ છે. કર્ણાટના નન્દીઓમાં હોય છે તેમ અહીં પણ ઘૂઘરમાળ કોંટની પાછળથી ગરકાવી છે.[૧] અનુગુપ્તકાળે દક્ષિણ ગુજરાતમાં સ્થપાયેલ ચાલુક્ય અને રાષ્ટ્રકૂટ શાસનના પ્રભાવ તળે ત્યાંની ભૂમિમાં શિલ્પની પરિપાટીમાં થોડાં કર્ણાટી તત્ત્વોનો પ્રવેશ થયાનું તો જાણમાં છે; પણ છેક ઈ. સ. ૧૨૬૯ જેટલા પાછોતરા કાળે પણ એ જોવા મળે તે ઘટના વિસ્મયપ્રેરક બની રહે છે.[૨]

નન્દીની બેસણી પર કોતરેલા બે લેખોમાં ડાબી બાજુ પર ત્રણ લાંબી પંક્તિઓમાં મોટા અક્ષરોથી પહેલો મોટો લેખ કોતરેલો છે. બીજો બે પંક્તિવાળો ટૂંકો લેખ નન્દીના મોઢા આગળની બાજુ પર કોરેલો છે.[૩]

---

૧ શામળાજીમાંથી મળેલા પુરાણા નન્દીમાં પણ ઘૂઘરમાળની એ રીતે જ વ્યવસ્થા છે. કર્ણાટની તમામ પૂર્વકાલીન—ઉત્તરકાલીન શૈલીઓમાં એ જ વસ્તુ દ્વિતીય લેખકે તપાસેલાં નન્દીમૂર્તિ ધરાવતાં કંઈ નહીં તોયે દોઢસો એક મન્દિરોમાં જોયેલી છે.

૨ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના પુરાણા નન્દીઓમાં તો ઘૂઘરમાળ અચૂક ડોકમાં કોંટની આગળના ભાગમાં જ પહેરાવાયેલી જોવા મળી છે.

૩ આ લેખ ઊલટી બાજુએ હોઈ ચિત્રમાં જોઈ શકાશે નહીં. લેખની વાચના સામ્પ્રત લેખકોએ પ્રથમ લેખકે લીધેલી તસ્વીરોના આધારે કરી છે. ગામલોકોએ અત્યંત સમજાવટ બાદ દૂરથી ખેંચવા દીધેલ એ તસ્વીરો સ્હેજ ત્રાંસી હોઈ મુદ્રણયોગ્ય ન હોતાં અહીં રજૂ કરી શકયા નથી.

પહેલા લેખમાં વર્ષ—માસ—તિથિ—વાર આપેલાં છે: ભાષા છે સંસ્કૃત અને રચના પદ્યમાં છે; છન્દમાં નિબદ્ધ છે અને છંદ શાર્દૂલવિક્રીડિત છે, પણ એની રચનામાં કચાશ અને અધૂરાશ વરતાય છે; ક્યાંક ક્યાંક સન્દર્ભ અને શબ્દસમૂહનું સંકલન સચવાયું નથી. કોઈ કોઇ અક્ષર દુર્વાચ્ય છે; ને વ્યાકરણ ક્યાંક અશુદ્ધ છે; પદલાલિત્યનો પ્રાયઃ અભાવ છે. મુસદ્દાની ઘડાઈ પાછળ એ જમાનાના કોઈ ગામઠી ગોર મા'રાજનું ભેજું અને સંસ્કારસ્તર છતાં થાય છે. મુસદ્દાની કઢંગાશ અને પદોના શબ્દાયોજનની ઉચ્ચાવચતાને કારણે લેખનો ભાવાર્થ પૂરેપૂરો પારદર્શી નથી બની શક્યો; તેમ છતાં મોટી મોટી વિગતો અમે જે રીતે સમજ્યા છીએ તે પ્રમાણે રજૂ કરીએ છીએ.

પહેલા લેખનો ભાવાર્થ એ છે કે મહિસાપુરમાં મોઢ જ્ઞાતિના કોઈ સિંહ(શ્રેષ્ઠી)ના પુત્ર કુમર(સિંહ)ના બે પુત્રો થયા; નામે આલ્હણ અને ભીમ. તેમાંના ભીમે (ત્યાંના) ઉત્તરનાથ-દેવના મણ્ડપનો જીર્ણોદ્ધાર કરાવ્યો; ને સં. ૧૩૨૫ આસુ શુદિ આઠમને શનિવારે પઞ્ચદેવના મન્દિરમાં આસન ચોકિયાળાવાળો હિંડોળો કરાવ્યો. એ ઉપરાંત ઉત્તરેશ્વર મહાદેવના સન્મુખ ભાગમાં વૃષ કરાવ્યો : (નન્દી ઘડાવીને [મુકાવ્યો). એ જ સમયે ત્યાં સોલંકીકુલમૌલિશેખર રાણકપુંગવનું રાજ્ય લાગે છે. એને પણ આ સુકૃતના પુણ્યનો ભાગીદાર બનાવ્યો છે.

લેખમાં આવતું મહિસાપુર તે અત્યારનું મહિસા ગામ છે, પણ ઉત્તરેશ્વર અને પઞ્ચદેવનાં મન્દિરો હાલ તો નષ્ટ થયાં જણાય છે. લેખમાં ઉલ્લિખિત વૃષ તે આ જ નન્દી છે તે નિઃશંક છે. લેખમાં શાસનકર્તા રાજાનું નામ નથી આપ્યું પણ 'ગોપતિસોલંકીકુલમૌલિશેખર' અને 'રાણક' શબ્દથી કદાચ વાઘેલા રાણા અર્જુનદેવનું સૂચન હોય કે પછી કોઈ એના સામન્તનું.

બીજા ટૂંકા લેખનો અર્થ સ્પષ્ટ છે. પહેલી લીટીમાં લખ્યું છે કે શ્રેષ્ઠી કુમરસિંહના પુત્ર ભીમની આ મૂર્તિ (છે); અને બીજી પંક્તિમાં કહ્યું છે કે સૂત્રધાર જાલ્હણના પુત્ર અર્જુને આ વૃષ ઘડ્યો (છે). શ્રેષ્ઠી ભીમની મૂર્તિ કદાચ નન્દીના આગલા પગો વચ્ચે કે પાસે કોતરી હશે પણ તે નષ્ટ થઈ જણાય છે.

ગુજરાતમાં ઉત્કીર્ણ લેખો ધરાવતી જૈન પ્રતિમાઓ તો સેંકડોની સંખ્યામાં મળી આવી છે, પણ એવી બ્રાહ્મણીય પ્રતિમાઓ મળ્યાનાં દૃષ્ટાન્તો જૂજવાં જ છે. તેમાંયે લેખવાળા નન્દી તો ભારતભરમાં ઘણી જ અલ્પ સંખ્યામાં અસ્તિત્વ ધરાવે છે એ જોતાં આ નન્દી મહત્ત્વપૂર્ણ બની રહે છે.

બીજી મહત્ત્વની વાત એ છે કે આ બેનમૂન નન્દીના ઘડનાર શિલ્પી અને એના પિતાનું નામ પણ મળે છે. મૂળરાજશાખાના સોલંકીવંશના શાસનકાળ દરમિયાન શિલ્પી-સ્થપતિઓનાં નામો શિલાલેખમાં આપવાની પ્રથા ખાસ જોવામાં આવતી નથી, પણ વાઘેલાકાળમાં એ પ્રથાનું અનુસરણ થતું હોવાનાં પ્રમાણો છે.[૪]

---

૪ આબુ પર્વત પર દેલવાડાની જગવિખ્યાત 'લૂણવસહિ' (૧૨૩૨)ના સ્થપતિ સૂત્રધાર શોભનદેવ અને દર્ભાવતીના દુર્ગની પૂર્વ પ્રતોલિ (૧૨૫૫)ના સ્થપતિ દેવાદિત્યનાં નામ એ બન્ને સ્થાનોમાં રહેલી તત્કાલીન પ્રશસ્તિઓ પરથી જાણવા મળી શક્યાં છે. મૂળ સન્દર્ભ માટે જુઓ અનુક્રમે : Epigraphia Indica, Vol. VIII and Vol. I.

ત્રીજી ઐતિહાસિક મૂલ્ય ધરાવતી વાત તે 'સોલંકી' શબ્દનો ઉલ્લેખ છે. 'ચૌલુક્ય'ને બદલે 'સોલંકી' શબ્દ ઉત્કીર્ણ લેખોમાં ભાગ્યે જ મળે છે.[૫]

મહિસાના નન્દીના બંને લેખોનો અક્ષરશઃ ભાવાર્થ નીચે મુજબ છે:

## પ્રથમ લેખ

(૧) આ મહિસાપુરમાં પૂર્વે પૃથ્વી વિષે મોઢજ્ઞાતિવિભૂષણ સિંહ નામનો (શ્રેષ્ઠી) થયો. (તેનો) અમર એવો કુમર(નામક પુત્ર હતો); તેને સ્વગોત્રના તિલક સમાન, સન્તો પ્રત્યે ભક્તિપરાયણ, લોકહિતાર્થે સદાયે (તત્પર) શ્રેયોધનસમ આલ્હણ અને ભીમ નામના બે પુત્ર થયા. (૨-૩) (તેમાંના) ભીમે શ્રી ઉત્તરનાથદેવના ઉત્તમ મણ્ડપનો જીર્ણોદ્ધાર કરાવ્યો (અને) સં. ૧૩ વીંશ ઉપર પાંચમે વર્ષે (= સં. ૧૩૨૫) અશ્વિન શુદિ આઠમ (૮)ને શનિવારે પઞ્ચદેવના મન્દિરમાં આસનવાળાં ચોકીઆળાંવાળો (ચતુષ્કિકાસનમય) હિંડોળો (દોલક) કરાવ્યો. સત્ય અને સુબુદ્ધિવાળા (એ ભીમે) સોલંકીકુલમૌલિશેખર રાણકપુંગવ સહભાગે સાચું પુણ્ય પ્રાપ્ત કર્યું અને આ ઉત્તરેશ્વર (નામના) મિશ્રી મહાદેવ(ના મન્દિર)-સંમુખે ભીમે વૃષ કરાવ્યો : એ(વૃષ)ના પ્રસાદથી સદાયે એ સુપુત્ર પૌત્રવાન, ધનવાન બનો.

## બીજો લેખ

૧ શ્રેષ્ઠી કુમરસિંહના પુત્ર શ્રેષ્ઠી ભીમની આ મૂર્તિ (છે).

૨ સૂત્રધાર જાલ્હણના પુત્ર સૂત્રધાર અર્જુને આ વૃષ ઘડ્યો.

## (मूलपाठः)

(१) मोढ ज्ञाति विभूषणं समभवत्सृष्टिः पुराकर्स्मि को नाम्ना सिंहपुत्ररमरः कुमर इत्यस्मिन्महिसापुरे। सो (ह ? ठ ? ड ?) सुताल्हण भीम नाम तनय द्वं द्वं प्रजानां हितं सन्ते भक्तिपरं स्वगोत्रतिलकं श्रेयोधनं सर्वदा । १

(२) श्री देवोत्तरनाथ मंडपवरे जीर्णोद्धृत्तिः कारिता तेनं दोलकपंचदेवभुवने भीमेन कारापितः। अष्टम्यां ८ चतुष्किकासनमयं सं. १३ विंशत्तमे वर्षे पंचभिरुत्तरे शुदि शनौ मासेऽश्वने गोपतिः २

(३) सोलंकीकुलमौलिशेखर महिः संप्राप्त राज्येन यः साकं राणकपुंगवेन कृतवान पुण्यस्य सत्यं सुधीः। मिश्री भावमिहोत्तरेश्वर पुरः कारापयित्वा वृषं भीमः सोऽस्तु सुपुत्रपौत्रधनवांस्तस्य प्रसादाच्चिरं। ३

(१) इयं श्रे० कुमरसिंह सुत श्रे० भीमस्य मूर्तिः ॥

(२) सूत्र० जाल्हण सूत सू० अर्जुनेनायं वृषो घटितः[६] ॥

---

૫ જૂનાગઢ મ્યૂઝિયમમાં સંરક્ષિત એક પાળિયાના સંવત્ ૧૨૩૦ના લેખમાં 'સોલંકી' શબ્દનો ઉલ્લેખ મળ્યો છે જે આ લેખના ઉલ્લેખથી ૯૫ વર્ષ વધારે પુરાણો છે. જુઓ, શાસ્ત્રી હરિશંકર પ્રભાશંકર, "જૂનાગઢ મ્યૂઝિયમનાં કેટલાંક અપ્રસિદ્ધ શિલાલેખો", '**સ્વાધ્યાય**' પુ. ૧, અંક ૪, પૃ. ૪૨૯.

૬ घटितः શબ્દ જરા મુશ્કેલીથી વંચાય છે. આ શિલાલેખોની વાચના કર્યા બાદ પ્રાધ્યાપક શ્રી કૃષ્ણદત્ત બાજપેયીને તે મૂળ તસ્વીરો સાથે બતાવતાં તેમણે ત્રણેક શબ્દોની વાચનામાં સુધારો દર્શાવેલો જેનાથી લેખનો અર્થ વધારે સ્પષ્ટ બનેલો : જેમકે અમે વાંચેલ दृष्टि, सन्ति, सुगोत्रतिलकं અને कृत दानने બદલે એમણે सृष्टि, सन्ते, स्वगोत्रतिलकं અને कृतवान વાંચેલાં જે બરાબર છે. લેખકો એમની આ સહાયનો ઋણસ્વીકાર કરતાં હર્ષ અનુભવે છે.

મહિસામાં આ નન્દી ઉપરાંત પ્રતિમાવિધાનની દષ્ટિએ વિરલ અને મહત્ત્વપૂર્ણ પાંચ પ્રતિમાઓનું એક ઝૂમખું પણ જળવાયું છે (ચિત્ર નં. ૨ અને આ અંકના મુખપૃષ્ઠ ઉપર છપાયેલ ફોટો), જેમાં ત્રણ દેવમૂર્તિઓ છે અને બે દેવીપ્રતિમાઓ છે. પાંચે પ્રતિમાઓ વચ્ચે કેટલાંક સમાન તત્ત્વો છે; જેમકે એ સૌ સમભઙ્ગી, દ્વિભુજ છે અને સૌએ દક્ષિણ હસ્તે અભયાક્ષ અને વામ કરાઙ્ગુલીઓમાં કમણ્ડલુ ગ્રહેલું છે. જટામુકુટ, રત્નમય મુક્તાદામયુક્ત કટિસૂત્ર, કટકવલય, મણિખચિત બાહુબલો અને હાર તેમ જ ઉપગ્રીવા અને મોતીનાં કુંડળની જોડી સૌએ ધારણ કરેલાં છે. ફર્ક જોવા જઈએ તો એક દેવમૂર્તિ જે ત્રિમુખી છે તેનો જટામુકુટ વધારે ઊંચો અને મણિપદકનું જડતર વધારે સુંદર, અને એને મથાળે વધારામાં ગ્રાસમુખનાં શોભનનો સમાવેશ છે; એ જ પ્રમાણે એના કટિબન્ધ ઉપર પણ ગ્રાસમુખ કરેલું છે. દેવી-પ્રતિમાઓમાં ન જોવા મળતા પણ ત્રણે દેવમૂર્તિઓમાં ઉપસ્થિત વધારાના અલંકારમાં વનમાલા અને ઉપવીતને ગણાવવાં જોઈએ. ઊલટ પક્ષે દેવીપ્રતિમાઓ સવ્યાપસવ્ય ન્યાયે દ્વિભઙ્ગમાં સ્થિર છે અને એનાં કટિસૂત્રનું કામ વધારે બારિક, વિશેષ રત્ન-વિભૂષિત છે, તેમ જ ગળામાં ઉપગ્રીવાને બદલે એકસરી મુક્તામાલા તેમ જ વક્ષઃસ્થળ વચ્ચે એક ઝૂલતી માળા પણ ધારણ કરી છે. મુખાકૃતિઓમાં સ્હેજસ્હાજ ફર્ક હોવા છતાં આ પાંચે પ્રતિમાઓ એક જ શૈલી અને સમયની જણાઈ આવે છે, અને એક સમુદાયરૂપે એકી સાથે એક જ ગર્ભગૃહમાં ઉપાસના માટે ઘડાઈ હોય તેમ સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે.

આ પ્રતિમાઓની ઓળખ પ્રાપ્ત શિલ્પ-વિષયક વઙ્મયના આધારે સરળ રીતે થઈ શકે તેમ નથી. વાહનોની અનુપસ્થિતિ, માત્ર બે જ ભુજાઓ, અને પ્રત્યેક પ્રતિમાનાં સમાન હસ્ત-મુદ્રા-આયુધો પરસ્પર વચ્ચે સમ્બન્ધ સ્થાપતાં હોવા છતાં પિછાનના પ્રયત્ન સામે ધૂમ્રપટ ઊભો કરે છે. ત્રિમુખી પ્રતિમા આ સમુદાયની પ્રધાનમૂર્તિ હશે એમ તો નિર્ણયી શકાય તેમ છે, અને તેને ઓળખી શકાય તો બાકીનાં વિષે અટકળ થઈ શકે.

કંઈ વર્ષો પહેલાં આ પ્રતિમા-સમૂહમાંની અહીં રજૂ થયેલી પાંચમાંથી બે પ્રતિમાઓ (ચિત્ર નં. ૨ અને આ અંકના મુખપૃષ્ઠ ઉપર છપાયેલ ફોટો) ડૉ. મંજુલાલ મજમુદારે "પ્રજાબન્ધુ-ગુજરાત સમાચર દીપોત્સવી અંક "માં "ગુજરાતના શિલ્પના બે સુંદર નમૂનાઓ" એ શીર્ષક નીચે સ-વિવરણ પ્રસિદ્ધ કરેલી.[૭] તેમણે કરેલાં એ પ્રતિમાઓ પરનાં અવલોકનો અગત્યનાં હોઈ અહીં રજૂ કરીએ છીએ.

" .. ...એમાંથી એક મૂર્તિનું એક જ માથું છે, બીજી મૂર્તિ ત્રિશિરા અને ત્રિમુખી છે: છતાં એમાં કોઈ પણ મુખ પર દાઢી (શ્મશ્રુ) ન હોવાથી બ્રહ્મા સાથે તેનો સંબંધ જોડવો દુર્ઘટ છે.

મુખમુદ્રા સૌમ્ય છે; પ્રસન્ન છે.

---

૭ મૂળ લેખની છપાયેલી પ્રત ડૉ. મજમુદારે દ્વિતીય લેખકને થોડાં વર્ષો અગાઉ આપેલી. તેમાં વર્ષ અને અંક સંખ્યા છાપવામાં આવ્યાં નથી. એ લેખની નકલ માટે લેખકો ડૉ. મજમુદારનો આભાર વ્યક્ત કરવો આવશ્યક માને છે. ડૉ. મજમુદાર ગુજરાતની શિલ્પવિષયક પ્રચુર અને મહત્ત્વપૂર્ણ સામગ્રી પ્રકાશમાં લાવ્યા છે તેમાં મહિસાની પ્રતિમાઓ ગણાવી શકાય.

મૂર્તિવિધાનના ગ્રંથોમાંથી આ મૂર્તિને ઓળખવા માટે કાંઈ પણ ધ્યાનના શ્લોકો પ્રાપ્ત થતા નથી. ત્રિમૂર્તિ માટે ઘણીવાર છ ભુજાઓ હોય છે : કારણ કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરની ભુજાઓનો સરવાળો શિલ્પીને વ્યક્ત કરવો પડે છે.

આ દૃષ્ટિએ આ મૂર્તિઓ વિરલ છે. ત્રિમુખી મૂર્તિ માટે મને કોઈ પણ શાસ્ત્રાધાર જડ્યો નથી, પરંતુ એકમુખી અને દ્વિભુજી મૂર્તિ માટે મંડન સૂત્રધાર રચિત "शिल्पशास्त्रे रूपावतार प्रकरण" ( કલકત્તા સંસ્કૃત સિરિઝ અંક ૧૧ : ૧૯૩૬ ) નામે ગ્રન્થમાં "ઋગ્વેદ–મૂર્તિ"નું જે વર્ણન આપ્યું છે તે સાથે સારા જેવું સામ્ય જણાઈ આવે છે.

ऋग्वेदः श्वेतवर्णः स्याद् द्विभुजो...आननः ।
अक्षमालाम्बुपात्रे च श्रितश्चाध्ययने रतः ॥

એટલે આટલા આધાર ઉપરથી, એ એક માથાવાળી મૂર્તિને 'ઋગ્વેદ' તરીકે ઓળખાવી શકાય એમ લાગે છે.

બીજી મૂર્તિ પણ, કદાચ, ઋગ્વેદની જે વેદત્રયીમાં પ્રમુખ સ્થિતિ છે તેને ધ્યાનમાં લઈ, ત્રણ શિર બતાવવાની શિલ્પીએ કલ્પના વિકસાવી હોય તો સંભવિત છે."

આ ત્રિમુખી મૂર્તિને બ્રહ્માની માનવામાં ચતુર્ભુજત્વની અનુપસ્થિતિ અને કંઈક અંશે વચેટ મુખ પર દાઢીનો અભાવ નડે છે. તો બીજી બાજુ ત્રિમુખત્વ, જટામુકુટ, અક્ષમાલા અને કમણ્ડલુ, અને બૃહદ્જઠરત્વ અને સ્થૂલાંગ બ્રહ્માનાં મૂર્તિવૈધાનિક લક્ષણોની શરતો પૂરી કરે છે. દાઢી વિનાનું બ્રહ્માનું મૂર્તિસ્વરૂપ દક્ષિણ ભારતમાં તો સાર્વત્રિક અને છઠ્ઠી શતાબ્દીના અન્ત પછીના તો સર્વ કાળમાં જોવા મળે છે; ઉત્તર ભારતમાં પણ કવચિત્ કવચિત્ મળી આવે છે ખરું.[૮] એટલે દાઢીની ગેરહાજરી આ પ્રતિમાને બ્રહ્મા તરીકે ઓળખવામાં બાધા ઊભી કરી શકે તેમ નથી; પણ બે જ ભુજાવાળી બ્રાહ્મ મૂર્તિ થતી હોય તેવાં ઉદાહરણો જાણમાં ન હોઈ આ બાબત પર આખરી નિર્ણય લેતાં પહેલાં એ પ્રતિમા ઋગ્વેદની હોઈ શકે કે કેમ તે વિષે વિચારી જોઈએ. હવે એ પ્રતિમાને જો ઋગ્વેદની માનવા જઈએ તો એના સમ્બન્ધમાં દેવીપ્રતિમાઓની ઉપસ્થિતિનો ખુલાસો સરળ નથી. તેમાંથી એક કદાચ 'ગાયત્રી દેવી'ની હોય તેમ ઘડીભર કલ્પના કરીએ તોપણ બીજીનું શું કરવું તે વિષે સમસ્યા ઊભી થાય છે. પણ જો પ્રધાનમૂર્તિને બ્રહ્માની માનીએ કે બ્રહ્મદેવના કોઈ વિશિષ્ઠ, અદ્યાવધિ અજ્ઞાત સ્વરૂપને વ્યક્ત કરતી માનીએ તો એ બંનેને અનુક્રમે સાવિત્રી અને સરસ્વતીની મૂર્તિ તરીકે ઓળખી શકાય. આ પ્રતિમાઓ પણ ચતુર્ભુજ ન હોવાને કારણે સાવિત્રી અને સરસ્વતીનાં અન્ય વિશિષ્ઠ આયુધો બતાવી શકાયાં નથી તેવો ખુલાસો આપી શકાય. પરોક્ષ રીતે ત્રિમુખી મૂર્તિ બ્રહ્મદેવની હોવાની માન્યતાને આ દેવીમૂર્તિઓ પોષક બની એક વિશેષ આધાર આપી રહે છે.

---

૮ ઇલોરામાં ગુફા નં. ૧૭ ( ૬ ઠ્ઠી શતાબ્દી ) તેમજ ગ્યારસપુરના આઠખંભાના મંદિરના ઉત્તરંગ ( ઈ. સ. ૯૮૭ )માં દાઢી વિનાના બ્રહ્માની મૂર્તિ કંડારેલી જોવા મળી છે. સૌરાષ્ટ્રના કદ્વારના મંદિરના ઉત્તરંગમાં પણ એવી જ વધારે પુરાણી ( ૭ મી સદીની ) મૂર્તિ કંડારેલી છે. પહેલાં બે દૃષ્ટાંતો વિષે માહિતી આપવા બદલ લેખકો ડૉ. કિરીટ મંકોડીના આભારી છે.



સાવિત્રી (?), મહિસા (દશમા શતકનું બીજું ચરણ)



સત્ય (?), મહિસા (દશમા શતકનું બીજું ચરણ)



બ્રહ્મદેવ (?), મહિસા (દશમા શતકનું બીજું ચરણ)



સરસ્વતી (?), મહિસા (દશમા શતકનું બીજું ચરણ)

આગળ ચર્ચા હાથ ધરતાં પહેલાં ખંભાત પાસેના નગરકગ્રામમાં એક આધુનિક મન્દિરમાં રાખેલા આવા જ એક પઙ્ચપ્રતિમા સમૂહની વાત કરી લઈએ. તેમાં બ્રહ્માની પ્રધાનમૂર્તિ છે પણ તે કાં તો પાછળથી ફરીને ઘડી છીપોતરી કરી નાંખવામાં આવી છે યા તો પ્રમાણમાં નવીન છે. જ્યારે આજુબાજુ જોડાજોડ એક એક દેવીમૂર્તિ અને દેવમૂર્તિ છે જેનું પ્રતિમા-વિધાન મહિસાની ચર્ચા હેઠળની મૂતિઓને મળતું જ છે.[૯] આ મૂર્તિસમૂહનો આધાર મહિસાની પ્રતિમાઓની ઓળખમાં લઈ શકાય તેમ છે. ખંભાતની એક પુરુષમૂર્તિને નારદની અને બીજીને અશ્વમુખ ન હોવાને કારણે (તુમ્બરુને બદલે) વેદપુરુષની હોવાનું ડૉ ઉમાકાન્ત શાહે સૂચન કર્યું છે. વેદપુરુષનો વિકલ્પ ડૉ. મજમુદારના સૂચન સાથે સહમતિ દર્શાવે છે. આ સૂચનના સન્દર્ભમાં દેવપ્રતિમાઓ કોની છે તે વિષે હવે વિચારી જોઈએ.

મહિસાની પહેલી પુરુષમૂર્તિને દાઢી નથી પણ બીજી ચોક્કસ કૂર્ચાલ છે (ચિત્ર નં. ૬). ખંભાતની બંને મૂર્તિઓ કૂર્ચાલ છે. આથી બંનેનો સમ્બન્ધ બ્રહ્મા સાથે નિશ્ચિત થાય છે અને મહિસાની પ્રતિમાઓમાંથી એકને તો દાઢી હોઈ પ્રધાનમૂર્તિ બ્રહ્માની હોવાના અનુમાનને પુષ્ટિ મળે છે.

આ દાઢીવાળા પુરુષો કોણ છે તે વાત પ્રશ્ન બની ઊભી રહે છે. એ નારદસમા ઋષિત્વજ્ઞે હશે?[૧૦] ઋગ્વેદ કે વેદપુરુષો માનવા? (સૂત્રધાર મંડને બ્રાહ્મીય પ્રતિમાક્રમમાં બ્રહ્માની મૂર્તિઓ પછી સાવિત્રી અને પછી તરત જ ચાર વેદોની મૂર્તિની વાત કરી છે એ સૂચક છે.) આ બંને સંભાવ્ય અને વિચારણીય સૂચનો જરૂર છે, પણ અમને એમ લાગે છે કે એ બે પુરુષમૂર્તિઓ બ્રહ્માના અષ્ટપ્રતિહારમાંના પ્રથમ બે—સત્ય અને ધર્મ—ની પણ હોઈ શકે. જો વેદપુરુષોની જ મૂર્તિ કરવી હોત તો મૂર્તિકાર ચારે વેદની શું કામ ન કરે? મહિસા અને ખંભાત બંને સ્થળે બબ્બે મૂર્તિ જ મળી છે તે સૂચક છે. એ વાત સાચી છે કે "રૂપમણ્ડન"માં વર્ણવેલ ઋગ્વેદનું પ્રતિમાસ્વરૂપ આ પ્રતિમાઓને લાગુ પડી શકે છે પણ "વાસ્તુવિદ્યા" અને "અપરાજિતપૃચ્છા" જેવા સોલંકીકાલીન ગ્રન્થોમાં વેદપુરુષોનું સ્વરૂપ આપેલું નથી. સૂત્રધાર મણ્ડને પોતાના પ્રતિમા-વિધાનના ગ્રન્થોમાં પરંપરાગત પ્રતિમાસ્વરૂપો ઉપરાંત આ વેદમૂર્તિઓ પૂરતું નવાં સ્વરૂપો વર્ણવ્યાં છે તેમ માનવું જોઈએ.[૧૧] મણ્ડને ઉપદેશેલ નવીન પ્રતિમાસ્વરૂપો પુરાણી પ્રતિમાઓને લાગુ પાડતાં પહેલાં ખૂબ વિચાર કરવો યોગ્ય ગણાશે.

એ તો જાણીતી વાત છે કે પ્રધાન ઉપાસ્ય બ્રાહ્મણીય પ્રતિમાઓના પગ પાસે ઘણી વાર એને આનુષઙ્ગિક પરિવારદેવતાઓનાં અને પ્રતિહારોનાં નાનાં સ્વરૂપો પણ કંડારવામાં આવે છે. વિષ્ણુની પ્રતિમાઓમાં શ્રીદેવી-ભૂદેવી અને આયુધપુરુષો, સૂર્યની મૂર્તિઓમાં રાજ્ઞી અને નિષ્પ્રભાદેવી

---

૯ જુઓ SHAH, UMAKANT P., "Some Medieval Sculptures from Gujarat and Rajasthan", *Western Indian Art* (*JISOA*), Calcutta 1965-1966, figs. 36-37.

૧૦ શાસ્ત્રોક્ત બ્રહ્મમૂર્તિનાં સ્વરૂપલક્ષણોમાં તો ઋષિઓથી સેવિત પ્રતિમા કરવાનો આદેશ જોવા મળતો નથી.

૧૧ એમ પણ બને કે હાલ વિનષ્ટ થયેલા કોઈ પુરાણા ગ્રન્થ પર આ સ્વરૂપવર્ણન આલમ્બિત હોય.

તેમ જ અશ્વિનીકુમારો, અને બ્રહ્માની મૂર્તિમાં સાવિત્રી—સરસ્વતી અને બે દાઢીવાળા પુરુષો—જે એના પ્રતિહારો હોઈ શકે–ને કંડારવામાં આવે છે. મહિસા અને ખંભાતની પુરુષમૂર્તિઓ મોટા કદમાં રજૂ કરેલ પ્રતિહારોની હોય તેમ લાગે છે. સિદ્ધપુરની બ્રહ્માની માનવકદની પ્રતિમા (૧૨મી શતાબ્દીનો પ્રારંભ)ના પગ પાસે આવા જ દાઢીવાળા અને હસ્તાયુધોવાળા પુરુષોની મૂર્તિ છે.[૧૨] અણહીલવાડ પાટણની સિંધવાઈ વાવવાળી બ્રહ્માની મૂર્તિ (૧૧મી શતાબ્દીનો પૂર્વાર્ધ)માં પણ દાઢીવાળા બે પુરુષો ડાબીજમણી બાજુ ઊભેલા છે;[૧૩] અને દેલમાલના બારમી શતાબ્દીના દૃષ્ટાન્તમાં પણ એમ જ છે.[૧૪] સોલંકીયુગના પ્રમાણમાં પુરાણા ગ્રન્થોમાં બ્રહ્માના પ્રતિહારોનો ઉલ્લેખ છે, જો કે ત્યાં ચાર હાથની વાત કહેલી છે.[૧૫] પણ અહીં તો બ્રહ્માની મૂર્તિઓનાં ઉપર કહ્યાં તે બધાં જ દૃષ્ટાન્તોમાં પાર્ષદોનાં રૂપ બે ભુજાવાળાં જ કરવામાં આવ્યાં હોઈ મહિસાની પ્રતિમાઓના નિર્માતાઓને પણ ઋષિત્વજ્ઞોને બદલે પ્રતિહારો ઇષ્ટ હોય તેમ માનવાને કારણ રહે છે.

મહિસાની આ પ્રતિમાઓની શૈલી અને નિર્માણકાળ વિષે વિચારીએ તો તેમાં ગુજરાત અને રાજસ્થાનની દશમા શતકની મહાગુર્જર શિલ્પરીતિ વરતાય છે: જ્યારે મૂર્તિઓનાં આભૂષણોની શૈલી, મુખાકૃતિઓ, ભંગી અને દેહયષ્ટિ ચન્દ્રાવતી,[૧૬] વરમાણ,[૧૭] તૈયબપુર,[૧૮]

---

૧૨ જુઓ SANKALIA, HASMUKH D., *The Archaeology of Gujarat (Including Kathiawar)*, Bombay 1961, fig. 68.

ડૉ. સાંકળીઆએ આ પ્રતિમાના વર્ણન-વિવેચન (એજન p. p. 156-57) દરમિયાન આ દાઢીવાળા પુરુષોની નોંધ લીધી નથી.

૧૩ જુઓ ડૉ. ગૌદાની, હરિલાલ અને ઢાંકી, મધુસૂદન, "ગુજરાતની કેટલીક પ્રાક્-સોલંકી અને સોલંકીકાલીન રસપ્રદ પ્રતિમાઓ", '**સ્વાધ્યાય**' પુ. ૫, અંક ૧, 'દીપોત્સવી અંક.'

૧૪ જુઓ BURGESS, JAMES and COUSENS, HENRY, *The Architectural Antiquities of Northern Gujarat* (*ASWI.*, Vol. IX, plt. LXXX fig. 6. આબુ તળેટી પાસે પાટનારાયણના મન્દિરની બ્રહ્માની પ્રતિમામાં પણ બે જ ભુજાવાળા બ્રહ્મપાર્ષદો બતાવવામાં આવ્યા છે. આ મૂર્તિની ચર્ચા એક અન્ય લેખમાં દ્વિતીય લેખક દ્વારા થનાર છે.

૧૫ જુઓ **અપરાજિતપૃચ્છા** (G. O. S. No. CXV, Baroda, 1950), અ. ૨૨૦/૧-૫. આ સિવાય **વાસ્તુશાસ્ત્ર** (અપ્રસિદ્ધ)માં પણ એવી જ વિગતો આપેલી છે. **વાસ્તુશાસ્ત્ર** ૧૧મી સદીના અન્તભાગનું જણાય છે. શ્રી પ્રભાશંકર સોમપુરા અને દ્વિતીય લેખક તેનું **વાસ્તુવિદ્યા** સાથે G. O. S. માટે સંપાદન કરી રહ્યા છે.

૧૬ અહીંની બ્રહ્માણીની એક અતિ સુન્દર, આરસી પ્રતિમા હાલ જયપુરના સંગ્રહાલયમાં સંરક્ષેલી જોવા મળે છે. આ સિવાય બે-એક ખાનગી સંગ્રહોમાં દ્વિતીય લેખકે અહીંથી મેળવાયેલી દશમા શતકની બેનમૂન પ્રતિમાઓ જોયેલી છે. ચન્દ્રાવતીની કલા એ યુગમાં પશ્ચિમ ભારતમાં સર્વશ્રેષ્ઠ કહી શકાય તેવી રહી હતી.

૧૭ વરમાણનાં શિલ્પો મહિસાનાં શિલ્પોથી સફાઈમાં અને કુમાશમાં ચઢી જાય છે, જોકે મહિસાનાં શિલ્પોમાં બલાઢચત્વ વિશેષ છે.

૧૮ જુઓ ડૉ. ઉમાકાન્ત શાહનો પાદટીપ ૬માં ઉલ્લિખિત લેખ, fig. 34. તૈયબપુરના એ ચામરધરનું શિલ્પ મહિસાની પરિપાટીમાં ઘડાયેલું પણ એકાદ પેઢી બાદનું અને વિશેષ સુરેખ અને લાલિત્યમય છે.

વગેરે સ્થળોની ૯૦૦-૯૭૫ વચ્ચેના ગાળાની મૂર્તિઓ સાથે મેળવી શકાય છે. બ્રહ્માનું સ્હેજ કડક, પગનું મ્હોં, ઊંચાં ભવાં અને ફૂલેલી નાસિકા મેદપાદ-માલવનો કલાપ્રભાવ અને કદાચ આદિવાસી જાતિના અણસાર બતાવે છે. દેવીઓની મૂર્તિઓ પણ ધ્યાનમયી હોવા છતાં જરાક સખ્તાઈ બતાવી રહે છે, પણ બંને પ્રતિહારોની મૂર્તિઓ વિશેષ સુંદર છે. 'સત્ય'(?)નું મીઠું, સુકુમાર ભરાવદાર મોં ચન્દ્રબિંબ પણ નહીં અને ચોરસ પણ નહીં એવું વચલું આદર્શ-અનાદર્શના સુમેળ શું ઘાટીલું છે. 'ધર્મ'(?)ની મૂર્તિનું મુખમંડળ મિસરી ફેરો શું દમામદાર હોવા ઉપરાંત તેમાં ગામડાના બ્રાહ્મણ શી ઋજુતા પણ ભળી એક નવું જ કલ્પન સિદ્ધ કરે છે.

મહિસાના નન્દીવાળા શિલાલેખમાં 'પઞ્ચદેવભુવન'નો ઉલ્લેખ આવે છે. શ્રેષ્ઠી ભીમે તેમાં હિંડોળો કરાવેલો. આ મન્દિરનું અસ્તિત્વ એ લેખ પૂર્વે હતું જ. એ પઞ્ચદેવ કોણ એ વિષે વિચારતાં એમ લાગે છે કે આ પાંચ મૂર્તિઓનું ઝૂમખું જ એ પઞ્ચદેવભુવનમાં પ્રધાન ઉપાસ્યમૂર્તિ તરીકે પ્રતિષ્ઠિત હોવું જોઈએ. પઞ્ચદેવમાં સામાન્ય રીતે બ્રહ્મા, વિષ્ણુ, સૂર્ય, દેવી અને ગણેશ ગણવામાં આવે છે; પંચાયતનોના પણ એ પાંચ અધિનાયકો મનાય છે. પણ મહિસાના સ્થાનિક સંયોગોના સન્દર્ભમાં પઞ્ચદેવભુવન એ આ પાંચ બ્રાહ્મમૂર્તિ માટેનું ખાસ મન્દિર હોય તેમ માનવા કારણ રહે છે. કદાચ એક ગર્ભગૃહમાં એ પાંચેની સ્થાપના ન હોય તો પંચાયતન મન્દિર હોય તેવું ધારી શકાય. જો કે મૂર્તિઓના કદના ચડઊતર ક્રમને તેમ જ દેવીમૂર્તિઓના સવ્યાપસવ્ય ભંગને લક્ષમાં લઈએ તો એ પાંચે મૂર્તિઓ એક જ ગર્ભગૃહમાં પધરાવી હોવાની શક્યતા વધારે પ્રમાણમાં રહેલી છે.

મહિસાનો આ બ્રાહ્મપ્રતિમાસમૂહ માત્ર પશ્ચિમ ભારતના પ્રતિમાશાસ્ત્ર પૂરતો જ અગત્યનો ન રહેતાં એનાં વિશિષ્ટ તત્ત્વોને કારણે સમગ્ર ભારતના મૂર્તિવિધાનમાં ધ્યાન ખેંચતું સ્થાન ભોગવી શકે તેમ છે. કલાની દૃષ્ટિએ જોઈએ તો ૧૧મી સદીના પૂર્વાર્ધના મધ્યાંશે રચાયેલી મારુ-ગુર્જર શૈલીની ખંભાતની પેલી બ્રાહ્મ પ્રતિમાઓ મહિસાનાં લાલિત્યની ઓછપવાળાં દૃષ્ટાન્તોથી ચડિયાતી લાગે: તો યે એ ભૂલવું ન જોઈએ કે મહિસાનો આ મૂર્તિસમૂહ એનાથી પોણોસો વર્ષ વધારે પુરાણો છે; અને તદ્દન અનાકર્ષક નથી જ. ખંભાતમાં જોવાતી પરમ્પરાનું આ સમૂહ પુરોગામી દૃષ્ટાન્ત છે અને ગુજરાતમાં પ્રમાણમાં કમ બચેલાં દશમી સદીની શિલ્પકલા અને રીતિનાં પ્રથમ કક્ષાનાં નહીં તો યે નોંધપાત્ર ઉદાહરણો છે. *

---

* આવી કોઈ સમાન્તર મૂર્તિઓ કે આ પ્રકારના બ્રાહ્મમૂર્તિવિધાનની ચર્ચા T. A. GOPINATH RAO (*Elements of Hindu Iconography*, Vol. II, pt. II : Madras 1916), J. N. BANERJEA (*The Development of Hindu Iconography* : Calcutta 1956), અને DR. T. P. BHATTACHARYA, "The Cult of Brahmā", *The Journal of the Bihar Research Sociey*, Vol. XL, pt. 4. and Vol. XLI, pt. 4) જોઈ જતાં તેમાં મળી નથી.

# કુટુંબનિયોજનની ફિલસૂફી

જે. ડી. પાઠક

"દશ બાળક થયાં સુદામાને, દુઃખ દરિદ્રે ભરિયાં;
શીતળાએ અમી છાંટો નાંખ્યો, થોડે અન્ને ઉછરિયાં."

પ્રેમાનન્દ, સુદામાચરિત્ર.

કોઈ પણ પ્રજાની જીવન જીવવાની રીતને સંસ્કૃતિ તરીકે ઓળખીએ છીએ. એવી જ રીતે તેની વિચારસરણીને તેની ફિલસૂફી—તત્ત્વજ્ઞાન કહીએ છીએ. માનવક્રિયા એ તેના વિચારનો પરિપાક હોય છે. એટલે જેવી એની ફિલસૂફી એવી એની કરણી. ટૂંકમાં, પ્રજાની ફિલસૂફી પ્રમાણે તેનાં રૂઢિરિવાજો, પ્રથાઓ ઘડાય છે; તે પ્રજાને ઉદ્ધારે કે ડુબાડે છે.

કુટુંબનિયોજનની ફિલસૂફી એ કંઈ સાવ નવો પ્રસ્તાવ નથી. એક રીતે વિચારતાં તો લગ્નની પ્રથાના મૂળમાં જવાબદારીની ભાવના, દૃષ્ટિ છે. આદિમાં આદિ, જંગલીમાં જંગલી જાતોમાં પણ લગ્ન, કુટુંબ, બાળકોની જવાબદારી, તેમનાં ઉછેર, શિક્ષણ વિષે ચોક્કસ રિવાજો જોવામાં આવે છે. માનવ કૂતરાં–બિલાડાંની જેમ પ્રજોત્પત્તિ કરતો નથી, તે તેના વંશજ–તેની પ્રજાના ભાવિ વિષે વિચાર ને યોજના કરતો આવ્યો છે. પોતાના પરિવાર વિશે તે સ્વભાવથી જ એટલો બધો બેજવાબદાર બની શકતો નથી. ઇતિહાસ સાક્ષી પૂરે છે કે આદિકાળથી માનવ, પરિસ્થિતિ પ્રમાણે, પોતાનું જીવન ઘડતો રહ્યો છે. આ કારણે તેના રિવાજો, રહેણીકરણી, વર્તન પલટાતાં રહે છે. વખતોવખત જરૂરિયાત મુજબ તેમાં ફેરફાર થતા રહે છે. પરિસ્થિતિને અનુકૂળ બની વર્તવું એ માનવ જીવનનું એક વિશિષ્ટ લક્ષણ છે. આપણે જેને ધાર્મિક, નૈતિક, નિશ્ચિત નિયમો ગણીએ છીએ તે વિષે પણ આપણું વલણ કેવું પરિવર્તન પામતું રહ્યું છે, તે થોડાંક જ ઐતિહાસિક ઉદાહરણ પરથી પુરવાર થશે.

હિંદમાં આર્યો મુઠ્ઠીભર સંખ્યામાં આવ્યા ત્યારે તેમની સમક્ષ એક વિશાળ, સપાટ, સમૃદ્ધ, ફળદ્રુપ પ્રદેશ પડ્યો હતો. તે સંભાળવા, વિકસાવવા, માનવબળની જરૂર પડી. ત્યારે મનુએ અનુજ્ઞા કરી, अपुत्रस्य गतिर्नास्ति—જેની પાછળ પિંડ મૂકનાર પુત્ર ન હોય તેની ગતિ નથી, ઉદ્ધાર નથી. આ આજ્ઞાની પાછળનો આશય સમજી શકાય એમ છે. આજે પણ યુરોપના કેટલાક દેશો, ઇઝરાયેલ વગેરે પોતાની વસ્તી વધારવા અથાગ પ્રયત્ન કરે છે. ઘટતું જતું જન્મપ્રમાણ તેમને ચિંતા ઉપજાવે છે.

જૂના ગ્રીસમાં ટ્રોયના લોકો કેવળ સ્વસ્થ ખડતલ બાળકોને જ જીવવા દેતા, તેમને જ પોષી મોટાં કરતાં, નબળાં માટે ત્યાં કોઈ સ્થાન નહોતું. આવી પદ્ધતિ અપનાવી નાનકડું ગ્રીસ સિકન્દરના સમયમાં સારા જગતને જીતી ચક્રવર્તી બન્યું અને વિવિધ બાબતો ને વિષયોમાં પોતાની સંસ્કૃતિની કાયમી છાપ મૂકતું ગયું.

પ્રસંગ આવ્યે આપણા નીતિનિયમોમાં કેટલી બધી બાંધછોડ થઈ છે તે જાણી આશ્ચર્ય થાય એમ છે, પરંતુ તેમાં હેતુ તો માનવજીવન ટકાવવાનો, જાળવવાનો અને સુરક્ષિત કરવાનો સ્પષ્ટ છે. આ સંબંધમાં મહાભારતમાંથી એક બીના તપાસી જઈએ.

મહાન્ ભીષ્મ–તે વખતે દેવવ્રત–સમક્ષ પોતાના પિતા રાજા શાંતનુનું મત્સ્યગંધા કે સત્યવતી સાથે લગ્ન થઈ શકે માટે સત્યવતીના માછીમાર પિતાએ આકરી શરત મૂકી હતી કે રાજગાદી તો તેની દીકરીની પ્રજાને જ જાય. ત્યારે પોતાના વંશજ પણ ભવિષ્યમાં રાજગાદી પર કોઈ દાવો ન કરે માટે ભીષ્મે પોતે આજીવન બ્રહ્મચર્યનું વ્રત લીધું. દુર્ભાગ્યે શાંતનુ–સત્યવતીના બે પુત્રો વારસ મૂકયા વગર મરી ગયા. સત્યવતીએ ભીષ્મને હવે પરણવા અથવા પેલી વિધવા રાણીઓ દ્વારા પ્રજોત્પત્તિ કરવા વિનંતી કરી. ભીષ્મ તો પોતાની પ્રતિજ્ઞાને વળગી રહ્યા. ત્યારે વંશ ચાલુ રાખવા ભગવાન વ્યાસ જે મત્સ્યગંધાના પરાશરથી પેદા થયેલા પુત્ર હતા તેમને—પ્રજોત્પત્તિ કરવા નિમંત્ર્યા. વ્યાસે પેલી બે રાણીઓ અને તેમની એક દાસીને "નિયોગ"થી એકેક પુત્ર આપ્યો,—તે ધૃતરાષ્ટ્ર, પાંડુ ને વિદુર. આમ કુરુઓની ગાદીના હકદાર મળી રહ્યા. કુરુઓનો નહિ, પણ મત્સ્યગંધાનો વંશ ચાલુ રહ્યો. આ બધું ધર્મમાન્ય, નૈતિક લેખાયું. આ ઉદાહરણ વંશની બાબતમાં કેવા વિચિત્ર રિવાજોને સમાજ નૈતિક, માન્ય, ધર્મ્ય લેખે છે તે દર્શાવવા મૂકયું છે. આપણા સાંસ્કૃતિક નૈતિક ખ્યાલો જમાના પ્રમાણે પલટાતા રહ્યા છે.

જમાનો બદલાતાં વિવિધ પરિસ્થિતિમાં માનવ, વખતોવખત, જૂનાં વસ્ત્રો અળગાં કરી નવાં પરિધાન કરે એમ, નવા નવા રિવાજો અપનાવતો ગયો છે. આજે પણ એવો સંક્રાંતિકાળ આવ્યો છે જ્યારે જૂના ખ્યાલોને અનુકૂળતા મુજબ ફેરવવા પડશે.

માત્ર થોડાંક વરસ પહેલાં કુટુંબનિયોજન સંબંધી ઉદ્ગાર કાઢવો કે ચર્ચા કરવી એ અઘટતું, અસંસ્કારી ગણાતું. હવે તે વિષે મુક્ત રીતે વાત થઈ શકે છે. વૈજ્ઞાનિક મંડળોમાં તેની વિધિસર ચર્ચા તેમ જ પ્રયોગો ને સંશોધન પણ આરંભાયાં છે. આ એક વસ્તુસ્થિતિના સ્વીકારની નિશાની છે, તોયે હજુ તેણે ઘર કરી બેઠેલી રૂઢિ, રિવાજ, પ્રણાલિકા, વહેમ વચ્ચેથી માર્ગ કરવાનો છે.

વસ્તીનિયંત્રણ એ આજનો એક એવો નવો યુગધર્મ છે, જે આ દેશે હવે સ્વીકારવાનો, સ્થાપવાનો તથા પ્રસારવાનો છે. લોકશાહીમાં લોકની મરજી ન હોય એવું કોઈ પગલું નથી લઈ શકાતું. પરંતુ એક વખત એમની વિચારસરણી, ફિલસૂફી, જીવનદૃષ્ટિમાં બરાબર વસી જાય ત્યારે અસરકારક રીતે દાખલ કરી શકાય છે. આથી આજના આ પ્રાણપ્રશ્ન વિષે કેટલીક વાસ્તવતાની વિગત વિચારવી રહી :

૧. વસ્તીનું પ્રમાણ અને
૨. અન્નનું ઉત્પાદન.

## ૧. વસ્તીનું પ્રમાણ :

ઈ. સ. ૧૮૫૦ સુધી વસ્તીનો વધારો ખાસ થયો ન હતો. લાખો વરસથી માનવજાત વધી વધીને એક અબજના આંકડે પહોંચી. પરંતુ પછીનાં સો વરસમાં જ (ઈ. સ. ૧૯૬૦ના અંદાજે)

ત્રણ અબજની થઈ. વીસમી સદી પૂરી થતાં લગભગ ૬ અબજનો સીમાંક વટાવશે, એવો આંકડાશાસ્ત્રીઓનો અંદાજ છે.

આ વસ્તીવધારાનો ક્રમશઃ અંક વિચારીએ તો અગાઉના સૈકાઓમાં દર વરસે માત્ર ૦·૨ ટકા જેટલો વધારો થતો હતો. ૧૮મી સદીમાં ૦·૩ ટકા ને ૧૯મી સદીમાં ૦·૬ ટકા જેટલો થયો. હાલ જગતની વસ્તી દર વરસે ૧·૮ ટકા જેટલી વધે છે. આવો એકાએક વધારો થવાનું કારણ શું ? એક તો વધતું જતું જન્મપ્રમાણ અને બીજું, ઘટતું જતું મૃત્યુપ્રમાણ,—જે કેટલેક અંશે આધુનિક તબીબી વગેરે શોધોને આભારી છે.

માનવ હવે જગતના ખૂણે ખૂણે વસ્યો છે, જો કે બધે તેની વસ્તી એકસરખી પથરાઈ નથી. જગતનો કોઈ દેશ કે પ્રદેશ માનવ વિનાનો ઉજ્જડ પડી રહ્યો નથી. દર માઇલે માનવવસ્તીના આંકડા વિચારતાં અત્યંત ગીચ વસ્તીવાળા પ્રદેશોમાં મુખ્ય આ છે :—

| દેશ | દર ચોરસ માઈલે માનવ-વસ્તી |
|---|---|
| જાપાન | ૬૫૩ |
| ઇંગ્લૅન્ડ, જર્મની | ૫૫૮ |
| ભારત | ૩૪૩ |
| પાકિસ્તાન | ૨૫૪ |
| ચીન | ૧૭૮ |
| ઇન્ડોનેશિયા | ૧૬૮ |

આના મુકાબલે અમેરિકામાં દર ચોરસ માઇલે ૫૦ માણુસ વસે છે અને કૅનેડા, આફ્રિકા, ઑસ્ટ્રેલિયા, દક્ષિણ અમેરિકાની વસ્તી એથી ખૂબ ઓછી છે.

બીજી હકીકત એ છે કે જગતના $\frac{2}{3}$ વિસ્તારમાં માત્ર $\frac{1}{3}$ વસ્તી ગોરી પ્રજા છે અને બાકીના $\frac{1}{3}$ વિસ્તારમાં જગતની બીજી બધી $\frac{2}{3}$ જેટલી વસ્તી રંગીન પ્રજાઓની સમાઈ છે. આમ આધુનિક જગત બે મુખ્ય છાવણીઓમાં વહેંચાઈ ગયા જેવું છે. તેમાં એક છે સમૃદ્ધ, વિશાળ વિસ્તાર, જ્યાંના લોકોને પોતાની વસ્તી વધારવા પગલાં લેવાં પડે છે; અને બીજો ગરીબ, ગીચોગીચ, અર્ધનગ્ન, અર્ધભૂખ્યો, અણઘડ અને અણુવિકસિત પ્રજાઓનો સમૂહ. "વસુધૈવ કુટુંબકમ્"–ની ગમે તેમ વાતો કરીએ, પરંતુ માનવ હજુ એક કુટુંબ તો નથી જ. રંગીન પ્રજાઓની દેન નથી કે જગતની વસ્તીના પ્રમાણે જમીનની ન્યાયી વહેંચણીનો પ્રસ્તાવ પણ મૂકી શકે. "મારે તેની તલવાર"નો ન્યાય આજે પણ પ્રવર્તે છે. ગોરી પ્રજાઓ તેમને હાથ આવેલો લાભ જતો કરવા તૈયાર નથી. દક્ષિણ આફ્રિકાની ગોરી સત્તાની નગ્ન નફટાઈ તેનો તાજો દાખલો છે. યુનો–સંસ્થા તરીકે માનવ અસમાનતા નિવારવામાં નિષ્ફળ નીવડી છે.

ભારતે પણ વાસ્તવતા વિચારી વર્તવું રહ્યું. ભારત એટલે જગતની જમીનના ૨·૪% (૮૦૬૦ લાખ એકર). તેમાં જગતની ૨૪·૬ ટકા વસતી વસે છે. આ બધે સરખી પથરાઈ નથી. દા. ત. કેરળમાં દર ચોરસ માઈલે ૧૧૩૦ માનવ વસે છે અને મધ્ય પ્રદેશમાં ૧૯૦.

આપણા દેશની વસતીમાં એકાએક વધારો આ સૈકામાં થવા માંડ્યો. ૧૯૦૧ થી '૧૧ સુધી ૫૪ ટકા અને '૨૧ થી '૬૧ના ગાળામાં ૭૫ ટકાનો વધારો થયો. ઈ. સ. ૧૯૪૮માં દેશના ભાગલા પડતાં બે કરોડ નિર્વાસિતો પાકિસ્તાનથી ભારતમાં આવ્યા. ઈ. સ. ૧૯૬૧માં આપણી વસતી ૪૩.૯ કરોડ હતી. આ સદી પૂરી થતાં તે બેવડી—લગભગ ૯૦ કરોડથી એક અબજે પહોંચશે. દર વરસે લગભગ ૫૦ લાખ બાળકો આ દેશમાં વધે છે.

વસ્તીવધારાના ટકા વિચારતાં ઈ. સ. ૧૯૫૦માં ૨.૧ ટકા; ઈ. સ. ૧૯૬૪માં ૨.૪ ટકા; ઈ. સ. ૧૯૭૫માં ૨.૭ ટકા થશે. જગતના કોઈ પણ પ્રદેશના વસ્તીવધારામાં આ આંકડો સૌથી ઊંચો ગણાય છે.

હાલની કુટુંબનિયોજનની યોજના ને તેનો અમલ તેમાં કેટલી રુકાવટ કરી શકશે એ જોવું રહ્યું. આથી વધારે સક્રિય પગલાંની જરૂર ચોક્કસ છે.

**અન્ન-પોષણ :**

"જેણે દાંત આપ્યા છે તે ચાવણું પણ આપશે" એવી માન્યતાથી કદી આપણે વસ્તીની કે અન્નની સમસ્યાનો વાસ્તવિક રીતે ખ્યાલ નથી કર્યો. વળી ખોરાકની બાબતમાં એવા રૂઢિચુસ્ત છીએ કે જૂની પ્રણાલિકા કે રિવાજોમાં એકદમ ફેરફાર કરવા શક્ય નથી.

સંપૂર્ણ પોષણવાળી પ્રજા જ તેની સિદ્ધિની ઉચ્ચ કક્ષાએ પહોંચે છે. ઓછે અન્ને ઊછરતાં બાળકો બુદ્ધિમાં, સ્ફૂર્તિમાં, શક્તિમાં અને વિકાસમાં પછાત રહે છે. મોડા મોડા હવે લોકોમાં પોષણનું મહત્ત્વ સમજાવા અને સ્વીકારાવા માંડ્યું છે, પરંતુ તે સુધારા સિદ્ધ કરવામાં આપણે ખૂબ પાછળ છીએ.

"યુક્તાહાર"ની વ્યાખ્યા એ છે કે–જેથી ઉત્તમ પોષણ પ્રાપ્ત થાય, જેમાં જોઈતાં સઘળાં ઘટકોનો સમાવેશ થતો હોય, એવો આહાર. આ યુક્તાહાર અનેક રીતે મળે. સસ્તી રીતે યુક્તાહાર કેમ મેળવી શકાય એ આજનો મુખ્ય પ્રશ્ન છે.

યુક્તાહારનાં મુખ્ય લક્ષણો આ છે: તે વ્યક્તિના કામ અને વય પ્રમાણે પૂરતી કૅલરી આપતો હોય, તેમાં અગત્યનાં ઘટકો–પ્રોટીન, ફૅટ, વિટામિન, ક્ષાર ઘટતા પ્રમાણમાં હોય, તે સુપાચ્ય, સ્વાદિષ્ટ ને સુલભ હોય.

સમૃદ્ધ દેશોમાં અને અત્રેનાં સમૃદ્ધ કુટુંબોને દૂધ, દહીં, ઘી, ઈંડાં, માંસ, મચ્છી, ફળ ને શાકભાજી સુલભ હોવાથી તેમને માટે સંપૂર્ણ યુક્તાહાર મેળવવો કઠણ નથી. એમનો ખોરાક ખામી-ભર્યો રહેતો હોય તો તે પૈસાના અભાવે નહીં, પરંતુ પોષણ સંબંધી ખોટા ખ્યાલને લીધે. સામાન્ય રીતે સુખી, પૈસાદાર માણસ આપોઆપ પુષ્ટિકારક ખોરાક પસંદ કરે છે. કેટલીક વાર તો મોંઘાં પ્રોટીન ખાદ્યોનો ઉપયોગ તે પોષણ અર્થે ન કરતાં ગરમી-કૅલરી અર્થે કરે છે.

જ્યારે અછતવાળા, ગરીબ લોકોને સસ્તા અનાજમાંથી જ બને એટલું પોષણ મેળવવું રહે છે. એક એકર જમીનમાંથી ખેતી કરતાં પાકતા અનાજમાંથી જેટલી કૅલરી મેળવી શકાય

તેથી આઠમા ભાગની કૅલરી, જો એ જમીનનો ઉપયોગ ઈંડાં, દૂધ કે માંસ મેળવવા પ્રાણીઓના ઉછેર માટે કર્યો હોય તો મળતી નથી. એટલે કૅલરી મેળવવા અનાજ જેવું સસ્તું ખાદ્ય એકકે નથી. આથી વધારે વસ્તીવાળા પ્રદેશોએ અનાજના ઉત્પાદન પર આધાર રાખવો રહ્યો. આપણો દેશ સ્વતંત્ર થયા પછી તેમાં અનાજનું ઉત્પાદન બેશક વધ્યું છે, પરંતુ વસ્તીના વધારા જેટલું નહીં. પ્રથમ પંચવર્ષીય યોજના પછી અનાજના ઉત્પાદનમાં ૪ ટકા વધારો થયો, બીજી યોજના પછી ૧૯ ટકા, ૧૯૫૧માં ૭.૨ કરોડ મૅટ્રિક ટન અહીં પાકતું હતું, ઈ. સ. ૧૯૬૧માં ૧૦.૬ કરોડ મૅટ્રિક ટન અનાજ અનાજ પાકયું. આ આંકડા આશાસ્પદ છે, પરંતુ એક નોંધપાત્ર હકીકત છે કે આપણા દેશમાં ફૅટ-તેલ આપે એવાં તેલીબિયાં, પ્રોટીન આપે એવાં કઠોળ કે એવાં પોષક અન્નોના ઉત્પાદનમાં ખાસ નોંધપાત્ર ઉમેરો થયો નથી, ઊલટું તેમનું પ્રમાણ કંઈક અંશે ઘટયું છે. ૨૦ વરસ પહેલાં માથા દીઠ ૬ ઔંસ દૂધ પેદા થતું હતું, તે હવે અડધું થઈ ગયું છે. વધારામાં તેની વહેંચણી એવી ખામીભરી છે કે જેને ખાસ જરૂર છે એવાં બાળકોને, ગર્ભવતી અને ધવરાવતી માતાઓને દૂધ ઓછું મળે છે. આપણી ઘણી વસ્તી ઓછા અન્ન પર લગભગ દુકાળની અવસ્થામાં જ જીવન ગાળે છે.

સામાન્ય રીતે શહેરનો માણસ પોતાની આવકના ૬૦-૬૮ ટકા પૈસા ખોરાક પાછળ ખર્ચે છે. તેમાં ૯ ટકા દૂધ, ૨૫ ટકા અનાજ, ૨૬ ટકા બીજા ખાદ્ય પાછળ ખર્ચાય છે. ગામડાનો માણસ પોતાની નજીવી આવકમાં મોટો ભાગ પેટ ભરવામાં પૂરો કરે છે. એને બીજાં સુખસગવડનાં સાધનો માટે પૈસો રહેતો નથી. તે પોતાની આવકના ૮ ટકા દૂધ અને ૪૧ ટકાથી વધુ અનાજ માટે ખર્ચે છે. સારાંશ એ કે ગામડાના માણસનું પોષણ આજે તો શહેરીના પોષણ કરતાં ઊતરતી કક્ષાનું થયું છે. જીવવા કાજે તે પેટ ભરે છે, તે પોષણ પામતો નથી.

આવું કમપોષણ ગમે તે વયે તેની શરીર ઉપર છાપ પાડે છે, પરંતુ બાળપણમાં તો વિશેષતઃ. ભૂખે મરતી પ્રજા તેની સંસ્કૃતિને સાચવી શકતી નથી કે કોઈ સિદ્ધિને સાધી શકતી નથી. પોષણન્યૂનતાની આપણે કેટલી કિંમત આપવી પડે છે તેનો અંદાજ હજુ અંકાયો નથી. કમપોષણવાળી પ્રજા પૂરી આવરદા ભોગવતી નથી, તેમાં મૃત્યુનું પ્રમાણ વધારે રહે છે, અનેક બાળક જન્મે ત્યારે તેમાંથી થોડાંક જ મોટી વયે પહોંચે છે, તેમાં નબળાઈ, દરિદ્રતા ઘર કરી બેસે છે. માંદગીનું પ્રમાણ ઊંચું રહે છે, કુશળતાનું ધોરણ નીચું રહે છે. એવો દેશ કોઈ ઉદ્યોગમાં, ઉત્પાદનમાં, સંશોધનમાં કે સંસ્કૃતિમાં કંઈ સાધી શકતો નથી. તેણે પોતાની બિન-આવડતની મોટી કિંમત ચૂકવવી પડે છે અને બીજા દેશો પાસેથી મોંઘા મૂલ્યે સાધનો મેળવવાં પડે છે. આખરે અતિશય નાસીપાસીને પરિણામે તેવી પ્રજા આળસુ, એદી અને ઉદાસીન રહે છે. કામ કરવામાં બેદરકાર, અનિયમિત અને પ્રમાદી બને છે. તેને અકસ્માતો તથા આફતો પણ વધારે નડે છે. તેની સામાજિક વ્યવસ્થા શિથિલ ને કઢંગી બને છે. આ બાબતમાં લંબાણમાં ન ઊતરતાં ગયા યુદ્ધ પછી 'કે' વગેરેના કમપોષણ ઉપરના એક મહાનિબંધમાંથી લીધેલા નીચેના આંકડા પોષણની ઉદ્યોગ તેમ જ સામાજિક વ્યવસ્થા પર અસર સ્પષ્ટ દર્શાવે છે :—

| શરીરના વજનમાં ઘટાડો–ટકામાં | કામના ઉત્પાદનમાં ઘટાડો–ટકામાં | સામાજિક અવ્યવસ્થા |
|---|---|---|
| ૫ | ૧૦ | લેશ માત્ર |
| ૧૦ | ૨૦ | થોડીક |
| ૧૫ | ૫૦ | ગંભીર |
| ૨૦ | ૮૦ | અત્યંત ગંભીર |
| ૩૦ | ૯૦ | થોડીક |
| ૪૦ | ૯૫ | સહેજ |
| ૫૦ | તદ્દન બંધ | સહેજે નહીં |

ભારતની આટલી મોટી માનવવસ્તી તો છે. આ ઉપરાંત તેમાં તેના જેટલી મોટી વસ્તી જાનવરોની છે. ઢોર ખરું જોતાં તો ઉત્પાદક સંપત્તિ ગણાય. પરંતુ આપણાં ઘણાંખરાં ઢોર નકામાં અને ભારરૂપ છે. આપણાં દૂધાળાં ઢોર બીજા કોઈ પણ દેશના ઢોર કરતાં ઓછું દૂધ આપે છે. એ દુકાળની સ્થિતિ સુધારતાં નથી, વધારે છે.

વધારામાં ઉંદરો ખેતર, કોઠાર વગેરેમાં ખૂબ અનાજ ખાઈ જાય છે. સરકારી ધોરણે થતી સાચવણી કાર્યક્ષમ બનતી નથી. બિનઆવડત અને નિષ્ઠુર બેકાળજીથી ઘણું અનાજ બગડે છે. આ ઉપરાંત સામાન્ય માનવને સસ્તું અનાજ પહોંચાડવામાં અનેક વિક્ષેપ નડે છે. વેપારીઓની બેફામ નફાખોરી, સંગ્રહખોરી ને કાળાબજારની રીતો જીવનને અશક્ય બનાવી રહ્યાં છે. આવું સર્વવ્યાપી હોય ત્યાં પ્રજાનું ધોરણ કેમ ઊંચું આવે ?

આથી અનાજનો બગાડ થતો અટકાવવો એ આપણી પહેલી ફરજ છે. સંગ્રહની ખોટી રીતોથી ગોડાઉન કે ખેતરમાં થતો બગાડ સહેલાઇથી અટકાવી શકાય. કાયદાની સહેજ સખ્તાઈથી નફાખોરીને અંકુશમાં આણી શકાય. નકામાં ઢોરનો આવેશ વિના નિકાલ કરી સારા ઉત્પાદક ઢોરનું જ સંવર્ધન થાય અને ગોસેવાનો ખરો નવો ધર્મ ગણાય. માનવીનું હિત લક્ષમાં રાખી લીધેલાં પગલાં ધર્મ ગણાવાં જોઈએ. તેવી જ રીતે માનવીની વસ્તીનું નિયંત્રણ પણ એવો જ નવો યુગધર્મ છે જે સ્વીકારવાની અને પાળવાની જરૂર છે.

## વસ્તીનું નિયંત્રણ કેવી રીતે થઈ શકે ?

કોઈ સામૂહિક સંહાર કરતું યુદ્ધ, પ્રલય કે વ્યાપક રોગ-ચાળો, એવી કોઈ અનિચ્છનીય દુર્ઘટના વસ્તી ઘટાડી શકે. એવી પ્રારબ્ધની વાત છોડી દઈએ. સ્વેચ્છાએ પણ તેનું નિયંત્રણ કરી શકાય.

મર્યાદિત પ્રજોત્પત્તિ પૂરતા જ સ્ત્રી-પુરુષના સંબંધ રહે, બાકીનો સમય બ્રહ્મચર્યમાં ગાળે એવો આદર્શ માર્ગ સંતો ચીંધી ગયા છે. સામાન્ય માનવી માટે આવું અસિધારાવ્રત શક્ય નથી. માનવસ્વભાવની નબળાઈ વિચારતાં એવું કડક પરિપાલન થવું કઠણ છે.

વિજ્ઞાને આથી પ્રજોત્પત્તિ સંબંધી જે જ્ઞાન આપ્યું છે, તેનો ઉપયોગ કરી પ્રજોત્પત્તિ પર અંકુશ મૂકી શકાય છે. આ માટે જ્ઞાનપ્રચાર અને શિક્ષણની જરૂર છે. તેની વિગતોમાં લંબાણથી નહીં ઊતરીએ. પરંતુ ટૂંકમાં :—

૧. સ્ત્રીના ઋતુચક્રમાં કેટલોક **સહીસલામત સમય છે.**–ઋતુદર્શનનું પ્રથમ અઠવાડિયું અને છેલ્લું અઠવાડિયું; જ્યારે અંડોત્પત્તિ થવાનો સંભવ નથી હોતો ત્યારે મુકાબલે સહીસલામત કાળે જ સ્ત્રી સંભોગ કરે, બાકીનો સમય દૂર રહે, તો ગર્ભ રહેવાનો સંભવ ઓછો થઈ જાય છે. *ક્વચિત્ ઋતુચક્રની અનિયમિતતાને કારણે આમાં અપવાદ મળશે, પરંતુ આ સૌથી* સહેલો અને પાળી શકાય એવો રસ્તો છે.

૨. **કૃત્રિમ સાધનો :**—આ બધામાં હેતુ અંડ ને વીર્યકોષ—એ બેને એકબીજાથી દૂર રાખવાનો છે. એટલે પુરુષ કે સ્ત્રી રબરનાં સાધનો, દવાઓ, દૂશનો ઉપયોગ કરી પુરુષના વીર્યકોષને અંડના સંબંધમાં આવતાં અટકાવે છે. સંભોગ વખતે વીર્ય યોનિમાં ન પડે તો પ્રજોત્પત્તિ થાય નહીં. માનવનિર્બળતાના પરિણામે આમાં કોક વખત સફળતા ન પણ મળે, એટલે તે પર આધાર રખાય નહીં.

૩ **હોર્મોનની** ગોળીઓ અંડોત્પત્તિ અટકાવે છે. નિયમિત દર્શાવ્યા પ્રમાણે સ્ત્રી લે તો તેને પ્રજોત્પત્તિ થતી અટકે. લાંબે ગાળે આ દવાના સેવનમાં થોડુંક જોખમ છે. ઉપરાંત આ પદ્ધતિ ખર્ચાળ છે એટલે આપણા દેશ માટે અપનાવવી કઠણ છે.

૪ સ્ત્રી કે પુરુષ પર **શસ્ત્રક્રિયા** કરી અંડ કે વીર્ય વહેતી નલિકાઓ બાંધી કે કાપી અલગ કરવાથી, પ્રજોત્પત્તિ અટકાવી શકાય છે. ગરીબ દેશ માટે આ સૌથી વિશ્વાસપાત્ર અને વ્યવહારુ પદ્ધતિ છે. આનો સરકારે ઠીક ઠીક પ્રચાર પણ કરવો શરૂ કર્યો છે અને સગવડો પણ કરી આપી છે.

દુર્ભાગ્ય એ છે કે આ દેશમાં આ બાબતમાં કોઈ કાયદો બરાબર લાગુ પાડી શકાતો નથી. અમુક વર્ગ, ધર્મ—એક યા બીજા બહાને પૂરો સાથ આપતો નથી. રાષ્ટ્રવિરોધી તત્ત્વોને લોકશાહી ફરજ ન પાડી શકે એ એની મોટી નબળાઈ છે. આજે લોકશાહી તો કેવળ લોકમત કેળવી કામ કઢાવી શકે. આથી પ્રજાની વિચારસરણી—જીવનદૃષ્ટિ—ફિલસૂફી બદલવા પ્રચારની પુષ્કળ જરૂર છે. તેમને યોગ્ય માર્ગદર્શન આપવું રહ્યું. તો જ આ દેશમાં વસતી-નિયંત્રણની ઝુંબેશ સફળ થાય.

દેશની વસ્તીને કાબૂમાં રાખી શકાય તો અન્ન, પોષણ, વસ્ત્ર, વસવાટ, વાહનવ્યવહાર, શિક્ષણ આદિની વ્યવસ્થામાં આપણી મર્યાદિત સંપત્તિ વેડફાઈ જતી અટકાવી, રાષ્ટ્રની શક્તિઓને દેશની ઉન્નતિ અર્થે વાળી શકાય. વિજ્ઞાને આપેલી સિદ્ધિઓનો ત્યારે જ પ્રજા લાભ ઉઠાવી શકે જ્યારે તે વિજ્ઞાને આપેલાં સાધનો, સગવડોનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરી શકતી હોય.

કુટુંબનિયોજનનો હેતુ માત્ર પ્રજાની સંખ્યા મર્યાદિત કરવામાં સમાઈ જતો નથી. તેનો ઉદ્દેશ તો યોગ્ય પ્રકારની પ્રજા પેદા કરવાનો પણ છે. **નિયંત્રણ સાથે સુજનન** એટલું જ

અગત્યનું છે. કોઈ પણ પ્રજાએ ઉત્તમ વર્ગ-ગુણોનું સંવર્ધન કરવું ઘટે. અસંસ્કારી, નિર્બળ, મંદબુદ્ધિ પ્રજા ભારરૂપ છે. તે મર્યાદિત કરવાની જેટલી જરૂર છે, એટલી જરૂર સુદૃઢ, સંસ્કારી, બુદ્ધિશાળી પ્રજા ઉત્પન્ન કરી ઉછેરવાની રાષ્ટ્રના હિતમાં છે. સ્વેચ્છાએ પ્રજાના ઉચ્ચતમ વર્ગોનું સંવર્ધન થાય એ સૌથી વધુ ઇચ્છનીય છે. આધુનિક વિજ્ઞાન-યુગની એ વિચિત્રતા છે કે તેની સિદ્ધિઓનો ઉપયોગ નબળી પ્રજાઓનું રક્ષણ કરી તેની સંખ્યા વધારવા કરાયો છે. ઘણી વાર દેશના ઉત્તમ વર્ગોના ભોગે તેમને રક્ષણ મળે છે. પરંતુ એ જ વિજ્ઞાન સુયોજન, સુજનન—યુજેનિકસ—નો માર્ગ પણ સ્પષ્ટ રીતે દર્શાવે છે. દુર્ભાગ્યની વાત એ છે કે આજ લગી સુજનન—યુજેનિકસ—નો ઉપયોગ માત્ર રેસના ઘોડા, સાઠમારીના આખલા કે જાતવાન કૂતરાની ઓલાદ પેદા કરવા માટે થયો છે, માનવજાતિની સુધારણા માટે નહિ. તેની પદ્ધતિઓ અપનાવી ઉત્તમ માનવપ્રજા પણ આ પૃથ્વી ઉપર વસતી થઈ શકે. મેધાવી, બળવાન પ્રજા પર ભવિષ્યનો આધાર છે; એની ઝંખના માનવ પરાપૂર્વથી કરતો આવ્યો છે, પરંતુ અમલમાં મૂકી શકયો નથી. આથી હજારો વરસ પહેલાં વેદકાળમાં એવી જે ભાવના વ્યક્ત કરી હતી તે અત્રે ટાંકીએ :

आ ब्रह्मन्  
ब्राह्मणो ब्रह्मवर्चसी जायताम्  
आ राष्ट्रे राजन्यः शूर इषव्योऽतिव्याधी  
महारथो जायताम्  
दोग्ध्री धेनुर् वोढानड्वान्  
आशुः सप्तिः  
पुरन्धिर् योषा  
जिष्णू रथेष्ठाः सभेयो युवास्य  
यजमानस्य वीरो जायताम्  
... ... ... ...  
योगक्षेमो नः कल्पताम् ॥ यजुर्वेद(वा.) २२.२२.

# ગ્રન્થાવલોકન

**જ્ઞાનાંજલિ :** પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી અભિવાદન ગ્રન્થ : સમ્પાદકો સ્વ. પૂ. પંન્યાસશ્રી રમણીકવિજયજી મહારાજ, ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહ, શ્રી કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરા અને શ્રી રતિલાલ દીપચન્દ દેસાઈ. પ્રકાશક : શ્રી સાગરગચ્છ જૈન ઉપાશ્રય, પટોળિયા પોળ, વડોદરા. પ્રાપ્તિસ્થાન : શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાલિયા ટૅંક રોડ, મુંબઈ–૨૬. ફેબ્રુઆરી ૧૯૬૯, પૃષ્ઠ ૨૪+૩૨૪+૧૩૨+૧૧૬ + છવિફલક ૬; ૯.૫"×૭.૨"; કિંમત રૂ. ૧૫/-.

પ્રસ્તુત ગ્રન્થ આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજીના દીક્ષાપર્યાયની ષષ્ટિપૂર્તિના સમારોહ પ્રસંગે પ્રકટ થયેલ અભિવાદનગ્રન્થ છે. તે બે ખંડમાં વિભક્ત છે. પ્રથમ ખંડ 'અધ્યયન સંશોધન' પૃ. ૪૫૬નો છે, જેમાં આ મહાપ્રતિભ સંત–સંશોધકનાં અદ્યપર્યન્ત છૂટાંછવાયાં રહેલાં લખાણો-માંથી સ્થાયી ઉપયોગિતા તથા ગુણવત્તાવાળાં સર્વ લખાણોને એકત્ર સંગ્રહ્યાં છે. આમાં ૪૧ ગુજરાતી, ૧૩ હિન્દી અને ૩ સંસ્કૃત લેખો છે. તેમાંનાં કેટલાંક પૂજ્ય મહારાજશ્રીના ગ્રન્થોના ઉપોદ્‌ઘાતરૂપે લખાયેલાં તથા બાકીનાં વિવિધ સામયિકોમાં લેખરૂપે છપાયેલાં હતાં. આમાંનો પ્રથમ લેખ 'જ્ઞાનપંચમી' તો આજથી ૩૮-૩૯ વર્ષ પૂર્વે એક જિજ્ઞાસુ બહેનને માટે લખાયેલ અપ્રકાશિત પત્ર છે, જ્યારે સાડત્રીસમો લેખ 'પૂજ્યપાદ દાદાગુરુ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ' પ્રસ્તુત ગ્રન્થને માટે જ ખાસ લખાયેલો છે.

પૂ. મુનિશ્રીના શબ્દોમાં જ કહીએ તો "સાહિત્યસંશોધન અને જ્ઞાનભંડારોનું અવલોકન એ મારું મુખ્ય કાર્યક્ષેત્ર છે", અને આ કાર્ય તેઓશ્રી છેક "૧૭ વર્ષની વયથી" કરતા આવ્યા છે (પૃ. ૬), તેમના પૂ. ગુરુ તથા દાદાગુરુની વ્યાપક દૃષ્ટિના "વારસાનો અંશ" તેમને "બાળપણથી જ મળ્યો" છે (પૃ. ૬). તેઓનું સુયોગ્ય સૂચન છે કે "આપણા જ્ઞાનભંડારોમાં રહેલી......જુદા જુદા મરોડમાં લખાયેલી પ્રાચીન-અર્વાચીન પ્રતિઓના સૈકાવાર ફોટોગ્રાફ્સ લઈ લિપિમાલાનું એક આલબમ બનાવવામાં આવે અને કોઈ આર્ટિસ્ટ પાસે એમની વર્ણમાલાનાં રૂપાન્તરોના શતાબ્દીના ક્રમથી ચાર્ટ્સ તૈયાર કરાવવામાં આવે, તો ભારતીય વિદ્યાર્થીઓ માટે આજની વ્યાપક દેવનાગરી, ગુજરાતી વગેરે લિપિઓના ક્રમવિકાસના ઊંડા અભ્યાસ માટેની અતિમહત્ત્વની સામગ્રી તૈયાર થાય" (પૃ. ૧૧). તેઓ પોતે તો આ લિપિશાસ્ત્રમાં એવા પારંગત થયા છે કે લિપિનો મરોડ જોતાં બરોબર તેઓ તે કયા સૈકામાં લખાયેલ હશે તે ચોકસાઈપૂર્વક કહી શકે છે.

પૂ. મુનિશ્રીને તેમના ગ્રન્થો તથા લેખોમાં પ્રતીત થતી સંશોધનની અત્યુચ્ચ કોટિએ, જૈન ગ્રન્થભંડારોના તેમણે મહાયાસપૂર્વક કરેલા ઉદ્ધારે તેમ જ અધ્યયન-સંશોધનક્ષેત્રે પડેલા સર્વને કશા જ ભેદભાવ વિના મદદ કરવાની તેમની તીવ્ર કર્તવ્યભાવનાએ તથા સંપૂર્ણ વિશ્વાસપૂર્વક બીજાને પોતાની પાસેના મુદ્રિત તેમજ હસ્તલિખિત ગ્રન્થો અને પોતે બનાવેલી 'પ્રેસકૉપી'ઓ

પણ નિઃસંકોચભાવે આપી દેવાની ઉદારતાએ વિદેશવ્યાપિની કીર્તિ અપાવી છે જ. જયારે તેમનાં આ લખાણો એકત્ર છપાઈ આપણા હાથમાં આવે છે, ત્યારે તેમાંથી કેવળ તેમની સર્વસ્પર્શી, મર્મગ્રાહી અને પારગામી વિદ્વત્તાનાં અને ગુરુગરિમાનાં જ દર્શન થતાં નથી; પરન્તુ તેમાંથી સ્વાભાવિક રીતે જ તેમનું મૃદુ છતાં કઠોર, સરલ છતાં દૃઢ, સ્થિર છતાં સર્વગામી, તપસ્વી છતાં સદાનન્દી અને નિરભિમાન છતાં સ્થળે સ્થળે ને ક્ષણે ક્ષણે ગૌરવાન્વિત, સર્વતોભદ્ર અદ્ભુત વ્યક્તિત્વ ઊપસી આવે છે. આથી ખરેખર સમ્પાદકોએ તેમ જ પ્રકાશકે આ સર્વ મહત્ત્વનાં લખાણોને ગ્રન્થસ્થ કરીને એક પરોપકારનું મહાકાર્ય કર્યું છે એમ લાગ્યા વિના રહેતું નથી; કેમકે અહીં પીરસેલી જ્ઞાનપ્રસાદી અભ્યાસીઓ તથા જિજ્ઞાસુઓને માટે નિર્વિવાદ રીતે અત્યન્ત ઉપયોગી છે.

પૂજ્ય મુનિશ્રીની જ્ઞાનોપાસના આદિને બિરદાવતો બીજો ખંડ 'અભિવાદન' અન્તરને ગદ્ગદિત બનાવી મૂકે એવો હૃદયસ્પર્શી તેમ જ વાચનક્ષમ બન્યો છે. કુલ ૧૧૬ પૃષ્ઠના આ ખંડમાં ૫ સંસ્કૃત સ્તુતિકાવ્યો, ૧૩ અંગ્રેજી લેખો, ૩૮ ગુજરાતી લખાણો અને ૨ હિન્દી લેખો છે. પાંચે સંસ્કૃત પ્રશસ્તિઓ ટૂંકી, ભાવવાહી અને મધુર છે. અંગ્રેજી લેખો વિદેશીઓ પ્રત્યેના પણ તેમના સમભાવની પ્રતીતિ કરાવનારાં પ્રખર વિદેશી વિદ્વાનોનાં ઉપકારભાવનાસભર લખાણો છે. તેમાંનો છેલ્લો ડૉ. ઉમાકાન્ત શાહની પ્રૌઢ-ગંભીર કલમે લખાયેલો અંગ્રેજી લેખ પૂ. મુનિશ્રીનાં જીવન તેમ જ કાર્ય વિષેની માહિતીથી ભરેલો છે. તેમના સર્વ ગ્રન્થોની ક્રમબદ્ધ વિગતો પણ તેમાંથી પ્રાપ્ત થાય છે. ડૉ. શુબ્રિંગ યથાર્થ રીતે જ તેમની બૃહત્કલ્પભાષ્યની આવૃત્તિને સમ્પાદકો માટે આદર્શરૂપ ગણે છે (પૃ. ૪). ડૉ. બ્રૂન તેમને જૈનસાહિત્યક્ષેત્રના આજના સર્વશ્રેષ્ઠ 'સ્પેશિયાલિસ્ટ' તરીકે નવાજે છે (પૃ. ૭). ડૉ. એ. એન. ઉપાધ્યે તો તેઓ એક વ્યક્તિ કરતાં યે વિશેષ તો એક સંસ્થારૂપ જ છે એવું તદ્દન યોગ્ય વિધાન કરે છે (પૃ. ૧૧). મુનિશ્રી ન્યાયવિજયજીએ પણ પોતાની '**पुण्योदयप्रशस्ति**'માં તેમને "**सम्माननीयो विदुषां विद्यासंस्थेव जङ्गमा**" એવી રીતે વર્ણવ્યા છે (પૃ. ૧). ડૉ. વી. એમ. કુલકર્ણી મુનિશ્રી એક સાથે જ્ઞાનયોગી તેમ જ કર્મયોગી છે તેવું સચોટ ઉદાહરણો આપી પ્રતિપાદિત કરે છે. આ ઉપરાન્ત પં. સુખલાલજી, મુનિશ્રી જિનવિજયજી, પ્રા. રસિકલાલ પરીખ, પં. દલસુખભાઈ માલવણિયા, પં. બેચરદાસ દોશી વગેરે મહારાજશ્રીની અત્યન્ત નિકટતા સેવવાનું સદ્ભાગ્ય મેળવનારા અનેક લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાનોના આ સુ-અવસરે પોતાનાં મધુર સંસ્મરણોને તાજાં કરતા તથા મુનિશ્રીની સાહિત્યોપાસના આદિને અંજલિ અર્પતા સમયોચિત લેખો આ વિભાગમાં છપાયા છે, તે કેવળ સ્તુતિપરાયણ નથી પરન્તુ સવિશેષ વાસ્તવદર્શી છે એ ખાસ નોંધવું જરૂરી છે. તેમના અનન્ય શિષ્ય ડૉ. ભોગીલાલ સાંડેસરાનો "**तस्मै श्रीगुरवे नमः**" એવા સમુચિત શીર્ષકવાળો લેખ આ સર્વ લેખોમાં નિરાળી ભાત પાડે છે, કેમકે પ્રથમ દર્શને આત્મલક્ષી હોવા છતાં તે વાસ્તવમાં ઋજુતાપૂર્વક ગુરુલક્ષી જ બની રહ્યો છે.

પૂ. પુણ્યવિજયજીનો "શ્રીમાન પંડિત સુખલાલજી" વિષેનો લેખ (ખંડ ૧, પૃ. ૨૯૦-૨૯૪) તેમ જ પં. સુખલાલજીનો તે "પુણ્યચરિત મુનિશ્રી" વિષેનો લેખ (ખંડ ૨, પૃ. ૨૬-૨૮) ખાસ રસપૂર્વક સરખાવવા જેવા છે.

વિદ્વાન્ સમ્પાદકોએ આ ગ્રન્થને યોગ્ય રીતે જ 'સમારોહની એક નક્કર અને ચિરંજીવી ફલશ્રુતિ' રૂપે લેખ્યો છે.

અત્યન્ત ઉપયોગી અને વિદ્વાનો ઉપરાન્ત ઇતરજનોને પણ પ્રેરણાનાં પીયૂષ પીરસનાર આ 'જ્ઞાનાંજલિ'ના સમ્પાદકો તથા પ્રકાશક ખરેખર અભિનન્દનને પાત્ર છે. '**वसुधैव कुटुम्बकम्**'ની ઉદાત્ત ભાવનાને જીવનમાં સહજ રીતે ઉતારનાર આ તપસ્વી છતાં વિરાટ્ મહાનુભાવ મહામુનિની જ્ઞાનપ્રપા સહસ્રધારાયુક્ત બની ચિરકાલપર્યન્ત વહેતી રહો !

**જયન્ત ઠાકર**

* * *

**ઝવેરચંદ મેઘાણી :** સં. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ; પ્રકાશક : ભોગીલાલ પી. શાહ, અશોક પ્રકાશન, નવભારત સાહિત્ય મંદિર, ૧૬૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; પૃ. ૧૬૩; મૂલ્ય રૂા. પાંચ.

કોઈ પણ સાહિત્યકારની સમગ્ર સાહિત્યપ્રવૃત્તિનું નિષ્ઠાપૂર્વકનું વસ્તુલક્ષી અધ્યયન ગમે તે સંજોગોમાં આવકારદાયક નીવડવાનો પૂરો સંભવ છે. એક સમૃદ્ધ સાહિત્યસેવકનાં જુદાં જુદાં પાસાંઓના અભ્યાસ દ્વારા તેનું મૂલ્યાંકન કરીને આપણે સાહિત્યના ઇતિહાસને વધુ નિશ્ચિત ભૂમિકાએ મૂકવામાં મદદરૂપ બની શકીએ. આવા પ્રકારનાં વ્યવસ્થિત અધ્યયનો વધતાં સાહિત્ય-પ્રવાહો વિશે ચોક્કસ વલણો તારવવામાં અને સમગ્ર સાહિત્ય વિશે આધારભૂત અભિપ્રાયો બાંધવામાં શિસ્તપૂર્વકની સરળતા ઊભી કરી શકાય. આવાં અધ્યયનો આપણે ત્યાં રડ્યાંખડ્યાં મળી આવે છે ખરાં, પરંતુ એની કોઈ હેતુલક્ષી નિયમિત પરિપાટીનું દર્શન થતું નથી— પરિણામે, કેટલાક માને છે તેમ, આપણા સાહિત્યનો ઊંડો અધ્યયનપૂત ઇતિહાસ હજી લખાયો નથી એ વાતનું એક કારણ આમ જડી આવે ખરું.

આ પુસ્તક જે વિવેચનશ્રેણીનો પહેલો મણકો છે તેમાં નર્મદથી માંડી ઉમાશંકર સુધીના નોંધપાત્ર સાહિત્યકારોને આવરી લેવાનો ઇરાદો રખાયો છે. પ્રસ્તુત શ્રેણી વિશે સંપાદક જણાવે છે કે, "ગુજરાતી સાહિત્યનાં અનેકવિધ ક્ષેત્રોમાં જેમણે મૂલ્યવાન પ્રદાન કર્યું છે તેવા સાહિત્ય-કારોની સાહિત્યપ્રવૃત્તિનાં ભિન્ન ભિન્ન પાસાંઓને નજરમાં રાખીને તે તે ક્ષેત્રના તદ્વિદો અને અભ્યાસીઓને હાથે તેમનું વિવેચન કરાવીને તેમ જ નીવડેલા વિવેચનલેખોમાંથી પસંદગી કરીને તેમના સમગ્ર પ્રદાનનું શક્ય તેટલું સમગ્રદર્શી અવલોકન એક જ ગ્રન્થમાં સુલભ બનાવવાનો આ શ્રેણીનો હેતુ છે." આવા હેતુપૂર્વક આવી શ્રેણીઓ તૈયાર કરાવી શકાય તો ઉપર નિર્દેશી તે ખોટ પૂરી શકાય. શ્રેણીનો આ પહેલો મણકો 'ઝવેરચંદ મેઘાણી' જોતાં સંપાદકને પોતાના પ્રયોજનમાં પૂરતી સફળતા મળી જણાય છે. મેઘાણીનાં વિવિધ પાસાંઓ વિશે જુદા જુદા અધિકારીઓ પાસે લખાવેલા આઠ અભ્યાસલેખો વડે અહીં મેઘાણીની સાહિત્યિક પ્રતિમા સુંદર રીતે ઉપસાવેલી છે.

અધિકારીઓ પાસે લખાવેલા આ સંપાદનની પદ્ધતિનો એક ચોક્કસ લાભ છે. એક જ લેખક જ્યારે જુદાં જુદાં પાસાં વિશે મૂલ્યાંકન કરવા જાય છે ત્યારે તેનાં રુચિ, દૃષ્ટિબિંદુ,

અભિપ્રાયો વગેરેની મર્યાદાઓ પ્રવેશી જવાનો પૂરો ભય રહે છે, એટલું જ નહિ પરંતુ અમુક પાસું પોતાની રુચિમર્યાદાનો વિષય હોય તો સાહિત્યકારને અન્યાય થવાનો પણ સંભવ રહે છે. દા. ત. મેઘાણીના અનુવાદો અને લોકસાહિત્યનું તેમણે કરેલું સંશોધન એવા વિષયો છે જે વિશે હાલ લગી આપણને તટસ્થ બુદ્ધિનાં તુલનાત્મક અને શાસ્ત્રીય અભિગમવાળાં મૂલ્યાંકન નહિ પરંતુ માહિતીપ્રદ લખાણો જ મળ્યાં હતાં. પ્રસ્તુત પુસ્તકમાં અનુવાદક મેઘાણી અને લોક-સાહિત્યકાર મેઘાણી વિશેના શ્રી ભોળાભાઈ અને પુષ્કર ચંદરવાકરના લેખો મેઘાણીના તે તે વ્યક્તિત્વની સરળ અને સંગીન સમીક્ષાઓ પૂરી પાડે છે. આ ઉપરાંત સંપાદકે પુસ્તકમાં નવવયસ્ક અને નવતર દૃષ્ટિવાળા અભ્યાસીઓને સાથે રાખીને મેઘાણીને નવાં ધોરણોનો પણ લાભ આપ્યો છે. સાહિત્યકાર દૈવતવાળો હોય ત્યારે ગમે તે કસોટીઓમાંથી પણ તે અછતો રહેતો નથી– ને આમે ય પુનર્મૂલ્યાંકન વિવેચનાના વિકાસ માટેની તેમ જ સાહિત્યને સમૃદ્ધ થવા માટેની એક અનિવાર્ય શરત છે. આ સંદર્ભમાં શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળાનો લેખ 'લોકરંગનો કવિ', કવિ મેઘાણીને ઉચિત ભૂમિકા સાથે નવેસર મૂલવે છે.

જનતા અને જમાનાના ચાહક મેઘાણીની કવિતાપ્રવૃત્તિમાં 'લોક' એક અનુપકારક દબાવનું કામ કરી ગયું છે; લોકસાહિત્યના એમના અધ્યયનનો એક ઘેરો પાસ એમની સાહિત્ય-વિભાવનાને લાગેલો છે—અને તેને પરિણામે શ્રી. ટોપીવાળા જણાવે છે તેમ 'મેઘાણી ભાગ્યે જ પોતાની કોઈ કૃતિને social event બનતાં અટકાવી શક્યા છે' (૧૦૯). વિશેષ પૃથક્કરણા-ત્મક રીતે તેઓ જણાવે છે કે 'સંવેદનોની વૈયક્તિકતા અને કવિતા પરત્વેની કવિની એકલ યાત્રાને' (૧૦૯) મેઘાણી વિસરી ગયા છે. લોકસંગની વ્યાપક એષણા 'કવિને યુગસંવેદનો ઝીલનાર કે પ્રત્યાઘાતી social figure બનાવી દે છે, અને કાવ્યોમાં મેઘાણી વારંવાર loud બની જાય છે. એ રીતે काव्यस्व ની મેઘાણીમાં 'ઓછામાં ઓછી દરકાર' વરતાય છે. શ્રી. ટોપી-વાળાનું આ દૃષ્ટિબિંદુ, ચલણી વાતો કરનારા અને યુગમૂર્તિ તરીકે ગવાયેલા બીજા સાહિત્યકારોના સંદર્ભમાં એટલું જ સમીક્ષાલક્ષી નીવડે તેવું છે. એટલે, સુસાન સોન્ટેગ આદિની મદદથી બિચારા આપણા મેઘાણીને શું કામ મૂલવો છો એવો લૂલો બચાવ અને લાચારી, હવે આપણને નિરર્થક લાગવાં જોઈએ. પ્રત્યેક નવાં મૂલ્યાંકનધોરણો સામે ટકી શકે તેને જ કાળની પરીક્ષામાં ટકી શકેલા કવિ તરીકે બિરદાવી શકાય; બાકી કાળ નામનો કોઈ વિવેચક હયાત નથી. 'યુગવંદના' અને 'એકતારો'નાં કાવ્યોનું સોદાહરણ મૂલ્યાંકન કરીને લેખકે મેઘાણીને યોગ્ય રીતે જ 'મધ્યમ કક્ષાના કવિ' કહ્યા છે. મેઘાણી તરફના આપણા આકર્ષણનું કારણ બતાવતાં, એમના કાવ્યદ્રવ્યની ગુણવત્તા ચીંધતાં લેખકે યોગ્ય રીતે જ લોકસાહિત્યના મેઘાણીના ગાઢ પરિચય અને સક્રિય સંપર્કને રજૂ કર્યા છે : "મેઘાણીનું કોઈ પણ કાવ્ય હાથ ધરનારને એક વાતની પ્રતીતિ થશે કે મેઘાણીના કાવ્યમાં જે કંઈ આસ્વાદ્ય અંશ છે તે સ્વકીય કાવ્યકર્મથી નીપજેલી સ્વાયત્ત સંપત્તિનો નથી, પણ લોકસમુદાયમાં ઘૂમતા કવિતા પારખુને હાથે ઉદ્ધરેલા અને સંસ્કારાયેલા લોકગીત કે લોકવાણીના ટુકડાઓનો છે. તત્કાલીનતા, ઐતિહાસિકતા, પ્રસંગપ્રાકૃતતા, અન્યપરતાને કારણે મેઘાણીનાં ઝાઝાં વેડફાઈ ગયેલાં કાવ્યોમાંથી જે કંઈ ટકી રહેવા પામે એવાં છે તે કેવલ આ અંશને આભારી છે" (૧૧૫).

અનુવાદપ્રવૃત્તિમાં મેઘાણી પોતાની રુચિ અને ભાવજગતને અનુકૂળ એવી દુનિયામાં, સ્વાભાવિક જ, સરળતાથી જઈ શક્યા છે. શ્રી. ભોળાભાઈ 'અનુવાદનું રસાયન'માં જણાવે છે તેમ અનુવાદપ્રવૃત્તિ મેઘાણીની સર્જનપ્રવૃત્તિના એક અંશરૂપ બની છે અને એમનાં ભાષાન્તરો મુખ્યત્વે રૂપાન્તરો અથવા અનુસર્જનો બન્યાં છે. પૃ. ૧૨૪ ઉપર તેઓ જણાવે છે કે પાઉન્ડનો creative fire મેઘાણીમાં નથી છતાં એમના ભાવજગતને અનુરૂપ કૃતિનું રૂપાન્તર કરતી વખતે એમની "સર્જક-શક્તિનો ઉત્તમ આવિષ્કાર થતો જોવા મળે છે." અને "એ રૂપાંતર જાણે કે સ્વતંત્ર રચના તરીકે રસોત્તીર્ણ બની રહે છે. એ એમની મોટી સિદ્ધિ છે".

રૂપાન્તર, સ્વતંત્ર અગર સ્વકીય રચના જેવું બની આવે એને અનુવાદસિદ્ધિ કહેવાય કે કેમ તે એક પ્રશ્ન છે, પરંતુ મેઘાણીનું વલણ આવી સિદ્ધિની દિશામાં હતું એમ એકંદરે કહી શકાય. ગુજરાતીકરણ સિદ્ધ થવું જોઈએ એ પ્રકારની મેઘાણીની પ્રતિબદ્ધતા એમની અનુવાદ-પ્રવૃત્તિમાં કેવી તો ઉપકારક-અનુપકારક નીવડી છે તેની તટસ્થ સમીક્ષા ભોળાભાઈએ એમના લેખના બીજા ખંડમાં કરી છે અને સ્પષ્ટતાથી જણાવ્યું છે કે (૧) કવિ મેઘાણીનું મધ્યકાલીન શૌર્યવીર્યાદિ સંસ્કારોથી પ્રભાવિત રોમાન્ટિક માનસ અનુવાદક મેઘાણી માટે રવીન્દ્રકવિતાના સંદર્ભમાં મર્યાદા બને છે; જ્યારે બેલેડ્ઝનાં રૂપાન્તરોમાં સહાયક બને છે. (૨) રવીન્દ્રકાવ્યની બાબતમાં બન્યું છે તેમ મૂળ રચનાની ઇમારત મેઘાણી ચૂકી જાય છે. આવી વિસંવાદિતા લેખકે સદૃષ્ટાંત રજૂ કરીને અનુવાદક મેઘાણીની મર્યાદાઓથી આપણને વાકેફ કર્યા છે. 'નિર્ઝરેર સ્વપ્ન-ભંગ' જેવા અદ્‌ભુતસુંદર કાવ્યના બહિરંગ અને અંતરંગની કવિવરના જેવી અભિજ્ઞતા મેઘાણીથી સિદ્ધ થઈ નથી, એટલું જ નહિ પણ મેઘાણીને હાથે આવા દાખલાઓમાં મૂળ રચનાની ભારે દુર્દશા થઈ છે. 'અભિસાર,' 'નવવર્ષા,' 'ભારતતીર્થ,' 'સોનાર તરી' વગેરે રવીન્દ્ર-કૃતિઓના અનુવાદોમાં, ઉમેરણ, બાદબાકી કે છંદપર્યાયો વગેરે બાબતોમાં વરતાતું મૂળ કાવ્યના tone અગર stressને વિસારી દેતું મેઘાણીનું ખતરનાક મનસ્વીપણું લેખકે સુંદર રીતે બતાવ્યું છે (જુઓ લેખનો ખંડ ૩જો).

પદ્યાનુવાદોની સમીક્ષાને મુકાબલે નાટક-નવલકથાના અનુવાદોની સમીક્ષા માહિતીપ્રદ અને સારાત્મક રહી છે. દ્વિજેન્દ્રલાલ રાયના 'શાહજહાઁ'ના અનુવાદમાં મેઘાણી સામે રૂપનારાયણ પાંડેયનો હિન્દી અનુવાદ હશે એવી અટકળ કરવાથી સંસ્કૃત તત્સમોને સ્થાને અરબીફારસી પર્યાયોનું સમાધાન મળતું નથી. ખરી વાત તો એ છે કે, 'અન્ય લેખકની અનુકૃતિ ઉતારવામાં સફળતા મેળવવી એ મૌલિક સર્જન કરવા કરતાં જરાકે ઊતરતી સાધના મારા મનથી નથી'— એવી મેઘાણીની દૃઢ માન્યતા આ બધા દાખલાઓમાં ઘટતો ભાગ ભજવી ગઈ છે.

મેઘાણીના 'આંતરિક સત્ત્વ'નો આવિર્ભાવ એમનાં સમગ્ર લખાણોમાં જોવા મળે છે એ વાત પત્રકારત્વના વિષયમાં અતિ સ્પષ્ટ થઈ ઊઠી છે. શ્રી. જયંત જોશીએ પોતાના લેખમાં પત્રકાર મેઘાણીની એક સુંદર છબી ઉપસાવી આપી છે. એમના પત્રકારત્વની મર્યાદાઓ બતાવ્યા વિના, ઊજળું પાસું વિશદ કરી આપવામાં લેખકને સારી સફળતા સાંપડી છે. કોઈ ગૂઢ પ્રેરણાને વશ થઈને મેઘાણીએ પત્રકારત્વને જીવનધર્મ લેખે અને 'ઈપ્સિત વરદાન' મળ્યું હોય તેવા ઉમળકાથી સ્વીકાર્યું હતું અને એમ કરીને લોકશિક્ષણની તમન્નાને, લોકસંસ્કૃતિની પુનઃપ્રતિષ્ઠાની

મહેચ્છાને સાકાર કરી હતી. પ્રાંત અને દેશના પ્રશ્નો વચ્ચે પણ મેઘાણીએ સનાતન માનવતાનો આદર્શ સેવેલો, 'સમ્યક્ દૃષ્ટિ' રાખેલી, એ વાત લેખકે અહીં સવિગત સમજાવી છે : "... વિષમ સમાચારો અને પત્રકારત્વના વ્યવસાયની નીતિરીતિમાં માણસાઈનો, દાર્શનિકની તટસ્થતાનો, અને જીવનની ધીંગી સમજણનો ઉઠાવ આપવાનો મેઘાણીએ પ્રયત્ન કર્યો" (૧૫૧). પત્રકાર-જીવનમાં 'સાહિત્યરંગ' કેવો તો ઓસરી જાય છે, જીવનદૃષ્ટિને એની રસમો કેવી તો વિઘાતક નીવડે છે એના જાણનારા મેઘાણીમાં 'દિવ્ય અસંતોષ' હતો અને પરિણામે તેઓ જીવનભર કાર્યરત રહ્યા હતા. મડિયા, ધૂમકેતુ આદિનાં ઉદ્ધરણોથી લેખક લેખને બળવાન બનાવી શક્યા છે.

પુસ્તકમાંના સવિશેષ પૃથક્કરણાત્મક લેખોમાં નવલિકા વિશેનો શ્રી. રમણલાલ પાઠકનો 'મેઘાણીની નવલિકાઓ' લેખ નોંધપાત્ર છે. વાર્તાકાર મેઘાણીના 'મુગ્ધ ઊર્મિલ માનસ'ની ઉચિત ઓળખ આપીને લેખકે એમની વાર્તાનું સુંદર વિશ્લેષણ કરી આપ્યું છે. લોકકથાઓના સંપાદનો કરીને મેઘાણી મૌલિક નવલિકાસર્જન તરફ વળેલા અને પરિણામે તેમના ગદ્યનું જુદું જ ઘડતર થયેલું. પત્રકારત્વને લીધે એ ગદ્યમાં ઘેરા રંગો જગવવાની તાકાત પ્રવેશી હતી. આ બધું થઈને મેઘાણી દ્વારા ગુજરાતી ગદ્યમાં સોરઠી બોલીની નવી જ ભાત પડી છે એ ઉપ-સિદ્ધિની લેખકે અહીં સહર્ષ નોંધ લીધી છે. મેઘાણીની વાર્તા પ્રકાર-સ્વરૂપે ધૂમકેતુશાઈ છે અને તેમની વાર્તાઓમાં વિચાર, વર્ણનાદિ છૂટક તત્ત્વોનું વિશેષ મહત્ત્વ છે, સમગ્ર કલાઘાટનું નથી એવા તારણ પછી લેખકે મેઘાણીની લોકવાર્તાઓમાં અને ઐતિહાસિક વસ્તુવાળી રચનાઓમાં અખંડ કલકૃતિનો અભાવ જોયો છે; પરંતુ અખંડ કલાકૃતિનો અભાવ મેઘાણીમાં અન્યત્ર પણ વરતાય છે, નવલોમાં પણ. એનું મૂળ કારણ, સત્ય અગર તો રહસ્યના પ્રતિપાદનની પ્રક્રિયાએ ચઢેલી રચના, સર્જકને કલાત્મક આકાર પ્રત્યે બેધ્યાન અને બેદરકાર બનાવે છે એમાં રહેલું છે. વિચાર અને ભાવનાનો પાશ કૃતિના આકારને deform બનાવી દે એટલી હદે રચના કૃત્રિમ બની જતી હોય છે. આ કૃત્રિમતાના કારણમાં લેખકે ઉચિત રીતે જ ગાંધીયુગીન હેતુલક્ષિતાને ચીંધી છે. મેઘાણી માત્ર પ્રાચીનતાપ્રેમી નથા અને તેનામાં 'ઉપલક વૈવિધ્ય' નથી એવાં પ્રતિપાદનો કાજે લેખકે સારી જહેમત લીધી છે. જૂનાં વિવેચનો જે ધૂળરાખ શોધી લાવતાં તેને આવડું મહત્ત્વ આપવું જોઈતું નહોતું. આપણી એકમેવ અપેક્ષા ટૂંકી વાર્તાની છે, કલાપૂર્ણ રચનાની છે—કોઈ એકવિધ હોય, અર્વાચીન-પ્રાચીન હોય તેથી શો ફરક પડી જાય છે ? કથનશૈલીના સંદર્ભમાં અનુચિત ઉપમાઓ—કૃત્રિમ કઢંગી—પણ મેઘાણીમાં ઘણી મળી આવે છે જે એમની અલંકારસૂઝને વાચા આપતી હોય છે એ પણ નોંધવું જોઈતું હતું. બધા જ સંગ્રહો સમાવી લેવાની દાનતે કરીને લેખ બિનજરૂરી રીતે લાંબો અને થોડો કંટાળાજનક પણ બન્યો છે—કેમકે અધ્યાપકની ટૂંકનોંધ અને લાંબા જવાબની પદ્ધતિએ એમાં કેટલુંક દોહરાવવામાં આવ્યું છે. 'સૌરાષ્ટ્રની રસધાર', 'માણસાઈના દીવા' અને 'પલકારા'ની રચનાઓને 'ટૂંકી વાર્તા'ની બહાર મૂકીને લેખકે વિવેક દાખવ્યો છે.

શ્રી પ્રમોદકુમારનો નવલકથા ઉપરનો લેખ એકંદરે માહિતીપ્રધાન અને સારગ્રાહી હોવા છતાં નવલકથાકાર મેઘાણી વિશે કેટલીક નોંધપાત્ર વાતો કહી જાય છે. લેખકે એમની સામાજિક નવલોમાં Social Criticism જોયું છે પણ એ મુદ્દો વધારે પ્રકાશિત કરવાની જરૂર હતી.

ખરી વાત એ છે કે મેઘાણી પોતાની નિશ્ચિત માન્યતાઓની ભૂમિકાએથી સમાજને જોતા જણાય છે ને તેથી એમનું અવલોકન નર્યું વૈયક્તિક અને ક્યારેક તો જૂનવટના પક્ષપાતવાળું પણ લાગે છે. એટલું જ નહિ પણ એમના પૂર્વગ્રહો-અભિગ્રહો પાત્રોને 'ચરિત્ર' બનવા દેતા નથી. ઉચિત રીતે જ લેખકે આ પ્રશ્ન પૂછ્યો છે કે 'માનવજીવનને પામવાને લેખકનો દૃષ્ટિકોણ હંમેશાં સમ્યક્ દૃષ્ટિવાળો રહ્યો છે ખરો?' (૫૭). એટલે, સામાજિક નવલકથાઓમાં Social Criticism છે એમ કહેવું વધારે પડતું જણાશે-ઘણી વાર મેઘાણીની સૃષ્ટિ Provincial Tone થી આગળ વિસ્તરતી હોતી નથી એ ધ્યાનમાં લેવું ઘટે. ભાવાભિવ્યક્તિના વિષયમાં, ખાસ કરીને અલંકાર-નિરૂપણ વખતે મેઘાણી ઘણી વાર કૌતુકરાગિતાનો કઢંગો ઉદ્રેક દાખવી જતા હોય છે ને પરિણામે લેખકે જણાવ્યું છે તેમ મૂળ ઉદ્દિષ્ટ ભાવની 'ઘેરી છાયા' પ્રસરે છે તો ક્યારેક કૃતિની સંવાદિતા જોખમાય છે. લેખકે ટાંકેલા દોષયુક્ત ગદ્યમા નમૂના આના સમર્થનમાં જોવા જેવા છે (૫૯ જુઓ). મેઘાણીનું ધ્યાન કથાવસ્તુવિકાસ પર જ રહે છે; વળી તેમની કૃતિઓ એક કેન્દ્ર અખિલાઈ પકડી શકતી નથી એ વિગતો નવલકથાકારના, સર્જકના સંદર્ભમાં મહત્ત્વની છે ને તેથી પ્રત્યેક નવલ-કથાનો સાર આપ્યા વિના આવા કેટલાક ચર્ચાસ્પદ મુદ્દાઓ જ છણાવટ પામે એ હિતાવહ છે. જેમકે, આધુનિક નવલકથામાં લોકસાહિત્યનો અભિવ્યક્તિના એક સાધન તરીકેનો વિનિયોગ સંભવિત છે, આવો મુદ્દો લોકસાહિત્યકારને નિમિત્તે અહીં યથાર્થ બન્યો છે (-ભલે પછી મેઘાણીને એનો વિચાર સરખોય ન આવ્યો હોય). સર્જકને નિમિત્ત બનાવીને આવા મહત્ત્વના પ્રશ્નો વિચારી શકાય તો તેથી વિવેચનને લાભ જ છે. કૃતિસારથી પ્રસ્તારી બની જતા, વિદ્યાર્થી-ઉપયોગી દેખાવના લેખોમાં સંપાદક ઘટતો કાપ મૂકી શક્યા હોત.

મેઘાણીનાં વિવેચનાત્મક લખાણોમાં શ્રી જયંત કોઠારીએ 'સાહિત્યપ્રીતિ અને જીવન-નિષ્ઠાનો મેળ' જોયો છે. મેઘાણી શાસ્ત્રપૂત વિવેચક નહીં પણ 'મર્મજ્ઞ નિરીક્ષક' હતા, 'સાચી સહૃદયતા' તથા 'ઉદાર અને સૂક્ષ્મ સાહિત્યરુચિ' ધરાવતા હતા વગેરે પ્રકારનાં પ્રતિપાદનો વડે મેઘાણીનું પ્રસ્તુત લેખમાં હમદર્દીભર્યું ધીરગંભીર મૂલ્યાંકન જોવા મળે છે. પોતાના અભિપ્રાયો, નિર્ણયો અને પ્રતિપાદનોને વિશદતાથી સમજાવી આપે એ પ્રકારની ભૂમિકાનું સાદ્યંત નિર્વહણ કરવું એ શ્રી કોઠારીનો વિશેષ છે. તેઓ એક નોંધપાત્ર હકીકત તરફ આપણું ધ્યાન દોરે છે કે 'મેઘાણીને વાસ્તવિક સાહિત્યવિચારણામાં રસ છે, કોઈ તાર્કિક સંકલ્પનાઓ ઘડવામાં નહિ' (૩૭). એ જ પ્રમાણે, તેઓ સ્પષ્ટ કરે છે કે મેઘાણીએ વિવેચનને વિજ્ઞાન તરીકે નહિ પરંતુ સાહિત્ય અને જનસમાજને એકમેકની પાસે લઈ આવવાના એક 'પત્રકારી પ્રયોગ' તરીકે પ્રયોજ્યું છે.

'પરિભ્રમણ' પત્રકારી અને સાહિત્યિક લખાણોનો, હોય તેટલું બધું આપી દેવાનો આપણે ત્યાંની રેઢિયાળ પદ્ધતિનો સગવડિયો સંગ્રહ છે, અને તેથી અહીં વિષયોની બાબતમાં પણ ભેળસેળ છે. સાહિત્યેતર લખાણો ઉપરાંત અહીં વિવેચનાનો વિષય બનવાને અપાત્ર એવાં ઘણાં લખાણો ઘૂસી ગયાં છે. લેખકે ઉચિત રીતે જ, લેખના પહેલા ખંડમાં, આવું બધું અહીં શા માટે એવો સ્વાભાવિક પ્રશ્ન પૂછ્યો છે. તેમ છતાં પણ મેઘાણી વિશેના સમભાવપૂર્વકના આ અભ્યાસમાં-થી પ્રાપ્ત થતી કેટલીક સુંદર વિગતો વિવેચક મેઘાણીને મૂળ રંગમાં પ્રકાશિત કરવાના એક સફળ પ્રયત્નરૂપ ભાસે છે: (૧) મેઘાણી સાહિત્યને એની પવિત્રતાના પૂરતા ખ્યાલસહિત એક વ્યવસાય તરીકે પણ જુએ છે અને સાથે સાથે એની વ્યાવસાયિક જવાબદારી અને વ્યાવસાયિક નીતિનો

પણ ઉલ્લેખ કરે છે. લેખક જણાવે છે તેમ વ્યવહારદષ્ટિનો આ આગ્રહ સાહિત્યના ધારણપોષણ માટે અનિવાર્ય છે. આ દૃષ્ટિ માત્ર 'પ્રાકૃત' પણ નથી તેમ જ પોકળ આદર્શવાદી યે નથી. બંને વચ્ચે મેઘાણી સમતુલા સ્થાપી શકયા છે. આના સમર્થનમાં લેખકે જાતીય સાહિત્ય વિશેનાં મેઘાણીનાં મંતવ્યો રજૂ કર્યાં છે તે સમજવા જેવાં છે. (૨) કોઈ પણ સન્નિષ્ઠ સાહિત્યકારની જેમ વિવેચનદ્વારા વાચકની રસવૃત્તિ અને રુચિની કેળવણીનો હેતુ મેઘાણીએ પણ રાખ્યો છે. (૩) મેઘાણી લેખકવર્ગને પણ કેટલીક વ્યવહારુ સૂચનાઓ તથા 'નિજાનંદને હણી લેનાર પ્રસિદ્ધિમોહનાં ભયસ્થાન' બતાવે છે. આત્મનિરીક્ષણ દ્વારા વિકાસશીલ રહેવું, અમરતામાં ન રાચવું, વર્તમાનનો સ્વીકાર કરવો વગેરે મૂલ્યવાન સૂચનો કોઈપણ સાહિત્યકાર માટે આજે ય એટલાં જ આવશ્યક જણાય છે. (૪) પ્રાણભરપૂર જીવન સાથેના લેખકના સંપર્કને મેઘાણી લગભગ અનિવાર્ય ગણે છે. તેઓ માને છે કે જીવન જ સાહિત્યનો પ્રેરણાસ્રોત છે. (૫) સાહિત્ય વિશેની મેઘાણીની કલ્પના લેખકે આમ તારવી બતાવી છેઃ અનુભવ + વસ્તુલક્ષી વિલોકન + કલ્પના = સાહિત્ય. પરંતુ, કવિતાને મેઘાણી 'બહુજનસામાન્ય અને બહુજનપ્રતીત જીવનભાવોના નિરૂપણ તરીકે' જુએ છે ને તેથી 'કલ્પના દ્વારા સર્જાતી કવિની વિશિષ્ટ અનુભવસૃષ્ટિનું પૂરું મહત્ત્વ થતું નથી' એ મર્યાદા પણ નોંધે છે. (૬) સાહિત્યમૂલ્યાંકનનાં શાસ્ત્રીય નહીં પરંતુ 'સાદાં ધોરણો' રાખીને ય મેઘાણીએ કૃતિમાં 'લાગણીની સચ્ચાઈ', કૃતિની અખંડિતતા—સ્પિરિટ અને ફોર્મની યથાર્થ અભિન્નતા જેવાં તત્ત્વો હમેશાં શોધ્યાં છે. (૭) એક છેડે તેઓ સસ્તી લોકપ્રિયતાની હિમાયત કરતા નથી, તો સામે છેડે શબ્દઘનતા કે અર્થઘનતાને પણ બિરદાવતા નથી.

'રતન' આદિ ગ્રંથાવલોકનોમાં મેઘાણી અહોભાવપૂર્વકની ભાવવશતા દાખવે છે તે લેખક કહે છે તેમ ગમી જાય તેવી અને ચેપી હોય તો પણ તેને એ રીતના મૂલ્ય તરીકે જચાવવાની આવશ્યકતા રહે છે ખરી? મેઘાણીનાં વિવેચનોમાં સૈદ્ધાંતિક ભૂમિકાનો અભાવ જણાતો હોય છતાં પણ તેઓ આસ્વાદ્યનો આસ્વાદ કરી શકે છે વગેરે 'લાભ' શોધવા એ પણ જરા વધારે ઉદાર બનવા જેવું નથી? ગમે તેવી કૃતિમાં કંઈક તો સંદેશ મળી જ આવે!—વિવેચનને 'વિજ્ઞાન તરીકે' ખેડવામાં આવાં—'મૂલ્યો' અને 'લાભો'ની ગણતરી શાસ્ત્રીય વ્યવસ્થા અને ભૂમિકામાં દખલરૂપ નીવડે ને તેથી વિવેચને એનો શક્ય તેટલો પરિહાર જ કરવો રહ્યો. નહિતર, 'દર્શનિયું'માં ટૂંકી વાર્તા નથી અને બીજી કોઈ ટૂંકી વાર્તામાં 'જીવનની રહસ્યભરી વાતો' નથી એવા છેદાત્મક અને એકાંગી અભિપ્રાયોના ઉચ્ચારણમાં જ વિવેચનની ઇતિશ્રી આવી જાય—આપણે ત્યાં એવું ઘણું છે. અલબત્ત, આમ છતાંપણ, અહીં વરતાતી મેઘાણીની સહૃદયતા અને તે દ્વારા સાંપડેલાં તારતમ્યો—મૂલ્યાંકનોનો કોઈથી અસ્વીકાર થઈ શકે એમ નથી; પણ લેખકે પોતે જ પ્રારંભે જણાવ્યું છે તેમ 'મુદ્દો પદ્ધતિનો—પ્રક્રિયાનો છે, બૌદ્ધિક અભિગમનો છે, વિવેચનને વિવેચન તરીકે, એક વિજ્ઞાન તરીકે ખેડવાનો છે.'

'લોકસાહિત્યકાર મેઘાણી' લેખ બહુધા પરિચયાત્મક છે. લોકસાહિત્યના સંશોધન-સંપાદનમાં પ્રારંભકાળે મેઘાણીની દૃષ્ટિ સંગ્રાહકની સવિશેષ રહી હતી એમ જણાવીને શ્રી. પુષ્કર ચંદરવાકરે મેઘાણીમાં શાસ્ત્રીય અભિગમની ઓછપ હતી એ મુદ્દો જુદા જુદા પ્રસંગોએ સ્પષ્ટ કરી લોકસાહિત્યકાર મેઘાણીનું ઉચિત મૂલ્યાંકન કર્યું છે. મેઘાણીની એક સર્જક તરીકેની

રસલલિતા સંપાદનોમાં વારંવાર ડોકાતી ને તેથી તેઓ ઘણી વાર મૂળ કૃતિમાં ઘણી છૂટો પણ લેતા જે લોકસાહિત્યની વૈજ્ઞાનિક પદ્ધતિની સંપાદનદૃષ્ટિને રુંધનારી બાબત છે. ‘કંકાવટી’ ભાગ ૧-૨માં અને ‘દાદાજી અને ડોશીમાની વાતો’માં મેઘાણી વિશેષભાવે વૈજ્ઞાનિક રહી શક્યા છે. લોકગીતો અને લોકવાર્તાઓના શાસ્ત્રીય વર્ગીકરણની બાબતમાં અગર તો લોકગીતોનાં પાઠાંતરોના સ્થળ-સમયાદિ નિર્દેશોની બાબતમાં તેઓ અચોક્કસાઈ અને શૈથિલ્ય દાખવે છે. મેઘાણીની આ મર્યાદાઓના કારણમાં તેમના કાર્યની પૂર્વ–અવસ્થા અને અગ્રયાયીપણાને ગણાવી લેખકે લોક-સાહિત્યના મેઘાણીનાં સંશોધનોમાં ખૂટતી અને પૂરક એવી કડીઓનો વારંવાર નિર્દેશ કરીને લેખને બળવાન બનાવ્યો છે; એવી ખૂટતી કડીઓ પોતે પૂરી પાડી છે તેના અવારનવાર ઉલ્લેખો પણ અહીં કર્યા છે. પ્રસ્તાવનાઓ આદિની ગદ્યશૈલી વિશે તથા વિવેચનશૈલી વિશે હર્ષભેર નોંધ લઈને શ્રી. ચંદરવાકરે મેઘાણીના સંશોધનકાર્યને વિશે જગત લોકસાહિત્યક્ષેત્રે ભારે મોટી આશા સેવી છે; ‘શત્રુંજીને કાંઠે’ જેવી અતિખ્યાત વાર્તાને વિશે લેખકે આપેલી આ માહિતી શિષ્ટ સાહિત્યના વાચકો માટે નોંધપાત્ર જણાય છે: “આ કથા ગિરનારની જેમ જગતલોકસાહિત્યમાં નિશ્ચલ સ્થાન પ્રાપ્ત કરીને સોરઠી લોકસાહિત્યમાળાનો યશદા મેર બની છે. સ્વ. મેઘાણીએ આવી કથાનું સંપાદન કરીને ‘સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૫’માં સંગ્રહી છે તે ગુજરાત અને આખાય ભારતનું ગૌરવ છે.”

શ્રી. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો લેખ—‘મેઘાણી: શબ્દના સોદાગર’ આખા પુસ્તકના કીમતી આમુખ જેવો છે; એમાં કશી સળંગસૂત્રતા નથી છતાં મેઘાણીના વ્યક્તિત્વની દ્યોતક રેખાઓના અંકનથી થોડામાં ઘણું કહેવાના લાઘવ ગુણવાળો છે. શ્રી. ચંદરવાકર જણાવે છે કે મેઘાણીનાં સંશોધનોમાં શાસ્ત્રીયતા ઓછી હતી; આ ઊણપનું કારણ શોધી બતાવતાં શ્રી. બ્રહ્મભટ્ટે મેઘાણીના Revivalના હેતુ–શિક્ષિતોમાંથી લોકસાહિત્ય માટેના પૂર્વગ્રહોની સાફસૂફી અને લોકસાહિત્યની જનસમાજમાં સાહિત્ય લેખે પ્રતિષ્ઠા–ને આગળ કર્યો છે. એ જ રીતે ‘નિજમાં નિમગ્ન નહિ’ તેવી વિલક્ષણ Romantic પ્રકૃતિવાળા મેઘાણીની લોકપ્રિય કવિતાની ભૂમિકા બાંધીને કવિ મેઘાણીનો સુંદર પરિચય આપ્યો છે. વ્યાપક સંદર્ભમાં સાહિત્યને મૂલવતી મેઘાણીની દૃષ્ટિ, ઊંચા આદર્શોને વાસ્તવમાં ઉતારવા મથી હતી અને મેઘાણીએ સાહિત્યકૃતિના માનદંડ તરીકે લેખક જણાવે છે તેમ ‘આત્મસંતૃપ્તિ’ને ગણાવી છે. આમ મેઘાણીમાં એક તરફ સંનિષ્ઠ સાહિત્યકારની એષણાઓ તો બીજી તરફ લોકજીવનને સમૃદ્ધ કરવાની ઝંખનાઓ ઊછળતી હતી. બંને વચ્ચે તેઓ સમતુલા સ્થાપી શક્યા એ એમની ઓછી નોંધપાત્ર સિદ્ધિ નથી. લેખકના જ શબ્દોમાં મેઘાણીનું આ સમગ્રદર્શી મૂલ્યાંકન અનેક રીતે ઉલ્લેખનીય બને તેવું છે: “એક બાજુ લોકજીવન અને બીજી બાજુ ‘અતરિયા’નો એકલપંથ—એ બંનેની વચ્ચે મેઘાણીએ સમતુલા જાળવી, એ મેઘાણીને વરી છે તેવી લોકપ્રિયતાનો કીમિયો છે.” (૧૦). લોકસાહિત્યની પુનઃપ્રતિષ્ઠા અને એના સાહિત્યિક ગૌરવની ખેવનામાંથી મેઘાણીની સમગ્ર સાહિત્યિક વ્યક્તિતા ખીલી જણાય છે. એ ખેવનાએ કરીને જ તેમણે લોકભોગ્ય શૈલીના પત્રકારત્વનો રાહ લીધો જેના ફલસ્વરૂપે તેઓ કેટલીક મૌલિક રચનાઓ—કવિતા, નવલ, નવલિકા—આપી શક્યા. લેખક જણાવે છે તેમ પોતાના આ પુરુષાર્થ દ્વારા મેઘાણી લોકસંસ્કૃતિ અને ભદ્રસંસ્કૃતિ વચ્ચે સેતુ રચી શક્યા. એમના આ પુરુષાર્થનાં વ્યક્તિત્વ અને મિજાજ એ જ મધ્યયુગીન સાહસિક વણજારા

શાહસોદાગરોની યાદ આપે છે અને એવા યથાર્થભાવે મેઘાણી ‘શબ્દના સોદાગર’ હતા (જુઓ પૃ. ૧૪).

કર્તૃનિષ્ઠ વિવેચનના ક્ષેત્રે જે ગણ્યાગાંઠ્યા પ્રયત્નો આપણે ત્યાં થયા છે તેમાં આ પુસ્તકથી એકનો ઉમેરો થાય છે અને એ રીતનું એનું ગૌરવ હંમેશાં અંકિત રહેશે એમાં શંકા નથી. વિવેચનશ્રેણીના બીજા મણકાઓ ઝડપથી પ્રગટ થાય એવી અપેક્ષા સાથે આજે તો વિરમીએ.

**સુમન શાહ**

* * *

**કાવ્યભાવન:** લેખિકા: શ્રી હીરા રામનારાયણ પાઠક; પ્રકાશક: ગુર્જરગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧. પૃ. ૨૬૯, મૂલ્ય: રૂા. ૬=૦૦.

લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકારો અને પ્રાધ્યાપકોએ પ્રસંગોપાત્ત વિવિધ પ્રસંગોએ આપેલાં પ્રવચનો કે વાર્તાલાપોના સંગ્રહો—અલબત્ત ગ્રન્થસ્થ કરતી વખતે પસંદગીનું ધોરણ જળવાય એ રીતે—નાં પ્રકાશનો અભ્યાસીઓને ઉપયોગી નીવડતાં હોય છે. ‘કાવ્યભાવન’માં શ્રીમતી હીરાબહેનનાં આ પ્રકારનાં છેલ્લાં ત્રીસ વર્ષના ગાળાનાં વિવેચનાત્મક લખાણો સંગ્રહાયાં છે. કેટલાક લેખો તાજેતરના—છેલ્લા દાયકાના—છે. તેમાં વિષયનું વૈવિધ્ય છે. લેખિકાએ બહુ ચવાયેલા વિષયો પર જ પસંદગીનો કળશ ઢોળ્યો નથી, પરંતુ નહીં ચર્ચાયેલ કવિતાવિષયક પ્રશ્નો અને કૃતિઓ કે તેના અંશોને પણ તપાસવા—મૂલવવાનું વિચાર્યું છે. બધા લેખો સરખી ગુણવત્તાના ન હોય એ સ્વાભાવિક છે.

લેખિકાએ પુસ્તકને ‘કાવ્યભાવન’ નામ આપ્યું છે. તેનું એક કારણ લેખિકાને મન કાવ્ય ને કાવ્યમીમાંસા ‘જીવનરસ—પરમ રસ છે’ તે છે. અલબત્ત, આ સંગ્રહમાં એક લેખ શ્રી સોમાલાલ શાહના ‘હરવિરહ’ ચિત્રનું સંક્ષિપ્ત ગુણદર્શન કરાવે છે, તો બીજો ‘ઘુંઘટપટ’ એ મુંબઈની પ્રાદેશિક ચતુર્થ નાટયહરીફાઈપ્રસંગે ભારતીય વિદ્યાભવન કલાકેન્દ્રે રજૂ કરેલ શ્રી જે. સી. પ્રિસ્ટલીના Inspector calls ના ગુજરાતી વેશાન્તરપ્રયોગનું અવલોકન કરતો લેખ છે. ‘કાવ્યભાવન’ના ‘પ્રાસ્તાવિક’માં લેખિકાએ ‘ભાવન’ શબ્દનાં—ભટ્ટ નાયકથી માંડી મોનિયેર વિલ્યમ્સે આપેલાં—વિવિધ અર્થો અને અર્થચ્છાયાઓનો માત્ર નિર્દેશ કરેલો છે. આ વિચારની સોદાહરણ વિશેષ ચર્ચા કરીને લેખિકાએ ‘કાવ્યભાવન’ નામક લેખ જ ગ્રન્થમાં આરંભમાં કે અંતમાં ઉમેર્યો હોત તો ઠીક થાત અને કૃતિનું શીર્ષક વિશેષ ઔચિત્યપૂર્ણ નીવડત.

ગ્રન્થમાંના બધા જ લેખો વિશિષ્ટ વિવેચનક્ષમતા ધરાવતાં હોય એમ લાગતું નથી,... દા૦ ‘આ સૈકાના પૂર્વાર્ધની કવયિત્રીઓ’ એ રેડિયો વાર્તાલાપનું શીર્ષક અતિ વ્યાપ્તિદોષવાળું ગણી શકાય. તેમાં તેમણે સર્વશ્રી હંસાબહેન મહેતા, પુષ્પાબહેન વકીલ અને સુમતિબહેન આ ત્રણ બહેનોનાં કવિતાપ્રેમ અને રસિકતાનું અતિ સંક્ષિપ્ત પરિચયદર્શન કરાવ્યું છે.

‘નાટકમાં ગીત અથવા કાવ્ય’ એ ચર્ચિત વિષયના નાના લેખમાં શ્રીમતી પાઠકે કોઈ નવીન મુદ્દો કે ઉદાહરણ ઉમેર્યાં નથી. બલ્કે, ‘રાઈનો પર્વત’ની “ગઢ તૂટ્યો” કે ‘સાપના ભારા’ની “રાંડ! મારી શોકય”...વગેરે અર્થગર્ભ ગદ્યોક્તિઓની ચર્ચા કરેલી છે.

" મૃત્યુ-કરુણનો જ વિભાવ ? " એ લેખની પ્રારંભિક સિદ્ધાંતચર્ચા કાલિદાસ, ટાગોર, નરસિંહરાવ, ન્હાનાલાલ, ઉમાશંકર, ગોવર્ધનરામ, દર્શક વગેરેની કૃતિઓમાંથી આપેલાં દૃષ્ટાંતોને લીધે ચિંતનીય બને છે; પરંતુ આ લાંબી ભૂમિકાને અંતે તો—અલબત્ત એના અનુષંગમાં જ—લેખિકા શ્રી. રામનારાયણ પાઠકના " બુદ્ધનું નિર્વાણ " કાવ્યની વિસ્તૃત સમાલોચના કરે છે. લેખનું શીર્ષક જ ' બુદ્ધનું નિર્વાણ–એક સમાલોચના '—એવું આપીને પ્રાસ્તાવિક પ્રસ્તાર ટૂંકાવી શકાયો હોત !

" વિરહિણીનો એક અનુભાવવિશેષ " એ સુદીર્ઘ લેખમાં વિરહ, તેની વ્યથા અને તેથી વિપ્રલંભ શૃંગારના નિરૂપણ-ની સંસ્કૃત કવિતાના પરિચયની ભૂમિકા પર, આપણા પ્રાદેશિક કાવ્યસાહિત્યમાંથી ભિન્ન ભિન્ન વિરહાવસ્થાઓને અનુભવતી નાયિકાઓની દશા-ચેષ્ટાઓનું નિરૂપણ કરતી સુયોગ્ય પંક્તિઓ ટાંકી લેખિકાએ શાસ્ત્રીય કહી શકાય એ ઢબે ચર્ચા કરવાનો સારો પ્રયત્ન કર્યો છે. તેમાં તેમણે ભરતનાટ્ય, સાહિત્યદર્પણ, કાવ્યપ્રકાશ, સુભાષિતરત્ન—ભાંડાગારમ્, સુભાષિતકોષ જેવાં સંસ્કૃત ગ્રન્થરત્નોથી માંડી સિદ્ધહેમ, સંદેશરાસક વગેરે પ્રાકૃત અપભ્રંશ કૃતિઓમાંથી વિવિધ પ્રકારનાં શ્લોકો, દુહા, ગાથા વગેરેનાં અવતરણો આપીને વિષયને વધુ વિશદ બનાવ્યો છે. આ સરસ લેખના અંતમાં લેખિકાએ એક સંશયપ્રશ્ન રજૂ કર્યો છે કે ભરતના અષ્ટનાયિકાના વર્ગીકરણ બાદ જે નવાં વર્ગીકરણો થયાં તેમાં પ્રોષિતભર્તૃકાને સ્વકીયા, પરકીયા અને સામાન્યા—એવા ત્રણે પ્રકારના વર્ગીકરણ હેઠળ મૂકી શકાય, તો એવા એક એક વર્ગીકરણને બીજું વર્ગીકરણ સાંગોપાંગ લાગુ પાડી શકાય ? અને જો લાગુ પાડી શકાય તો પ્રત્યેક વેળા તેમાં સુસંગતિ જળવાય ખરી ? લેખિકાએ થોડીક જ ચર્ચા કરી છે, પરંતુ ઉદાહરણથી પ્રશ્નને સુસ્પષ્ટ કર્યો નથી, તેમ જ પોતાનો નિર્ણય પણ જણાવ્યો નથી.

' ખંડકાવ્ય 'માં લેખિકાએ, કાન્તશૈલીના ખંડકાવ્યનાં લક્ષણો સંબંધી પ્રો૦ ઠાકોર, રા૦ વિ૦ પાઠક, ઉમાશંકર વગેરેના અભિપ્રાયોને એકત્ર કર્યા છે. કોઈ ખંડકાવ્યને ' કથનાત્મક ઊર્મિકાવ્ય ' અથવા ' કથનોર્મિકાવ્ય ' કહે છે. ડોલરરાય માંકડ પોતાને અભિમત ' લઘુકાવ્ય ' એટલે કે ઊર્મિકાવ્યના પેટાવિભાગમાં મૂકતાં ' વસંતવિજય ' જેવી કૃતિઓને ' પ્રસંગકાવ્ય ' તરીકે ઓળખાવે છે. પ્રસંગ કે વૃત્તાન્ત ( તેના કથન )ના પ્રાધાન્યને લીધે ઉમાશંકર એવી કૃતિઓને ' ઊર્મિકાવ્યો ' પણ કહે છે. કાન્તનાં ખંડકાવ્યોને ઊર્મિકાવ્યો તરીક ઓળખવાથી " અલ્પોક્તિરૂપ તેનું અવમૂલ્યાંકન થાય છે " એમ લેખિકાને જે લાગે છે તે મહદંશે સાચું છે.

આની સાથે સાથે જ અભ્યાસક્ષમ અને આસ્વાદ્ય એવા કાન્તવિષયક બીજા બે લેખો છેઃ (૧) ' કળશમાંથી ક્રોસ ' અને (૨) ' કાન્તકાવ્યોમાં પ્રતીત થતું કાન્તમાનસ '. પ્રથમ લેખમાં, કાન્તે ધર્મપરિવર્તન કરવાથી નવી શ્રદ્ધા અનુસાર ' ચક્રવાકમિથુન ' કાવ્યની અંતિમ પંક્તિ " ક્યહિં **અચેતન** એક દિસે નહીં "માં ' ચેતન 'ની આગળ માત્ર ' અ ' ઉમેરીને જે ફેરફાર કર્યો તેની વિશદ ચર્ચા કરવાને મિષે લેખિકાએ સમગ્ર કાવ્યની રસદૃષ્ટિએ ઠીક ઠીક આલોચના કરી છે. તેઓ છેવટે કહે છે :

" તેમણે કાવ્યનું મંદિર હતું તેને એમ ને એમ રહેવા દઈ, માત્ર મંદિરના શિખરભાગે શોભતા કળશને ઉતારી લઈ ' ક્રૉસ 'નું પ્રતીક મૂકી દીધું ! કહો કે તેમણે મૂકવા જેવું કર્યું.

કાવ્યને સૂક્ષ્મપણે તપાસતાં ફેરફાર અત્યલ્પ પણ માર્મિક, ને તેથી રસપરિણામ વિપરીત ને ઘણું મોટું." (પૃ. ૧૪૭).

બીજા લેખમાં કાન્તે ધર્મજીવનમાં 'કિસ્તી' ઝુકાવવામાં દાખવેલ વિચારવિહીન અતિ-સાહસોત્સાહને લીધે પોતાની ભૂલ અને સ્વભાવગત નિર્બળતાનો એકરાર કર્યો હોવાનું જણાવ્યું છે, તથા બીજી બાજુ 'પ્રેમ કરવો અને પ્રેમને પાત્ર થવું' એ કાન્તના જીવનનો સહજ વ્યાપાર હોવાથી તેઓ સ્નેહીનો કે સ્નેહનો—સિદ્ધાંતને ખાતર–અનાદર પણ કરી શકતા નથી—એ (કરુણતા-જનક) અશક્તિ કે નિર્બળતા જો હોય તો તે ખરા મહાનુભાવની નિર્બળતા છે એમ સૂચવ્યું છે.

કવિના હૃદયદ્રવને ને જીવનદર્શનના તેજોંશને સારી રીતે ઝીલનારી તથા કર્તાની વ્યાપક જીવનસમજની અને સહાનુભૂતિની અનોખી મુદ્રા ધરાવતી—કાન્તના ખંડકાવ્યની પરિપાટીની—કવિ શેષની અનોખી કૃતિ 'તુકારામનું સ્વર્ગારોહણ'ની શ્રીમતી પાઠકે લગભગ ૪૦ પાનમાં સમતોલ સર્વાંગત સમીક્ષા કરી છે. તેમાં તેઓ પદ્યએકાંકીની શક્યતા નિહાળે છે અને કૃતિના ત્રણ ખંડમાં ત્રણ પ્રવેશોનો અણસાર ભાળે છે. અહીં પણ ક્યાંક ક્યાંક થતાં વિષયાન્તર અને વિસ્તાર વિવેચનલેખની સર્વાંગસુન્દરતાને અસર પહોંચાડે છે.

'ચતુષ્પરિમાણ' તથા 'કવિતા અને છંદ' આ બંને લેખો 'કાવ્યભાવન'માં શિરટોચ જેવા હોઈ તેમાં લેખિકાનું તદ્વિષયક અધ્યયન અને મનન દીસી આવે છે. 'ચતુષ્પરિમાણ'નાં બધાં જ વિધાનો સાથે કદાચ પૂરેપૂરા સંમત ન પણ થવાય, છતાં તે ચિન્ત્ય સામગ્રી પૂરી પાડે છે. શ્રી. ઉમાશંકરની 'મહાપ્રસ્થાન' કૃતિને તેઓ પૂર્ણ પદ્યનાટક તરીકે નહીં પરંતુ પદ્યનાટકના અતિપ્રારંભિક સાદા સ્વરૂપ તરીકે ઓળખાવે છે.

(૧) આરંભના બિન્દુનો અંતમાં થતો પરિવર્ત, (૨) પાત્રોનાં ઉદ્ગારથી અને ક્રમિક પતનથી કવિએ પ્રત્યક્ષ કરી આપેલી દૃશ્યાત્મકતા, (૩) સંવાદની જીવંતતા અને (૪) પાત્રોના અંત સાથે અંત પામતો અત્યલ્પ સંઘર્ષ,—આ ચાર મુદ્દાના અનુલક્ષમાં કૃતિને તપાસતાં લેખિકાએ ચોથા (સંઘર્ષ) તત્ત્વની ઊણપને કારણે કૃતિ પદ્યનાટક ન બનતાં માત્ર સાદા નાટ્યરૂપને પામી હોવાનું જણાવ્યું છે. કૃતિમાંની [1]વક્રતાઓ (Ironies), અલંકારો, કવિવિભવ, પાત્રોની આરોહણયાત્રાને મુક્તતા–લયબદ્ધતાથી પ્રત્યક્ષ કરી આપવામાં ઉપયોગી નીવડતો સોળ અક્ષરી વનવેલી છંદનો રસળતો પ્રયોગ..... વગેરેનો ઉલ્લેખ કરી તેનાથી પાત્રોને પ્રાપ્ત થયેલી વિવિધ વિશિષ્ટ પરિમાણની લેખિકાએ વિશદતાથી ચર્ચા કરી છે તે વિચાર્ય કોટિની છે. તેઓ કહે છે:

"પ્રત્યેક પાત્ર હિમાલય ચઢતાં પડે છે—પડતાં પડતાં કે પડ્યા પછી મૃત્યુવશ થતાં થતાં બોલે છે. તેનું સાક્ષીભૂત ને અડોલ, સ્થિરપાત્ર એક, યુધિષ્ઠિર: અન્ય, દીર્ઘ સમય લગી સાક્ષીભૂત ને અંતે પડતું પાત્ર મહાબલી ભીમ. અન્ય, જ્યાં લગી ન પડ્યાં હોય ને બદલાતાં રહે તે પાત્રો: એટલે ઓછામાં ઓછાં બે ને એક પાત્ર, ને ઝાઝામાં ઝાઝાં શક્ય તેટલાં તમામ પાત્રોવાળી અહીં સૃષ્ટિ છે. પડનાર પાત્રનું ચતુષ્પરિમાણ મૃત્યુ પામી જાય તેની આસપાસમાં રચાઈ જાય, એ વિષે અહીં કલાનું આયોજન છે." (પૃ. ૧૦૨–૧૦૩).

---

૧ 'વક્રતાઓ' કરતાં 'વક્રોક્તિ' શબ્દ અહીં વધારે ઉચિત લાગે છે.

આ મુદ્દાનું તેમણે દૃષ્ટાંતોથી સમર્થન કર્યું છે. શ્રી ઉમાશંકરે પ્રત્યેક પાત્રને ચાર પરિમાણથી નિરૂપ્યું છે. પાત્ર વિશેનું (૧) સ્વલક્ષી સત્ય, (૨) લૌકિક સત્ય, (૩) સમગ્ર સ્વભાવ–કાર્યપ્રયોજન વિષે પૂર્ણ સત્ય અને (૪) પરમ સત્ય.

'ઉર્વશી અને યાત્રી'માં શ્રી. દુર્ગેશ શુકલના એ નામના કાવ્યસંગ્રહમાંની સૉનેટમાળાની તથા પૃથ્વી છંદમાં રચાયેલ ઊર્મિનાટકની લેખિકાએ સંક્ષિપ્ત સમીક્ષા કરી છે. અહીં એક પ્રશ્ન ઊઠે છે કે 'ઉર્વશી અને યાત્રી'ના ઊર્મિનાટકને ઉમાશંકરકૃત 'મહાપ્રસ્થાન' પદ્યનાટકના પુરોગામી પદ્યપ્રયોગરૂપે ગણાવી ન શકાય ?

'કવિતા અને છંદ'માં શ્રીમતી પાઠકે અર્વાચીન ગુજરાતી છંદોરચનાના મહત્ત્વના છંદ-પ્રયોગોનો સંક્ષિપ્ત ચિતાર આપવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં તેમણે (૧) છંદનું આકાર-સૌષ્ઠવ સિદ્ધ કરવાનું અને તેનો આગ્રહ રાખવાનું (૨) નવા આકારપ્રયોગો કરી ઉદ્દામપણું બતાવનારું અને (૩) બંનેના સમન્વયનું—એવાં ત્રણ વલણો પ્રતિ નિર્દેશ કર્યો છે, અને આ ક્ષેત્રે બનેલા પાંચ મોટા બનાવો—(૧) અક્ષરમેળ વૃત્તોનો ઉપયોગ, (૨) વૃત્તવૈવિધ્ય, (૩) અગેય પ્રવાહી પદ્યરચના, (૪) અગદ્યાપદ્ય, (૫) મુક્ત પદ્ય–ની સોદાહરણ ચર્ચા કરી છે. તેમાં ન્હાનાલાલના અપદ્યાગદ્યની વાત કરતાં લેખિકાએ પાદટીપમાં સર્વશ્રી રમણલાલ નાગર, રાધેશ્યામ શર્મા અને શ્રીકાન્ત શાહકૃત અનુક્રમે 'શલાકા,' 'આંસુ ને ચાંદરડું' તથા 'એક'ને અર્વાચીન ગદ્યકાવ્યના સંગ્રહો તરીકે ઓળખાવ્યા છે તે અત્યુક્તિ જેવું લાગે છે. ભાવભંગી વગેરેની ભિન્નતાને લીધે નવીન ગદ્યરીતિની તાસીર અપદ્યાગદ્યથી જુદા પ્રકારની હોય છે; અને ટાગોરે કે ન્હાનાલાલે તથા કેટલેક અંશે કાકાસાહેબે પણ ગદ્યને જે રીતે કાવ્યત્વથી ઝંકૃત કર્યું છે તેવી પ્રતિભાશક્તિ નવા પ્રયોગોમાં હજુ ક્યાંય પ્રકટ થયેલી જોવા મળે છે ખરી ? મુક્ત પદ્ય અને તેના ગદ્ય સાથેના પ્રાણપ્રશ્નની ચર્ચાને વિશદ બનાવવા લેખિકાએ મરીન ડ્રાઈવ (મુંબઈ) બાજુના પાળે બાંધ્યા સમુદ્રનું જે રૂપક યોજ્યું છે તેમાં ઔચિત્ય અને મૌલિકતાની પ્રતીતિ થાય છે.

સહેજ આશ્ચર્ય એ થાય છે કે લેખિકાએ કવિતાનાં અંગો અને ખાસ કરીને છંદવિષયક આટલી સૂક્ષ્મ ચર્ચા કરેલી હોવાં છતાં પ્રથમ પાને પૂજ્ય મમ્મીપપ્પાને સાદર ગ્રન્થસમર્પણ કરતી અનુષ્ટુપની અઢી પંક્તિઓ મૂકી છે તેમાં "તમ ગેહે જન્મ લીધાંનું ઘણેરું ગણું ગૌરવ" આ છેલ્લી પંક્તિ છંદની દૃષ્ટિએ સુધારણા માગી લે છે !

'કાવ્યભાવન'નું વાચન કરતાં વાચકને શ્રીમતી પાઠકની શૈલી તથા વ્યુત્પત્તિની દૃષ્ટિએ પાકટ થવા મથતી વિવેચનાશક્તિનાં મૌલિક દર્શન થાય છે.

લેખિકાને તથા પ્રકાશકને અભિનન્દન.

મહેન્દ્રકુમાર મો૦ દેસાઈ (કુમાર)

* * *

**અપેક્ષા :** સુરેશ દલાલ; સ્વાતિ પ્રકાશન, મુંબઈ-૩; પૃ. ૨૨૬; મૂ. રૂ. ૬=૦૦

"...'અપેક્ષા'માં સર્જન, સર્જક અને તેની સૃષ્ટિ—આ ત્રણે પરત્વે પરિચય, આસ્વાદ અને મૂલ્યાંકનની કક્ષાએ કહેવાયું હોય એમ સ્હેજે જોઈ શકાશે." શ્રી. સુરેશ દલાલે પોતાના

પ્રથમ વિવેચનસંગ્રહનો ઉપરના શબ્દોમાં આપેલો પરિચય યથાર્થ લાગે છે. 'અપેક્ષા'માં સર્જન એટલે કાવ્યસર્જન, સર્જક એટલે કાવ્યસર્જક અને સૃષ્ટિ એટલે કાવ્યસૃષ્ટિ; અર્થાત્ 'અપેક્ષા'નો મોટો ભાગ રોકાયો છે કવિ અને તેની કાવ્યસૃષ્ટિ અંગેના પરિચય, આસ્વાદ તથા મૂલ્યાંકન કરાવતા લેખોથી.

નરસિંહરાવ, કલાપી, કાન્ત, ન્હાનાલાલ, ઠાકોર જેવા પૂર્વસૂરિઓ અંગેની નોંધો મુખ્યત્વે પરિચયાત્મક છે, પરંતુ એમાં મૂલ્યાંકનેય ગૌણ અંશે વણાયેલું છે ખરું. જો કે, એમ નોંધવું જોઈએ કે 'અપેક્ષા'મા 'મૂલ્યાંકન' કરતાં 'આસ્વાદ' ઉપર વિવેચકનો વિશેષ ઝોક રહ્યો છે. 'કાવ્યનો પથ' વિભાગમાં ચોક્કસ કાવ્યકૃતિઓનો આસ્વાદ કરાવાયેલો છે. એમાં કવિતાના અંતઃકેન્દ્ર સુધી પહોંચી, એને પ્રકાશિત કરવાની કવિવિવેચક શ્રી. દલાલની શક્તિની પ્રતીતિ મળે છે. ઊર્મિકાવ્ય, ગીત, કરુણપ્રશસ્તિ જેવા લેખોમાં તે તે સ્વરૂપ વિશેની ઝીણી સૂઝવાળી સ્વરૂપચર્ચા થયેલી છે. નવીનતમ કવિતાના 'શાંત કોલાહલ,' 'છંદોલય,' 'પરિક્રમા,' 'તૃણનો ગ્રહ' છે. કાવ્યસંગ્રહો વિશેની રસપ્રદ સમીક્ષાઓ પણ 'અપેક્ષા'માં પ્રાપ્ત થાય છે. વચ્ચે નવલકથા અંગેના ત્રણ લેખો તથા શરદબાબુની ટૂંકી વાર્તા વિશેનો એક લેખ ડોકિયું કરી જાય છે; પરંતુ એકંદરે જોતાં 'અપેક્ષા' કાવ્યવિવેચનથી સભર છે.

આ કાવ્યવિવેચનમાં સુરેશ દલાલની કવિતા માટેની સ્વસ્થ અને એક કવિજનસહજ માર્મિક સમજ પ્રગટ થાય છે. સ્વસ્થ સમજ એટલા માટે કે, કવિતામાં પ્રયોગશીલતા એમને અપેક્ષિત છે, પણ આધુનિકવેડાનાં નખરાં એમને ખપતાં નથી; કવિતામાં પરંપરા માટે એમને આદર છે, પણ પરંપરાઘેલછા એમને અનપેક્ષિત છે. કવિજનસહજ સમજ એટલા માટે કે, શ્રી. દલાલે કાવ્યકૃતિઓનું સર્જનાત્મક વાચન કરીને—કાવ્યકૃતિઓને એક સર્જકના દૃષ્ટિબિંદુથી માણીને પછી કાવ્યવિવેચન કર્યું છે. To judge of poets is only the faculty of poets—એ જાણીતું કથન અહીં યાદ આવશે.

સારી અને સાચી કવિતાની વાત કરતી વેળાએ શ્રી દલાલના કંઠમાં ઉષ્માભર્યો ઉમળકો છલકાય છે. વિવેચ્ય કવિતા સાથે તાદાત્મ્ય સાધીને, ઓતપ્રોત અને તલ્લીન થઈને 'અપેક્ષા'માં એમણે 'આસ્વાદન–આલેખો' આપ્યા છે. શ્રી દલાલે એક સ્થળે નોંધ્યું છે: 'શબ્દના ઉદ્‌ગારને પામવા માટે, એના સૂરને ઝીલવા માટે કવિનો કાન સરવો હોવો જોઈએ. કાવ્યનું વિવેચન કરવા માટે વિવેચકનોય કાન આવો સરવો હોવો જરૂરી છે. કવિ–વિવેચક દલાલે આવા સરવા કાને કવિતાનો ધબકાર ઝીલેલો છે તેમ જ એને માર્મિક નિરીક્ષણો દ્વારા રજૂ કરેલો છે.

ચર્ચ્ય મુદ્દાને સ્પષ્ટ કરવા માટે કવિતામાંથી તેઓ જે દૃષ્ટાંતો પસંદ કરે છે તેમાં વિવેચક તરીકેની એમની ઊંચી રસિકતા પ્રગટ થાય છે. માત્ર અમૂર્ત વિવેચન કરવાને બદલે, સમુચિત દૃષ્ટાંતો દ્વારા વક્તવ્યની વિશદતા સિદ્ધ કરીને વિવેચ્ય મુદ્દાને તેઓ મૂર્ત સ્વરૂપ આપી શકે છે. સમુચિત દૃષ્ટાંતોની કાવ્યસૃષ્ટિમાંથી એમણે કરેલી પસંદગી ક્યારેક તો શ્રી રામનારાયણ પાઠકની એ પ્રકારની શક્તિનું સ્મરણ પ્રેરે છે.

નરસિંહ વિશેનો શ્રી દલાલનો લેખ 'ગુજરાતી કવિતાનું પ્રભાત' વાંચો. નરસિંહની કાવ્યરચનાઓમાંથી ઉદ્ધૃત કરેલી પંક્તિઓ તેમાં મળશે. એ પછી એકાદ બે વાક્યોમાં એનો આસ્વાદ

પ્રાપ્ત થશે. વળી નવી રસયુક્ત પંક્તિઓ ઉપર કવિવિવેચકનું મન ઠરતું દેખાશે. જેમ ભ્રમર કોઈ પુષ્પ ઉપર બેસે, એકાદ રસબિંદુ ગ્રહણ કરે, વળી નવા મધુબિંદુની ખોજમાં બીજા પુષ્પ તરફ ગતિ કરે, તેમ આ વિવેચક છૂટાં છૂટાં મધુબિંદુઓનો આસ્વાદ કરાવે છે, પરંતુ એમાંથી મધુબિંદુઓનો સમુચ્ચય પ્રાપ્ત થતો નથી. મધુબિંદુઓ કે તુષારબિંદુઓની છૂટીછવાઈ ભાત 'અપેક્ષા'માં ઊપસી છે. કોઈ બે કે ત્રણ વિવેચનમુદ્દાઓ લઈ એની સાદ્યંત સાંગોપાંગ માંડણી કરવાની શ્રી દલાલની પદ્ધતિ નથી.

છુટ્ટા આકર્ષક સ્ફુલ્લિંગો 'અપેક્ષા'માં મળશે, પણ એ સ્ફુલ્લિંગો એકત્ર થઈ કોઈ જ્વાલાનું નિર્માણ કરી શકતા નથી. કેટલાક વિચારબિંદુઓને ક્યારેક તો સપાટી ઉપર અછડતા સ્પર્શીને છોડી દેવાને બદલે એમાંના બેત્રણ મુદ્દાઓને હાથ ઉપર લઈ ઊંડાણ તથા વિસ્તારપૂર્વક એનું નિરૂપણ–વિશ્લેષણ કર્યું હોત તો ?—એવી અપેક્ષા વાચકમનમાં જાગે છે. વિદગ્ધ કાવ્યરુચિ પ્રગટ કરતાં સરસ અવતરણો આપીને ક્યારેક તેઓ બીજા અવતરણ કે મુદ્દા પ્રતિ સરકી જાય છે, પરંતુ અવતરિત પંક્તિઓનું સ્વારસ્ય પ્રગટ કરવા માટે તેઓ રોકાતા નથી...સિનેમા થિયેટરમાં જુદી જુદી સ્લાઇડો જોવા મળે છે; એક સ્લાઇડ, પછી બીજી, એમ ક્રમ ચાલ્યા કરે. સ્લાઇડ જાતે સુંદર હોય, પણ એને નિહાળીએ ન નિહાળીએ ત્યાં નોખી સ્લાઇડ આવીને ઊભી રહે. એ રીતે સુંદર સમુચિત કાવ્યપંક્તિઓનાં અવતરણો સ્લાઇડપદ્ધતિએ શ્રી. દલાલ આપ્યા કરે છે.

સુરેશ દલાલનું વિવેચન ક્યારેક મુગ્ધ પ્રતિભાવથી આગળ વધતું નથી. નિરંજન ભગતના 'છંદોલય'માંથી બેત્રણ પંક્તિઓ ટાંકીને પછી તેઓ નોંધે છે : '—તો..આ વેધક ઉક્તિ માટે નિરંજન ઉપર જેટલું ઓવારી જઈએ એટલું ઓછું.' એક વાક્યમાં આ રીતે ઓવારણાં લઈને શ્રી. દલાલ તરત બીજી વાતે વળી જાય છે. પરંતુ વાચક બિચારો અંધારામાં અટવાયા કરે—નિરંજનની પ્રસ્તુત પંક્તિઓમાં એવું શું છે કે એના ઉપર 'ઓવારી' જવું પડે ? એક 'વેધક' શબ્દને બાદ કરતાં શ્રી. દલાલ એ પંક્તિઓનું કશું પણ વિશ્લેષણ-વિવેચન તો કરતા નથી અને સીધા જ ઓવારી જવાની વાત કરી વાચકને હાથતાળી દઈ છટકી જાય છે ! વિવેચક અમુક કાવ્યપંક્તિ કે કૃતિ ઉપર પ્રસન્ન થયો છે, તો એના એ સૌમનસ્યનું કારણ તો વાચકને એણે અવગત કરી આપવું જોઈએ કે નહિ ?

પરંતુ જ્યાં વિશ્લેષણ-પૃથક્કરણ કરવા માટે શ્રી. દલાલ થોભે છે ત્યાં આવી ભાવકોમળ વાણીમાં પોતાનો પ્રતિભાવ અંકિત કરે છે. જુઓ 'છંદોલય'ની સમીક્ષા : "આરસનાં બાટીલાં સઘન ચોસલાં જેવા સુંવાળા શબ્દો, છંદનો છાક અને લયના લાવણ્યે મઢાયેલી પંક્તિઓ, કઠોર શિલા પર નહીં પણ સુકોમળ ફૂલપાંદડી ઉપર ઉપસાવેલી આકર્ષક ભાત જેવું પ્રાસનું ઝીણું કોતરકામ, પ્રતિરૂપો અને પ્રતીકોમાં તાજગીભરી નવીનતા, જીવનદર્શનની પ્રચારશૂન્ય ધન્યતા, આયાસ અદૃશ્ય રહે એવો કસબનો કુમળો વણાટ, રચનાની સફાઈ...એટલે નિરંજનની કવિતા" (પૃ. ૧૭૪). શ્રી દલાલ મિષ્ટભાષી વિવેચક છે, પણ એમનું મિષ્ટભાષીપણું સ્પષ્ટ-ભાષિતાને આંતરતું નથી. એવા સ્પષ્ટકથનનું એક ઉદાહરણ લઈએ : "પ્રિય સુરેશભાઈ, 'પ્રત્યંચા' વાંચી વાંચીને કવિતા વાંચવાનો આનંદ ન થયો." (પૃ. ૨૦૦).

અપેક્ષાનું ગદ્ય અભિવ્યક્તિક્ષમ, શિષ્ટ, સંસ્કારી અને પ્રસન્ન છે. કવિતાની ચર્ચા કરતી વખતે ક્વચિત્ એ ગદ્ય જ કવિતાની સરહદે જઈ ને ઊભું રહે છે. એમાં કવિતાની અલંકારમયતા ને કુમાશ છે પણ એ ગદ્ય કવિતા બન્યું નથી. 'અપેક્ષા'ના ગદ્યનું વાચન આહ્લાદનો અનુભવ કરાવે છે.

દિલાવરસિંહ જાડેજા

* * *

## સાભાર સ્વીકાર

**ભાષા અને તેનું ભૌતિક સ્વરૂપ :** લે. પ્રા. યોગેન્દ્ર વ્યાસ, પ્રકાશક : નંદિતા પ્રકાશન, અમદાવાદ–૯; પૃ. ૧-૩૨; કિંમત રૂા. ૧–૫૦.

**ચન્દ્રકાન્ત પરીખ-વિધાનસભામાં :** (૧૯૬૭–૬૮) પૃ. ૧–૫૨; કિંમત અમૂલ્ય.

**રસાયણદર્શન :** લેખકો : ડૉ. નરસિંહ મૂ. શાહ, ડૉ. સુરેશ શેઠના, ડૉ. ભાસ્કર માંકડ, શ્રી પદ્મકાન્ત શાહ, બંસીધર ગાંધી; પ્રકાશક : સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર; પ્રાપ્તિસ્થાન : બાલગોવિંદ બુકસેલર્સ, અમદાવાદ-૧; પૃ. ૧-૨૬૦; કિંમત : ૨૦–૦૦.

**ગુંજન :** લે. સતીશ 'નકાબ'; પ્રાપ્તિસ્થાન : સુમન પ્રકાશન, મુંબઈ–૯; પૃ. ૧-૯૬; કિંમત : ૨–૫૦.

**ફેરે :** લે. રાધેશ્યામ શર્મા; પ્ર. રેખા કો. ઓ. પ્રિ. એન્ડ પબ્લીસીટી સોસાયટી, અમદાવાદ-૨૨; પ્રાપ્તિસ્થાન : આર. આર. શેઠની કું., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; પૃ. ૧-૯૪; કિંમત રૂા. ૩–૫૦.

# સ્વાધ્યાય

પુસ્તક ૬ : અંક ૩ — એપ્રિલ ૧૯૬૯

અક્ષયતૃતીયા — વિ. સં. ૨૦૨૫

## અનુક્રમ

પૃષ્ઠાંક

૧. ભારતીય સંસ્કૃતિ અને મયૂર—જયન્ત ઠાકર... ... ... ૨૬૧–૨૯૫
૨. સુરાષ્ટ્ર અને આનર્ત ( પ્રાચીનતમ ઇતિહાસમાં )—ડોલરરાય રં. માંકડ ... ૨૯૬–૩૦૮
૩. સર્વમિત્ર શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ... ... ... ૩૦૯–૩૨૭
૪. એક નવીન નાટકની ઉપલબ્ધિ—અંબાલાલ પ્રેમચંદ શાહ ... ૩૨૮–૩૩૨
૫. પંડિતરાજ જગન્નાથના જીવનચરિત્ર પર નવો પ્રકાશ—રમણલાલ હી. ગાંધી ૩૩૩–૩૩૬
૬. 'પૂર્વાલાપ'ના પ્રાસ—રણજિત પટેલ ( અનામી ) ... ... ૩૩૭–૩૪૫
૭. તડવીઓનાં લગ્નગીતો—રેવાબહેન તડવી, શંકરભાઈ સોમાભાઈ તડવી... ૩૪૬–૩૬૭
૮. મહિસાનો નન્દી અને બ્રાહ્મ પ્રતિમાઓ—ડૉ. હરિલાલ ગૌદાની, મધુસૂદન ઢાંકી, હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી ... ... ... ૩૬૮–૩૭૫
૯. કુટુંબનિયોજનની ફિલસૂફી—જે. ડી. પાઠક ... ... ... ૩૭૬-૩૮૩
૧૦. ગ્રન્થાવલોકન :
૧. જ્ઞાનાંજલિ ... .. ... ... ૩૮૪–૩૮૫
૨. ઝવેરચંદ મેઘાણી ... ... ... ... ૩૮૬–૩૯૨
૩. કાવ્યભાવના ... ... ... ... ૩૯૩–૩૯૫
૪. અપેક્ષા ... ... ... ... ૩૯૬–૩૯૯
૫. સાભાર સ્વીકાર ... ... ... ... ૩૯૯

Statement about the ownership and other particulars about newspapers

**SVADHYAYA**

(To be published in the first issue every year after the last day of February)

**FORM IV**

(See Rule 8)

| | |
|---|---|
| 1 *Place of the Publication*: | Oriental Institute, M. S. University of Baroda, Baroda. |
| 2 *Periodicity of its Publication*: | Three months—November, February, May, August. |
| 3 *Printer's Name*: | Shri Ramanlal J. Patel |
| *Nationality*: | Indian |
| *Address*: | Limda Pole, Raopura, Baroda |
| 4 *Publisher's Name*: | Dr. B. J. Sandesara |
| *Nationality*: | Indian |
| *Address*: | 'Adhyapak Nivas', Pratap Gunj, Baroda |
| 5 *Editor's Name*: | Dr. B. J. Sandesara, |
| *Nationality*: | Indian |
| *Address*: | 'Adhyapak Nivas', Pratap Gunj, Baroda. |
| 6 *Names & addresses of Individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital* | The M.S. University of Baroda, Baroda. |

I, B. J. Sandesara, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**B. J. Sandesara**
*Signature of Publisher*

જ્યોતિ

# પાવર બીલમાં બચાવ

પંપ રચના, પાણીની આવક, ટકાઉ-પણું અને ચાલુ ખર્ચની દૃષ્ટિએ જ્યોતિ વર્ટીકલ ટરબાઈન પંપ ભારતભરમાં અગ્રીમ સ્થાને છે.

૪" થી ૨૪" વ્યાસના નલકૂપ માટે સુયોગ્ય.
કાર્યશક્તિ: કલાકે ૪,૦૦,૦૦૦ ગેલન પર્યંત.
ચઢાવ: ૩૦૦ ફૂટ સુધી.



*Quality is our Creed*

**જ્યોતિ લિમિટેડ,**
**વડોદરા-૩**

JY-984-GJ EVEREST

# દેના બેંક

## સદાય વિકસતી....

સત્તાવાર થાપણ
**રૂ. બે કરોડ**
ભરાયેલી અને પગાર થયેલી થાપણ
**રૂ. એક કરોડ ને પચીસ લાખ**
રિઝર્વ ફંડ્સ
**રૂ. એક કરોડ ને સાઠ લાખથી વધુ**
કુલ ડિપોઝિટ્સ
**રૂ. એક અબજ ને વીસ કરોડથી વધુ**
વર્કિંગ ફંડ્સ
**રૂ. એક અબજ ને ત્રીસ કરોડથી વધુ**
ખાતાંઓની સંખ્યા
**પાંચ લાખ નેવું હજારથી વધુ**

૧૪ રાજ્યોમાં ૨૧૪ શાખાઓ
અને ૫૩ સેફ ડિપોઝિટ વૉલ્ટ દ્વારા
રાષ્ટ્રની સેવા બજાવે છે.

**દેના બેંક લિમિટેડ**
રજિસ્ટર્ડ ઑફિસ: દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ,
૧૭, હોર્નિમેન સર્કલ, કોટ, મુંબઈ-૧
પ્રવીણચંદ્ર વ. ગાંધી, ચૅરમૅન

RATAN BATRA
DB/G/134



એક દીવાથી બીજો દીવો પેટાય છે... એક નાનકડી
જ્યોત ઘર આખામાં અજવાળું કરી મૂકે છે...

આપ રોજ એક એક પૈસો કે એક એક
રૂપિયો બચાવતા જાઓ તો એ નાનકડી
બચતમાંથી મોટી રકમ બનીને રાષ્ટ્રનાં
ઉપયોગી કાર્યોમાં મદદરૂપ થાય છે.



# નાની બચત

નાનેરા પ્રયાસોનું મોટું પરિણામ

ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી પ્રકાશિત

# અમને આપનામાંના એક ગણો

**આપની આશાઓ અને નાણાંકીય ગૂંચોના ભાગીદાર.**

**માતા અમને ઘણીવાર મળવા આવે છે.**



અમારે ત્યાં એમનું બચત ખાતું છે. તે દર મહિને બચત કરે છે. બચત સાથે એમને ખાસ્સી વ્યાજની આવક થાય છે.

**પિતાની પણ સેવા બજાવીએ છીએ.**



તેઓ અમારે ત્યા ચાલુ ખાતુ રાખે છે અમે એમના ઘરનું ભાડું, બાળકોની નિશાળની ફી, વીમાના હપ્તાઓ, કલબના બીલો ભરીએ છીએ અને ડિવિડન્ડ તેમ જ બીજી મેળવવાની રકમો ઉઘરાવીએ છીએ.

**રમેશને એની નાનકડી બૅન્ક પેટી કરતાં અમારી બૅન્ક વધુ પસંદ છે.**



ગયે વર્ષે એણે અમારે ત્યા સગીર બચત ખાતુ ખોલાવ્યું હતુ એ ઇજનેર થવા માગે છે. અમે એને મહત્ત્વાકાંક્ષા હાંસલ કરવામાં મદદ કરીએ છીએ.

**અમે દાદીમાના દરદાગીના સાચવીએ છીએ.**



એમણે અમારે ત્યાં સેફ ડિપોઝિટ લૉકરમાં એક ખાનું ભાડે લીધું છે. એમના દરદાગીના ચોર ડાકુ અને આગથી સલામત છે. કંઇ ફીકર ચિંતા નથી.

**હીરક જયંતી ૧૯૦૮–૧૯૬૮.**

ચિર સમૃદ્ધિનું પ્રતીક

**ધી બૅન્ક ઑફ બરોડા લિ.**

(સ્થાપના : ૧૯૦૮) રજિ. ઑફિસ : માંડવી વડોદરા,
ભારત અને વિદેશોમાં ૩૦૦ થી વધુ શાખાઓ.

Shilpi-BOB-12766 guj

# ખાંસીના સંપૂર્ણ નિયંત્રણ માટે




મધુર

સ્વાદવાળું

# ગ્લાયકોડીન

ટર્પ વસાકા

તબીબી વિજ્ઞાન દ્વારા સ્વીકૃત ગ્લાયકોડીનની "ફોર્મ્યુલા" ખાંસીને તેનાં અનેક પીડિત સ્થાનોમાંથી હાંકી કાઢે છે. આ રહી ગ્લાયકોડીનની વિવિધ અને અસરકારક કાર્યશક્તિ:

● **મગજમાં**—ગ્લાયકોડીન ખાંસીના હુમલાનું યોગ્ય સમયે-હાનિવિના અને અસરકારક રીતે-નિયંત્રણ કરે છે.

● **ગળામાં**—ગ્લાયકોડીન કફનો ભરાવો દૂર કરે છે, બળતરા અને પીડાને શાંત પાડે છે અને ગળાની અંદરના નાજુક ભાગોને કીટાણુઓ સામે રક્ષે છે.

● **છાતીમાં**—ગ્લાયકોડીન બંધ શ્વાસનળીઓ ખોલી નાંખે છે, જકડાયેલા છાતીનાં સ્નાયુઓને આરામ આપીને સહેલાઇથી શ્વાસ લેવામાં મદદ કરે છે.

● **ફેફસામાં**—ગ્લાયકોડીન ગૂંગળાવતા કફ અને ચીકણા પ્રવાહીને છુટો પાડીને, ઊંડામાં ઊંડે રહેલી હઠીલી ખાંસીને દૂર કરે છે; અને જામેલા કફના ભરાવાને બહાર કાઢે છે.

**હંમેશા ગ્લાયકોડીનના શીશી આપની પાસે રાખો.**




**ગ્લાયકોડીન—૩૦ ઉપરાંત વર્ષોથી સૌથી વધુ વેચાણ ધરાવતો ખાંસીનો ઘરગથ્થુ ઈલાજ**

ચાર સાઈઝમાં મળે છે * એલેમ્બિકનું ઉત્પાદન Alembic

everest/363d /ACW gj

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂા. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **કહેવત કથાનકો**—સ્વામી પ્રણવતીર્થજી | ૬=૫૦ |
| ૨ | **પ્રો. ત્રિ. ક. ગજ્જરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા | ૪=૭૫ |
| ૩ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૪ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૫ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૬ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૭ | **મીરાંબાઈ–એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર | ૬=૭૫ |
| ૮ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૯ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૧૦ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૧૧ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |
| ૧૨ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૮=૦૦ |
| ૧૩ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૪ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૫ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |
| ૧૬ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૭=૦૦ |
| ૧૭ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૫=૬૦ |
| ૧૮ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૨=૦૦ |
| ૧૯ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૪=૫૦ |

## શ્રી સયાજી ગ્રામવિકાસમાલા

| | | |
|---|---|---|
| ૧ | **ઘઉં**—શ્રી માર્તંડ શિવભદ્ર પંડ્યા | ૩=૦૦ |
| ૨ | **આબાદીને માર્ગે**—શ્રી. કેશવલાલ વ્યાસ | ૧=૭૫ |
| ૩ | **લોકનાટ્ય અને ગામડું**—શ્રી. જશવંત ઠાકર | ૧=૨૦ |
| ૪ | **ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ**—શ્રી. કાન્તિલાલ સી. પટવા | ૨=૩૦ |
| ૫ | **સમાજશિક્ષણ**—શ્રી. શાન્તિલાલ શાહ | ૨=૮૦ |

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**

**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**

**વડોદરા**



નન્દી (ઈ. સ. ૧૨૬૯), મહિસા
[ જુઓ આ અંકમાં ' મહિસાનો નન્દી 'નો લેખ ]